
કુમાર

તંત્રી બચુભાઈ રાવત

સંસ્થાપક રવિશંકર રાવળ



ત્રાવણકોરના પુરાણા પાટનગર પદ્મનાભપુરમના રાજમહાલયના એક અગોચર ઓરડાની ખાંચાખૂંચ ચીતરેલી ભીંત પરનાં એક હજાર વર્ષ જૂનાં અદ્ભુત રંગચિત્રો પૈકીનું એક 'નટરાજ'. વિશેષ માટે જુઓ આ અંકમાં કલાવાર્તા

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રણી ને
અનન્ય સામયિક વર્ષ ૪૧મું ૪૮૭ અંક ૭મો જુલાઈ ૧૯૬૪

કુમાર

જુલાઈ ૧૯૬૪ · અંક ૪૮૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

વાચકો લખે છે

'આ તો 'કુમાર' જ કરી શકે'—એવો ઉદ્ગાર જૂનનો અંક જોતાં સહજ સરી ગયો. નેહરુની જ્યોતિ ઓલવાઈ ગઇ છે એ ભાવનું સૂચક પૂઠું આગવી કળાદૃષ્ટિ સૂચવે છે. લોકહૃદયને આવું કાવ્યાત્મક આલેખન બીજે ક્યાંય મળ્યું હોય એવું લાગતું નથી. આ માટે 'કુમાર'ને મારાં તેમ જ મારાં ઘણાં મિત્રોનાં અનેક અભિનંદન. આ અંક અમે ગર્વપૂર્વક સાચવી રાખીશું.

અંદરની સામગ્રી પણ ઘણી સુગ્રથિત ને વૈવિધ્યપૂર્ણ છે. પંડિતજીના ઘણા દુર્લભ ફોટાઓની ક્રમબદ્ધ ગોઠવણી તેમજ એમના જ શબ્દોદ્વારા જીવનદર્શન કરાવવામાં પણ 'કુમારે' પોતાની વિશિષ્ટતા જાળવી છે. અલબત્ત, 'કુમાર' પાસેથી આવી અપેક્ષા તો હતી જ. પરંતુ આ અંકના પૂઠા દ્વારા તો અમારી અપેક્ષાથી યે વધુ આપ્યું. એ બદલ સાનંદાશ્ચર્ય!

(અમદાવાદ) —ગીતા પરીખ

જવાહરલાલનું ચરિત્ર અનેક સામયિકોમાં આવશે, પણ 'કુમાર'માં બધાથી કાંઇક નિરાળું હશે જ એ કલ્પના ખરી પડી છે. એમનું જીવન બોધપાઠ હતું અને મૃત્યુ કાવ્ય બની ગયું છે. ભારતની માટીમાં મળી જવાની તમન્ના અને ગંગાના અનંત પ્રવાહમાં ભળી જવાની ભાવના જીવન પ્રત્યેની તેમની આસ્તિકતા બતાવે છે. 'કુમારે' એમનું યોગ્ય સ્મારક કર્યું છે. જોકે સ્મરણમાં બહાર પડેલી ટિકિટમાં એમને પ્રિય લાલ ગુલાબની ઊણપ રહી ગઈ, એ 'કુમાર' પણ ભૂલી ગયું લાગે છે.* મુખપૃષ્ઠ પર કાળી કિનારમાં મોટા લાલ ગુલાબની કલ્પના કરી હતી. સુધીર દલાલની વાર્તા આજના યુવકની દસ્તાવેજી કથા છે. એ વર્ષો સુધી યાદ રહેશે. દૂર અને નજીકની દુનિયાના વિભાગમાં માહિતી ઓછી પડે છે. ફૂલોની ટિકિટોમાં લખેલાં ફૂલોનાં આછાં વંચાતાં નામ નીચે ફરી છાપ્યાં હોત તો સારું હતું. 'વિવિધા'ને આ રીતે કાયમી બનાવી શકાય.

(સાન્ટાક્રુઝ) —રમેશ શાહ

[*એમાં કોઈ પણ રંગ મૂકવો ઉચિત ન લાગ્યો, ત્યાં લાલની તો વાત જ શી?]

ચાલુ માસનો અંક વાંચી ખરેખર ધન્યવાદ લખવાની ઈચ્છા થઇ આવી. કદાચ ગુજરાતી સાહિત્યના કોઇ પણ સામયિકે 'કુમાર' માફક નેહરુનું જીવન-ચરિત્ર નથી આપ્યું. આબાલવૃદ્ધ સૌને સરખો આનંદ આવે એવું જીવનચરિત્ર પ્રગટ કરવા બદલ ધન્યવાદ. મુખપૃષ્ઠના વખાણ કરવા કોઈ શબ્દ યાદ આવતા નથી.

(મુંબાઇ) —વિનોદ શાહ

ધન્યવાદ! ફરી ફરી ફરી ધન્યવાદ! ચાલુ માસના 'કુમાર'નાં પૂઠા પરના ઉત્કૃષ્ટ છાપકામ અને તેની કલ્પના કરી શકવા બદલ ધન્યવાદ. તે ઉપરાંત જવાહરના સચિત્ર જીવનચરિત્ર માટે પણ ધન્યવાદ. નાનપણથી જ જેના ઉપર પ્યાર છે અને જેને હું ગુજરાત જ નહિ પણ ભારતનું ગૌરવ ગણું છું તે પ્યારા માસિક 'કુમારે' આ વખતે ખરેખર એ ગૌરવ જાળવી ગુજરાતની શાન બઢાવી છે. જેને જેને આ ચિત્ર બતાવું છું એ એક વાર તો દિઙમૂઢ જ થઇ જાય છે. ચિત્રો તો ઘણાં ય જોયાં, ફોટો પણ ઘણા ય જોયા, પણ ભાવના, કળા, કલ્પના અને કારીગરીનો જે સુમેળ આ ચિત્રમાં દેખાયો તે ક્યાંય દેખાયો નથી.

(અંજાર) —રણજિત પમાણી

સદ્ગત જવાહરને અંજલિરૂપે પ્રગટ કરેલો અંક, એની ચિત્રસમૃદ્ધિ, શ્રી જવાહરનાં જ નિજી મૂલાંકનમાંથી અવતરણો અને આવરણ ઉપરનું ચિત્ર, આ સૌ સામગ્રીના સંગ્રાહક અને તેને યથાસ્થળ રજૂ કરનાર કુશળ સંચાલક ખરેખર અભિનંદનને પાત્ર છે. કવિતાઓ (એના પહેલા પાનેથી પ્રસંગની ઉચિતતા જાળવવા ખસેડીને પણ) એવી વીણીને મૂકી છે કે વાચકના ચિત્તતંત્રને સ્પર્શી જાય. તેમાં ય 'ક્યાં?' વાળું શ્રી જશવંત દેસાઈનું કાવ્ય વાંચતાં-ગુંજતાં હજુ તૃપ્તિ થતી નથી. એની વિવિધ કલ્પના એટલી મધુર ને મનોહર છે કે કવિને નમ્ર અર્ઘ્યરૂપે મારા વતી રૂ. ૧૫ પહોંચાડવા વિનંતી.

(સુરેન્દ્રનગર) —વિજયશંકર કામદાર

જાન અંકમાં શ્રી રવિશંકર રાવળ લખે છે કે 'ખાનદાનમાં કન્યા આપવાના લોભવાળાઓએ તેમને પૈસા આપવાના ભાવ પણ વધારી મૂકેલા. સિદ્ધપુર, અમદાવાદ અને ઊંઝામાં તો ઘણાં ઘરો ઉપર ભાવ મુકાતા.'

મારે નમ્રતાપૂર્વક જણાવવું પડશે કે શ્રી રવિશંકરનું આ વિધાન ભારે અતિશયોક્તિભરેલું છે. સિદ્ધપુર અને અમદાવાદમાં પૈઠણ લેવાનો રિવાજ હતો (અને સિદ્ધપુરમાં તો હજુ છે), પરંતુ ઘર ઉપર હજાર બે હજાર એવાં ભાવનાં પાટિયાં મુકાવાની વાત તો સત્યથી વેગળી છે. વળી સિદ્ધપુર અને અમદાવાદના ભેગો ઊંઝાનો ઉલ્લેખ પણ નિરાધાર છે. ઊંઝામાં ઔદીચ્યોનાં ૩૦૦-૩૫૦ ઘર ગણાય. એમાંનાં કેટલાંક કુટુંબોને ઝાલાવાડનાં વીરમગામ અને ધ્રાંગધ્રા તથા ઉ૦ ગુજરાતનાં અનેક ગામોનાં પ્રતિષ્ઠિત કુટુમ્બોની કન્યાઓ મળતી અને હજુ યે મળે છે, પણ તે કંકુના ચાંલ્લે. પૈઠણનો એક પૈસો પણ ઊંઝાનાં કોઈ કુટુમ્બોને મળ્યો હોય એવું મારા જાણવામાં નથી, તેમજ પૈઠણની કોઈએ માગણી કરી હોય એવો પણ પ્રસંગ બન્યો નથી.

—ઊંઝાનિવાસી यः कोपि स एव

[*શ્રી રવિશંકર રાવળ લખે છે: 'મેં એ સમયના સર્વસાધારણ અભિપ્રાયનું સામાન્ય વિધાન કર્યું હતું. મારી પાકી માહિતીના અભાવે ઊંઝાનું તેમાં વિધાન થયું તે ક્ષતિ હું સખેદ સ્વીકારું છું.']

શ્રી રવિશંકર રાવળના આત્મકથાનકમાં મારા વિષે લખતાં મારા પિતાશ્રી માણાવદરમાં મહેતાજી હતા એમ જણાવ્યું છે તે બરાબર નથી. મારા પિતા કુતિયાણા (જૂનાગઢ રાજ્ય)માં વકીલ હતા અને ત્યાં પાંત્રીસેક વર્ષ રહેલા. અમે મૂળ વળાના અને પછી ભાવનગર આવેલા.

(ભાવનગર) —ગિરીશ મ. ભટ્ટ

[*શ્રી રવિશંકર રાવળ લખે છે: 'મારો આ સ્મૃતિદોષ હું સ્વીકારું છું.']

અંક ૪૮૬માં ૨૫૬મે પાને વિવિધા શીર્ષક નીચે આપેલાં લખાણ અને ચિત્રો વિષે ભૂલ થઈ છે. એ ચિત્રો 'બાદામી' નહિ પણ 'સિત્તન્નવાસલ'ની ગુફાઓનાં છે. દક્ષિણ ભારતમાં પુદુકોટ્ટા રાજ્યમાં આવેલા સિત્તનવાસલનું ગુફામંદિર ઈ. સ. ૭મી શતાબ્દીમાં પલ્લવ રાજા મહેન્દ્રવર્મન પહેલાના સમયમાં બન્યું. આ ગુફા જૈન ગુફા છે. મહેન્દ્રવર્મને શરૂઆતમાં જૈન ધર્મ પાળ્યો હતો અને ત્યાર બાદ શૈવ ધર્મ અંગીકાર કર્યો હતો. આ ચિત્રો અજંતા શૈલીનાં છે અને એનાં સમકાલીન છે. સામે આપેલું 'અપ્સરા'નું ચિત્ર ગુફામંદિરના થાંભલા પર છે; ઉત્કૃષ્ટ રેખાંકન, સુંદર અંગમરોડ અને ભાવભંગીવાળું છે. એના એક હાથની મુદ્રા 'લોલહસ્ત' મુદ્રાની અને બીજી 'અભય' મુદ્રાની છે. 'પદ્મવેલ' ચિત્ર બે થાંભલાની વચ્ચે ઉપરની છતમાં ચીતરેલું છે. અને ત્રીજું 'કમળતળાવડી' ગુફામંદિરની બહારના ભાગમાં પૂરી છતમાં ચીતરાએલી સુંદર કમળતળાવડીનો એક ભાગ છે.

(બનારસ) —વાસુદેવ સ્માર્ત

શેક્સપીઅરની ૪૦૦મી જયંતી ઊજવાય તે પહેલાં જ 'કુમાર'માં અગમચેતીથી અપાતાં એનાં નાટકોનાં વાર્તામય રૂપાંતરો વાંચીને હૈયું આનંદહેલી અનુભવે છે. અંક '૪૮૬'માં 'હૅમ્લેટ'ની ભાષા હૃદયગમ્ય અને અર્થવાહી છે. ગદ્યદેહે વિહરતું જાણે પદ્ય હોય તેવો સચોટ ભાવ આપણને થાય છે. હૅમ્લેટની કથોપકથનની કલામાં સાચે જ આપણને પદ્યનો અણસાર થાય છે. સંક્ષેપકાર અંગ્રેજી નાટક પરથી સંક્ષેપ કરે છે. તેનું જ્ઞાન આપણને ન હોય તો સાચે જ આપણે બોલી ઊઠીએ કે આ વાર્તા મૌલિક છે.

વાર્તા 'અપેક્ષા'માં આજના યુવાન માનસનું સચોટ દર્શન થાય છે. પંડિતજીના ર. મ. રાવળે કરેલા સ્કેચમાં જેટલી પ્રતિભા ઊપસવી જોઈએ તેટલી ઊપસતી નથી. ઉપરનું શોક વર્ષાવતું મુખપૃષ્ઠ, એક જ્યોત મહાજ્યોતમાં ભળી જવા છતાં તે દૂર પણ બેઠે બેઠે પ્રકાશ આપશે તેવી ભાવના વ્યક્ત કરે છે.

(ડાંગરવા) —ભગવત ના. સુથાર

મારા લખાણમાં $\overleftarrow{AB}$ (સદિશ) [પાન: ૨૧૮, વચ્ચેની આકૃતિવાળી કૉલમ, ૧૭મી લીટી]ને સ્થાને $\overrightarrow{AB}$ (સદિશ) જોઈએ. એનું કારણ A થી B તરફ લાગતું કેન્દ્રત્યાગી બળ છે. એટલે તે $\overrightarrow{AB}$ (સદિશ) જોઈએ.

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

ખરેખર, 'કુમાર'માં આવતા માહિતીપ્રદ લેખોનું ધોરણ ઉચ્ચ છે. ગુજરાતનું કદાચ કોઈ માસિક આટલી લાંબી મજલ કાપ્યા પછી પણ એવું જ ધોરણ જાળવી શક્યું નહિ હોય. અમારી બોર્ડિંગના વિદ્યાર્થીઓ 'કુમાર'ની રાહ જોતા જ બેઠા હોય છે અને તેમની બુદ્ધિ પોતપોતાને અનુરૂપ સામગ્રી 'કુમાર'માંથી મેળવીને સંતુષ્ટ થાય છે.

(રાજકોટ) —રમણિકલાલ છ.



તાંબુલપ્રાશન • કિશનગઢ શૈલી • શુમારે ઈ. ૧૭૮૦
(ગોપીકૃષ્ણ કનોરિયા–કલકત્તા–ના કલાસંગ્રહમાંનું એક ચિત્રરત્ન)

મે અંકના મુખચિત્ર અને કલાવાર્તામાં જેની સર્જનકથા આપી છે તે, રાજસ્થાનની કિશનગઢ ચિત્રશૈલીના આવિષ્કારક રાજા સાવંતસિંહ (જે કવિ નાગરીદાસના નામે કાવ્યો પણ રચતા) પોતાની પ્રિયતમા 'બનીઠની'ને પાન આરોગાવી રહ્યા છે એ પ્રસંગનું સુમધુર ચિત્ર

આ પાનની બે બાજુએ આપેલાં બંને ચિત્રો રાજસ્થાનની જુદીજુદી પરિપાટીનાં હોવા છતાં તેનો તલપ્રવાહ એક જ–રાજપૂત શૈલીનો જણાશે. પાછળ આપેલા મેવાડી શૈલીના સત્તરમી સદીની શરૂઆતના વેગવાન તળપદા આલેખનને પડછે આ ઉપરના કિશનગઢ શૈલીના, અઢારમી સદીના અંતભાગના ચિત્રમાં મુલાયમતા, સફાઈ અને એક પ્રકારનો લલિત્યાતિરેક ઉમેરાયાં છે.

પાછળનું ચિત્ર કવિ જયદેવની વિખ્યાત શૃંગારરસિક કૃતિ 'ગીતગોવિંદ'માંના એક કાવ્યવસ્તુને ચિત્રિત કરે છે, જેમાં, યમુનાકિનારે કદંબ અને અશોકવૃક્ષની કુંજમાં બેઠેલા કૃષ્ણ પાસે આવેલી રાધાની દૂતિકાને એ કહે છે કે 'મને ગોપીઓથી વીંટળાએલો જોઇને રાધા રિસાઇને જતી રહી એ તેનો રોષ સકારણ છે; પણ હવે મને કહે કે એ એકાકી ને દુઃખી સખી ક્યાં હશે? હું એને કેમ મનાવી લાવું?' ℂ લાલચટક ભોંય પર તળપદી પરંપરાએ આલેખેલાં નિરનિરાળી લાક્ષણિકતા ધરાવતાં વૃક્ષ-વેલીની શોભન શૈલીમાં જ મોર-પોપટ અને નીચેના ભાગમાં મત્સ્ય-કમળની ગૂંથણીમાં દાખવેલા જલપ્રવાહનું આલેખન છે. ડાબી બાજુના રાધાના પાત્રને કૃષ્ણ-દૂતીના દૃશ્યથી દૂર, અલગ અને ગોપિત રાખવાનું હોવાથી વચ્ચેના મોરવાળા ભાગની ભોંયનો રંગ બદલી નાખ્યો છે.



રાધાની દૂતિકા : રાજસ્થાની (મેવાડ) શૈલીનું, સત્તરમી સદીના આરંભકાળનું 'ગીતગોવિંદ'ના એક કાવ્ય પરનું ચિત્ર (મુકુંદ આયર્ન વર્ક્સ-મુંબાઈના સૌજન્યથી)

આભ / મણિલાલ દેસાઈ

આભને નહિ હોય રે આભની માયા.
નહિ તો એ વેરાન કે વને, આવળ-બાવળ ઝાડ કે જને
ઢોળાતું નહીં રે'ય રે એની સોનલવરણી છાયા—આભને૦

વાદળી જરાક ઝૂકતી જરાક ઝરતી ક્વચિત્ નાવ લઇને નિજની
રે'તી ક્ષિતિજતીરે ફરતી દિવસ-રાત,
ક્યારેક ખાલીખમ ને ક્યારેક ભરતું ચોગરદમ, બીડેલા રીસમાં
રાધાશ્યામના જેવા હોઠ તો જાણે માંડે ઝાઝી વાત.
ક્યાંક સમાવે પાંખમાં પવન, ક્યાંક પવનને પાંખમાં ભરી
આવતું તરી દૂરથી મૂકી દૂર રે એની કાયા — આભને૦

ઊતરે જોઇ જલ ને રહે ઝૂકતું જોઇ થલ જરામાં લાગતાં ઝોકો
વેરાઇ જતું માનવી મનેમન,
નમતે પ્હોરે તળાવપાળે કૂવાથાળે ઊતરી બેસે ચકલાં ટોળું
લાગતું ત્યારે નભને જાણે ભીંજતું એનું તન;
કોઇ વેળા વન ઝૂકતાં, ઝાડવાં તૂટતાં, બાગમાં છૂટતા ફૂલફુવારા
એની સાત સમુંદર તરતી રે'તી છાયા — આભને૦

વર્ષારંભ / જયન્ત પાઠક

(વસંતતિલકા)

આ કાલજર્જર હવે નભછત્ર ચૂવે,
પાણીથી લદ્બદ, ન એક ટીપું ય ઝીલે;
ધૂણાવિયાં દિવસરાત સમીરભૂવે,
તે વૃક્ષ ટપ્ટપ રુવે અવ ગાત્ર ઢીલે.

ઝીણી ઝબૂક વીજળી અજવાળી જાય
અંધારનું મુખ જરા, ભરવા છલંગ
થોડો હઠી કરી લઇ નિજ અંગ તંગ
તૂટે શિકાર પર શ્વાન્ત, બધે છવાય.

ઊંડું સ્ફુરે ધનઉરે કંઈ દર્દ છાનું,
લે આમળા કદીક ડૂસકું મોહું નાનું,
ક્યારેક બિન્દુ બની રહે ટપકી ધરા પે
ને દર્દમુક્ત ઊઘડે તન ઇન્દ્રચાપે.
ભીની વ્યથા ઝમી જતી નભની નિબિડ
પ્રેરી ધરાઉદર બીજની જન્મપીડ.

કોલાહલ / યોસેફ મૅકવાન

દૂર દૂર મૂક
તરફડાય તિમિરનું ધૂક!
સાવ શ્રાંત
તેજના તે જલથકી ઊભરાય
પથનું એકાંત!
તરુમહીં પોઢી ગયો વાયુ,
જાણે
સમયનું પગલું છવાયું!
નીરખું નગર
ઠર્યાં જાણે ઘૂમરાતા
જળના વમળ!
એક
(સપનાનું સ્થલ?)
આકાશને છત
ઝલમલ... ઝલમલ...
તારકોનો કોલાહલ!

કંપ / જશવંત લ. દેસાઈ

(વસંત • મૃદંગ)

જાગે અચાનક તું, લીન પ્રગાઢ નીંદે
પાસે પથારી મહીં વત્સ પરે પ્રદોષે
ધેનુ શી હેતભરપૂર દગો તું ઢાળે,
ને સૂંઘીને શિર, ચૂમી મૃદુ, નીંદમાં ઢળે...

ગૂંથાયલી કંઇક કામ મહીં રસોડે
તું હોય ત્યાં ફટ બધું પડતું મૂકીને
શેરી મહીં સુખથી ખેલત વત્સને શી
દે સાદ: 'આવ, અહીં આવ' વિનાપ્રયોજન!

વાતે ચઢી સખિની સંગ તું હોય જૂનાં
સંભારણે મધુર, ત્યાં સહસા જ હાંફળી
(જાણે વિખૂટી પડી કો મૃગલી શિશુથી)
રહે ઢૂંઢી આંગણુ સરી શિશુને અહીં ત્યાં!

વાત્સલ્યની ફરીફરી ભરતી, ન જંપ,
તારા રુધિર મહીં કૈં અણદીઠ કંપ!

બંધ ખોલતાં બારી / ચંદ્રકાન્ત શેઠ

બંધ ખોલતાં બારી ફડ ફડ કરતું આવ્યું વ્યોમ,
ઘરમાં ઊગ્યા સૂરજ, ખીલ્યા તારક, મલક્યા સોમ!

દીવાલ ભેદી જંગલ આવ્યાં. વાઘ-સિંહની ત્રાડ,
સૂનકાર જે ફાડે, ગાળી નાખે ડુંગર-હાડ;

ચીતરેલો જ્યાં મયૂર ગ્હેક્યો, છૂટી કલરવસેર!
વાદળ આવ્યાં વિહંગનાં લૈ રંગધનુષની લ્હેર!

સરવરનાં જલ ઘરમાં, એમાં તરે કિરણનાં મીન!
બે આંખે કો ઊડતું પંખી હવા મહીં રંગીન.

ફરશ ઉપર ફૂટી હરિયાળી, એમાં ફૂલની ભાત;
ટપક્યાં આંસુ બે'ક સ્મરણનાં, ઝાકળની મહીં વાત.

બંધ ખોલતાં બારી, આવી ઘરમાં સો સો વાટ,
મનમાં સો સો રૂપ બન્યાં ને સો સો પામ્યાં ઘાટ.

વૃદ્ધત્વ / ગીતા પરીખ

(મિશ્ર)

વૃદ્ધત્વની કેવી ભીની સુવાસ!
ધોવાઇને સ્વચ્છ ધરા થઇ ગઇ;
તૃષ્ણાતણી કો હજુ લ્હેરખી શી
આછી રમે શરદને નભ વાદળીઓ.
મોજાંતણાં ઊછળતાં ફીણ શ્વેત જેવો
નિર્દોષ ચ્હેરે સ્મિત-છંટકાર.
બે ધ્રૂજતા હાથ ઉકેલવા મથે
આયુષ્યની પોથીનું પાન પાન.
ને કંપતી તો ય સુધીર ચાલે
જઇ રહ્યા પાય અગમ્ય દેશે.
રે કેશકેશ મહિં દષ્ટિની શુભ્રતા શી
ડોકાય, મસ્તક બને અવ ભારમુક્ત.
આયુષ્યનાં વિષ-અમી સઘળાં પચાવી
આંખો વળી નિજમહિં અવ શી ઠરેલ.
જે કૌતુકે શિશુદગે નિરખ્યું'તું વિશ્વ
એ કૌતુકે અવ અલૌકિક શોધતી દગ.
ઝંકાર આર્દ્ર કરતું ભવ-એકતારે
વૃદ્ધત્વનું ભાવુક ભવ્ય ગાન.

રાત / 'આદિલ' મન્સૂરી

(ગઝલ)

ઝુલ્ફોના અંધકારમાં આવી ભળે છે રાત,
ચ્હેરાની ચાંદનીને લઇ ઝળહળે છે રાત.

તુજ કંઠથી ગવાયલા મારી ગઝલના શે'ર
તારાઓ ગણગણે છે અને સાંભળે છે રાત.

સૂરજને શોધવાનું તો ખાલી બહાનું છે,
બાકી, તને જ જોવા સદા નીકળે છે રાત.

દેખાય છે પ્રકાશ જે વ્હેલી પરોઢમાં,
એ તો ક્ષિતિજની પેલી તરફથી બળે છે રાત.

પૂનમના ચંદ્રપાશમાં થીજી ગઈ હતી,
સૂરજની હૂંફ પામી હવે ઓગળે છે રાત.

પેલા ઝાડની પાછળ / કુ૦ ઊર્મિલા મહેતા

(ગાન)

પેલા ઝાડની પાછળ, તારોડિયામાં આછા આછા સૂર વેરાયા.

નિંદર કેરું ઓઢણું એના એક હિલોળે ઊડવા માંડયું,
ઉરનું કૂણું પોયણું એના એક જ ઝોલે ઝૂલવા માંડયું,
પેલા વાડની પાછળ, તૃણના લીલા રેશમ નીચે સૂર ભરાયા...

ગગનછતના ઝુમ્મર-દીવા બુઝાવાને હજી વાર હતી,
પૃથ્વીનું મનમોહન ભુવન ધોળાવાને હજી વાર હતી,
ત્યારે ઝાડની પાછળ, તારોડિયામાં મીઠામીઠા સૂર લ્હેરાયા...

ઠોકર / 'ચાતક'

• મુક્તક •

પ્યાસ ઠુકરાવે છે ત્યારે
જામ ફૂટી જાય છે,
દર્દ ઠુકરાવે તો દિલના
તાર તૂટી જાય છે;
ભાનમૃગજળનું હરણ ને
થાય તો—એ જ્ઞાનની
સ્હેજ ઠોકરમાં જ એની
હામ ખૂટી જાય છે!

ફૂટેલી આંખ …જેને જિબ્રાનની 'તૂટેલી પાંખ' સાથે કશું સગપણ નથી….

નવનીત સેવક

કોયડો

પછીથી તે દેવીએ કહ્યું: 'હે લોકો! હું આકર્ષક હોવા છતાં ભયંકર પણ છું. મારે કારણે ઘણા લોકો કંગાળ થઈ જાય છે, તોપણ મારાં કેટલાંક પ્રિય સંતાનોને હું ધનવાન પણ બનાવું છું. કાર્યોને લંબાવવાની પણ મને ટેવ છે. હું દારિદ્રયને દૂર કરવાનો દેખાવ કરું છું, છતાં દારિદ્રય વધતું રહે છે. તમે મને ઓળખી?

ટોળામાંથી એકે કહ્યું: તું દુષ્કાલિકા હશે.

બીજાએ કહ્યું: તારું નામ પિશાચિકા હશે.

ત્યાં એક અતિ પ્રાજ્ઞ પુરુષ ડોકું હલાવતાં બોલ્યો: મૂરખ લોકો! 'એનું નામ યોજના છે.'

સંસ્કાર

તે લગ્નપ્રસંગે પ્રથમ ગોર અને યજમાન લડ્યા. ત્યાર પછી સગાંસગાં વચ્ચે લડાઇ થઈ. બાદમાં વેવાઈ વેવાઈ વચ્ચે વાગ્યુદ્ધ થયું.

ઠેઠ મોડી રાતે લગ્ન પૂરાં થયા પછી કન્યાની માતાએ હર્ષનાં આંસુ લૂછયાં ને આજુબાજુ ઊભેલાં સગાંઓને કહ્યું: 'મારી દીકરી ઘણી નસીબદાર છે. તેને સમજુ અને સંસ્કારી સાસરિયા મળ્યાં છે.'

બધાંએ ડોક હલાવી કહ્યું: 'ખરી વાત છે.'

સવારી

એક વાર હું ફરતો ફરતો સ્વર્ગમાં જઇ ચડ્યો. ત્યાંનાં મનોહર ઉદ્યાનો જોતો હું ઊભો હતો ત્યાં જ એક અદ્ભુત સવારી રસ્તા પરથી પસાર થઈ. એક અતિ ઉજ્જવલ અશ્વ પર બેસીને એક પ્રતિભાશાળી વ્યક્તિ પસાર થઈ રહી હતી. તેની પાછળ કરોડો લોકો ચાલતાં હતાં. આવું અદ્ભુત દૃશ્ય જોઇને મેં પૂછયું: 'આ કોની સવારી જઇ રહી છે?'

એક માનવીએ કહ્યું: 'રે મૂર્ખ! એટલી પણ ખબર નથી? આ તો પ્રભુપુત્ર ઈશુ જાય છે.'

એ સવારી ગયા પછી બીજી એક સવારી નીકળી. તે સવારીની ભવ્યતા જોઇને મેં પૂછયું: 'આ કોણ મહાનુભાવની સવારી છે?'

એક યુવાને કહ્યું: 'આ સવારી પ્રભુના પેગંબર હજરત મહંમદ સાહેબની છે એટલુંયે તું જાણતો નથી?'

આ પછી તો એવી જ ભવ્ય બીજી ચાર-પાંચ સવારીઓ જતી રહી. છેલ્લે એક વ્યક્તિ એકલીઅટૂલી ઘોડા પર બેસીને નીકળી. મેં પૂછયું: 'હે મહાનુભાવ, આપ કોણ છો અને આપની પાછળ બીજાઓની જેમ લોકોનાં ટોળાં કેમ નથી?'

ખિન્ન વદને તેણે કહ્યું: 'હું પ્રભુ પોતે જ છું. લોકો બધા મારા પુત્રોની અને પેગંબરોની પાછળ ચાલ્યાં છે, એટલે મારી પાછળ ચાલનાર કોઇ રહ્યું જ નથી!'

પાયાની કેળવણી

એક પુરુષે એક વાર બસમાં જવાને બદલે પગે ચાલીને પૈસા બચાવ્યા અને તેમાંથી પોતાના કુટુંબ માટે શાક ખરીદીને ઘેર ગયો.

એક સ્ત્રીએ એક વાર બસમાં બેસવાને બદલે પગે ચાલીને પૈસા બચાવ્યા અને પોતાના બાળકો માટે પીપરમીંટ ખરીદીને ઘેર ગઈ.

એક બાળકે ઘણી વાર પગે ચાલીને બસના પૈસા બચાવ્યા અને તેમાંથી તે એક વાર શાળામાંથી ગુલ્લી મારીને સિનેમા જોવા ગયો.

બદલો

પ્રભુએ ફિરસ્તાને પૂછયું: 'હે દૂત! તું ગુજરાતમાંથી જેને પકડી લાવ્યો છે તે જીવાત્મા હજી પણ શા માટે આક્રંદ કરી રહેલો છે?'

ફિરસ્તાએ કહ્યું: 'પ્રભુ, તેને તેના જીવનકાળ દરમ્યાન પેટ ભરીને ખાવા નથી મળ્યું, તથા અનેક લોકોનો માર ખાઇને તે ઘણો દુઃખી થઈ ગએલો છે; તેથી પોતાના જીવનકાળનાં સ્મરણો યાદ કરીને તે રડ્યા કરે છે.'

પ્રભુએ કહ્યું: 'તેનો આવતો જન્મ હું ગુજરાતની ગાયનો આપું છું, જેથી તે આખો દિવસ ગમે તે ખાઇ શકશે તથા તેને ફાવે તેને મારી શકશે. આમ તેને થએલા અન્યાયનો સંપૂર્ણ બદલો મળી રહેશે.'

હરખશોક

દેશી ઘઉંએ નિસાસો નાખીને કહ્યું: 'હું કેવો કમનસીબ છું કે મનુષ્યની ક્ષુધાતૃપ્તિ માટે હું સર્જાયો હોવા છતાં એક સંઘરાખોરની વખારમાં સડીને મારું જીવન નષ્ટ થઈ રહ્યું છે!'

પરદેશી ઘઉંએ આનંદથી કહ્યું: 'પણ હું ઘણો ભાગ્યશાળી છું કે મારા દેશમાં ઘોડાના આહાર તરીકે પણ જેને નકામો ગણવામાં આવે છે એવા મને મેળવવા માટે લોકો અહીં કતારોમાં ઊભા રહેવા પણ ધક્કાધક્કી કરે છે!'

વાદ

પશુપંખીઓની સભામાં એક કીડીએ કહ્યું: 'અમારે ત્યાં સરમુખત્યારશાહી છે. એક રાણી બેઠી બેઠી હુકમો કરે ને અમે સહુ તેનું પાલન કરીએ. એ પદ્ધતિમાં અમે સહુ સુખી છીએ.'

કાગડો બોલ્યો: 'અમારી જાતમાં સામ્યવાદ છે. એકના જોવામાં કંઇ પણ ભક્ષ્ય આવે તો સહુને બોલાવે તથા વહેંચીને ખાય એવી આ પ્રથામાં અમે પૂર્ણ સુખી છીએ. અમારામાં કોઇ ઊંચ કે નીચ નથી, કોઇ રાજા કે કોઇ પ્રજા નથી. અમે સાથે જમીએ છીએ ને અમારાં ગુણગાન પણ સાથે જ કરીએ છીએ.'

આ બંનેની વાતો સાંભળીને નજીકમાં બેઠેલા એક શ્વાને કહ્યું: 'અમે સહુ એકબીજાની સાથે લડીએ છીએ; ખાવા માટે ઘૂરકીએ છીએ; મન ફાવે ત્યારે ભસવાની અમને છૂટ છે; અમારામાં જે જબરો હોય તે પૂરું પેટ ભરીને વધેલો ખોરાક દબાવી રાખી શકે છે. અમારી જાતિ લોકશાહીમાં માને છે.'

મહિમા

પછી તે નેતાએ ધોબીને ત્યાંથી આવેલાં કડકડતાં કપડાં પહેર્યાં. બંગલાનાં પગથિયાં પાસે આવી ઊભેલી મોટરનું બારણું શૉફરે ઉઘાડયું. પછી તે કારમાં ગોઠવાયા. તેમને સાંભળવા એકઠા થએલા લોકોની સમક્ષ જઈ તેમણે મંત્રીએ તૈયાર કરેલું ભાષણ વાંચ્યું, અને પછી કારમાં બેસી પાછા પોતાને બંગલે ગયા.

તેમનું ભાષણ છાપામાં વાંચીને એક વાચકે કહ્યું: 'અહાહા! નેતાશ્રીએ 'શ્રમનો મહિમા' એ વિષય પર કેટલું સરસ ભાષણ આપ્યું છે.'

નાણાપ્રધાન

નાણાપ્રધાનને ઉદાસ જોઇને સેક્રેટરીએ પૂછયું: 'અત્યંત પરિશ્રમથી આ પદ મળ્યા પછી પણ આપના ચહેરા ઉપર આનંદ નથી તેનું શું કારણ?'

ઉદાસ વદને નાણાપ્રધાને કહ્યું: 'મારા પુરોગામીએ માટીથી માંડીને મોતી સુધીની સઘળી વસ્તુઓ ઉપર કર નાખી દીધેલા છે. હવે શાના ઉપર કર નાખવા તે મને સમજાતું નથી. જો કર નહિ નાખી શકું તો નાણાપ્રધાન તરીકેની મારી અકુશળતા જ જણાશે ને?'

રિવાજ

ઉકરડાના ખૂણામાં પડેલા રોટલીના ટુકડાને બહાર લાવીને તે કોણ લે તે માટે બે કાગડાઓ વિવાદ કરવા લાગ્યા. એકે કહ્યું: 'એ રોટલીના ટુકડા ઉપર મારી નજર પહેલી પડી હતી, તેથી તેના ઉપર મારો હક્ક છે.'

બીજાએ કહ્યું: 'ઉકરડામાંથી તે કાઢવાનો શ્રમ મેં કર્યો છે તેથી તેના પર મારો હક્ક છે.'

તે વખતે જ આકાશની એક સમડીએ રોટલીનો ટુકડો ઝડપીને ઊડવા માંડયું, તે જોઈ બન્ને કાગડા બોલી ઊઠ્યા: અમારા શ્રમથી મેળવેલો રોટલીનો ટુકડો ઝડપી જવાનો તને શો હક્ક છે?'

સંમડી હસીને બોલી: લોકશાહી સમાજવાદમાં તો એમ જ ચાલે!'

મંચુરિયાનાં જંગલો, ગોબીનું રણ ને ઉત્તુંગ હિમાલય ખૂંદનાર શોધસફરી સેનાનાયક

સર ફ્રાંસિસ એડવર્ડ યંગહસબન્ડ



'મુઝતાગ ઘાટ'નો શોધક, લ્હાસાનું ભૌગોલિક સ્થાન નિશ્ચિત કરનાર, મુત્સદ્દી રાજપુરુષ, હિમાલયનો આશક, ભારતીય આધ્યાત્મિકતાનો પ્રશંસક.

લશ્કરમાં ઘોડા ખેલવવાથી કંટાળી, બહુ નાની વયે જેણે ચીનની છેક પૂર્વે કંઠાર પાસેથી આરંભી, હિમાલયની ઉત્તરના બર્ફીલા પહાડો ને ગોબીના ભયંકર અજાણ્યા રણને ખૂંદવાની હામ ભીડી, એ ફ્રાન્સિસ યંગહસબન્ડનો જન્મ આપણા હિંદુસ્તાનમાં જ મરી મુકામે ઇ. ૧૮૬૩ની ૩૧મી મેએ થયો હતો. ક્લિફ્ટન અને સૅન્ડહર્સ્ટની લશ્કરી શાળામાં ભણતર લીધા પછી પિતા મેજર-જનરલ જ્હૉન વિલિયમ યંગહસબન્ડને પગલે એણે પણ ત્યારના બ્રિટિશ હિન્દના લશ્કરમાં જોડાઇ જઇ પોતાની કારકિર્દીનો આરંભ કરેલો. પણ મીરતમાં 'કિંગ્સ ડ્રૅગન ગાર્ડ્સ'ની નોકરીથી એ કંટાળી ગયો. સૈન્યમાં જોડાયો ત્યારે તો એ થનગનતો સૈનિક હતો, પણ એ (૧૮૮૭ના) દિવસોમાં ઘોડેસવાર ટુકડીમાં લડાઈની તૈયારી કરવાને બદલે દેખાવ કરવા પ્રત્યે વધુ ધ્યાન અપાતું અને એનો એને ત્રાસ થતો. તંબેલાઓમાં પડ્યા રહેવામાં કે કવાયતમાં એને જરા યે રસ નહોતો. એને તો કોઇ અજાણી ભૂમિમાં આથડવું હતું. ૨૨ વર્ષની એ ઊગતી વયે એને હજી સુધી લગભગ અજાણ્યા એવા તિબેટ અને મધ્ય એશિયાના વિસ્તારોમાં પ્રવાસો કરવા હતા. ને ખરેખર એટલા માટે એ નીકળી પણ પડ્યો. હૉંગકૉંગ, કન્તાન, શાંગહાઇ ને પેકિંગ જઇને તેણે એક વિસ્તૃત શોધસફર આદરી. એમાં મંગોલિયા અને ગોબીના રણમાં થઈને હિંદુસ્તાન પાછા ફરવાની એની યોજના હતી.

એકલે પંડે અને તેમાં યે અરધા ઉપરના તો તદ્દન અપરિચિત પ્રદેશોમાં લગભગ ૪૦૦૦ માઇલનો પ્રવાસ કરવો એ ખરે જ અતિ વિકટ સાહસ હતું. અને વળી, આ પ્રવાસમાં યે પાછું મોટામાં મોટું રણ અને ઊંચામાં ઊંચાં શિખરોવાળી પર્વતમાળા એણે ખૂંદવાનાં હતાં. માર્કો પોલો પછી આ છ સદીમાં કોઈ યુરોપવાસી ચીનથી મધ્ય એશિયાને માર્ગે ગયો નહોતો. એ પોતે જ કહે છે: 'મારી ઉચ્ચોચ્ચ મહેચ્છાને સંતોષી શકે એવી મોટી સફર મેં ખેડી છે. મંચુરિયાનાં ગીચ ગાઢાં જંગલો મેં વીંધ્યાં છે. ગોબીના વિશાળ રણને મેં પાર કર્યું છે. ઉત્તુંગ હિમાલયને પણ મેં ખૂંદ્યો છે. ચીનના સામ્રાજ્યના છેક પૂર્વના પૅસિફિકના કિનારાથી માંડી પશ્ચિમમાં 'દુનિયાના છાપરા' સુધીની ધરતી મેં પગ તળે કરી છે. ને એ બધું માત્ર ૨૪ વર્ષની વયે.'

એ સફરમાં ઈ. એમ. જેમ્સ નામે એનો એક મિત્ર ને હિન્દી સનદી નોકરીનો અમલદાર પણ એની સાથે હતો. થોડો વખત શોધખોળો કર્યા પછી તેઓ પશ્ચિમ તરફ લાંબી સફરે ઊપડ્યા. પેકિંગથી કાલગન તેઓએ હ્વાંગ-હો નદીની ઉત્તરે સફર કરી. ૧૮૮૭માં તેઓ આલ્તાઈ પહોંચ્યા. ત્યાં દક્ષિણે હામી તથા ત્યેનશાનને માર્ગે થઈ કાશ્ગર આવ્યા ને યાર્કંદ થઇ હિંદુસ્તાનમાં પ્રવેશ્યા. એક કર્નલ એમ. એસ. બેલ પણ લગભગ આવે જ માર્ગે નીકળેલો. પેકિંગથી તેઓએ પોતપોતાના પ્રવાસમાર્ગો બદલ્યા હતા ને હામીમાં તેઓ ફરી મળવાના હતા. કર્નલ બેલ દક્ષિણ રોન્સીથી લાલ ચાઉને માર્ગે આગળ વધ્યો. ઠરાવ્યા પ્રમાણે હામીમાં તો તેઓ એકઠા થઈ શક્યા નહિ ને બેલ એકલો હિંદુસ્તાનમાં આવી ગયો. થોડા સમય પછી યંગહસબન્ડ પણ આવી પહોંચ્યો. આ સફરમાં એણે ચીન ને કાશ્મીર વચ્ચેની પર્વતમાળામાં 'મુઝતાગ ઘાટ'નો માર્ગ શોધ્યો હતો.

હિન્દુસ્તાનના કમાન્ડર ઈન ચીફે એને ખાસ મુલાકાતનું માન આપ્યું. રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાએટીએ એને પોતાનો સભ્ય બનાવ્યો. માત્ર મધ્ય એશિયાના શોધસફરી તરીકે જ નહિ પણ એ વિદ્વદ્-સંસ્થાના સૌથી નાના સભ્ય તરીકે પણ એ માનનો અધિકારી હતો.

ત્યાર પછી હુંઝા અને ચિત્રાલમાં યંગહસબન્ડે હિન્દની બ્રિટિશ સરકાર માટે કેટલીક લશ્કરી ને રાજદ્વારી કામગીરી પણ બજાવી. વચ્ચે થોડો વખત લંડનના અગ્રણી દૈનિક 'ધી ટાઇમ્સ'ના હિંદ અને દક્ષિણ આફ્રિકા માટેના ખબરપત્રી તરીકે પણ કામ કર્યું. દક્ષિણ આફ્રિકામાં ર્હોડ્ઝની જાણીતી 'જેમ્સન રેઇડ'ના સમાચારો એણે આવરેલા.

ઇ. ૧૮૯૦માં ઇંગ્લંડની સરકારે લશ્કરમાંથી એની બદલી ઇંડિયન પોલિટિકલ ડિપાર્ટમેન્ટ (હિંદના રાજદ્વારી મુત્સદ્દી-ખાતા)માં કરી, ને ૧૯૦૨માં એ ઇંદોરના રેસિડેન્ટ તરીકે ફરી હિન્દુસ્તાનમાં આવ્યો. થોડા વખત પછી એ પણ દરબારી દમામ ને ભભકાના રંગે રંગાવા લાગ્યો. મધ્ય એશિયાની કપરી શોધસફરના એ સાહસવીરને જાણે કે રંગીન કાટ ચડવા માંડ્યો! પણ ત્યાં એકાએક એને તેડું આવ્યું.

હિંદુસ્તાન અને તિબેટના રાજદ્વારી સંબંધોમાં એક નવું પરિવર્તન આવી રહ્યું હતું. તિબેટના દલાઈ લામા પર રશિયાના ઝારની લાગવગ વધી રહી હતી. અગાઉ કરેલી સંધિઓને અવગણીને તિબેટીઓ સિક્કિમ પર ચડી આવતા હતા ને ત્યાંના વેપારી માર્ગો પર બ્રિટિશ હિન્દનું હિત જોખમાતું હતું. વળી, તિબેટ તો હવે બ્રિટિશ હિન્દ સાથે કોઈ વાટાઘાટમાં પણ ઊતરવા ઇચ્છતું નહોતું. ઈશાન સરહદના પ્રદેશોમાં ને સિક્કિમ પરના તિબેટીઓના હુમલાઓની બાબતમાં અગાઉ પણ યંગહસબન્ડની સેવાઓ સરકારે લીધી જ હતી, અને આ વખતે પણ વાઈસરૉય લૉર્ડ કર્ઝને યંગહસબન્ડને સીમલા બોલાવી આ બધી વાત સમજાવી અને આ મામલાને થાળે પાડવા જવું પડે તો છેક લ્હાસા જઈને પણ વાટાઘાટો કરી, ત્યાં એક કાયમી બ્રિટિશ પ્રતિનિધિ મૂકવાની વ્યવસ્થા એ કરી શકશે કે નહિ એ વિષે પૂછ્યું.

એ પ્રસંગ વર્ણવતાં યંગહસબન્ડ લખે છે: 'જાણે કે મને એકદમ ઢંઢોળવામાં આવ્યો! હું ફરી મારી અસલિયતમાં જાગ્રત થઇ ગયો. દરબારી ઠાઠ, સોનેરી ખુરશીઓ ને લાલચટક વેષધારી ચપરાસીઓની દુનિયા જાણે એક કંટાળાજનક સ્વપ્ન જેવી થઈ પડી.' આ સફરનાં ગંભીર જોખમોના ભાન સાથે એણે એ જવાબદારી સ્વીકારી લીધી.

ઈ. ૧૯૦૩ની ૧૯મી જૂને ૨૦૦ શીખને સાથે લઈ એ દાર્જિલિંગથી તિબેટ જવા ઊપડ્યો. ઉકળાટ ને ધોધમાર વરસાદમાં તેઓએ તિસ્ટી ખીણ ઓળંગી; અને ગંગટોકમાં થોડો વખત આરામ લઇને ૧૨,૦૦૦ ફૂટ ઊંચે ટાન્ગુ જવા ઊપડ્યા. ખાંબા જૉંગમાં તેઓ તિબેટના પ્રતિનિધિઓનો સંપર્ક સાધવા રોકાયા, પણ તિબેટીઓએ તો વાત સુદ્ધાં કરવાની પણ તૈયારી દર્શાવી નહિ; એટલું જ નહિ પણ ઊલટું યંગહસબન્ડ એમના પ્રદેશમાં આવે એ સામે પણ વિરોધ દર્શાવ્યો!

હવે તો સીધા લ્હાસા પહોંચી જઇને મુખ્ય લામાઓ સાથે જ વાત કરવાની અને એમને સાચવી લઈ, બ્રિટિશો તરફથી કોઈ ભય નહિ રાખવાનો સધિયારો આપવાની યંગહસબન્ડને જરૂર જણાઈ. આ માટે એણે બધી યોજના નવેસરથી વિચારી, ને પોતાના કાફલાને પણ વધાર્યો.

પણ એ રીતે શિયાળામાં હિમાલય પાર કરવો, ને તે પણ ૨૦૦૦ જેટલા સૈનિકો તથા એ બધાને માટેની સાધનસામગ્રીના રસાલા સાથે, એ કંઈ મામૂલી કામ નહોતું. ઘણી જ જોખમી અને ગંભીર વિચાર માગી લે તેવી એ યોજના હતી. માલસામાન લઈ જવા માટે ગાડે જોડવામાં પહેલી જ વાર યાકનો ઉપયોગ એણે શરૂ કર્યો અને એ પ્રયોગ સફળ પણ રહ્યો. નાકમાંથી નીકળતો ઉચ્છ્વાસ પણ નાક પર ઠરીને જામી જાય એવી કાતિલ ઠંડીમાં હિમાલયના ઉચ્ચ પ્રદેશના એ વેરાનમાં થઇને એમની વણઝાર દડમજલ લ્હાસા તરફ આગળ ધપી રહી. અંતે ઈ. ૧૯૦૪ના જાન્યુઆરીની એ છરીની ધાર જેવી ઠંડી વીંધતો યંગહસબન્ડનો કાફલો ચાતુંગ પહોંચ્યો. જોકે માર્ગમાં આ ભૂંડા હવામાન સિવાય એમને વિશેષ કોઇનો સામનો કરવો પડયો નહિ. અને માર્ચમાં તો તેઓ ગ્યાંત્સે પહોંચી ગયા.

તિબ્બેટીઓને મન આ બધું અકલ્પિત હતું. આવડો ઉત્તુંગ ને કપરો હિમાલય અને ત્યાંની આવી કાતિલ ઠંડીનો સામનો કરીને આટલા લાવલશ્કર સાથે બ્રિટિશરો છેક આટલે આંગણામાં આવી પહોંચશે એમ તિબ્બેટીઓ માનતા જ નહોતા. આ અકલ્પ્ય પરાક્રમ કરનારની શક્તિથી તેઓ ડઘાઈ ગયા અને વાટાઘાટો કરવા કબૂલ થયા! પરંતુ હવે તો મોડું થઇ ગયું હતું. ઑગસ્ટની ૩જીએ યંગહસબન્ડે બ્રહ્મપુત્ર નદ પણ પાર કર્યો. એમની આતુર આંખો હવે પોટાલા (લ્હાસામાંના દલાઈ લામાના આલીશાં મહેલ) પ્રત્યે જ મંડાઈ હતી. યંગહસબન્ડ એ વિષે લખે છે: 'પહાડોમાં થઇને, બરફછાયાં ખુલ્લાં મેદાનો વીંધીને ને ઊંચા ઘાટોમાંથી પસાર થઇને એક અજાણ્યા સરોવરની પ્રદક્ષિણા કરતા, અરધા ઉપરાંત-૨૦૦ માઈલ અંતરાળમાં અમે આવી પહોંચ્યા છીએ. માર્ગમાં દુનિયાની એક મોટી મુખ્ય નદી (બ્રહ્મપુત્ર) પાર કરીને ૧૯,૦૦૦ ફૂટની આ ઊંચાઇએ પહોંચતાં અમારી સામેની એકે એક વાર જમીન અજાણી હતી. નકશાઓમાં કે ક્યાંય એનો કશો ઉલ્લેખ સરખો આજ સુધી ન હતો. આ રીતે તો અમે એક વિક્રમ સર્જ્યો છે.' અને ખરેખર એ એક મહાપરાક્રમ જ કહી શકાય. હિંદુસ્તાનથી તિબ્બેટની રાજધાની લ્હાસા જવા માટેનો એ વિકટ ને વેરાન ભૂમિ સોંસરો સૌ પ્રથમ માર્ગ યંગહસબન્ડે જ આંક્યો. અત્યાર સુધી અણતાગ રહેલી એ ભોમ વિષે અનેક અવનવી માહિતી એથી પ્રાપ્ત થઇ શકી. લ્હાસાનું ભૌગોલિક સ્થાન એથી જ નિશ્ચિત થઇ શક્યું.

છએક અઠવાડિયાંની વાટાઘાટો દરમિયાન લ્હાસામાં યંગહસબન્ડે તિબ્બેટ સાથે પાકી મૈત્રી સ્થાપી દીધી ને બ્રિટિશ સરકાર વતી એમની સાથે સફળતાભરી સંધિ કરી. ઈ. ૧૯૦૪ના સપ્ટેમ્બરની ૬ઠ્ઠી તારીખે લ્હાસાના રાજમહાલ પોટાલામાં એક ખાસ પસંદ કરાએલા ખંડમાં એ સંધિ પર સહીઓ થઈ. યંગહસબન્ડે એક અતિ મહત્ત્વનું ને વિકટ કાર્ય પાર પાડયું હતું. રાજકીય અને વ્યાપારી કોલકરારો ઉપરાંત એણે દલાઇ લામા પાસે એક એવી કબૂલાત કરાવી લીધી કે ભવિષ્યમાં જ્યારે પણ બ્રિટિશો તરફથી એવરેસ્ટના શિખર પર આરોહણ કરવામાં આવે ત્યારે એમાં તિબ્બેટ તરફથી બધી છૂટો આપવી. હિમાલય પ્રત્યે એને અનહદ પ્રેમ હતો. ત્યાંનાં પ્રાકૃતિક સૌંદર્યનાં સ્થળોને એ તીર્થધામો જેવાં લેખતો. ત્યાંનાં શિખરોને તે 'જગતનાં કુદરતી દેવમંદિરો' તરીકે બિરદાવતો.

અખૂટ હિંમત, ધીરજ અને કૌશલ દાખવી અત્યંત યશોજ્જ્વલ-રીતે લ્હાસાની કામગીરી પૂરી કરીને ૧૯૦૫માં એ સ્વદેશ ગયો. ત્યાં કેમ્બ્રિજમાં વિખ્યાત 'રીડ લેકચરર' તરીકે એની નિમણૂક થઇ. ૧૯૦૬માં કાશ્મીરના રેસિડેન્ટ તરીકે આવીને ત્રણ વર્ષ સુધી એ પદ સાચવ્યું. એની શોધસફરોની ઉજ્જ્વલ કામગીરીની કદરશનાસીમાં ઈંગ્લંડની રૉયલ જ્યૉગ્રાફિક સોસાએટીના અધ્યક્ષપદે એની વરણી થઈ અને એની રાજદ્વારી સેવાઓને ઈ. ૧૯૧૭માં કે. સી. એસ. આઈ.ના પદથી બિરદાવવામાં આવી.

ઈંગ્લંડથી ભણીને તાજા તરુણ તરીકે હિંદુસ્તાન આવ્યા પછી એણે બે દિશામાં પોતાની શક્તિઓ દાખવી. લશ્કરી તથા રાજદ્વારી કામગીરીની સાથોસાથ એણે હિંદ, મંચુરિયા, ચીન, તુર્કસ્તાન ને પછી દક્ષિણ આફ્રિકામાં વિસ્તૃત પ્રવાસો ને શોધસફરો ખેડીને અજાણી ભૂમિઓના જે તાગ લીધા અને જે ભૌગોલિક જ્ઞાનવિકાસ કર્યો એ જ એની આપણા પ્રત્યેની સૌથી મોટી દેણગી છે. રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાએટીના અધ્યક્ષપદેથી ઇ. ૧૯૧૦માં એણે કહેલું કે, 'આપણે આશા રાખીએ કે નજીકનાં જ થોડાં વર્ષોમાં માણસ દુનિયાની ટોચ (એવરેસ્ટ) પર જઈ ઊભો હશે.' ઈ. ૧૯૨૦માં 'રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાએટી' અને 'સ્વિસ આલ્પાઈન ક્લબ'ના સંયુક્ત ઉપક્રમે એવરેસ્ટ-આરોહણ માટે એના અધ્યક્ષપણામાં એક સમિતિ રચાઈ હતી એ એના જ પ્રયત્નોનું પરિણામ હતું.

ઈ. ૧૯૪૨માં એનું અવસાન થયું ત્યાં સુધી તો એવરેસ્ટ-આરોહણમાં કોઈને સફળતા નહોતી મળી, પણ એને ખાતરી જ હતી કે એ સાહસની સફળતા એ માત્ર સમયનો જ સવાલ હતો. ૧૯૫૩માં એવરેસ્ટ સર થયું ત્યારે વિજેતા ટુકડીના નેતા સર જ્હોન હંટે આ દિશામાં કાર્ય કરવા બદલ એને પણ ઉચિત અંજલિ આપી હતી.

અનેક પ્રવૃત્તિઓ અને રસમાં રોકાઈ રહેલી એની શક્તિ પાછલાં વર્ષોમાં એક ધ્યેય પ્રત્યે કેન્દ્રિત થઈ હતી. એ ધ્યેય હતું માણસજાતના આધ્યાત્મિક ઐક્યનું. એ માટે એણે ઈ. ૧૯૩૬માં 'વર્લ્ડ કૉંગ્રેસ ઑવ ફેઈથ'ની સ્થાપનામાં ઊંડો રસ લીધેલો.

ભારત અને એના ભવિષ્યમાં તો એનો રસ સદાકાળ ને અખંડ રહ્યો હતો. હિંદને લગતી બધી જ બાબતોમાં એની સલાહ લેવાનો જાણે કે એક શિરસ્તો જ પડી ગયો હતો. એનો તો સ્પષ્ટ અભિપ્રાય હતો કે 'જ્યારે હિંદુસ્તાન પોતાની સ્વતંત્ર સરકાર રચવા માટે યોગ્ય બની રહે ત્યારે એણે બ્રિટિશ સામ્રાજ્ય સાથે જોડાઈ રહેવું કે નહિ એ નક્કી કરવાની એને સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે એમ બ્રિટિશ સરકારે સ્પષ્ટ અને નિશ્ચિતપણે જણાવી દેવું જોઈએ.' બ્રિટનની સાથે રહીને હિંદુસ્તાન વિશાળ જગત પ્રત્યે કદમ ઉપાડશે ત્યારે એનું આધ્યાત્મિક બળ સમગ્ર માનવજાતને માટે વધુ સારું અને સુખી જીવન સર્જી શકશે એની એને શ્રદ્ધા હતી.

ઈ. ૧૯૩૭માં શ્રી રામકૃષ્ણ પરમહંસની શતાબ્દી નિમિત્તે કલકત્તામાં મળેલી સર્વ ધર્મ પરિષદમાં ભાગ લેવા યંગહસબન્ડને પણ ખાસ આમંત્રણ અપાયું હતું. અઢાર વર્ષે આ દેશમાં ફરી પગ મૂકતાં એને તો અનહદ આનંદ થયો હતો. પાંચ વર્ષ પછી જ્યારે એનું અવસાન થયું ત્યારે એક અગ્રગણ્ય અખબારના તંત્રીએ 'પૂર્વ અને પશ્ચિમને જોડતી કડી સમાન' ગણાવીને એને યોગ્ય અંજલિ આપી હતી.

પોતાના વિસ્તૃત અનુભવોને એણે 'હાર્ટ ઑવ એ કૉન્ટીનેન્ટ', 'રિલીફ ઑવ ચિત્રાલ', 'કાશ્મીર, ઇંડિયા ઍન્ડ તિબ્બેટ', 'વિધિન', 'ધ હાર્ટ ઑવ નેચર', 'ધ ગ્લીમ', 'વન્ડર્સ ઑવ ધ હિમાલય', 'બટ ઇન અપલાઈટ્સ', 'ધી એપિક ઑવ એવરેસ્ટ', 'ધ લાઈટ ઑવ એકસ્પીરીઅન્સ' ને 'લાઇફ ઇન ધ સ્ટાર' એ કૃતિઓમાં ગ્રંથસ્થ કર્યા છે.

સંક્ષેપકાર
ડૉ. મધુસૂદન પારેખ

ઍઝ યુ લાઇક ઇટ

તમને ગમે તેમ

રોઝલિન્ડ ભરવસ્તીમાં એકલવાઈ હતી. મનમાં ને મનમાં એ મુરઝાતી હતી. એની સ્વપ્નીલ આંખોમાં વિષાદ તરવરી રહેતો. કદીક હડપચીએ હાથ ટેકવી એ ગમગીન દશામાં દિશાશૂન્ય બની અટારીએ ઊભી રહેતી. દૂર ક્ષિતિજમાં એની દૃષ્ટિ સ્થિર થઈ જતી. ભૂતકાળ એના હૈયામાં આવી ભરાતો અને આંખોમાં ઊભરાતો.

રૉઝલિન્ડના પિતા એક ડ્યૂક (ઉમરાવ) હતા: આનંદી અને મોજીલા. રૈયતને રૂડીપેરે રાખતા. રૉઝલિન્ડ એમની એકની એક દીકરી: લલિત મધુર કોમળ ને લાડકી. અપાર વૈભવ એનાં ચરણમાં આળોટતો. એના યૌવનની પણ વસંતપંચમી હતી,—પૂર્ણિમા થોડીક દૂર. ફૂલની જેમ પાંગરતી દીકરીને જોઈને પિતાની પ્રસન્નતાનો પાર ન રહેતો. જીવન એને ધન્ય લાગતું.

પણ ડ્યૂકની સુખસમૃદ્ધિ અને લોકપ્રિયતા તેના ભાઈ ફ્રેડરિકથી જીરવાયાં નહિ. ઈર્ષ્યાથી તે જલી રહ્યો. અંતે પ્રપંચ કરી અચાનક છાપો મારી પોતાના ભાઈની સત્તા છીનવી લીધી. ડ્યૂક દેશનિકાલ થયો. આર્ડનના અરણ્યમાં તેણે વસવાટ કર્યો. તેની સાથે માત્ર તેના કેટલાક વિશ્વાસુ સાથી વનમાં જઈ વસ્યા. રૉઝલિન્ડ નગરમાં જ રહી. એના કાકા ફ્રેડરિકને પણ એક દીકરી હતી: સીલિયા. તેણે પિતાને પાયે પડીને મનાવ્યા અને રૉઝલિન્ડને પોતાની પાસે જ રાખી. રૉઝલિન્ડના પિતાની સત્તા-સમૃદ્ધિ પોતાના પિતાએ આંચકી લીધી એ તેને જરાય રુચ્યું ન હતું. સીલિયા રૉઝલિન્ડને ખૂબ ચાહતી, એની વિપત્તિમાં એ જ વિસામો હતી. રૉઝલિન્ડને એ પ્રફુલ્લ-પ્રસન્ન રાખવા પારાવાર મથામણ કરતી, ભાતભાતની વાતોથી એને રીઝવતી.



આદમે ઑર્લૅન્ડોને તેની સામેના પ્રપંચથી વાકેફ કર્યો

એક દિવસ સવારથી જ રૉઝલિન્ડ ઉદાસ હતી. પિંજરમાં પુરાએલા પંખીની જેમ એનું હૃદય તરફડતું હતું. એના વહાલસોયા પિતા વનવાસ વેઠતા હતા અને પોતે અહીં રાજવૈભવ માણતી હતી! એને પોતાની જાત પર રીસ ચડી અને એ રીસ આંસુ બનીને વહેવા લાગી. સીલિયાએ અલકમલકની અનેક વાતો કરી એને હસાવી-પટાવી. એમના દરબારી મશ્કરા ટચસ્ટોને પણ વાતોની રંગત જમાવી. એના ટુચકા-ટહુકાએ વાતાવરણને વિનોદી બનાવી દીધું.

એટલામાં એક અનુચરે કુસ્તીના દંગલના ખબર આપ્યા. રૉઝલિન્ડના ચિત્તની પ્રસન્નતાનો ખયાલ કરીને સીલિયાએ તરત એ હરીફાઇ જોવાનો નિર્ણય કર્યો અને બંને દરબારમાં પહોંચ્યાં. ત્યાં સ્પર્ધાની તૈયારી જ હતી. એમાં એક ચાર્લ્સ તો અઠંગ ખેલાડી હતો. એના ગર્વ અને દમામનો પાર નહોતો. થોડાક સમય અગાઉ જ તેણે ત્રણ સશક્ત હરીફોને ભોંયભેગા કર્યા હતા અને એમની પાંસળીઓ ભાંગી નાખી હતી. એની સામે એક સાવ બિનઅનુભવી લાગતો જુવાન ઑર્લૅન્ડો ઊભો હતો. એના મુખ ઉપર સુકુમારતા હતી, આંખોમાં વિષાદ હતો. ફ્રેડરિકે અને બીજા અધિકારીઓએ એને વાર્યો પણ એ માન્યો નહિ. પરિણામ નિશ્ચિત લાગતું હતું. ઑર્લૅન્ડોની શી હાલત થશે તેની વિમાસણ ઘણાને થતી હતી. ફ્રેડરિકે સીલિયા-રૉઝલિન્ડને પણ આ જુવાનને સમજાવી જોવા વિનંતી કરી.

ઑર્લૅન્ડો આ દુનિયામાં દુ:ખી જીવ હતો. એના પિતા સર રોલન્ડ-દ-બોઇઝ મૃત્યુ વેળાએ એના ઉછેર અને શિક્ષણસંસ્કારની જવાબદારી મોટા પુત્ર ઑલિવરને સોંપી ગયા હતા. પિતાના મૃત્યુ પછી ઑલિવરે એ જવાબદારી જરા પણ અદા કરી નહિ. ઑર્લૅન્ડોની તેણે નરાતાળ ઉપેક્ષા જ કરી. નાગરી રીતભાત અને ઉચ્ચ શિક્ષણ વિનાનો ઑર્લૅન્ડો હૈયાસૂનો ને કઠોર બની રહ્યો. એક વાર ઑલિવરે તેને વિનાકસૂર ખૂબ તતડાવ્યો. ઑર્લૅન્ડોને સ્વમાન પર ઘા લાગ્યો. એ જીવ પર આવી ગયો. એણે પિતાના વચનનું મોટા ભાઈને સ્મરણ કરાવી હાથ ઉગામ્યો. ઑર્લૅન્ડોની સ્ફૂર્તિ કે તાકાત મોટા ભાઇમાં નહોતાં. માંડ એ ત્યાંથી છટકીને નાઠો. નાના ભાઈને હાથે તેજોવધ થયો તેનું શલ્ય તેના હૃદયમાં પેસી ગયું. એ જંગલીને સીધ્રો દોર કરવા માટે તે તલપી રહ્યો. અચાનક તેને ચાર્લ્સ મળી ગયો. ઑર્લૅન્ડોને ઠેકાણે કરી નાખવા માટે તેણે પેંતરો રચ્યો. તેનું જડબું ભાંગે તેવી લાલસા સાથે એ પણ આ દંગલ જોવા આવ્યો હતો.

ડ્યૂકની વિનંતીથી સીલિયા અને રૉઝલિન્ડે ઑર્લૅન્ડોને પોતાની પાસે બોલાવી સમજાવ્યો. ચાર્લ્સની રાક્ષસી શક્તિનું પારખું ન કરવાની વિનંતી કરી. ઑર્લૅન્ડો આ અણજાણ સુંદરીઓનાં માયાળુ વચનોથી ગદ્ગદ થઇ ગયો. એણે એટલું જ કહ્યું: 'તમારો સદ્ભાવ અને તમારી મમતા મને નવી શક્તિ આપે છે. કૃપા કરી મને નાહિંમત ન કરશો. આ જગતમાં હું એકલવાયો જીવ છું. હું મરીશ તો મારી પાછળ બે આંસુ પાડનાર પણ કોઇ સ્વજન નથી. મારા જવાથી જગતને કશી ખોટ જવાની નથી. દુનિયામાંથી એક આદમી ઓછો. માત્ર તમારી શુભેચ્છાઓ મને આપો.'

સીલિયા અને રૉઝલિન્ડે તેનો મક્કમ નિર્ધાર જોઈ પોતાની હાર્દિક શુભેચ્છાઓ તેને આપી. સીલિયા આ જુવાનની જિંદગી સાથેની રમત જોઈને સ્તબ્ધ બની ગઈ. પણ રૉઝલિન્ડના હૈયામાં તો કૈંક અનેરી જ અનુકંપા જાગી. આ જુવાન...એકલવાયો જીવ...અને પોતે ...પોતે પણ એકલી! એના હૃદયમાં સમભાવ જાગ્યો બંને આ વિશાળ જગતમાં એકલવાયાં હતાં.

કુસ્તી શરૂ થઇ. રૉઝલિન્ડનું હૈયું એની આંખોમાં આવી બેઠું હતું. ચાર્લ્સ ઑર્લૅન્ડોને ભીંસમાં લેતો ત્યારે એનું હૈયું ચિત્કાર કરી ઊઠતું; ઑર્લૅન્ડો એમાંથી છટકી સામો દાવ લગાવતો ત્યારે એનું હૃદય ઉમળકાથી ઊછળી પડતું. શક્તિનો દેવતા હર્ક્યુલસ ઑર્લૅન્ડોને સહાય કરે એવી પ્રાર્થના તે મનોમન કરી રહી હતી. લોકો મુગ્ધ ને આતુર નયને આ જીવસટોસટનું દ્વંદ્વ નિહાળી રહ્યા હતા. ચાર્લ્સ કદાવર અને સશક્ત હતો. ઑર્લૅન્ડો સ્ફૂર્તિમાન અને ચપળ હતો. ચાર્લ્સના દાવમાં તે સપડાતો નહિ અને સામે કુશળતાથી પોતાની કળા અજમાવતો. તક સાધીને તેણે એવો દાવ અજમાવ્યો કે ચાર્લ્સને દુનિયા ચક્કર ચક્કર ફરતી લાગી. એ ભોંયભેગો થઇ ગયો. બોલવાના પણ એના હોશ રહ્યા નહિ. ઑર્લૅન્ડોને સહુએ ઉમળકાથી વધાવી લીધો.

સીલિયાની ખુશાલીનો પાર ન રહ્યો. અને રૉઝલિન્ડ? એનું તો હૈયું જ વશમાં નહોતું. તે ઑર્લૅન્ડો પાસે દોડી ગઈ. ઉમળકાથી તેને અભિનંદન અને પોતાની સોનાસાંકળીની ભેટ દેતાં તે બોલી ઊઠી: 'નવજવાન, લાખ લાખ અભિનંદન!' અને પછી સહજ શરમાતી આંખે...'માત્ર તારો દુશ્મન ઢળી પડ્યો છે એમ ન માનીશ. બીજી પણ એક ચીજ...તારા હાથે...અજાણતાં...' ઑર્લૅન્ડો આનંદથી મૂઢ બનીને આ શબ્દો સાંભળી રહ્યો આ વેણ...એનો મર્મ શો? પોતે જીત્યો કે હાર્યો? સશક્ત ચાર્લ્સને એણે જમીંદોસ્ત કર્યો; આ સુકુમાર સુંદરી એના હૈયાને જમીંદોસ્ત કરી ગઈ!

ડ્યૂક ફ્રેડરિકે એને મુબારકબાદી આપી પરિચય પૂછ્યો. સર રોલન્ડનો એ પુત્ર છે એ જાણી એનું મુખ કઠોર ને કટાણું બની ગયું. સર રોલન્ડ એટલે તો દેશવટો ભોગવતા ડ્યૂકનો જાની મિત્ર. અને એનો જ આ પુત્ર ઑર્લૅન્ડો? શત્રુનું સંતાન! ઑર્લૅન્ડોની ભારે ઉપેક્ષા કરી તે ચાલી ગયો. સીલિયાને પિતાનું આ વર્તન ખૂબ ખૂંચ્યું. રૉઝલિન્ડના હૃદયમાં એથી તો વિશેષ સ્નેહભરતી ચડવા લાગી. ડ્યૂકના ઉદ્ધત વર્તાવથી ઑર્લૅન્ડો દુઃખી તો થયો, પણ રૉઝલિન્ડની આંખના અમીએ એને નવાજ્યો, નવીન પ્રેમપ્રકાશ એની આંખમાં આંજ્યો. જિંદગી પહેલી વાર એને જીવવા જેવી લાગી. રૉઝલિન્ડની મધુર પ્રતિમા એના હૈયામાં અંકાઈ ગઈ.

રૉઝલિન્ડની હાલત પણ બેહાલ હતી. સીલિયાથી આ વાત છૂપી રહી શકે કેમ? ઑર્લૅન્ડો એ જ હવે એની વાતોનો એકમાત્ર વિષય બની રહ્યો હતો. સીલિયા એને મીઠુંમીઠું પજવતી ને એના ગાલે લજ્જાના ગુલાબ ખીલતાં તે જોવાની લિજ્જત મેળવતી. બંને સખીની એવી મધુર ગોષ્ઠિ ચાલી રહી હતી તેમાં અચાનક ભંગ પડ્યો. સીલિયાના પિતા એકાએક ધસી આવ્યા. એમના મુખ પર કરડાકી હતી, આંખમાં સખ્તાઈ. એમણે આવીને તત્કાળ રૉઝલિન્ડને ચોવીસ કલાકમાં નગર છોડી જવાનું ફરમાન કર્યું. રૉઝલિન્ડ પર વજ્રઘાત થયો, સીલિયા દિગ્મૂઢ બની ગઇ. હીબકેહીબકે આંસુ સારતી રૉઝલિન્ડ પ્રત્યે ડ્યૂકને જરાય દયા ઊપજી નહિ. એનો વાંકગુનો શો હતો તે કહેવાની પણ જરૂર તેને જણાઈ નહિ.

સીલિયાને આથી ખૂબ માઠું લાગ્યું. તેણે વિરોધ કર્યો તેથી તો એના પિતાનો પિત્તો ઊછળ્યો: 'તું તો મૂર્ખ છે, નાદાન છે. લોકોની લાગણી-મમતા આજે કોના તરફ છે તે તું શું જાણે? આ છોકરી છે ત્યાં સુધી લોકો એની દયા ખાશે. તારી પ્રતિષ્ઠા કદાપિ થશે નહિ. તારા માર્ગમાં એ આડખીલી છે. તું તો બેવકૂફ છે, તારા ભોળપણમાં તું એને પ્યાર કરી રહી છે, પણ એની તારે કેટલી ભારે કિંમત ચૂકવવી પડે છે તેની તને સમજણ નથી. તારો એક અક્ષર પણ હું સાંભળવાનો નથી. મારા હુકમનો અમલ થશે જ.' ને ફરી વાર એનું ફરમાન છૂટ્યું: 'ચોવીસ કલાકમાં જ દેશવટો, નહિતર શિરચ્છેદ.' એટલું કહી વાવાઝોડાની જેમ એ ચાલ્યો ગયો.

રૉઝલિન્ડની મુખપ્રભા વિલાઈ ગઈ. 'રોઝી, મારી મીઠી રોઝી, હું તને નહિ જવા દઉં.' સીલિયાએ એનો હાથ પકડીને રુંધાએલે કંઠે કહ્યું. રૉઝલિન્ડે મહામુશીબતે ખાળેલાં આંસુ ગાલ પરથી ટપકી રહ્યાં: તૂટેલી સેરનાં જાણે મોતી! સીલિયા એને વળગી પડી: 'રોઝી, મારા સોગંદ છે તું રડે તો. તું ડરીશ નહિ. હવે તારા પિતા એ જ મારા પિતા છે. હું હવે મારા પિતાની દીકરી નથી. હવે તો જેવી તું તેવી હું.'

'નહિ સીલિયા, મારે માટે તું શા સારુ દુઃખ વેઠે? પિતા સાથે તારે લોહીની સગાઈ છે. મારું લાગ્યું હું જ ભોગવીશ.' 'રૉઝલિન્ડે જરાક સખ્તાઈથી કહ્યું. સીલિયાને આ વચનોથી ઓછું આવી ગયું: 'રોઝી! બસ? અંતે મારાથી જુદાઈ જ? મારો પ્રેમ મને કહેતો કે આપણા દેહ જુદા છે, પણ હૈયાં તો એક જ. લોહીની સગાઈને હું શું કરું? મારે તો સૌથી ઊંચી પ્રેમસગાઈ જોઇએ. રોઝી હું તારી જ છું; તું મને પરાઈ ગણીશ?' એની આંખમાં મોતી ચમકી રહ્યાં. રૉઝલિન્ડે લાડથી એ ચૂમી લીધાં: 'સીલિયા, તું સદાકાળ મારી જ છું. તારા જેવી સખી, બહેન, મને ક્યાં મળે?' અને હૈયામાં મોં સંતાડીને વળગેલી સીલિયાને પૂછ્યું: 'પણ હવે કરીશું શું?'

'આપણે તો પિંજરામાં પુરાએલાં પંખી. આ દેશવટો નથી, આપણો મુક્તિદિન છે.' સીલિયાએ હોંશથી કહ્યું: બંને બહેનોએ સંતલસ કરી. મશ્કરા ટચસ્ટોનનો સહકાર લીધો અને વહેલી પરોઢમાં પંખી વનમાં ઊડી ગયાં.

ઑર્લૅન્ડોના હૈયામાં મીઠી સરગમ બજી રહી હતી. એ સરગમ કોણ બજાવી ગયું એનો વિચાર કરતાં જ એ ડોલી ઊઠતો હતો. મધુર કાવ્યની જેમ એના રોમેરોમમાં રૉઝલિન્ડનાં વેણ પ્રસરી ગયાં હતાં. એનું હૃદય મીઠો ચણચણાટ અનુભવી રહ્યું હતું. એની જિન્દગીમાં પહેલી વાર વસંત બેઠી હતી. એ વસંતની માદક ખુશ્બો એ માણી રહ્યો હતો ત્યાં તેના અનુચર આદમે તેનું દિવાસ્વપ્ન ખંડિત કર્યું. આદમ તેના પિતાના સમયનો વફાદાર સેવક હતો. ઑર્લૅન્ડો પર તેનો નિઃસ્વાર્થ પ્રેમ હતો. એ ઑર્લૅન્ડોની પાસે આવતાં કકળી ઊઠ્યો: 'તું આ પ્રપંચી દુનિયામાં ક્યાં જન્મ્યો? જન્મ્યો તો ભલે, પણ આવો ગુણવાન કેમ થયો? તને ખબર નથી, આ દુનિયા સજ્જન માટે નથી?'

ઑર્લૅન્ડો વિસ્મય પામ્યો. આદમે તેને માંડીને વાત કરી; ઑર્લૅન્ડોએ સ્પર્ધામાં વિજય મેળવ્યા પછી તેને મારી નાખવાનો બીજો પ્રપંચ ખેલાયો હતો. તેના મકાનમાં જ રાતે તેને સળગાવી દેવાની ઑલિવરે યોજના ગોઠવી હતી. આ પ્રપંચ આદમને કાને પડ્યો હતો અને ગભરાટમાં તે અહીં દોડી આવ્યો હતો. આ કાવતરાની વાત સાંભળી ઑર્લૅન્ડોના મુખ પરથી નૂર ઊડી ગયું. આ તે ભાઈ કે કસાઈ? હવે જવું ક્યાં? નગરમાં કે બહાર કોઈ એનું સ્વજન નહોતું. અને પાસે પૈસા પણ ક્યાં હતા? એ હતાશ થઈ ગયો. પણ આદમે તેને હિંમત આપી. તત્કાળ નગર છોડી જવાની સૂચના કરી અને એના પિતાની

નોકરી દરમિયાન એકઠી કરેલી તમામ બચત એનાં ચરણોમાં મૂકી દીધી. વૃદ્ધ નોકરની આ વફાદારી જોઇ તે આનંદથી ગળગળો થઇ ગયો. દુનિયામાં બેવફાઈ હતી તો સાથે વફાદારી પણ હતી. દુનિયામાં પ્રપંચ હતો. અને...પ્રેમ પણ હતો. દુનિયા કેવી દો-રંગી!

એ જ રાતે વિશ્વાસુ આદમને લઇ તે વનની વાટે નીકળી પડચો.

આર્ડેનના અરણ્યમાં ડ્યૂક અને તેના સાથીઓ કોઇ નવી જ જિંદગી માણી રહ્યા હતા. વનમાં સુખસગવડ નહોતાં. શિયાળાનો હિમ જેવો પવન ચામડી ઊતરડી લેતો હતો. ઋતુપલટા હમેશાં આહ્લાદક નહોતા. છતાં ડ્યૂકને આ જિંદગી આસ્વાદ્ય લાગતી. એમાં નગરના દંભી આચાર નહોતા. દરબારીઓની ખુશામત નહોતી. વિપત્તિમાં યે તેને મીઠાશ લાગતી હતી. વૃક્ષો હવામાં ઝૂલતાં અને તેમનાં ડોલનમાં કિલ્લોલ દેખાતો; દોડતાં ઝરણાંમાં કવિતા જણાતી; પથ્થરે પથ્થરમાં સંકેત વરતાતો. વનમાં પ્રકૃતિને ખોળે ખેલવું, નૈસર્ગિક જીવનનો આનંદ લૂટવો અને મોકળે મને મહાલવું એ લહાવો હતો. રોજ સવાર-સાંજ ડ્યૂક અને તેના સાથી સમૂહભોજન લેતા. વન ઉપવન બની જતું.

એક દિવસ આમ ભોજનની તૈયારી થઈ રહી હતી અને વાર્તાવિનોદ ચાલતો હતો ત્યાં એક યુવાન ખુલ્લી તલવારે ધસી આવ્યો. ‘ખબરદાર!’ એણે ત્રાડ નાખી: ‘જે એક પણ કોળિયો મોંમાં મૂકશે તેનો આ તાતી તલવાર કાળ બનશે!’

ડ્યૂક અને બીજા સૌ અચંબામાં પડી ગયા. એમને તલવારનો ભય ન હતો; પણ આ વાણી ઉચ્ચારનાર કોઇ બહારવટિયો કે જંગલી લાગતો નહોતો. એના લલાટ પર રાજબીજની આભા જણાતી હતી. એનું સુકુમાર મુખ સંસ્કારિતા પ્રગટ કરતું હતું. ડ્યૂકે તેને સમજાવ્યો, માયાથી પાસે બોલાવ્યો: ‘ભાઇ, તારી તલવાર કરતાં તારા મનની મીઠાશથી વધુ અર્થ સરશે. તું ભૂખ્યો છું, તો બેસ અમારી સાથે. તું પણ અમારો સાથી.’

ડ્યૂકના માયાભર્યા શબ્દોથી જુવાન શરમિંદો બની ગયો. જંગલમાં આવા શિષ્ટાચારની તેને ભાગ્યે જ અપેક્ષા હતી. તેણે ડ્યૂકની ક્ષમા માગી. પોતાની વીતકકથા કહી સંભળાવી. તે યુવાન ઑર્લૅન્ડો હતો. વનની ભુલભુલામણીમાં અટવાઈ ગયા પછી આદમ ભૂખ અને થાકથી લગભગ બેહોશ બની ગયો ત્યારે ઑર્લૅન્ડો તેને એક વૃક્ષની છાયામાં સુવાડી ખોરાકની શોધમાં નીકળ્યો ને ડ્યૂકનો તેને આકસ્મિક ભેટો થઈ ગયો. ઑર્લૅન્ડો અને આદમ તેમની મંડળીમાં ભળી ગયા.

ઑર્લૅન્ડોના દિવસો હવે સુખમાં વીતતા હતા, પણ રૉઝલિન્ડની યાદ હરદમ તેને સતાવી રહી હતી. એના અંતરમાં સ્નેહની ઊર્મિઓ ઊછળતી અને વૃક્ષોનાં પાન પર કે છોડવાની છાલ પર એ પોતાની કવિતા કંડારતો. વૃક્ષો પર પ્રેમપંક્તિઓ લહેરાતી. રૉઝલિન્ડની યાદમાં એ કવિ બની ગયો.

આર્ડેનના જંગલમાં થોડાક દિવસથી એક રૂપાળો ગોવાળ અને ગોવાલણી ઘર વસાવીને રહ્યાં હતાં. ગોવાળ સૂકો ને ઊંચો હતો. એની યુવાની હજુ કૉળતી હતી. મૂછનો દોરો ફૂટચો નહોતો. એનું લલાટ તેજસ્વી હતું, એનાં નયન નમણાં હતાં: એની વાણીમાં મીઠો રણકો હતો. નરી નજાકત એની કાયામાં વરતાતી. એ યુવાનનું નામ ગૅનીમીડ. એની સાથે એની બહેન હતી: એલીના. જંગલને છેડે એક ઝૂંપડામાં બંને રહેતાં. પડખે સારો પડોશ હતો.

એક દિવસ એલીનાએ અરણ્યમાં એક વૃક્ષના પત્તા પર પ્રેમમય કાવ્યપંક્તિઓ કોતરેલી જોઈ. વિષય એક જ હતો: રૉઝલિન્ડ. એલીના એ કવિને પારખી ગઈ. ગૅનીમીડને એનું કુતૂહલ થયું. એ પ્રેમી જીવ કોણ હશે? રૉઝલિન્ડની આટલી બધી સ્તુતિ? એલીના એના કુતૂહલ પર હસી ઊઠી. ગૅનીમીડની અકળામણ વધી ગઇ: ‘એલીના, આ કાવ્યકંડિકા લખનાર કોઈ પુરુષ હશે?’

‘હાસ્તો, સ્ત્રીની સ્તુતિ કરનાર સ્ત્રી હજુ જન્મી જાણી નથી.’

‘ઝટ કહે, એ કોણ હશે? મારી જિજ્ઞાસા હવે માઝા મૂકે છે.’

એલીનાએ ભાઇના ગાલે ઝીણી ચૂંટી ખણી: ‘હવે સમજ પડી?’

‘હેં? કોણ?’

‘ઑર્લૅન્ડો, ઑર્લૅન્ડો, ઑર્લૅન્ડો! હજુ હજાર વખત એ કહું?’

‘ઑર્લૅન્ડો? અહીં ક્યાંથી? સીલિયા, કશું પણ છુપાવે તો મારા સોગંદ. હાય! મારા પુરુષવેશ પર પાણી ફરી ગયું! આખરે તો સ્ત્રી જ. પણ એ અહીં શું કરે છે? એ કશું બોલ્યો? તને ક્યાં મળ્યો? તેણે મારા વિષે કંઈ પૂછ્યું? ક્યાં રહે છે એ? એના હાલ કેવા છે?’

‘તારા આ પ્રશ્નોના જવાબ આપવા માટે તો મારે શતમુખ થવું પડે. ગભરાતી નહિ. એ હવે દૂર નથી.’

રૉઝલિન્ડ એ રાતે ઊંઘી નહિ. બીજી સવારે બંને વનમાં લટારે નીકળ્યાં. એક ગોવાળ બીજી ગોવાળણ. ઑર્લૅન્ડોની એમને મુલાકાત પણ થઈ. ઑર્લૅન્ડો આ મોહક નવજવાનને નીરખી જ રહ્યો, કંઈક અજાયબ પણ થયો. ‘તમારું નામ?’ આશ્ચર્યમુગ્ધ અવસ્થામાં તેણે પૂછ્યું.

‘મારું નામ ગૅનીમીડ. આ મારી બહેન એલીના. અમે આ વનનાં રહેવાસી.’ ઑર્લૅન્ડો થોડીક જ વાતચીતમાં એ વાણીના મધુર રણકાથી અને સંસ્કારથી પ્રભાવિત થઇ ગયો.

વાતવાતમાં ગૅનીમીડે ટકોર કરી: ‘હમણાં આ જંગલમાં કોક નવો રહેવાસી આવ્યો છે. અમારાં વૃક્ષ અને છોડ પર બધે કવિતા ચીતરી મેલે છે. દૈવ જાણે એને ક્યાંથી પ્રેમરોગ લાગુ પડચો છે! જરા મળે તો મોકલજે અમારી પાસે; એના રોગનો ઉપચાર કરીશું.’

ઑર્લૅન્ડો શરમાઈ ગયો: ‘માફ કરજો. હું જ એ પ્રેમી છું. મને ઉપાય બતાવો.’

‘તું પ્રેમી?’ ગૅનીમીડે તેના ચહેરા સામે ટીકીને જોતાં કહ્યું: ‘તારા ચહેરા પર પ્રેમના રોગની કોઈ નિશાની તો દેખાતી નથી. તારી દાઢી વધેલી નથી, વાળ વિખરાએલા નથી, તારા મેલાઘેલા દેદાર નથી, તારામાં પ્રેમીની બેપરવાઈ નથી. અરે, તને પ્રેમી કોણે કહ્યો? તું તો કોઈ શિસ્તના વળગણવાળો શિષ્ટ નગરજન લાગે છે!’ ભાઈબહેન બંને હસી પડચાં.

ઑર્લૅન્ડો મૂંઝાઈ રહ્યો. તેણે પ્રેમની સચ્ચાઈના વારંવાર સોગંદ ખાધા. ગૅનીમીડે દયાનો દેખાવ કરતાં કહ્યું: ‘જો તને સાચી વાત કહું? પ્રેમ એ પાગલપણું છે. પ્રેમીઓને પાગલખાનામાં પૂરી દેવા જોઇએ. પણ ઠીક છે. તારે એ રોગમાંથી ઊગરવું હોય તો મારી પાસે ઉપચાર છે.’

‘તમે કોઇને સાજો કર્યો છે ખરો?’

‘હાસ્તો. એક તારા જેવો આદમી હતો. પ્રેમરોગ ભરપૂર ફેલાઇ ગએલો. મેં એને કહ્યું: તું મને તારી પ્રિયા માનીને પ્રેમ કરવા માંડ.’ એ આદમી મને જ પ્રિયા ગણીને પ્રેમ કરવા લાગ્યો. એ રોજ મને મળતો. હું એને જોઇ કોઇ વાર મલકાતો, વારંવાર એને પજવતો, વિનાકારણ આંસુડાં પાડતો એ મીઠા શબ્દો બોલે તો હું માં ફુલગાડી રિસાઈ જતો. એ હસે તો હું રડવા બેસતો. એ પ્રેમોપચાર કરવા આવે તો હું છંછેડાઈ જતો. એને ઘડીકમાં રીઝવતો, વળી ખીજવતો. બિચારો થોડા દહાડામાં એવો ત્રાસી ગયો કે ફરી કોઇની સાથે પ્રેમ નહિ કરવાના શપથ લઇને વિદાય થઈ ગયો, – અરે સંન્યાસી થઇ ગયો! બોલ છે તારો વિચાર? મારો ઉપચાર એવો જલદ છે કે તારો પ્રેમ હવામાં ઊડી જશે. તારું દિલ એવું ચોખ્ખુંચટ કરી દઇશ કે પ્રેમનો એક ડાઘો પણ નહિ રહે.’

ઑર્લૅન્ડો હસી પડચો: ‘તમારા ઉપચારથી મારો રોગ નહિ મટે.’

'પારખું કરી જો. કાલથી આવ મારી ઝૂંપડીએ. મને જ તારી... પેલી કોણ... હાં–રૉઝલિન્ડ સમજીને પ્યાર કરવા માંડજે. થોડા દિવસમાં તારું દર્દ સફાચટ થઇ જશે.'

ઑર્લૅન્ડોને બહુ વિશ્વાસ તો બેઠો નહિ, પણ રૉઝલિન્ડની સ્મૃતિ તાજી રહે એ કારણે પણ તેણે આ નિષ્ણાતને પોતાનો કેસ સોંપ્યો!

એક સવારે ગૅનીમીડ અને એલીના ફરતાં હતાં. જંગલમાં એક વૃક્ષની ઘટા નીચે કોઇક જુવાન, પ્રિયતમાની સમીપ ઘૂંટણિયે પડયો હતો. એક વૃક્ષની પાછળ બંને સંતાઈ ગયાં. એક યુવાન ગોવાળ સિલ્વિયસ કોઈક ગોપકન્યા ફીબીની પાસે પ્રેમની યાચના કરી રહ્યો હતો. ફીબી એને તુચ્છકારતી હતી, એના ઊધડા લેતી હતી. સિલ્વિયસ કરગરી રહ્યો હતો. ત્યાં ગૅનીમીડ અને એલીના પ્રગટ થયાં. ગૅનીમીડે સિલ્વિયસનો પક્ષ લઈ ફીબીને ધમકાવી નાખી. ફીબી આ મનમોહક જુવાન ગોવાળને જોઈ જ રહી. એનાં આકરાં વેણ પેલા પ્રેમીનાં મીઠાં વચન કરતાં પણ વિશેષ મધમીઠાં લાગ્યાં. ફીબી એના પ્રેમમાં લુબ્ધ થઈ ગઈ. થોડા સમય પછી તો ફીબીનો પ્રેમપત્ર પણ ગૅનીમીડને મળ્યો. એ ગૅનીમીડના પ્રેમ માટે ઝૂરતી હતી!

બંને મળ્યાં. ગૅનીમીડે તેને સમજાવી અને સિલ્વિયસના પ્રેમનો સ્વીકાર કરી લેવાની સૂચના કરી. પણ ફીબીને તો ગૅનીમીડની જ ઝંખના હતી. અંતે ગૅનીમીડે કહી દીધું: 'ભલે, તારો પ્રેમ મારા પર જ છે, તો મારું વચન છે: હું કોઈ પણ સ્ત્રીને પરણીશ તો તને જ પસંદ કરીશ. પણ જો તું મને ન પરણી શકે તો તારે મારું વેણ માનવું પડશે અને સિલ્વિયસને સ્વીકારવો પડશે.' ફીબીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. સિલ્વિયસ બિચારો નિરાશ થઇ ગયો.

ઑર્લૅન્ડો અને એની પ્રિયતમાનું નાટક બરાબર નિયમિત ચાલવા માંડયું. એક વાર ઑર્લૅન્ડો વચન આપીને ગયો તે ગયો, પછી પાછો આવ્યો જ નહિ. ગૅનીમીડની સ્થિતિ વિષમ બની ગઈ. પ્રેમનું નાટક ભજવતાં એનામાં સંતાએલી રૉઝલિન્ડ સાચેસાચ ઑર્લૅન્ડોના પ્રેમમાં ચકચૂર બની ગઈ હતી. ઑર્લૅન્ડોની મુલાકાત વિના હવે એને ચેન પડતું નહોતું. ડૉક્ટર પોતે જ દર્દી બની ગયો હતો! પ્રેમીની એ વ્યાકુળ આંખો વાટ જોતી હતી. ત્યાં જ સામેથી છાયા દેખાઇ. એની આંખો હસી ઊઠી. પ્રેમીના બરાબર ઊધડા લેવાનો તેણે નિશ્ચય કર્યો. પણ આવનાર તો બીજી જ વ્યક્તિ હતી! એણે ખૂબ માઠા સમાચાર આપ્યા. પોતાની પરિચયકથા કહી. તે વ્યક્તિ તે ઑલિવર.

ઑર્લૅન્ડો નગરમાંથી નાસી ગયો તે પછી તેના ભાઇને કરાર વળ્યો નહિ. તેને ગમે તેમ કરીને ઑર્લૅન્ડો પર વેર લેવું હતું. તેના સમાચાર મેળવી તે આર્ડનના જંગલમાં આવી પહોંચ્યો. રખડતાં ખૂબ થાકયો અને એક ઝાડ નીચે આરામ લેવા બેઠો ત્યાં જ ઘસઘસાટ ઊંઘી ગયો. એ જ સમયે ઑર્લૅન્ડો એની પ્રિયતમા રૉઝલિન્ડ પાસે પ્રેમોપચાર માટે જઈ રહ્યો હતો. એકાએક ચમકીને એ ઊભો રહી ગયો. ઝાડ નીચે એનો જ સગો ભાઈ નિદ્રાવશ હતો અને તેના શરીર પર એક ભયાનક નાગ ચડતો હતો. ઑર્લૅન્ડોનો પગરવ સાંભળીને નાગ સરકી ગયો. ઓલીવરની ઘાત ગઇ!

આ એ જ મા-જણ્યો મોટો ભાઇ! આગ લગાડી પોતાને બાળી નાખવાનો પ્રપંચ કરનાર ખેલાડી! મોત એને ઘસાઇને પસાર થઈ ગયું. મર્યો હોત તો? પણ આમ કમોતે? હજુ એ વિચારમાં જ હતો ત્યાં કોઈનો ઘુરકાટ તેણે સાંભળ્યો. એક સિંહણ પોતાનો શિકાર જાગે તેની વાટ જોતી આરામથી બેઠી હતી. ઑર્લૅન્ડો તેના ઘુરકાટથી સાવધ થઈ ગયો. એનો ભાઈ ઑલિવર પણ જાગી ઊઠયો. જોયું તો એની સામે સાક્ષાત્ મોત એની વાટ જોતું ઊભું હતું! એનું મગજ બહેર મારી ગયું. એ પથ્થરની જેમ સ્થિર થઇ ગયો.

ત્યાં તો ઑર્લૅન્ડોએ જ સિંહણની સામે ઝુકાવ્યું. બંને વચ્ચે ભારે ઝપાઝપી થઈ. ઑલિવર આ સ્વપ્ન છે કે સત્ય તેની વિમાસણમાં પડી ગયો. ભારે ઝપાઝપી પછી ઑર્લૅન્ડોએ સિંહણને ઠાર કરી. પણ એના ખભામાં સિંહણનો પંજો પેસી ગયો હતો. એ લોહીલુહાણ થઈ ગયો. ઑલિવર ખૂબ આવેશથી નાના ભાઇને ભેટી પડયો. એની આંખો પશ્ચાત્તાપનાં આંસુથી છલકાઈ ઊઠી. અંતે ઑર્લૅન્ડોની સૂચનાથી તેનો સંદેશો લઇને એ ગૅનીમીડ પાસે આવ્યો.

આ આઘાતજનક સમાચાર સાંભળી ગૅનીમીડને તો મૂર્છા આવી ગઇ. એમાંથી મહામુશીબતે તે સ્વસ્થ થયો. એલીના અને ઑલિવરે તેની ભલી ભાંતે સારવાર કરી. પછી ઑલિવરે પોતાના ભાઈ પાસે જઇને તેને બધી વાત કરી. એમાં એક નવી વાત પણ હતી. ઑલિવર અને એલીનાનાં હૈયાં સ્નેહને તાંતણે બંધાઈ ચૂક્યાં હતાં.

આ બધી વાતો ડયૂક પાસે પહોંચી. પરિણામે ગૅનીમીડ અને ડયૂકની મુલાકાત થઈ. ગૅનીમીડનું ખાનદાન પોતાના કરતાં જરા ય ઊતરતું નથી એવું એને મોઢે સાંભળી તે આશ્ચર્ય પામ્યો. ગૅનીમીડના ભોળપણ ઉપર તેને હસવું આવ્યું. ઑર્લૅન્ડોના રૉઝલિન્ડ સાથેના પ્રેમસંબંધની વાત પણ તેણે જાણી અને રૉઝલિન્ડનું લગ્ન કરાવી આપવાની તેણે ખુશીથી સંમતિ આપી. પણ રૉઝલિન્ડ કયાં? ગૅનીમીડ તથા એલીના ડયૂકને અજાયબીમાં મૂકી વિદાય થઈ ગયાં.

સિલ્વિયસ, ફીબી, ઑલિવર એ બધાંને પણ ગૅનીમીડે ત્યાં નિમંત્ર્યાં હતાં. ડયૂકને આ બધી ઘટના સમજાઇ નહિ. ગૅનીમીડ અને એલીના એકાએક આ બધાંને મૂકીને ગયાં કયાં? સહુ નવાઈ પામીને વિચારતાં હતાં, ત્યાં બે સુંદર યુવતીઓ દૂરથી દેખાઈ. ડયૂક બોલી ઊઠયો: 'અરે, આ તો મારી રોઝી—રૉઝલિન્ડ! અહીં કયાંથી?' ઑર્લૅન્ડોનું હૃદય પણ અંદર પોકારી ઊઠયું: 'આ જ પ્રિયતમા રૉઝલિન્ડ! એ જ પ્રેમમૂર્તિ!' ઑલિવર સીલિયાને ધરાઈ ધરાઇને નીરખી રહ્યો. આ સીલિયા એ જ પેલી ગોરી ગોવાલણી? સિલ્વિયસ અને ફીબી તો આશ્ચર્યમૂઢ બની ગયાં. ફીબી ફાટી આંખે જોઈ જ રહી: 'આ છોકરી એ જ પેલો અફલાતૂન જુવાન ગૅનીમીડ?' ગૅનીમીડ અને ફીબીની આંખો મળી અને ફીબીની આંખ શરમથી ઢળી ગઈ.

'હવે આપણે પરણશું કે?' રૉઝલિન્ડે હસતાં હસતાં પૂછયું: 'મારું વેણ યાદ છે ને?' ફીબી શું બોલે?

રૉઝલિન્ડે સિલ્વિયસનો હાથ ફીબીના હાથમાં સોંપ્યો. ડયૂકે રૉઝલિન્ડનો હસ્તમેળાપ ઑર્લૅન્ડો સાથે કરાવી દીધો. પછી ઑલિવર અને સીલિયાનો હસ્તમેળાપ પણ કરાવ્યો. આર્ડનના જંગલમાં મંગલ બજી રહ્યાં.

ત્યાં ટચસ્ટોન ઝૂંપડા પાછળથી બહાર કૂદી આવ્યો: 'અરે તમે બધાં પરણી ગયાં? અને હું?...'

'તું પણ કોઈકને પસંદ કરી લાવ' ડયૂકે મજાક કરી.

'આ રહી મારી પસંદગી.' ઝાડ પાછળથી નીકળતી એક શરમાળ ગ્રામકન્યા એણે બતાવી. બધાં હસી પડયાં: 'અલ્યા તું પણ આખરે?'

'અનુ–ચર તો તમારો જ ને?'

આખી મંડળી હસી પડી. એવામાં જ ફ્રેડરિકે દોડતા આવીને પોતાના મોટા ભાઈના ચરણમાં શિર ઝુકાવી દીધું. કોઇ સંતના ઉપદેશથી એનો હૃદયપલટો થયો હતો. એણે ભાઈની ક્ષમા માગી ને રાજગાદી પાછી સોંપી. અને વનમાં મહોત્સવ મચી રહ્યો.

લેખક-આલેખક
રવિશંકર રાવળ



જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક • ૩૧

૧૩૮ બદલી અને પ્રવાસ

મારા લગ્ન પછી થોડા જ દિવસમાં પિતાશ્રીની બદલી નાસિકના પોસ્ટ માસ્તરની જગ્યા પર થઈ. પગારનો ગ્રેડ અહીં રૂ. ૧૦૦નો હતો તે ત્યાં ૧૫૦નો હતો; પણ તે રૂ. ૧૦૦ થી શરૂ થઈ દર વરસે દસના વધારાથી પાંચ વરસે દોઢસોએ પહોંચવાનો હતો એટલે આ બદલીથી કૈં આર્થિક લાભ ન હતો. ઊલટું ઈન્સ્પેક્ટર તરીકે રોજનું રૂ. બે ભથ્થું મળતું તે પણ ખોવાનું હતું. પણ ગ્રેડનો લાભ જતો ન કરવા એ જગ્યા સ્વીકારી. તિલક મહારાજે સ્વરાજની ચળવળ ઉપાડેલી તેમાં નાસિક મુખ્ય કેન્દ્ર હતું અને તિલક કેસ પછી લોકો ખૂબ ઉશ્કેરાએલા રહેતા. નાસિકની હેડ પોસ્ટ ઑફિસનું કામ પણ લાંબા સમયથી ગોટાળા-પ્રકરણ બન્યું હતું. કોઈ પોસ્ટ માસ્તર ત્યાં સફળ નીવડ્યો ન હતો.

આ સંજોગોમાં તેમણે કુટુંબને ત્યાંની સ્થિરતા મેળવ્યા પછી બોલાવવાનો વિચાર રાખ્યો. મારું વૅકેશન થોડું બાકી હતું એટલે મને થોડા દિવસ માટે ત્યાં સાથે લઈ જવાનો નિર્ણય કર્યો. ત્યાં ખાવાપીવાની અડચણ પડે તેમ હતું એટલે કોઈ માણસ મળી જાય તો તેની શોધ કરવા લાગ્યા. એવામાં સ્વદેશપ્રેમી-મંડળથી મારા મિત્ર બનેલા ચંદ્રશંકર દવે હાથમાં આવી ગયા. તેણે પ્રેસની નોકરી છોડી હતી અને કંઈક બીજું શોધતા જ હતા. તેણે હિંમતથી રસોઈ-મહારાજ બનવાનું માથે લીધું. મારા મિત્ર તરીકે પિતાશ્રી તેને મારી પેઠે જ લડાવતા. તેનો ઉમંગ જોઈ તેમને સાથે લઈ લીધા. બદલી સમયના પ્રવાસનો ખર્ચ સરકાર તરફથી મળવાનો હતો.

પુખ્ત વયની સમજણ પછી મેં પહેલી જ વાર વીરમગામ વટાવ્યું. વીરમગામથી સેકંડ ક્લાસની ટિકિટ લઇ બાપુએ મને સાથે રાખ્યો. અમદાવાદ સ્ટેશન આવ્યું ત્યારે આખું પ્લૅટફૉર્મ લાલ કસબી પાઘડીઓથી છલકાતું મેં જોયું. ભાષાના ઉચ્ચારો 'પેલો', 'હેંડો' વ૦ સાંભળ્યા: ને પછી વડોદરા, ભરૂચ, સુરત આવતાં ગયાં તેમ પ્રાદેશિક બોલીઓથી અને પોશાકોથી મને ખૂબ મજા પડી. હું બારી આગળ જ બેસી રહેતો. ભૂગોળમાં વાંચેલી નદીઓનાં સાક્ષાત્ દર્શન કર્યાં. સુરત અને નવસારી વચ્ચે બે પારસીઓ વચ્ચે બેસવાની જગ્યા બાબત એવો તો ઝગડો થયો કે એક જણાએ બીજાની ગળચી દબાવી. તે વખતે મારા બાપુજી પણ વચ્ચે પડ્યા: 'અરે સાહેબો, તમે સેકંડ ક્લાસમાં બેઠા છો; કંઇક તો શરમ રાખો!' મને પણ નવાઈ લાગી કે 'જેન્ટલમૅન' કહેવાતા માણસો પણ ગાળાગાળી અને મારામારી કરતા હોય છે!

નર્મદાનો લાંબો પુલ મેં ખૂબ ઈંતેજારીથી જોયો. આખી ગાડી અંદર સમાઈ જાય છતાં પુલનો છેડો આવે નહિ! વળી નીચે વહાણો તરતાં જોયાં. એ બધું મને એ વયે પણ આશ્ચર્ય પમાડી શક્યું. મુંબાઈ પાસે આવતું ગયું તેમ ખાડીઓ વટાવતી ગાડી વસઈના પુલ ઉપર ચાલી ત્યારે ભરપટ જળવિસ્તારમાં ગાડીના જોખમની ચિંતા થઇ હતી!

દીવાબત્તીઓ થઇ તે વખતે મુંબાઈના ગ્રાન્ટરોડ સ્ટેશનમાં ગાડી જઇને ઊભી રહી. ગૅસની બત્તીઓથી બધું ઝળહળાટ લાગ્યું. મહુવામાંથી પિતાશ્રીના મિત્ર બનેલા ત્રિભુવનદાસ શેઠ અમને લેવા આવ્યા હતા. એક વખતે મહુવામાં તેમની જાહોજલાલી હતી. ત્યાં પેઢી ભાંગી એટલે મુંબાઈમાં આવી ધંધો શરૂ કર્યો હતો અને પિતાજી પાસેથી પણ થોડી રકમ વ્યાજે લીધી હતી. ભાંગ્યું તો યે ભરૂચ જેવા એ સજ્જન અમને ભાડૂતી વિક્ટોરિયામાં બેસાડી છીપી ચાલના એક માળામાં બે-ત્રણ ઓરડી પોતે રાખેલી ત્યાં લઇ ગયા. અમારા માટે રસોઇ કરનાર મહારાજ તે દિવસ માટે રોક્યો હતો. રાત્રે તો મુંબાઇની ગૅસની બત્તીઓની લાઇનો સિવાય કંઈ ન જોઈ શક્યો. ભાવનગરની શિઘરામ (શીઘ્રગામી?) ગાડી ક્યાંયે દેખાઈ નહિ; બધી ચાર પૈડાંની વિક્ટોરિયાઓ હતી. મોટરનું તો નામ પણ ન હતું. પાટા પર ટ્રામ દોડતી જોઈ, પણ તેને ઘોડા જ ખેંચતા હતા. તેમાં બેસવાની ટિકિટની કિંમત બે પૈસા જ હતી. ડામરની સડકો હજી થઇ નહોતી.

મુંબાઇમાં રહેવાની સાંકડનો રાત્રે જ અનુભવ થઈ ગયો. પિતાશ્રી પણ અકળાઈ ગયા ને સવારમાં વહેલા પરવારી અમે ત્રણે જણે સામાન સાથે શેઠના માણસ જોડે બોરીબંદર સ્ટેશને જઇ નાસિક મેઈલમાં સવારી લીધી. આ પ્રવાસમાં નિસર્ગનાં અને માણસનાં ભવ્ય કામો જોવાની તક મળશે એવી અમારી આશા ધાર્યા કરતાં યે વધુ સફળ થઇ.

પહાડો વીંધી ગાડીનો માર્ગ કરેલાં માઇલો લાંબાં બોગદાં (ટનલો) જોઈ બ્રિટિશ ઇજનેરી શક્તિ પિછાની. ઘાટનું ઊંચાણ ચડવાને ગાડીને એક એન્જિન પાછળ પણ લાગ્યું. કસારાઘાટ આગળ ગાડીએ લાંબું ગૂંચળું મારી ઉપર જતો ચડાવ લીધો તે બધું ક્ષણેક્ષણ આતુર નજરે મેં જોયું. ડયૂક્સ નોઝ (નેપોલિયન પર જીત મેળવનાર ડયૂક ઑવ વેલિંગ્ટનના નાકના આકારનું પશ્ચિમ ઘાટનું જાણીતું શિખર) પણ જોયું.

મુંબાઇથી ચંદ્રશંકરે પ્રદર્શનમાં મળેલો ખાખી પોશાક ચડાવ્યો હતો. તિલક મહારાજના મુલકમાં જઇએ છીએ તેથી તેનો હર્ષ માતો નહોતો. ટ્રેઈનમાં ગુજરાતી બોલતું કોઈક જ દેખાતું. કોઈ ભાટિયો કે પારસી ભેટી જાય તે જ ગુજરાતી બોલે. તેઓ પણ ત્યાંના લોકો



સવારે નદી-સ્નાન અને શાકની ખરીદીનો અમારો કાર્યક્રમ હતો

સાથે 'તુમ્હીં-આમ્હીં', 'અશા-કશા' કરવામાં પાવરધા લાગ્યા. મુંબાઈ તરફના બધા જ ગુજરાતીઓ અને કચ્છીઓ મરાઠી ગોડગુંબળ કરી ફેરિયા કે મજૂરને સમજાવી શકતા.

૧૩૯ નાસિક

નાસિકના સ્ટેશન પર પોસ્ટનો લાલ ટાંગો આવ્યો હતો. તેમાં સામાન ચડાવી, બીજો ટાંગો બેસવા માટે લઈ બે-ત્રણ માઈલ દૂર નાસિક શહેરમાં ને ત્યાંથી શહેર બહાર ત્ર્યંબકેશ્વરના રસ્તે એક માઇલ પર ખુલ્લા મેદાનમાં પોસ્ટ ઑફિસ આવેલી હતી ત્યાં પહોંચ્યા. વિદાય લેતા પારસી પોસ્ટ માસ્તરે અમારા માટે બે ખંડ ખાલી કરી રાખ્યા હતા. તેમનો સામાન બંધાઇ રહ્યો હતો. મહારાષ્ટ્રી સ્ટાફથી તે કાયર થઈ ગયા હતા. બિનજવાબદારી, નાફરમાની વગેરે તેમની ફરિયાદો હતી. પિતાશ્રીએ જગ્યાનો ચાર્જ લેવા માંડયો. મેં અને ચંદ્રશંકરે સંયુક્તપણે ઘર ગોઠવવા માંડયું. એક પટાવાળાની સાથે શહેરમાં ચક્કર માર્યું. ગોદાવરી નદીના બાંધેલા કાંઠા પર ભરાતું બજાર જોયું. નાસિકની સામે પંચવટી વિસ્તારમાં મુંબાઈના શેઠોએ બંધાવેલી ધર્મશાળાઓ અને બંગલાઓ જોયા. ચંદ્રશંકરે અને મેં રોજ સવારે નદી-સ્નાનની મજા અને શાક તથા ચીજોની ખરીદીનો કાર્યક્રમ કરી કાઢયો. ચંદ્રશંકરને નોકર જેવું ન લાગે તેની પિતાશ્રી પણ કાળજી રાખતા. અમે શહેરમાંથી આવીને રસોઇ તૈયાર કરી નાખીએ ત્યાં. ઑફિસકામ પતાવી પિતાશ્રી આવે અને ત્રણે સાથે જમવા બેસીએ તે વખતે ચંદ્રશંકર દેશભક્તિના ફુવારા ઉડાવે. તેમાં કંઈક ગબારો મારે ત્યારે પિતાશ્રી તેની ગમ્મત ઉડાવે ને તે સંભારી ફરીફરી હસી લઇએ. શહેરમાં કોઈ દેશભક્તનું ભાષણ હોય તો ચંદ્રશંકર ત્યાં પહોંચ્યા જ હોય.

પિતાશ્રીને ઑફિસનું કામ ઠેકાણે લાવવા બહુ સમય આપવો પડતો. પણ તેમની ઝીણવટભરી રોજની તપાસ અને હિસાબોની ચોખવટ માટેની જહેમત આગળ સ્ટાફ નરમ પડી ગયો હતો. માત્ર રવિવારે એક-બે વાર મને લઇને તે શહેરમાં કેટલીક મુલાકાતો માટે નીકળ્યા હતા. તેમણે શોધી કાઢયું કે નાસિકના દક્ષિણી બ્રાહ્મણોની જ્ઞાતિમાં તળાજાનાં એક-બે કુટુંબો પણ હતાં. તેઓનો કન્યા લેવડ-દેવડનો વ્યવહાર હજી ગુજરાત-સૌરાષ્ટ્રમાં ચાલુ હતો. એમના વૃદ્ધ પુરુષને મળ્યા ત્યારે એ ડોસા ગળગળા થઈ ગયા અને પછી તો તેમણે કુટુંબીની જેમ સંબંધ સાચવ્યો.

૧૪૦ શ્રી પંગેનાં વિધવા

મારા પિતાશ્રી સંબંધો શોધવામાં, પરંપરાઓને સ્મૃતિમાં રાખવામાં અને નવી પિછાનો કરવામાં અનોખી શક્તિ ધરાવતા. ભાવનગર રેલવેમાં શ્રી પંગે કરીને એક હિસાબી અધિકારી હતા. તે મૂળ નાસિકના હતા અને તેમણે એ જમાનામાં વિધવા સાથે લગ્ન કરેલું તે વાત ભાવનગરમાં પણ જાણીતી થઈ હતી, તેથી સ્ટાફના માણસો પૂંઠ પાછળ ઘણી ટીકા કરતા. 'રાંડીરાંડને ઘરમાં લાવ્યો છે' એવું હલકું વેણ બોલાતું. તે તો ગુજરી ગયા હતા, પણ તેનાં વિધવા અને બાળકો નાસિકમાં હતાં તે વાત જાણી મારા પિતાશ્રીને થયું કે ભાવનગરના વતની તરીકે તેમની મુલાકાત લઈએ.



શ્રી પંગેનાં વિધવાને ઘેર

અમે નાસિકની નદી પરની એક ધાર પર તેમનું ઘર શોધી કાઢયું. ત્યાંના બ્રાહ્મણો હજી પણ તેમના નામ સામે ટીચકું ચડાવતા હતા. પણ તેમના ઘર આગળના નાનકડા બગીચાના દરવાજે જઇ ઊભા કે તુરત એક નાનું કૂતરું ભસ્યું. તેનો અવાજ સાંભળી દક્ષિણી સાડી-વાળી એક કન્યા બહાર આવી અને 'આંત યા' કહી, છબીથી શણગારેલા સુઘડ-સ્વચ્છ મુલાકાતી-ખંડમાં અમને બેસાડ્યા. જે મધુરતાથી તેણે અમારો આદર કર્યો તે વિરલ હતો. તેણે અંગ્રેજીમાં અમારી ઓળખાણ પૂછી અને તેનાં બાને તેડી લાવી. તે તો ગુજરાતી બોલતાં હતાં. પંગે થોડા વખત પહેલાં જ ગુજરી ગયા હતા તેથી તે બાબત આશ્વાસન આપી પિતાશ્રીએ બીજા ખબર પૂછ્યા ત્યારે તેમણે કહ્યુ: 'પૈસાની તાણ જણાય છે. છોકરાં ભણે છે; પણ હવે છોકરી મૅટ્રિક થઇને નોકરી લેશે અને નાનો ભાઈ આગળ ભણશે. પણ નાતવાળાં કોઈ સામું જોતાં નથી.' છોકરો પણ ક્રિકેટ રમીને આવી ગયો. તે સુંદર ઘટ્ટ સ્નાયુવાળો તરુણ હતો. આવાં સુશીલ, ગુણસંપન્ન બાળકો ઉપર જ્ઞાતિના શાપ ઝઝૂમે છે એ વિચારે મારા મનમાં દક્ષિણી જ્ઞાતિસંસ્થા પર કોપ પ્રકટાવ્યો. પંગે કે તેનાં પત્નીનો દોષ મને દેખાયો નહિ. સ્વચ્છ જીવન-સહચારથી સંસારમાં આવેલાં અને મૂલ્યવાન સમૃદ્ધિ-રૂપ આ કન્યા ને તરુણને જ્ઞાતિ ગુમાવશે. મેં કદી હિન્દુ કન્યાને આવી સ્વસ્થ મર્યાદામાં પુરુષો પાસે બેસતીઊઠતી જોઈ નહોતી. પિતાશ્રી હિન્દુ જીવનની કઠોર મર્યાદાઓનું પાલન કરવાના પક્ષના હતા, તો પણ તેમણે વિધવા માતાને આશ્વાસન આપ્યું ને 'કામ હોય તો બેલાશક જણાવજો' કહી અમે નીકળ્યા તે વખતે મને સંતોષ થયો.

થોડા જ દિવસોમાં ચંદ્રશંકરનું કામ સરાડે ચડી ગયું. મારી રજાઓ પૂરી થવા આવી હતી પણ મારે બે-ત્રણ દિવસ મુંબાઈ રોકાઈ તે જોવું હતું એટલે હું નાસિકથી વહેલો નીકળી ગયો.

૧૪૧ મુંબાઇની પહેલી છાપ

મુંબાઈમાં અમારાં સગાં-સંબધીનાં એકબે ઘર હશે; પણ મારા નાના ભાઇના શ્વસુર પક્ષના હરિભાઈ વ્યાસ, રામજી ભગવાનની પેઢીમાં હતા તે એકબે વાર ભાવનગર આવી ગએલા તેમની સાથે મારું મન મળેલું, એટલે તેમણે મને બોરીબંદરથી લઈ જઈ ભુલેશ્વર પોતાના ઘેર ઉતાર્યો. પછી બીજો આખો દિવસ પગે ચાલી કાલબા-દેવીની બધી દુકાનો જોઇ નાખી. એમાં ફોટોગ્રાફરોની દુકાનો ખાસ જોઈ, રવિવર્માનાં ચિત્રો વેચનાર પી. એમ. જોષીની દુકાન જોઇ, એક કૉમ્પાઉન્ડમાં છાપરી જેવું બાંધી પાટિયાં ચીતરનાર રામજી મૂળજીની દુકાન જોઈ. એ ભાઈએ સફેદ ચોકઠાં પર કાપડ ચોડી, તે પર નાટકોનાં પાત્રો અને દશ્યો કોઈ છૂટાછૂટા મરાઠી ચિતારાઓ પાસે કરાવી એક નવો ચીલો શરૂ કર્યો હતો. આજનાં સિનેમા-પોસ્ટરોના તે પૂર્વજો કહી શકાય. મોટે ભાગે તે ગુજરાતી નાટક કંપનીનાં જ ચોકઠાં ચીતરતા. તેમાં મેં 'સૌભાગ્ય સુંદરી', 'માધવ-કામકુંડલા', વગેરે નામો વાંચ્યાં. ઉર્દૂ નાટકોની પ્રશંસા સાંભળેલી, પણ મુંબાઈમાં નાટક જોવું એટલે રાત્રે દૂરદૂર જવું અને મોડી રાત્રે ત્રણેક વાગ્યે ઘેર પહોંચવું

એ મારા મનને રુચતું નહોતું. મુંબાઇની ઉપરટપકે છાપ લઈ, બે દિવસ પછી તે છોડી હું ભાવનગર પહોંચી ગયો.

એકાદ માસ પછી પિતાશ્રીનો પત્ર આવ્યો કે ચંદ્રશંકરને ગમતું ને ફાવતું નથી, મરાઠી દેશનેતાઓનાં ભાષણો સાંભળી તેનું મન દેશ-સેવાનાં સ્વપ્નો સેવે છે વગેરે. આથી મારાં બા બેનને સાથે લઇ સંગાથ મેળવી મુંબાઈ ગયાં. મારા પિતાજી નાસિકથી લેવા આવ્યા હતા. યોગાનુયોગ સિંહસ્થનો બાર વર્ષે આવતો મેળો પણ નાસિકમાં થવાનો હતો.

તે પછી ચંદ્રશંકર મુંબાઈ ગયા. ત્યાં તે દેશભક્ત મહારાષ્ટ્રીઓના જૂથમાં રહી કંઈક કામધંધો કરતા. જમાના પછી તેમનાં એક સુપુત્રી સ્વામી રાવ ઉર્ફે સરદાર પૃથ્વીસિંહનાં ધર્મપત્ની બન્યાં.

ભાવનગરમાં મોટા ભાઇ, ભાભી, હું અને નાનો ભાઈ રહ્યાં. ભાભી ઘર અને વ્યવહાર ચલાવવાની પૂરી તાલીમ પામ્યાં હતાં. મોટા ભાઇને આ બધું ઠીક ફાવતું થયું. તેમના ઍકાઉન્ટ ક્લાસના મિત્રો આવી બેઠક જમાવતા અને ગાયનો તથા વાર્તાઓની જમાવટ થતી. મણિભાઈ જોષી મહારાજા સાહેબની સ્કૉલરશિપથી સિતાર શીખ્યા હતા તે પણ સિતારની લહેરો આપતા.

૧૪૨ સોશ્યલ મિત્રમંડળ

સ્ટેશન-બંગલાની અમારી મંડળીમાં પણ અભિવૃદ્ધિ થઈ હતી. આપણે આટલા બધા મળ્યા છીએ તો કંઈક મંડળ જેવું કરીએ એવો વિચાર બધાને આવ્યો. વડીલ યુવાનોએ કહ્યું કે તમે સંવાદો કરો, કવિતા કે ગીત ગાઓ. નાગરોના જિમખાનામાં સોશ્યલ ગૅધરિંગ થતાં તેની વાતો સાંભળી અમે પણ એક સોશ્યલ ગૅધરિંગ (સ્નેહમિલન) કરવાનું વિચાર્યું. મુ. મોટાભાઈ (હરગોવિંદભાઈ)એ તથા નાનાભાઇએ (નૃસિંહપ્રસાદે) સંમતિ આપી એટલે સ્ત્રીપાત્ર વિનાનાં સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી નાટ્યસંવાદો તથા કવિતાઓ અમે ભેગાં કર્યાં.

મારા મોટા ભાઈ પાસે બાલીવાળાની હિન્દી નાટક કંપનીની 'હરિશ્ચંદ્ર'ની ચોપડી હતી. તેમાંથી કાશીની બજારમાં વેચાવા ઊભા રહેલા હરિશ્ચન્દ્રનો પ્રસંગ રજૂ કર્યો. એમાં નક્ષત્ર તરીકે મારે ગાવાનું હતું: 'તનતેજ બઢે મનમેલ મિટે, દે રંગભંગ કા લોટા!' એ ગાયનથી જ પ્રવેશ શરૂ થાય છે. એમાં હરિશ્ચન્દ્ર બોલે છે: 'ઓ આસમાન કે જૂઠે સિતારે! જાઓ, સબ ડૂબ જાઓ! આજ સે યે હરિશ્ચન્દ્ર નહિ, પર એક ચાંડાલ કા દાસ હૈ!' વચ્ચે થોડુંથોડું બોલનારા નાગરિકો વગેરે પાંચ-છ રમૂજી પાત્રો પણ આવે છે. રેલવેના કોચ-એક્ઝામિનર નાદીરશાહના ત્રણ નબીરા પેસ્તન, દિનશા અને ફરામને પણ અમે જોડી દીધા. તેમાંથી એક જણ 'Breathes there the man with soul so dead, / Who never to himself has said,/This is my own my native land.' એ કવિતા બોલવાનો હતો.

મેં વળી Friends, Romans, Countrymen વાળો બ્રૂટસનો પ્રસિદ્ધ ફકરો પણ ગોખી નાખ્યો હતો. રોમન સિપાઇઓ પહેરતા તેવી ટોપી પૂઠાની બનાવી હતી; જોકે તેનું પહેરણ બન્યું નહોતું. તલવાર પણ પૂઠાની બનાવી તે ઉપર રૂપેરી કાગળ ચોડ્યો હતો.

પ્રાર્થનાગીત કાવ્યમાધુર્યમાંનું શ્રી નરસિંહરાવનું 'સુંદર શિવ-મંગળ ગુણ ગાઉં ઈશ્વરા' હું અને મસ્તરામ સાથે ગાવાના હતા.

વિવિધતા લાવવા એક ઉછીના પાત્રને પણ અમે આમંત્રણ આપ્યું. ભાઈશંકર દવે ક્રિકેટીઅરે હાઇસ્કૂલના મેળાવડામાં 'ગુજરે જે શિરે તારે' એ કવિતા બુલંદ અવાજે ગાઈ હતી તેની પ્રશંસા થઇ હતી. પોપટભાઈના તે મિત્ર, એટલે અમારી વિનતિથી તેણે સમારંભને દિવસે આવીને ગાવાનું કબૂલ કર્યું. તેમને રિહર્સલ માફ કર્યું. તેમની ગઝલ ગાવાની રીત અનોખી હતી: એક લીટી બોલે ત્યારે, કસરત કરતા હોય તેમ, જમણી બાજુ ફરી હાથ ઊંચા કરે, બીજી લીટી વખતે ડાબી બાજુ ફરી હાથ ઊંચા કરે! અભિનયની ઝીણવટની કંઈ જરૂર નહોતી; પાઠ કડકડાટ આવડવો જોઈએ! સંસ્કૃતમાં વેણીસંહારમાંની કર્ણની ઉક્તિ

सूतो वा सूतपुत्रो वा यो वा को वा भवाम्यहम् ।
दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम् ॥

[સૂત કે સૂતનો પુત્ર ગમે તે હું ભલે રહ્યો;
દૈવાધીન કુલે જન્મ, છે મારે વશ પૌરુષ.]

મારે બોલવાની હતી.

અંગ્રેજીમાં પિઝારોનો એક સંવાદ, જેમાં 'Soldier, hast thou a wife? hast thou children?' વગેરે વાક્યોથી એક પાત્ર ચોકીદારને નરમ પાડી મિત્રને નસાડે છે તે પ્રસંગ હતો. 'ખૂને નાહક' (હૅમ્લેટ)ના નાટકમાંથી લીધેલો એક ઉર્દૂ ફકરો મસ્તરામ અને નાનાસાહેબે દેવમહારાજ પાસેથી તૈયાર કર્યો, કેમ કે ઉર્દૂ બાનીની લિજ્જત પર દેવમહારાજ આફરીન હતા. બીજા ઘણા નાનેરા મિત્રો – ચુનીલાલ ભટ્ટ, નાનાસાહેબના સરસ ગીત ગાતા શાળામિત્ર રામુ ઠક્કર, કુબેરદાસ, મનુ મહેતા વગેરેને જુદાજુદા પાઠોમાં લીધા હતા.

છેવટ હારમોનિયમ અને તબલાંનું કામ આપનારા મુરબ્બીઓ સ્ટેશન-સ્ટાફમાંથી મળી ગયા. દેવમહારાજના ભાઈ નાનુભાઈ દવે રેલવે સિગ્નલર હતા, પણ તબલાંની તાલીમમાં એક્કા. કલ્યાણજી તેમના સાથી–સિગ્નલર અને મિત્ર. આ બંને દેવમહારાજની કથામાં હમેશના સાજંદા. તેમણે અમારા ગૅધરિંગની સંગીતની તાલીમ સંભાળી લીધી.

બંગલાના ૨૦×૨૦ ફૂટના માપના ઉપરના ખંડમાં ગૅધરિંગ કરવાનું ઠર્યું. એક બારણા પાછળ નાનો ખંડ હતો તેને અમારું નેપથ્ય બનાવી તેમાં પડતા બારણા ઉપર પડદો બાંધ્યો. તે ઊંચો કરી ખંડમાં આવી પાઠ કરવાનો અને પૂરો થાય ત્યારે નમન કરી અંદર વળી જવાનું.

રોજ સાંજે ખૂબ રિહર્સલો કરી. એક વડીલને પ્રૉમ્પ્ટર બનાવી પડદા પાછળ રાખ્યા. ભૂલી જવાય ત્યારે પાછળ કાન માંડી બોલ સાંભળી લઈ આગળ ચલાવવું એવી સૂચના અપાઈ.

મોટાભાઈ અને નાનાભાઈ બંને વડીલોએ રિહર્સલ જોઈ પ્રસન્નતા બતાવી અને કેટલાક સંબંધીજનોને બતાવવા દિવસ ઠરાવ્યો. કોઇને સૂઝ્યું કે પટ્ટણી સાહેબ જોવા આવે તો કેવું સારું થાય! એ વખતે ભાવનગરમાં પ્રભાશંકર પટ્ટણી એક લોકપ્રિય પાત્ર બની ગયા હતા. મોટાભાઈ અને નાનાભાઈ તો અમને લાડ લડાવતા જ હતા, એટલે તુરત તે વાત તેમણે ઉપાડી લીધી અને એક આમંત્રણ લઈ તેમને બંગલે જઈ આવ્યા ને જણાવ્યું કે પટ્ટણી સાહેબ આવશે. અરે, રંગ છે આપણી મંડળીને! સૌ ખુશીમાં આવી ગયા. અમને તાન ચડ્યું.



પટ્ટણીસાહેબે વ્યાખ્યાનમાં પ્રેરક શબ્દો કહ્યા

એ મારા મનને રૂચતું નહોતું. મુંબાઇની ઉપરટપકે છાપ લઈ, બે દિવસ પછી તે છોડી હું ભાવનગર પહોંચી ગયો.

એકાદ માસ પછી પિતાશ્રીનો પત્ર આવ્યો કે ચંદ્રશંકરને ગમતું ને ફાવતું નથી, મરાઠી દેશનેતાઓનાં ભાષણો સાંભળી તેનું મન દેશ-સેવાનાં સ્વપ્નો સેવે છે વગેરે. આથી મારાં બા બેનને સાથે લઇ સંગાથ મેળવી મુંબાઈ ગયાં. મારા પિતાજી નાસિકથી લેવા આવ્યા હતા. યોગાનુયોગ સિંહસ્થનો બાર વર્ષે આવતો મેળો પણ નાસિકમાં થવાનો હતો.

તે પછી ચંદ્રશંકર મુંબાઈ ગયા. ત્યાં તે દેશભક્ત મહારાષ્ટ્રીઓના જૂથમાં રહી કંઈક કામધંધો કરતા. જમાના પછી તેમનાં એક સુપુત્રી સ્વામી રાવ ઉર્ફે સરદાર પૃથ્વીસિંહનાં ધર્મપત્ની બન્યાં.

ભાવનગરમાં મોટા ભાઇ, ભાભી, હું અને નાનો ભાઈ રહ્યાં. ભાભી ઘર અને વ્યવહાર ચલાવવાની પૂરી તાલીમ પામ્યાં હતાં. મોટા ભાઇને આ બધું ઠીક ફાવતું થયું. તેમના ઍકાઉન્ટ ક્લાસના મિત્રો આવી બેઠક જમાવતા અને ગાયનો તથા વાર્તાઓની જમાવટ થતી. મણિભાઈ જોષી મહારાજા સાહેબની સ્કૉલરશિપથી સિતાર શીખ્યા હતા તે પણ સિતારની લહેરો આપતા.

૧૪૨ સોશ્યલ મિત્રમંડળ

સ્ટેશન-બંગલાની અમારી મંડળીમાં પણ અભિવૃદ્ધિ થઈ હતી. આપણે આટલા બધા મળ્યા છીએ તો કંઈક મંડળ જેવું કરીએ એવો વિચાર બધાને આવ્યો. વડીલ યુવાનોએ કહ્યું કે તમે સંવાદો કરો, કવિતા કે ગીત ગાઓ. નાગરોના જિમખાનામાં સોશ્યલ ગૅધરિંગ થતાં તેની વાતો સાંભળી અમે પણ એક સોશ્યલ ગૅધરિંગ (સ્નેહમિલન) કરવાનું વિચાર્યું. મુ. મોટાભાઈ (હરગોવિંદભાઈ)એ તથા નાનાભાઇએ (નૃસિંહપ્રસાદે) સંમતિ આપી એટલે સ્ત્રીપાત્ર વિનાનાં સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી નાટ્યસંવાદો તથા કવિતાઓ અમે ભેગાં કર્યાં.

મારા મોટા ભાઈ પાસે બાલીવાળાની હિન્દી નાટક કંપનીની 'હરિશ્ચંદ્ર'ની ચોપડી હતી. તેમાંથી કાશીની બજારમાં વેચાવા ઊભા રહેલા હરિશ્ચન્દ્રનો પ્રસંગ રજૂ કર્યો. એમાં નક્ષત્ર તરીકે મારે ગાવાનું હતું: 'તનતેજ બઢે મનમેલ મિટે, દે રંગભંગ કા લોટા!' એ ગાયનથી જ પ્રવેશ શરૂ થાય છે. એમાં હરિશ્ચન્દ્ર બોલે છે: 'એ આસમાન કે જૂઠે સિતારે! જાઓ, સબ ડૂબ જાઓ! આજ સે યે હરિશ્ચન્દ્ર નહિ, પર એક ચાંડાલ કા દાસ હૈ!' વચ્ચે થોડુંથોડું બોલનારા નાગરિકો વગેરે પાંચ-છ રમૂજી પાત્રો પણ આવે છે. રેલવેના કોચ-એક્ઝામિનર નાદીરશાહના ત્રણ નબીરા પેસ્તન, દિનશા અને ફરામને પણ અમે જોડી દીધા. તેમાંથી એક જણ 'Breathes there the man with soul so dead, / Who never to himself has said,/This is my own my native land.' એ કવિતા બોલવાનો હતો.

મેં વળી Friends, Romans, Countrymen વાળો બ્રૂટસનો પ્રસિદ્ધ ફકરો પણ ગોખી નાખ્યો હતો. રોમન સિપાઇઓ પહેરતા તેવી ટોપી પૂઠાની બનાવી હતી; જોકે તેનું પહેરણ બન્યું નહોતું. તલવાર પણ પૂઠાની બનાવી તે ઉપર રૂપેરી કાગળ ચોડ્યો હતો.

પ્રાર્થનાગીત કાવ્યમાધુર્યમાંનું શ્રી નરસિંહરાવનું 'સુંદર શિવમંગળ ગુણ ગાઉં ઈશ્વરા' હું અને મસ્તરામ સાથે ગાવાના હતા.

વિવિધતા લાવવા એક ઉછીના પાત્રને પણ અમે આમંત્રણ આપ્યું. ભાઈશંકર દવે ક્રિકેટીઅરે હાઇસ્કૂલના મેળાવડામાં 'ગુજારે જે શિરે તારે' એ કવિતા બુલંદ અવાજે ગાઈ હતી તેની પ્રશંસા થઇ હતી. પોપટભાઈના તે મિત્ર, એટલે અમારી વિનતિથી તેણે સમારંભને દિવસે આવીને ગાવાનું કબૂલ કર્યું. તેમને રિહર્સલ માફ કર્યું. તેમની ગઝલ ગાવાની રીત અનોખી હતી: એક લીટી બોલે ત્યારે, કસરત કરતા હોય તેમ, જમણી બાજુ ફરી હાથ ઊંચા કરે, બીજી લીટી વખતે ડાબી બાજુ ફરી હાથ ઊંચા કરે! અભિનયની ઝીણવટની કંઈ જરૂર નહોતી; પાઠ કડકડાટ આવડવો જોઈ એ! સંસ્કૃતમાં વેણીસંહારમાંની કર્ણની ઉક્તિ

> सूतो वा सूतपुत्रो वा यो वा को वा भवाम्यहम् ।
> दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम् ॥
>
> [સૂત કે સૂતનો પુત્ર ગમે તે હું ભલે રહ્યો;
> દૈવાધીન કુલે જન્મ, છે મારે વશ પૌરુષ.]

મારે બોલવાની હતી.

અંગ્રેજીમાં પિગ્રારોનો એક સંવાદ, જેમાં 'Soldier, hast thou a wife? hast thou children?' વગેરે વાક્યોથી એક પાત્ર ચોકીદારને નરમ પાડી મિત્રને નસાડે છે તે પ્રસંગ હતો. 'ખૂને નાહક' (હૅમ્લેટ)ના નાટકમાંથી લીધેલો એક ઉર્દૂ ફકરો મસ્તરામ અને નાનાસાહેબે દેવમહારાજ પાસેથી તૈયાર કર્યો, કેમ કે ઉર્દૂ બાનીની લિજ્જત પર દેવમહારાજ આફરીન હતા. બીજા ઘણા નાનેરા મિત્રો – ચુનીલાલ ભટ્ટ, નાનાસાહેબના સરસ ગીત ગાતા શાળામિત્ર રામુ ઠક્કર, કુબેરદાસ, મનુ મહેતા વગેરેને જુદાજુદા પાઠોમાં લીધા હતા.

છેવટ હારમોનિયમ અને તબલાંનું કામ આપનારા મુરબ્બીઓ સ્ટેશન-સ્ટાફમાંથી મળી ગયા. દેવમહારાજના ભાઈ નાનુભાઈ દવે રેલવે સિગ્નલર હતા, પણ તબલાંની તાલીમમાં એક્કા. કલ્યાણજી તેમના સાથી–સિગ્નલર અને મિત્ર. આ બંને દેવમહારાજની કથામાં હમેશના સાજંદા. તેમણે અમારા ગૅધરિંગની સંગીતની તાલીમ સંભાળી લીધી.

બંગલાના ૨૦×૨૦ ફૂટના માપના ઉપરના ખંડમાં ગૅધરિંગ કરવાનું ઠર્યું. એક બારણા પાછળ નાનો ખંડ હતો તેને અમારું નેપથ્ય બનાવી તેમાં પડતા બારણા ઉપર પડદો બાંધ્યો. તે ઊંચો કરી ખંડમાં આવી પાઠ કરવાનો અને પૂરો થાય ત્યારે નમન કરી અંદર વળી જવાનું.

રોજ સાંજે ખૂબ રિહર્સલો કરી. એક વડીલને પ્રૉમ્પ્ટર બનાવી પડદા પાછળ રાખ્યા. ભૂલી જવાય ત્યારે પાછળ કાન માંડી બોલ સાંભળી લઈ આગળ ચલાવવું એવી સૂચના અપાઈ.

મોટાભાઈ અને નાનાભાઈ બંને વડીલોએ રિહર્સલ જોઈ પ્રસન્નતા બતાવી અને કેટલાક સંબંધીજનોને બતાવવા દિવસ ઠરાવ્યો. કોઇને સૂઝ્યું કે પટ્ટણી સાહેબ જોવા આવે તો કેવું સારું થાય! એ વખતે ભાવનગરમાં પ્રભાશંકર પટ્ટણી એક લોકપ્રિય પાત્ર બની ગયા હતા. મોટાભાઈ અને નાનાભાઈ તો અમને લાડ લડાવતા જ હતા, એટલે તુરત તે વાત તેમણે ઉપાડી લીધી અને એક આમંત્રણ લઈ તેમને બંગલે જઈ આવ્યા ને જણાવ્યું કે પટ્ટણી સાહેબ આવશે. અરે, રંગ છે આપણી મંડળીને! સૌ ખુશીમાં આવી ગયા. અમને તાન ચડચું.



પટ્ટણીસાહેબે વ્યાખ્યાનમાં પ્રેરક શબ્દો કહ્યા



સોશ્યલ ગૅધરિંગ કરનારુ મિત્રમંડળ ઈ. ૧૯૦૯

પાછળ ઊભેલા: ડાબી બાજુથી (૧) સ્વ. નાનુભાઈ દવે: તબલાં-નિષ્ણાત, રેલવે સિગ્નલર, દેવમહારાજના ભાઈ (૨) સ્વ. કેશવલાલ પરમાનંદ દેસાઈ: મારા પડોશી મિત્ર (૩) સ્વ. ત્રંબક છોટાલાલ પારેખ: શાળામિત્ર, સાહિત્યરસિક અને શાંત પ્રકૃતિના (૪) ભાઈશંકર દવે: ગઝલ-ગાયક, જાણીતા ક્રિકેટીઅર, હાલ ક્યાં છે તેની જાણ નથી. (૫) સ્વ. નાનુકાકા: પૂ. હરગોવિંદકાકા (મોટાભાઇ)ના મામાના પુત્ર (૬) સ્વ. પ્રભાશંકર માવજી દવે: સરળ સ્નેહપૂર્ણ જુવાન, ભાવનગર રાજ્યમાં ડૉકટર થયા (૭) શ્રી ગિરીશભાઈ મ. ભટ્ટ: સાહિત્યપ્રેમી, હાલ સપરિવાર શાંત નિવૃત્ત જીવન ગુજારે છે (૮) શ્રી પેસ્તનજી: રેલવે કોચ એકઝામિનર શ્રી નાદીરશાહના પુત્ર (૯) તેમના નાના ભાઈ: હાલ ક્યાં હશે? **ખુરશીમાં:** (૧) કલ્યાણજીભાઈ: હાર્મોનિયમ નિષ્ણાત, નાનુભાઈ દવેના સાથી (૨) નાનાસાહેબ ઉર્ફે પ્રાણજીવન પંડ્યા: શ્રી મસ્તરામ પંડ્યાના નાના ભાઈ, તેજસ્વી, વાક્પટુ કિશોર હતા. ઝરિયા-ધનબાદમાં ૪૫ જેટલાં વર્ષ સફળ માઇનિંગ ઍન્જીનીઅર તરીકે આગેવાન રહ્યા, બે વર્ષ પહેલાં ગુજરી ગયા. (૩) રવિશંકર મ. રાવળ: આ કથાનકના લેખક, એ વખતે મૅટ્રિકમાં (૪) પમુભાઈ (પરમાનંદ) ભટ્ટ: મસ્તરામનાં ફોઈબાના પુત્ર; એ વખતે તાજા પરણેલા હોઈ ફુલાવીને વરરાજાના પોશાકમાં જ છબીમાં લીધા; મૅટ્રિક થઇ ન શક્યા; સ્ટેશન માસ્તર તરીકે નોકરી કરતાં અકાળે સ્વર્ગસ્થ (૫) સ્વ. જીવણલાલ ભટ્ટ: તેમના મોટા ભાઇ રેલવેમાં ગાર્ડ હતા તેમજ ગિરીશભાઈ તેમના બનેવી થતા હતા તે નાતે મંડળમાં જોડાએલા. (૬) શ્રી મસ્તરામ (માણેક્લાલ) પંડ્યા: એકંદરે મંડળના કેંદ્ર સમા; સંસ્કારપ્રેમી સહૃદય મિત્ર; ગાન, અભિનય, ગીતલેખન, નાટક વગેરેના રસિયા (૭) રતિલાલ: નાનાસાહેબના શાળામિત્ર. **જમીનપરનું બાળમંડળ:** (૧) મનુ મહેતા: તેના પિતાશ્રી ચુનીભાઈ મહેતા એક ઉત્તમ ગુજરાતી શિક્ષક હતા; શ્રીમન્નથુરામ શર્માજીના ચુસ્ત અનુયાયી; તેમના મોટા પુત્ર લક્ષ્મીશંકર (લખુભાઇ) પોપટભાઈની સાથે ભણતા, તેની આંગળીએ મનુ મહેતા અહીં ભળી ગયા. (૨) ઈચ્છુ ભટ્ટ: પમુભાઈના નાના ભાઈ. અમે તેને 'ઈસુ' કહેતા; અકાળે સ્વર્ગસ્થ (૩) ફરામ: નાદીરશાહનો ત્રીજો પુત્ર (૪) લાલ (ચુનીલાલ વનમાળી ભટ્ટ): મસ્તરામના માશીના પુત્ર; પાંચ ભાઈઓમાં મોટા; અકાળે માતાવિહીન થતાં શિક્ષણ માટે અહીં રહેલા; મધુર વહાલસોયો હસમુખો ચહેરો; દક્ષિણામૂર્તિમાં તાલીમ; મૅટ્રિક ન થવાયું; મુંબાઈ જઈ સ્વ. હાજીમહમદના 'વીસમી સદી' માસિકમાં જોડાયા; શેઠ રતનસી મોરારજીના સેક્રેટરી થયા; હાલ પારલામાં નિવૃત્ત જીવન; પુત્રપરિવારથી સુખી; તેમનાં સુપુત્રી ભદ્રા અને કવિ પ્રદીપ દંપતી બન્યાં છે. (૫) કુબેરદાસ: નાનાસાહેબના શાળામિત્ર; હાલ વલસાડમાં 'અતુલ'માં પ્લાનમેકર (૬) રામુ ઠક્કર: સ્વ. કપિલભાઈ ઠક્કરના નાના ભાઈ; નાનાસાહેબના શાળામિત્ર; તેમના પિતાશ્રી પરમાનંદભાઈ ઠક્કર તે ઠક્કરબાપાના સગા ભાઈ અને સનાતન ધર્મ સ્કૂલના હેડમાસ્તર; રામુ ઠક્કર પ્રસિદ્ધ પત્રકાર અને લેખક છે. આ મંડળમાં તેની ગાનશક્તિએ ખેંચી આણ્યા હતા.

સોશ્યલ ગૅધરિંગનો દિવસ આવ્યો. રેલવેનાં રદ થએલાં ટાઇમ-ટેબલો લાવી મેં એક-બે મોટાં પોસ્ટર જેવડાં ચિત્રો કરી રાખ્યાં હતાં તે ભીંતો પર લગાવ્યાં. તેમાં રવિવર્મા પરથી કરેલું બાલકૃષ્ણનું નાગ-દમનનું ચિત્ર પણ હતું. એક ખૂણામાં બંગલાના સ્ત્રીમંડળને બેસવાની ગોઠવણ હતી. માંડ ચાળીસ માણસોનું પ્રેક્ષકમંડળ હશે, પણ અમને ભાવનગર આખું બેઠેલું લાગ્યું! ગૅધરિંગના દિવસે એકે એક જણ સમયસર હાજર હતું. પટ્ટણી સાહેબ વખતસર આવ્યા.

અમારો પ્રોગ્રામ શરૂ થયો. હું અને મસ્તરામ પહેલા આગળ આવ્યા. પછી તો શું? દરેકને પોતાનો પાઠ કેવો જશે તેની પડી હતી. બધું પૂરું થતાં પટ્ટણી સાહેબે કોઇની વિનતિ પરથી બાળકોને ઉત્સાહ આપતું ભાષણ કર્યું. તેમાં મારી ચીતરેલી બાલમુકુન્દ કૃષ્ણની છબી જોઇને કંઈક બોલ્યા હતા ને તે પર મસ્તરામે મને અભિનંદન આપ્યાં હતાં.

સોશ્યલ ગૅધરિંગનો લહાવો પૂરો આપતાં હોય તેમ મોડી રાતે મસ્તરામનાં માતુશ્રી ત્રિવેણીબાએ બધાને કંઈક સારું જમાડયું.

બે-પાંચ દિવસ પછી અમને થયું કે આ પ્રસંગની સરસ યાદગીરી રહે તે માટે તેમાં જોડાએલાં બધાં પાત્રોનો એક સાથે ગ્રૂપ-ફોટો પડાવવો. પરિણામે આજથી પંચાવન વર્ષ પહેલાંની એ પેઢીનો ફોટોગ્રાફ આજે (ઉપર) જોવા મળે છે. (ચાલુ)

૧ ગુનાશોધન

અને એની સફળતા માટે અનિવાર્ય લોકસહાય

લેખક - પુષ્કરભાઈ ગોકાણી

બે એક વર્ષ પહેલાં ચંદીગઢમાં 'ઑલ ઇંડિયા સાયન્સ કૉંગ્રેસ ઑાવ પોલીસ ઑફિસર્સ'ની એક પરિષદ મળી હતી. એ વખતે જાણવા મળેલું કે ભારતમાં દર વર્ષે નાનામોટા બીજા અનેક ગુનાઓ સાથે ૧૦થી૧૨ હજાર તો ખૂન થાય છે! એમાંથી ચોથા ભાગના કિસ્સાઓ પુરવાર થાય છે; બાકીના ગુનેગારો કોઇ ને કોઈ કારણે સજામાંથી છટકી જાય છે, યા તો પકડાતા જ નથી. પણ આમાં પોલીસ ખાતાની જ જવાબદારી છે એમ કહેવું અન્યાયી છે. ગુનેગારને પકડવામાં પ્રજાની સાથ નહિ આપવાની વૃત્તિ પણ જવાબદાર છે. કોર્ટના ધક્કા ખાવા પડશે, કામધંધો ખોટી થશે, પોલીસનું લફરું વળગશે, આપણે ક્યાંક ફસાઈ જઇશું કે ગુનેગાર પક્ષના માણસો આપણને પજવશે એવાં અનેક કારણે, બનેલા ગુના પર પ્રકાશ પાડી શકે તેવા માણસો પણ ઘણી વાર આવો સાથ આપતાં અચકાય છે. આને પરિણામે ગુનેગારો સમાજમાં બીજા વધુ ગુના કરવા મુક્ત રહી જાય છે, અને છેવટે તો સમાજ પોતે જ નીચો ઊતરતો જાય છે.

આવડી મોટી સામાજિક જવાબદારી પોતાને માથે હોવા છતાં સામાન્ય માણસ પોલીસને મદદ કરવા આગળ નથી આવતો. તેમ છતાં જ્યાં કંઈ ગુનો બને ત્યાં જઇને જાણવા જોવાની કુતૂહલવૃત્તિ તો તે દબાવી શકતો નથી જ. થોડી જ વારમાં અનેક લોકો એકઠા થઈ જાય છે, પણ પોલીસને જાણ કરવા કોઈ તૈયાર થતું નથી. છેલ્લે, જ્યારે પોલીસ આવી પહોંચે છે તે દરમિયાન તો ટોળાએ અજાણતાં યે ગુનાના સ્થળ પરથી અનેક પુરાવાઓ ચૂંથી નાખ્યા હોય છે.

ગુનાને સ્થળેથી મળી આવતી આંગળાંની કે પગલાંની છાપ, વાળ, સૂતરના રેષા, બીડી-સિગારેટનું ઠૂંઠું, કાગળનો કકડો કે કપડાનો લીરો વગેરે તદ્દન નાચીજ જણાતી વસ્તુઓ પણ ગુનેગારને પકડવામાં ઘણી સહાયભૂત બની શકે છે. લોકોનું ટોળું જમવાથી આમાંની ઘણી વસ્તુઓ ચૂંથાઈ જઈ પુરાવા નાશ પામે છે યા એમાં બીજી અનેક નકામી બાબતો ઉમેરાય છે. પરિણામે પોલીસની મુશ્કેલી વધે છે, એટલું જ નહિ કોઇ વાર તો નિર્દોષ માણસ દંડાઈ જાય છે!

એક ચાલીમાં એક યુવાનનું ખૂન થયું. સવારે કામવાળી બાઈ કામ પર આવી ત્યારે આ બનાવની જાણ થઈ. બાઇની બૂમાબૂમથી આસપાસના અનેક લોકો એકઠા થઈ ગયા. પણ કોઇએ પોલીસને જાણ કરવાની હિંમત કરી નહિ. ગામડેથી ધંધા માટે શહેરમાં આવ્યાને હજી છએક માસ જ થયા હશે ત્યાં એ પ્રભાકરનું આમ ખૂન થયું એ વિષે સૌ અંદરોઅંદર ધુસપુસ કરવા લાગ્યા.

આખરે બાજુની ચાલીમાં રહેતા ધીરજલાલે પોલીસને જાણ કરી. આવે વખતે આવશ્યક એવા સાજસરંજામ અને જરૂરી કાફલા સાથે પોલીસખાતાના માણસો આવ્યા. દરમિયાન પ્રભાકરના ઘરમાં તો અનેક માણસોએ આવજા કરી મૂકી હતી. ચાલીનાં બાજુનાં મકાનનાં બધાં માણસોનાં આંગળાંની છાપ પોલીસે લીધી. કામે ગએલા ને છેક સાંજે ઘેર આવેલા માણસોની યે છાપ લીધી. મરનારના મિત્ર-સંબંધીઓની તપાસમાં મદદ કરે એવી કોઇ માહિતી મળી નહિ, ઘણા માણસોની અવરજવરને કારણે કેટલાક પુરાવાઓ નકામા થઈ ગયા હતા યા બીજા બહારના મુદ્દાઓ સાથે સેળભેળ થઈ જતાં ખૂન સાથેનો તેનો સંબંધ તારવવો મુશ્કેલ બની ગયો હતો.

તે વખતે તો પ્રભાકર સાથે તુરતમાં ઝગડેલા એક હીરાલાલને પકડવામાં આવ્યો. ખૂનની રાતે એ નોકરી પર હતો. પ્રભાકરના ઓરડામાંથી એનાં આંગળાંની છાપ પણ મળી હતી. બીજી છાપો પણ અડોશપડોશના માણસોની છાપ સાથે સરખાવી લેવાઈ હતી ને એ બધાંની છાપ ઓળખાઈ ચૂકી હતી. હીરાલાલ રાત્રે નોકરી પર હતો તો તેનાં આંગળાંની છાપ અહીં ક્યાંથી આવી? તપાસ કરતાં જણાયું કે રાત્રે દશ વાગ્યે કામ પર આવ્યા પછી એક વાગ્યે એ થોડો વખત બહાર ગયો હતો ને બે વાગ્યે પાછો ફરેલો. પ્રથમ તો હીરાલાલે એ બાબતનો ઈન્કાર કર્યો, પણ પછી પોતે ક્યાં ગયો હતો તે જણાવવાની ના પાડી. દાકતરનો અભિપ્રાય હતો કે ખૂન રાત્રે બારથી ચારના ગાળામાં થયું લાગતું હતું. હીરાલાલ પરની શંકા મજબૂત થઈ ગઈ.

પણ હજી પોલીસ-તપાસ તો ચાલુ જ હતી. હીરાલાલની વિરુદ્ધ પુરાવાઓ એકઠા કરવામાં એ કામે લાગી હતી. મરનારના નખમાં ભરાએલો સૂતરનો એક તાંતણો પોલીસને મળ્યો હતો પણ હીરાલાલે એવા સૂતરનું કોઇ કપડું પહેર્યું નહોતું. એને ઘેર પણ એવું વસ્ત્ર નહોતું. પોલીસને કુલ ૩૭ જણનાં આંગળાંની છાપ મળેલી. એ ૩૭ જણમાં આવા સૂતરનું કપડું પહેરનારની ખોજ ચાલી. પણ એવા કપડાવાળા છ જણ નીકળ્યા. કાયદાને સહાય કરવા જતાં પેલા ધીરજલાલને ધરમધક્કા વધી પડયા.

પોલીસખાતાએ હવે પેલા છ જણની વધુ તપાસ આદરી. ખૂનના સમય દરમિયાન એ દરેક જણ ક્યાંક ને ક્યાંક રોકાએલો હતો. એમાંના બે જણ તો એ વખતે ઘેર હોવાનું જણાયું. ઊંડી તપાસમાં જણાયું કે તેઓએ ભૂતકાળમાં તો કોઈ ગુનો કર્યો નહોતો, પણ તો યે શકદાર તરીકે એમને ગણતાં એકલા હીરાલાલને બદલેહવેત્રણજણ શકદાર થયા.

પ્રભાકરના ઘરમાંથી મળેલી કેટલીક રજને પ્રયોગશાળામાં તપાસતાં એમાં સોના ચાંદીની રજ પણ જણાઈ. શકદાર ત્રણેમાંથી કોઇ સોનાચાંદીના ધંધા સાથે સંકળાએલું નહોતું. ફરી પેલા ૩૭ જણની તપાસ ચાલી; એમાં એક સોની મળ્યો, અને તે પેલા પોલીસને બોલાવનાર ધીરજલાલ! પોલીસને સહાયરૂપ થવાનો આ ફાયદો! એની વિરુદ્ધ પુરાવા મળતા નહોતા પણ હવે શકદાર ત્રણના ચાર થયા.

તપાસ હજી ચાલુ જ છે. ધીરજલાલને પણ પોલીસે અટકમાં લેતાં હવે પોલીસને સહાય કરવા કોઈ હિંમત કરતું નહોતું. છતાં ગોળગોળ મળેલા જવાબો પરથી પોલીસ એટલું તારવી શકી કે ખૂનના સમય દરમિયાન ધીરજલાલ ઘેર નહોતા. એની પત્ની બહારગામ હતી. બાજુમાં રહેતો એક વૃદ્ધ એ સમય દરમિયાન ધીરજલાલ પાસે થોડો તેજાબ માગવા આવેલો ત્યારે ખબર પડેલી કે ધીરજલાલ ઘેર નહોતા. આખી રાત દાદર ખજવાળતાં ઊંઘી નહિ શકવાથી એ વૃદ્ધ દાદર પર પાણી મેળવીને થોડો તેજાબ લગાડવા ઇચ્છતો હતો અને એટલે એ એવે ટાણે ધીરજલાલને ત્યાં ગએલો.

ધીરજલાલ પાસે એ ગેરહાજરી બાબત કોઇ બચાવ નહોતો, અને પછી પોલીસના સવાલોની ઝડી સામે એ ટકી પણ ન શકયા ને પોતે ગુનો કબૂલ કરી દીધો.

પ્રથમથી જ જો ગુનાને સ્થળે લોકો દોડી ગયા ન હોત ને તુરત પોલીસને જાણ કરી હોત તો કદાચ ધીરજલાલ વહેલો પકડાઈ જાત.

લોકોની કુતૂહલ વૃત્તિ અને પોલીસખાતાથી દૂર ભાગવાની વૃત્તિથી કેટલાક નાહક હેરાન થયા ને ખાતાની કામગીરી મુશ્કેલ બની. કહેવાનું એ જ કે લોકોએ પોલીસને મદદરૂપ થવા હિંમત કેળવવી જોઇએ.

સાનુકૂળતા મળે તો ગુનો જરૂર પકડી શકાય છે. ગુનેગારે ગમે તેટલી કુશળતા વાપર્યા છતાં યે તેને ઓળખાવી દેતી કોઇ ને કોઈ બાબત અચૂક મળી આવે છે જ, જો લોકો પોતાનું કુતૂહલ દાબીને પુરાવાઓ બગાડતા અટકે તો.

જાગૃત નાગરિક પણ ઘણી વાર બહુ ઉપયોગી થઈ શકે. એક બકાલીની દુકાન તૂટી. રાત્રે સાડાઆઠ વાગ્યે દુકાન બંધ કરી લોકો ખાવા ગયા. નવ વાગ્યે આવીને જુએ છે તો પાછળની બારી તોડી કોઇ અંદર ઘૂસીને ગલ્લો તોડી પચ્ચીસેક રૂપિયા ઉઠાવી ગએલું. થોડાં કેળાં પણ ઊપડી ગયાં હતાં.

હલચલ મચી ગઈ. લોકો એકઠાં થવા લાગ્યાં ત્યાંથી પસાર થતા એક નાગરિકે પણ ત્યાં ડોકિયું કર્યું. પણ એની નજર વધુ પહોંચતી હતી. એણે જોયું કે દુકાનો હારબંધ હતી. પાછળ એક ગલી હતી જ્યાં ખાસ કોઈ રહેતું નહોતું. એકાદ બે ઘર હતાં, પણ એ લોકો ત્યાં હાજર નહોતાં. ત્યાંની મ્યુનિસિપલ બત્તીનો ગોળો કોઇએ તોડી નાખ્યો હતો. બારીની બાજુમાંથી આરીનો એક ટુકડો મળી આવ્યો. બારીની બાજુમાં ધૂળમાં નાનું પગલું પડ્યું હતું. ગલ્લાની પેટીની કળ તીક્ષ્ણ સાધનથી તોડી જણાતી હતી. થોડાં કેળાં ગુમ થયાં હતાં.

દુકાનદાર પોલીસને તેડવા ગયો. દરમિયાન પેલા ભાઇએ પોતે કરેલા નિરીક્ષણને આધારે તપાસ આદરી. પેલા પગલા પરથી કોઈ તેર ચૌદ વર્ષના છોકરાએ આ ચોરી કરી હશે એમ લાગતું હતું. થોડાં કેળાં ગૂમ થયાં હતાં એ પણ આ અનુમાન સાથે બંધબેસતાં હતાં. સંભવ હતો કે એ છોકરાએ જ બત્તીનો ગોળો ફોડી નાખ્યો હશે. પાછળની ગલીમાં રહેનારાઓ હાજર નહોતા એની ચોરને જાણ હશે જ. દુકાનદારને ખાવા જવાના સમયની તેમજ ખાઇને એ કયારે પાછો ફરશે તેની પણ એને જાણ હોવી જોઇએ. એટલે કે આસપાસનો કોઈ જાણીતો છોકરો જ આ ચોરી કરનાર હોવો જોઇએ.

બારીના લાકડાના સળિયાને કાપનાર આરીનો ટુકડો મળેલો તે ખ્યાલમાં લઇને આસપાસમાં તપાસ કરતાં જણાયું કે એક છાપખાનામાંથી એક આરી અને બાઇન્ડિંગ માટેનો એક મોટો સોયો ખોવાયા હતા. તેરચૌદ વર્ષનો એક છોકરો ત્યાં કામ કરતો પણ મળી આવ્યો. ગાલ પર બે ધોલ લાગતાં એણે ચોરી કબૂલ કરી દીધી. સમજપૂર્વકના નિરીક્ષણ ને અટકળની સહાયથી ચોર તુરત પકડાઈ ગયો.

એટલે જો પુરાવાઓનો નાશ ન થાય તો ભાગ્યે જ કોઈ ગુનો પકડાયા વિના રહી શકે. હવે તો ગુનાશોધનનું એક સ્વતંત્ર શાસ્ત્ર જ સ્થાપિત થયું છે. માત્ર અટકળો અને સાક્ષીઓની જુબાની પર આધાર રાખવાને બદલે, બની ગએલા ગુનાનું અનેક બાજુએથી પૃથક્કરણ કરવામાં આવે છે. વિજ્ઞાનની અનેક અવનવી શોધખોળોની સીધી ને આડકતરી સહાય પણ એમાં લેવાય છે, એટલું જ નહિ પણ ગુનાશોધનનું જ એક આગવું વિજ્ઞાન વિકસ્યું છે. હવે પછીના લેખોમાં આપણે એ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ક્રમશઃ પરિચય કરતા જઇશું. (ચાલુ)

લઘુકથા

છાપું

મોહનલાલ પટેલ

શેરમહમદની નજર છાપાને ઢૂંઢી રહી હતી.

ભવાનગઢનો આ રસિયો જીવ મારી દુકાનમાં છાપું આવે કે તરત જ તરાપ મારતો. એકબીજાના હાથમાંથી વર્તમાનપત્ર ઝૂંટવી લઇને વાંચીએ એવા મિત્રો અમે હતા. પણ આજે તો એ છાપું માગવાની હિંમત નહોતો કરતો. આદિવાસીઓના આ નાનકડા ગામમાં બીજું છાપું પણ આવતું નહોતું.

આજનું સમાચારપત્ર તો...(ભગવાન મહેર કરે...)એના આવ્યા પહેલાં મેં છુપાવી દીધું હતું. આવીને એ બાંકડે બેઠો. આડીઅવળી વાત કરતો હતો, પણ એની તેજીલી આંખો છાપું ખોળી રહી હતી.

હું ય છાપું વાંચવા તો તલપાપડ હતો. પેપર વાંચવાની અધીરાઈથી મારું અંતર વલોવાઈ રહ્યું હતું. પણ શેરમહમદ ઊઠીને જાય તો ને? એની હાજરીથી હું ભારે બેચેની અનુભવી રહ્યો હતો.

થોડી વાર એકલો પડશે તો ચાલ્યો જશે એમ માની કામના બહાને હું અંદર ગયો ને ખૂણામાં પડેલા ગુંદરના ઢગલામાંના થોડા ગાંગડા આમતેમ ફેરવવાનો મેં પ્રયત્ન કર્યો...પણ મારી અધીરાઈ વધતી જતી હતી. બંધ બારીના કાણામાંથી મેં શેરમહમદ તરફ જોયું. કબાટ પાછળથી છાપું કાઢી લઇને એ આખું પેપર-ઘટક ઘટક પીવા મંડી ગયો હતો.

બહાર નીકળવાની આગાહી રૂપે મેં થોડો ખખડાટ કર્યો એટલે એણે છાપું મૂળ સ્થળે મૂકી દીધું અને સ્વસ્થ થઈ જવાનો દેખાવ કર્યો.

બે મિનિટ માટે પણ એ અંદર જાય તો વચલા પાનાનાં હેડિંગ જોઈ લેવાય એ ખયાલથી મેં એને કહ્યું: 'જોને શેરમહમદ, અંદર પડેલો માલ ફર્સ્ટ ગ્રેડમાં ચાલે એવો છે કે કેમ?'

પણ બેચાર મથાળાં ઉપર નજર ફેરવું એ પહેલાં તો એ કમબખ્તનો અવાજ છેક બારણા પાસે આવ્યો: 'બધો થર્ડ ગ્રેડનો માલ છે. ફોરેઈન નહિ જાય.' મેં ઈસ્કોતરા નીચે છાપું સરકાવી દીધું.

ફરીથી એ બાંકડા ઉપર બેઠો. પૂરી તક મળ્યા વિના હવે આ અહીંથી ઊઠવાનો નથી એવી ગણતરીએ એને, 'તું બેસજે; હું હમણાં આવું છું' કહી બહાર વાડ પાછળ જઇ હું વીસેક મિનિટ બેસી રહ્યો.

એ વીસ મિનિટ મેં ભારે પરિતાપમાં પસાર કરી. વર્તમાનપત્રના સમાચારો નજરે પડતાં મારું હૈયું બેસી ગયું હતું. શેરમહમદનો જીવ પણ ઊંચો થઈ ગયો હતો એ હું સમજી શક્યો હતો.

હું દુકાનમાં આવ્યો એટલે શેરમહમદ ઝડપથી ચાલ્યો ગયો.

મેં છાપું ઉઘાડ્યું.

વર્ષોજૂનાં કારમાં બંધન તૂટ્યા પછી મુક્તિનો ઉલ્લાસ માણવા ટાણે પ્રજાની બે કમનસીબ કોમો લોહીની નદીઓમાં તણાવા લાગી હતી. આખું છાપું કોમી હુલ્લડોના સમાચારથી ખરડાએલું હતું!

ચૌદમી શિષ્ટ-વાચન-પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી ચૌદમી શિષ્ટ-વાચન-પરીક્ષા તા. ૨૭-૯-૧૯૬૪ ને રવિવારના રોજ પુનિત પ્રકાશન મંદિર અમદાવાદ તરફથી પ્રસિદ્ધ થએલ પુસ્તક 'જીવનનું ભાતું' નામના પુસ્તકની લેવાશે. જીવનઘડતરમાં ઉપયોગી થઈ પડે એવી સદાચાર અને નીતિભર્યું જીવન દર્શાવતી ૪૪ સત્યઘટનાઓ આ પુસ્તકમાં આપી છે. પરીક્ષાની વિશેષ માહિતી માટે લખો: વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ઠે. ગુજરાત પુ. સ. સ. મંડળ, સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા.

શ્રી મુક્તા રાજેએ આલેખેલી એક સત્ય ઘટના ઉપરથી

સનસનાટીમાંથી સંરક્ષણફાળો

અનુવાદક : 'ધ્રુવકુમાર'

દેશ પરના ચીની આક્રમણના કટોકટીના કાળમાં પ્રજાએ જે અનેક રીતે ઉમંગથી ફાળા આપ્યા હતા એમાં આવેલા એક નાનકડા ફાળાની એક સો પંચોતેર રૂપિયા અને પચાસ નયા પૈસાની રકમ ભલે બહુ મોટી ન ગણાય; પણ એની પાછળ જલાલાબાદના પોલીસ થાણાની એક રૂંવાં ખડાં કરે એવી પરાક્રમકથા છે.

ઈ. ૧૯૬૨ની ૨૬મી નવેમ્બરે ફતેહગઢના એસ. પી. (સુપરિન્ટેન્ડેન્ટ ઑવ પોલીસ) ભારતેન્દુપ્રસાદ સિંહલ પાસે એક ફરિયાદ આવી: ૧૫મી નવેમ્બરે ફરુખાબાદના એક મોહન સાધના નાનકડા પુત્રને ડાકુઓ ઉઠાવી ગયા હતા ને એના પિતા પર જાસો મોકલ્યો હતો કે પાંચ હજાર રૂપિયા રોકડા આપી એ પોતાના પુત્રને છોડાવી શકશે.

શાહજહાંપુર જિલ્લામાં જલાલાબાદ નજીક થીગરી ગામથી એક માઇલ ઉત્તરે જંગલમાં એક પુરાણા વડના ઝાડ નીચે રૂપિયા પહોંચાડવાના હતા, ને ત્યાંથી જ બાળકને પાછો મેળવવાનું સૂચન હતું.

સિંહલ સાહેબે કેસ હાથમાં લીધો. સાધ લોકો કબીરપંથી હોય છે. બંધ ગળાનો કોટ ને માથા પર એક ખાસ પ્રકારની ગોળ ટોપી તેઓ પહેરે છે. સિંહલ સાહેબે પણ એવો વેશ સજ્યો અને બાળકના પિતા તરીકે ડાકુઓએ નિર્દેશેલા સ્થાને જવાનું નક્કી કર્યું.

૨૮મી નવેમ્બરે આપેલે સમયે તેઓ પેલા વડ નીચે ગયા. સાથે મોહન સાધનો એક નોકર પણ લીધેલો. દૂરદૂર સુધી પથરાએલા શેરડીના વાઢ અને ઊંચાં કઠોળનાં ખેતરોની વચ્ચે પ્રેતોના અડ્ડા જેવો એક ભેંકાર વડલો અને ડાકુઓનો ઈંતેજાર! કેવી દિલ ધડકાવનારી હશે એ ક્ષણ! લગભગ ત્રણેક વાગ્યે બે માણસો આવ્યા. પિતા બનેલા સિંહલ સાહેબ પાસે એમણે રૂપિયાની માગણી કરી. પાંચ હજારની નોટો કાઢી ડાકુઓ સામે ધરતાં સિંહલ સાહેબ ગદ્‌ગદ કંઠે બોલ્યા: 'આ લ્યો; ને લાવો મારો છોકરો.'

પણ ડાકુએ રૂખ બદલી: 'રૂપિયા તમારી પાસે રાખો. છોકરો આજ નહિ મળે. કાલે તમે આ જ જગ્યાએ ત્રીસ હજાર રૂપિયા લઇને આવજો. એ પછી છોકરો મળશે. અમારા સરદાર ત્રીસ હજારથી ઓછી એક પાઈ પણ લેવા તૈયાર નથી.'

છોકરો તો ન મળ્યો, પણ ડાકુઓ સાથે સંપર્ક સાધી શકાવાથી સિંહલ સાહેબના પગમાં જોર આવ્યું. એમણે હવે નવી જ યોજના ઘડી કાઢી. પોતાના એક દરોગા આર. એન. પાંડેને એમણે બીજે દિવસે–૨૯મી નવેમ્બરે–સાધના વેશમાં વડ હેઠળ મોકલ્યો.

તે દિવસે પાંડેએ વડ નીચે ઘણી રાહ જોઈ પણ કોઈ ચકલું યે ફરક્યું નહિ. તરત તો એનું કારણ સમજાયું નહિ, પણ પછીથી જાણ થઈ. બનેલું એવું કે ૨૮મી તારીખે સિંહલ સાહેબ સાધ બનીને વડ પાસે ગએલા ત્યારે પોતાની સાથે બે દરોગા પણ રાખેલા. સાદા પોશાકમાં એ દરોગાઓ વડથી બસો વાર દૂર છુપાઈ રહ્યા હતા, જેથી ભીડને વખતે દોડી પહોંચે. અરધાએક માઇલને અંતરે એક દરોગા સાથે ત્રણ માણસોવાળી એક જીપ પણ તૈયાર રાખી હતી. ડાકુઓએ ચારે બાજુ પોતાના માણસો તો ગોઠવી જ રાખેલા હતા, તેથી તેમને એ જોઈ વહેમ આવી ગએલો. આમ ૨૯મીનો દિવસ નિષ્ફળ ગયો.

બીજે દિવસે ૩૦મી નવેમ્બરે કાંઈક સમાચાર મળવાની આશા હતી તે પણ ન ફળી. એ બે દિવસ ભારે ચિંતા અને નિરાશામાં વીત્યા.

પહેલી ડિસેમ્બરે મોહન સાધ પર જાસો આવ્યો: 'સાધજી, કૃપા કરી અમને દગો દેવાની કોશિશ ન કરશો. અમને તમારી યોજનાઓનો પત્તો લાગી જાય છે. ફરુખાબાદથી માંડી અહીં સુધી જગ્યાએ જગ્યાએ અમારા આદમી ગોઠવાએલા છે જે તમારી હર ચાલ પર નજર રાખે છે. તમારે જીપ અને તમારા માણસો સાથે લાવવા જ હતા તો લાવી શકતા હતા. અમારા જે માણસો તમને મળવા આવ્યા હતા એમને એની જાણ કરી દીધી હોત તો કંઇ વાંધો ન હતો; પણ તમે અમારાથી એ વાત છુપાવી તેથી વહેમાઈને અમે ૨૯મીએ આવ્યા નહિ. હવે જો તમારો છોકરો જોઈતો હોય તો બીજી ડિસેમ્બર ને રવિવારે બપોરના બરાબર બાર બજે આવી જજો. આ વખતે થીગરીથી બે માઇલ દક્ષિણે જે પુલ છે ત્યાં આવજો. યાદ રાખજો કે પૂરા ત્રીસ હજાર રૂપિયા સાથે લાવવાના છે. જો તમે તે દિવસે નહિ આવો તો સોમવારે ફિરલાપુર ઘાટની પશ્ચિમે રામગંગાના કિનારે આવીને તમારા છોકરાની લાશ લઈ જજો. અને જો આવો તો ત્રણથી વધારે આદમી લાવી નહિ શકો. મોટર લાવવી હશે તો તમારી સાથે જ રાખવી પડશે, જેથી અમે દેખી શકીએ. વળી, ખયાલમાં રહે કે તમારી મનીષા વિષે અમને વહેમનું કોઇ પણ કારણ મળવું જોઈએ નહિ.'

બસ, આગળ શું કરવું એ ફરી સિંહલ સાહેબે વિચારી લીધું. દરોગા પાંડે, દરોગા સુખરામપાલ સિંહ, મોહન સાધ અને એમનો ડ્રાઈવર જયપાલ–વહેલી સવારે સાધની જ ગાડીમાં થીગરી તરફ ઊપડી ગયા.

આ એક સાહસ જ હતું. કોને ખબર આજ કેટલા ડાકુઓનો ભેટો થશે? તેઓ હથિયારો પણ લેતા આવે. પણ એમ વિચારો કર્યે કામ કેમ પાર પડે? જોખમ ખેડવું જ રહ્યું. સિંહલ સાહેબે ને પાંડેએ સાધનો વેશ પહેરેલો. સુખરામ મુનીમના વેશમાં હતો.

પણ ઘણી વાર સારા ને ઉમદા ઉદ્દેશથી પણ કદીકદી આદમી મૂર્ખતા કરી બેસે છે. આજે યે એવું જ બન્યું. સિંહલ સાહેબનો એક ઑર્ડલી પણ સ્વામીભક્તિના આવેશમાં વીસ માઇલનો પંથ કાપી પોતાની સાઇકલ પર થીગરી સુધી આવ્યો હતો ને આસપાસમાં ચક્કર મારતો હતો. પોણા બારે સિંહલ સાહેબની ગાડી આવી ત્યારે ત્યાં જઇ એક સૅલ્યુટ લગાવીને ગાડી રોકી, અને કોઇ પણ સમયે જરૂર પડે તો પોતે મદદ માટે હાજર છે એમ જણાવ્યું. એના ડહાપણ પર ગુસ્સે થઈ એક મિનિટ પણ રોકાયા વિના એને જલાલાબાદ ચાલ્યા જવાનું સિંહલ સાહેબે ફરમાવ્યું. એમને મનમાં થયું જ કે ડાકુઓએ નક્કી એને અહીં ચક્કર લગાવતો ને ગાડી રોકતો જોઈ લીધો હશે. અને ખરેખર એમ જ બનેલું. ડાકુઓને વહેમ પેસી ગયો.

દોઢ-બે કલાક સુધી રાહ જોવા છતાં પુલ પર કોઇ જ મળવા આવ્યું નહિ. એ દરમિયાન ડાકુઓએ આસપાસની બધી જગ્યાએ તપાસ કરી લીધી કે ક્યાંયે કોઈ પોલીસનો માણસ છુપાયો તો નથી ને! અંતે આખરે કોઈ જણાયું નહિ ત્યારે આશરે ત્રણેક વાગે બે માણસો ત્યાં આવ્યા. એમાંના એક દુલારેએ આગળ આવીને રૂપિયા માગ્યા. સિંહલ

સાહેબે કરગરતે અવાજે નાટક આદર્યું: 'તમારો કાગળ મળ્યો ત્યારે બૅંક તો બંધ થઇ ગઈ હતી, એટલે વીસ હજાર રૂપિયા જ લાવી શક્યો છું. મહેરબાની કરી એ લઇ લો ને મને મારો દીકરો પાછો આપો.'

અનેક કાલાવાલા પછી દુલારે ઓછી રકમ લેવા તૈયાર થયો ને ચૂપચાપ પોતાની પાછળ આવવાનું જણાવી આગળ વધ્યો. બીક અને શંકાનો અભિનય કરતા તેઓ શેરડીના ઊંચા વાઢમાં થઇ દુલારેની પાછળ પાછળ આખરે પેલા વડ પાસે પહોંચ્યા. અહીં આસપાસ થોડી ખુલ્લી જગ્યા હતી, એટલે સિંહલ સાહેબે કરગરીને હવે આગળ વધવાની ના પાડી. એમની ગણતરી હતી કે અહીંથી ડાકુને ભાગવું હોય તો ખેતરમાં પહોંચતાં પહેલાં તેણે આટલી ખુલ્લી જગ્યામાં દોડવું તો પડે જ; અને એ પોતાના લાભમાં હતું.

એમના મોં પર ગભરાટ જોઈ દુલારે હસ્યો અને બોલ્યો: 'અચ્છા, અહીં ઊભા રહો.' પોતાના સાથીને એણે છોકરાને લઈ આવવા મોકલ્યો. એ ગયો એટલે દુલારે બોલ્યો: 'સાધજી, તમે પૂરા રૂપિયા ન લાવ્યા એ બરાબર ન કર્યું. ખેર, પછીથી પણ આપવા તો પડશે જ.'

વ્યાકુળ થઈ સિંહલ સાહેબ બોલ્યા: 'એમ ન કહો ભાઈ! મારા ખિસ્સામાં બે-ત્રણ હજાર રૂપિયા બીજા પણ છે એ યે આપી દઈશ. છતાં પણ રાજી ન થાઓ તો અમારી ઘડિયાળ, વીંટી લઈ લેજો; ચાહો તો અમારાં કપડાં યે ઉતારી લેજો, પણ મને મારો પુત્ર પાછો આપો અને મને ચિંતામુક્ત કરો.' પછી એમણે ઉમેર્યું: 'ભાઈ, સાંભળ્યું છે કે ફતેહગઢના એસ૰પી૰ અને ડાકુ-સરદાર ગંગાસિંહનો સામસામે ભેટો થઈ ગયો હતો ને એમાં ગંગાસિંહ અને બીજા છ ડાકુ માર્યા ગયા છે. એ ગંગાસિંહ તો તમારા સરદાર નહોતા ને? મને એમ, કે એવડો મોટો ડાકુ હતો તે કદાચ એ જ તમારા સરદાર હશે ને એ તથા બીજા છ જણ જો ખલાસ થઈ ગયા છે તો એ લોકોના ભાગના રૂપિયા તમારે બચી જ જશે. એટલે અમને થોડી રાહત આપશો તો યે તમારે ભાગે કંઈ નુકસાન તો નહિ જ જાય.' પણ દુલારેએ તો આ સાંભળતાં પોતાની પિસ્તોલ તૈયાર કરી લીધી ને સજ્જ થઈ ઊભો.

થોડી જ વારમાં સામેના કઠોળના ઝૂંડમાંથી ત્રણ માણસો છોકરાને લઈ ખેતરમાંથી બહાર આવ્યા.

સત્તર દિવસથી પુત્રવિયોગે ઝૂરતા બાપની પેઠે વ્યગ્રતાથી બે હાથ ફેલાવી સિંહલ સાહેબ અને એમનો એક સાથી એ તરફ દોડયા. પણ એ થોડે છેટે રહ્યા ત્યાં દુલારેએ એમને થંભી જવા ફરમાવ્યું. આ માણસો વચ્ચે પોતાના બાપને જોઈ છોકરે રડતા અવાજે બૂમ પાડી: 'બાબા'!

દુલારેએ પૂછ્યું: 'જોઈ લીધું? તમારો જ છોકરો છે ને? હવે પહેલાં રૂપિયા કાઢો, એ પછી છોકરો મળશે.'

ખરી કટોકટીની ક્ષણ હવે જ આવતી હતી. હકીકતે આ લોકો પોતાની સાથે માત્ર છએક હજાર રૂપિયા જ લાવેલા. પાંચ-છ બંડલો દસદસની ખરી નોટોનાં ને બાકીનાં બંડલોમાં ઉપરનીચે ખરી નોટો મૂકી વચ્ચે સાદા કાગળોની થોકડીઓ જ માપસર કાપીને ગોઠવેલી હતી. પેલાં ખરી નોટોનાં બંડલો એમણે દુલારેના હાથમાં પકડાવી દીધાં. બીજાં બંડલો કાઢવા જેવી ઍટેચી ખોલી એવી જ દુલારેને કંઈક શંકા આવી ને એણે મુનીમ બનેલા દરોગા સુખરામને એ બંડલો છોડીને બતાવવા કહ્યું. તુરત સિંહલ સાહેબે વચ્ચે પોતાના કોટની અંદરના ખિસ્સામાં હાથ નાખી દુલારેનું લક્ષ પોતા તરફ વાળ્યું. ખિસ્સામાંથી એમણે નોટોની એક થોકડી કાઢી મુનીમ તરફ ફેંકી. ફરી ખિસ્સામાં હાથ નાખ્યો ને બીજી થોકડી કાઢીને ફેંકી. ત્રીજી વાર ખિસ્સામાં હાથ નાખ્યો ને પોતાની પિસ્તોલ સજ્જ કરી લીધી.

દુલારેનું ધ્યાન નોટો તરફ જ હતું. એણે ફરી કડકાઈથી સુખરામને બંડલ છોડવા કહ્યું. દોરી છૂટી ને એ ચેતી ગયો: 'કેમ સાધજી, અમારી સાથે આ દગો?' એમ કહી એણે પિસ્તોલ તાકી. પણ એ ઘોડો દબાવે તે પહેલાં તો સિંહલ સાહેબે શેરની જેમ ઊછળીને દુલારેની છાતીમાં પોતાની પિસ્તોલ દાબી દીધી! છાતીને વીંધીને ગોળી આરપાર નીકળી ગઈ. એ જ ક્ષણે દરોગા પાંડે દુલારેના સાથી લાખનને હેઠો પાડી તેના ઉપર ચડી બેઠા ને બૂમ પાડી: 'અરે જુઓ, પેલા ડાકુઓ છોકરાને લઇને ભાગી જાય છે!'

સુખરામ, સિંહલ સાહેબ અને મોહન સાધ ત્રણે એ તરફ દોડયા. તેમની પાછળ પાછળ થોડું દોડયા બાદ સિંહલ સાહેબ પામી ગયા કે આમ આ ઊંચી શેરડી ને કઠોળના ઝૂંડમાં દોડાદોડ કરવાથી છોકરો જલદી હાથ નહિ આવે; એટલે સુખરામ ને મોહન સાધને ડાકુ પાછળ દોડતા રાખી પોતે વડ તરફ પાછા વળ્યા. ત્યાં તો ગોળીબાર સાંભળીને થોડા ગામલોકો આવી પહોંચ્યા હતા. એમને સૌને સિંહલ સાહેબે છોકરાને શોધવા સાથમાં લીધા. થોડી વારમાં જ સુખરામપાલનો સાદ સંભળાયો કે છોકરો મળી ગયો છે!

બન્યું હતું એવું કે ખેતરોમાં ઝૂંડમાં શોધતાં શોધતાં મોહન સાધને પોતાના છોકરાના રડવાનો અવાજ સંભળાઈ ગયો; એટલે એ બંને એ દિશામાં દોડયા, ને થોડે દૂર રહ્યા ત્યાંથી જ સુખરામપાલે કરડે અવાજે ત્રાડ નાખી: 'ખબરદાર! હું પોલીસ કપ્તાન-ફતેહગઢ બોલું છું. હું તમારા સારા યે કબીલાને ખતમ કરી નાખીશ અને આખી વસ્તીને જલાવી દઈશ. જાન બચાવવા હોય તો છોકરાને મૂકીને ભાગી છૂટો. છોકરો જો સહીસલામત નહિ મળે તો તમારી સાતે પેઢીની ખેર નહિ રહેવા દઉં!' એમ કહેતાં કહેતાં તો એણે હવામાં બે-ત્રણ ગોળીના ધડાકા કરી દીધા.

વાત અસર કરી ગઇ. ફતેહગઢના પોલીસ કપ્તાને જ તો હમણાં થોડા વખત પર ગંગાસિંહ ડાકુને ઠાર કર્યો હતો. એનું નામ સાંભળતાં જ ડાકુઓના છક્કા છૂટી ગયા અને છોકરાને મૂકીને નાઠા. પણ એમાંનો એક ઉજાગર તો પકડાઈ ગયો. સુખરામપાલ ને મોહન સાધ છોકરાને લઇ વડ પાસે પહોંચી ગયા.

દુલારેના પેલા સાથી લાખનને મુશ્કેટાટ કરી જલાલાબાદને થાણે લઈ ગયા. એની પાસેથી મળેલી બાતમી પ્રમાણે દુલારે અને એના ત્રણ સાથીઓએ એક ખૂન કરેલું. એમાંના પેલા સાથીઓ તો પકડાઈને જનમટીપ ભોગવતા હતા, પણ દુલારે છટકી ગએલો તે આવા ધંધા કરતો હતો. લાખને તથા ઉજાગરે આપેલી માહિતી પરથી ફ[illegible]ાબાદમાંથી શંકર બઢઈ, રામ અવતાર નાઇ ને રામસદન કહારને પણ પકડી લેવામાં આવ્યા. છોકરાને ઉઠાવી જવામાં એમનો સાથ હતો.

છોકરાને બચાવી લેવાયાની વાત હવાની જેમ આસપાસનાં ગામોમાં ફેલાઈ ગઈ અને દૂરદૂરથી લોકો એને જોવા આવવા લાગ્યા આથી ચોથી ડિસેમ્બરે સિંહલ સાહેબે જલાલાબાદને પોલીસ થાણે ફોન કરીને સૂચના આપી કે છોકરાને જોવા ઈચ્છનારા પાસેથી દસ દસ નયા પૈસા ફી લેવી! એ દસ દસ પૈસામાંથી જ એકસો પંચોતેર રૂપિયા ને પચાસ નયા પૈસાની રકમ એકઠી થઈ.

થોડા જ સમય પહેલાં આ જ સિંહલ સાહેબે સાત ભયંકર ડાકુઓને પોતાનો જાન હથેલીમાં રાખીને ઠાર કરેલા ત્યારે તો એમની લાશ જોવા માટે કંઈ ફી નહોતી, જ્યારે આ છોકરાને જોવા ફી રાખી એની લોકોને નવાઈ હતી. પણ એ રકમ તો સંરક્ષણ ફાળામાં જવાની હતી ને? સૌએ એને ઉમંગથી વધાવી લીધી હતી.

મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

મૂળીબા

સ્મરણીય વ્યક્તિની સત્યકથાઓ-૨૬

કુંલાપીના ગુરુ શ્રી પ્રભુલાલ પ્રભાશંકર ('કુમાર' અંક ૪૮૩)-નાં પ્રપિતામહી રતનબાઈ ઇ. સ. ૧૮૨૯માં કુંડલામાં સતી થયાં, એ રતનબાઈનાં બ્હેન રામબાઈ ભાલમાં જવારજ ગામે સાંખ્યાયન-ગોત્રી જીભાઈ ભટ્ટ વેરે પરણેલાં, તે પણ પતિ પાછળ સતી થએલાં. એ વખતે ભાલપ્રદેશ બ્રિટિશ હકૂમત તળે હતો અને સતીનો ચાલ બંધ કરાવવા સરકાર તરફથી સખત હાથે કામ ચલાવવામાં આવતું. એટલે એ તકલીફમાંથી ઊગરી જવા રામબાઈના પુત્ર ગોવિંદરામ જવા-રજ છોડી સંસ્થાન ભાવનગર તાબે લીલિયાગામે આવી વસ્યા. પૂંજા-પાદર ગામના પટેલે ખેતર આપ્યાં ને લીલિયાના પટેલ અરજણે ઘર આપ્યું અને નીલગ્રીવ મહાદેવની પૂજા મળી. આથી ગોવિંદરામનો વંશ લીલિયામાં સ્થિર થયો.

એ ગોવિંદરામના ત્રણ પુત્રો પૈકી ભાઈશંકરના પુત્ર માધવજી ભટ્ટ (સં. ૧૯૧૬--૧૯૯૨)ની પ્રતિષ્ઠા ઘણી હતી. એને બે વ્રતો હતાં: 'અયાચક વ્રત' અને 'અગ્નિહોત્ર'. એ વેદું કરતા પણ ધર્માર્થે. બાર મહિને કણબી-પટેલો ભાગવત સપ્તાહ વંચાવે ત્યારે ધરાએલી શીખમાં-થી એ જીવનનિર્વાહ કરતા. એમને ગોપાળનું ઇષ્ટ હતું અને નિત્ય હોમ કરી, ખીર ખાઇને જમતા. તળ લીલિયા તથા આજુબાજુનાં ગામોમાં એમની એવી પ્રતિષ્ઠા હતી કે લોકો એમને લવાદ નીમી કજિયા પતાવતા, અને 'ભટ્ટજીની આજ્ઞા' માથે ચડાવી વર્તતા. એ માધવજી ભટ્ટ અમ-રેલીના શ્રી નાથાલાલ પ્રભાશંકરનાં બ્હેન મૂળીબ્હેન વેરે પરણેલા; પણ પોતાના પીઢ ઠરેલ સ્વભાવને કારણે થોડા વખતમાં જ તે 'મૂળી બા' કહેવાતાં. એ મૂળીબા (સં. ૧૯૧૮-૧૯૯૨)ની આ વાત છે.

એમની વાતો બહુ જળવાઈ નથી, તેમ વધુ હકીકતો ને વિગતો મેળવવા પ્રયાસ પણ થયા નથી. એમને વિષે એટલું જાણ્યું છે કે સ્વ-ભાવે તે ઘણાં મૂગાં હતાં. મૂગાંમૂગાં કામ કર્યા કરે. કોઈ મહેમાન આવે તો ખૂબ હરખાય ને એમની મૂગી સેવા બરદાસ્ત કર્યા કરે. એમની આગતાસ્વાગતા તથા રખાવટના દાખલા દેવાતા. બીજાંને રાજી જોઈ રાજી થાય અને દુ:ખી જોઈ દુ:ખી થાય; પણ પોતે દુ:ખ રોઈ ન શકે, બોલી ન શકે સાન્ત્વના પણ ખમી ન શકે એવો એમનો સ્વ-ભાવ હતો. આવા મૂગા સ્વભાવને કારણે બીજાં લોકો સાથે પ્રસંગ ઓછો પડતો. સામાન્યરીતે પતિને પ્રત્યેક રીતે રાજી રાખવામાં ને ઘરકામમાં તે પરોવાઈ રહેતાં.

ઘરકામ કરતાં કરતાં પણ એમની નજર પતિ તરફ જ રહેતી. પતિ માળાપૂજામાં બેઠા હોય, અગ્નિમાં હોમ કરતા હોય, આવેલા દરદીને દવા આપતા હોય કે કોઈની લવાદી કરતા હોય, ત્યારે તે પતિ તરફ જોઈ હરખાયા કરતાં, એમનાં ત્રણ નણંદો (જમના બ્હેન, ગો-દાવરી બ્હેન તથા ઝકલ બ્હેન) ભાભીની આ પતિસેવા જોઈ પ્રસન્ન થતાં ને તે જોવા માટે ભાઈને ઘેર કોઈ પ્રસંગનું બહાનું કાઢીને તથા વિનાપ્રયોજને પણ થોડા દિવસ રહી જતાં.

મૂળીબાને વધુ ઉત્સાહ ગાયની સેવાનો હતો. એ યુવાન હતાં ત્યારે ઘેર જ ગાય હતી તેને વાછડી આવી. એ વાછડીનું એમણે જન્મથી જતન કર્યું. એને ઊંચકી એ છાતીએ લગાવતાં ને એ જ રીતે ગાય પાસે ધવડાવવા તેડી જતાં. એ વાછડી મોટી થઇને ગાય થઈ. પતિપત્ની બન્ને સવારે તથા સાંજે એને સાથે દોવા જતાં. મૂળીબા ગા દૂવે અને માધવજી ભટ્ટ ગાયને પંપાળ્યા કરે. મૂળીબા એકલા હોય ત્યારે ઘણી વખત એ ગાયને ખડ, ખાણ કે પાણી દઈ એને ગળે પોતાના બન્ને હાથ પરોવી વહાલ કરતાં ને તે વખતે એ ગાય પણ ખાવુંપીવું છોડી દઈ માથું ઊંચકી ઊભી રહેતી. સાંજે એ ગાય સીમમાંથી આવે ત્યારે આવીને ઓસરીને ઓટલે ડોક લંબાવી માથું ઊંચું કરીને ઊભી રહે તે વખતે મૂળીબા ગમે તે કામ કરતાં હોય કે એમને ગમે તે મળવા આવ્યું હોય, તો યે ત્યાંથી ઊઠી ગાયને ગળે બન્ને હાથ પરોવી હેત કરે; તે પછી જ ગાય પોતાને ખીલે જઈ ઊભી રહે.

સંવત ૧૯૯૨ના આષાઢ માસમાં નિયમ પ્રમાણે માધવજી ભટ્ટે સંકર ચતુર્થીનું વ્રત કર્યું, ને વળતે દિવસે કોગળિયામાં સપડાયા. પિત્રાઈઓનાં ઘર નજીક હતાં, સૌએ ભેગા મળી ઘણી સેવા કરી. પતિને માંદા જોઈ મૂળીબા સેવા કરતાં અસ્વસ્થ થઈ જતાં ત્યારે પોતે સાજા થઈ જશે, એવાં આશાભર્યાં વચનોથી માધવજી ભટ્ટ એમને ધીરજ આપતા હતા. વદ આઠમના રોજ સાયંકાળે માધવજી ભટ્ટને વધારેપડતી નબળાઈ લાગતાં કોઈ વડીલના કહેવાથી મૂળીબા પતિ માટે ગોળનો શીરો કરી લાવવા રસોડે ગયાં. ત્યાં તો એમને બૂમ પાડી કોઇએ તરત બોલાવ્યાં ને કહ્યું: 'ઝટ આવો. આમને ઠીક નથી. સાથરો લીપવો છે.'

એ વાક્ય સાંભળવા સાથે જ મૂળીબાની આંખ ફાટી ગઈ, હાથ-માંથી કામ સરી પડ્યું ને પોતે ઢગલો થઈ ઢળી પડ્યાં. તત્ક્ષણ એમના પ્રાણ નીકળી ગયા હતા! માધવજી ભટ્ટનાં બ્હેન ઝકલબ્હેનનાં દીકરી ભાંકુબ્હેને (ભાવનગરના ભટ્ટ હરિલાલ નર્મદાશંકરનાં પત્નીએ) એ બન્નેનો સાથરો એકસાથે લીંપ્યો.

એ બન્નેનાં શબોને વીંટાઇને આખી રાત સગાં બેઠાં હતાં. સાવ સામે, નજીક કોઢમાં ગાય બાંધી હતી. ઘરમાં આ પ્રકારના મરણને અંગે ગાયને દોવાની ન હતી. વળતે દિવસે સાંજે એ ગાયને કોઈ દોહવા બેઠું પણ ગાયે તેને દોહવા ન દીધું. ખાણ નાખ્યું, નીરણ કરી, પાણી ધર્યું, પણ ગાયે ન ખાણ ખાધું, ન ખડ ખાધું કે ન પાણી. એ તરફ માથું નીચું ન કર્યું. માધવજી ભટ્ટ ને મૂળીબાના અગ્નિસંસ્કારના દિવસથી એ ગાયે શરૂઆતમાં ભાંભર્યા કર્યું પછી ગળું બંધ પડ્યું, ઊંચું માથું કરી, લાંબી ડોકે તે સામેના ઓરડા-ઓસરી તરફ આંસુની ધારવાળી ભીની આંખે જોયા કરતી હતી. તેની આ હાલત જોઇને તેને ઘરબહાર દોરી જવા યત્ન થયા, પણ માર ખાઇને પરાણે બહાર ગએલી તે તરત પાછી આવી ઓસરીને ઓટે માથું ઊંચું કરી, ડોક લંબાવી આંસુની ધારવાળી આંખે જોતી જ રહી. ને એ જ હાલતમાં, મૂળીબા-ના અવસાનને ત્રીજે દિવસે એ ગાય ઓસરીના ઓટા પાસે નિષ્પ્રાણ થઈ ફસકી પડી.

એ મૂળીબાના પુત્ર વૈદ્ય માણેકલાલ માધવજી હાલમાં લીંબડીમાં ખ્યાતનામ વૈદ્ય અમૃતલાલ પ્રાણશંકર પટ્ટણીનું દવાખાનું સંભાળે છે.

શબ્દકથા: 'ચંચવાળવું', 'ઠૂંગો'

કોશમાં 'ચંચવાળવું' શબ્દના બે અર્થ આપેલા છે: (૧) ચાંચમાં આવે તેટલું થોડું થોડું મોંમાં લઈને મમળાવવું, (૨) પંપાળવું. બંને અર્થના મૂળમાં ચાંચથી સ્પર્શવાની, ચાંચ ફેરવવાની ક્રિયા છે. પહેલો અર્થ એક બીજા શબ્દના અર્થવિકાસને પણ ટેકો આપે છે.

'ઠૂંગણ' કે 'ઠૂંગો' શબ્દ, અમસ્તાં કે અફીણનો અમલ કર્યા પછી કાચુંકોરું ખાવાનું હોય તે માટે વપરાય છે. રમૂજમાં 'નાસ્તો કરવો'ને બદલે 'ઠૂંગાપાણી કરવાં' પણ કહેવાય છે. કોશમાં 'ઠૂંગાર' શબ્દ પણ 'ઠૂંગા'ના અર્થમાં છે. ને 'ઠૂંગવું' એટલે 'ઠૂંગણ કરવું' એમ ક્રિયાપદ પણ છે.

હિન્દી 'ઠોંગ' (= ચાંચ) અને 'ઠોંગના' કે 'ઠૂંગના' (=ચાંચ મારવી) એ શબ્દો ધ્યાનમાં લેતાં ગુજરાતી 'ઠૂંગો' વગેરેનો અર્થ સમજાઇ જશે. ચાંચથી ચણતાં હોય તેમ થોડું થોડું ખાવું એટલે 'ઠૂંગવું' કે 'ઠૂંગો કરવો'. એમ ખાતું હોય તેને 'તું તો ખાય છે કે બેઠાં બેઠાં ચણે છે?' એમ કહેવાય જ છે ને? પંજાબી, સિંધી ને નેપાળીમાં પણ ચાંચ મારવાના અર્થમાં આ ધાતુ છે. એટલે કોશમાં 'ઠૂંગવું'નો એક અર્થ 'ઠાંસીને ખાવું' એમ છે તે જરા વિચાર માગી લે છે.

પાણીમાં પડવાના 'ડબ' અવાજ માટે શબ્દ છે 'ડબૂક'; અવાજ જો ઘેરો હોય તો 'ઢબૂક'; તેમ અવાજ આછો હોય તો 'ચબૂક'. પાણી પીવા માટે ચાંચ બોળતાં થતો 'ચબ' અવાજ તે 'ચબૂક'. નીચેની અન્યોક્તિમાં આ 'ચબૂક'નો યાદગાર ઉપયોગ થયો છે:

હંસઇ જાણિઉ એહ સર, સેવીસિઉ ચિરકાલ;
પહિલઈ ચંચ-ચબૂકડઈ, ઊમટીઉ સેવાલ.

હંસલે જાણ્યું જે હું સદા માટે આ સરોવર સેવીશ. પણ ચાંચને પહેલે ચબૂકે જ શેવાળ ઊમટી!

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

ત્રણ બૃહદ્-નિબંધો

ગુજરાતી ભાષાસાહિત્યના અધ્યાપકોનાં લેખન-સંશોધનમાં ઘણી મંદતા પ્રવર્તે છે એવી ફરિયાદનો અરધોક ઉત્તર આપતા તાજેતરમાં ત્રણ 'થીસિસ'-બૃહદ્ નિબંધો-પ્રગટ થયા છે: ૧) કવિ ન્હાનાલાલનાં ભાવનાપ્રધાન નાટકો (પ્રા. ઈશ્વરલાલ દવે), ૨) ગોવર્ધનરામ: એક અધ્યયન (પ્રા. રમણલાલ જોષી), ૩) આધુનિક કવિતાપ્રવાહ (પ્રા. જયન્ત પાઠક)

નાનાલાલની નાટ્યકૃતિઓનું પ્રા. ડૉ. દવેએ વર્ગીકરણ કરી ભાવપ્રધાન નાટકો તરીકે રસદર્શી સમીક્ષા કરી છે. કલ્પિત વસ્તુયુક્ત, પૌરાણિક, ઐતિહાસિક અને શાકુન્તલનો અનુવાદ 'શકુન્તલાનું સંભારણું' આવા ચારેય ગુચ્છોને ઊંડેથી ચર્ચવા-સમીક્ષવા તેમણે સારો પ્રયાસ કર્યો છે. આ નાટકો મનની રંગભૂમિ પર ભજવી શકાય તેવાં છે અને કવિની ભાવ-તરબોળ કૃતિઓ કવિતાનું ને ચોક્કસ ભાવનાઓનું વાહન બનીને આવી છે એ હકીકત તેમણે વિશદતાથી ચર્ચી છે. કવિની ભાવનાક્ષિતિજો કેવી ચેતોહર છે એ દર્શાવ્યા પછી ફિસ્સું પાત્રાલેખન, ફારસી-ઉર્દૂ ભાષાનો અતિરેક (પૃષ્ઠ ૧૮૮), દર્શન કરતાં મહિમા વિશેષ, (પૃષ્ઠ ૨૬૦), અલ્પ વસ્તુ-નિયોજન (પૃષ્ઠ ૨૬૧) વગેરે મર્યાદાઓ પણ તેમણે દર્શાવી છે. અલબત્ત, આ બધી સમીક્ષા અને પ્રતિપાદન કરતી વેળા તેમણે તેમના પુરોગામી વિવેચકો પ્રા. અનંતરાય રાવળ ને શ્રીસુન્દરમની વિવેચનાનો ઔચિત્યપૂર્વક લાભ ઉઠાવ્યો છે. ઉપરાંત પ્રા. રવિશંકર જોષીનું અધ્યાપન પણ આ વિષયમાં ઉપકારક થયું છે. ભાવપ્રધાન નાટકોની ચર્ચામાં અનુવાદ વિષેની ચર્ચા રસપ્રદ હોવા છતાં નિબંધના સંદર્ભમાં જોઈએ તો ઊભડક લાગે છે.

કવિનાં નાટકોમાં પ્રયોજાએલી ડોલનશૈલી ઊર્મિમયતાને અને ભાવનાને લાઘવના ગૌરવ સાથે કેવો ઉઠાવ આપે છે એ, અને પ્રેરણાના અભાવે ઘણી જગ્યાએ રિક્ત ભાંડ જેવો અવાજ કર્યા કરે છે એ હકીકતો તેમણે દલીલો સાથે પુરવાર કરી છે. કલ્પિત વસ્તુવાળાં નાટકોમાં તેમણે 'ઇન્દુકુમાર'ને પ્રથમ પંક્તિમાં મૂક્યું છે અને છતાં તાટસ્થ્યપૂર્વક મર્યાદાઓ પણ ચીંધી છે. આમ, આ પુસ્તક નાનાલાલનાં નાટકોને સમીક્ષવાની તાટસ્થ્ય-દૃષ્ટિ રજૂ કરતું હોવાથી કવિ વિષેના અતિનિંદાયુક્ત કે અતિ-ભાવયુક્ત મિથ્યા ગ્રહો ઓછા કરવામાં મદદરૂપ બને તેવું છે. (મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, રૂા. ૮).

'ગોવર્ધનરામ: એક અધ્યયન'માં ડૉ. રમણલાલ જોષીએ ૫૮૩ પૃષ્ઠોમાં લેખકનાં જીવન અને લેખનનો પરિચય કરાવ્યો છે. એમના પ્રશસ્ય અભ્યાસને અંજલિ આપ્યા પછી એટલું કહેવાનું પ્રાપ્ત થાય તેવું છે કે ઉત્તમલાલ ત્રિવેદીથી શરૂ કરીને બધા જ 'ગોવર્ધન-અભ્યાસી'ઓનાં ઉપયોગી અવતરણો ટાંકવામાં શ્રી જોષીએ આડું કે પાછું જોયું નથી. કદાચ તેથી લેખકના પોતાના ગદ્યની ચારુતા ને તેમના મતપ્રતિપાદનની સૂક્ષ્મતાનો આપણને જોઈએ તેટલો લાભ મળ્યો નથી.

શ્રી જોષીએ ગોવર્ધનરામના જીવનખંડો પાડી તેમના સર્જન-લેખનની ચર્ચા કરી છે. આ પદ્ધતિ બૃહદ્-નિબંધ-લેખકની ઊંડી સૂઝ સિદ્ધ કરે છે. ગોવર્ધનરામના જીવનમાં ભલે મહાન પ્રસંગો બન્યા નથી, છતાં જુદા જુદા સમયે તેમના પારદર્શક માનસમાં અનેક આઘાતો ઝિલાયા છે ને તેનું પરિણામ 'સ્નેહમુદ્રા' અને 'સરસ્વતીચન્દ્ર' જેવી કૃતિઓ માટે પ્રભાવક અને પ્રેરક બન્યું છે. શ્રી જોષીએ દર્શાવેલો જીવન અને લેખનનો આ રીતનો અનુબંધી આલેખ અત્યંત સુરેખ ને હૃદ્ય છે.

ઉત્તમ કવિતા વિપુલ પ્રમાણમાં સિદ્ધ ન કરનાર ગોવર્ધનરામનાં ચિત્ત અને દૃષ્ટિમાં કવિતા કેવી ખીલી છે તે 'સરસ્વતીચન્દ્ર'ના કેટલાક પ્રસંગોમાં જોઇ શકાય છે. નવલકથાની પાત્રસૃષ્ટિ વિકસિત (Round) બની છે; લીલાવતીની કે પત્નીની સ્મૃતિમાં પીગળી જતા ગોવર્ધનરામ અને ધીકતી વકાલત તજી દેનાર ગોવર્ધનરામ માત્ર સાક્ષર નહિ પણ આર્દ્ર હૃદયવાળા, આદર્શોને આચરવા મથતા મહાનુભાવ હતા; સામે સમાજ અને રાષ્ટ્રનું ચિત્ર રાખી સમન્વયનો મિશનરી જેવો આગ્રહ રાખનાર ગોવર્ધનરામ એક મોટા સર્જક હતા. 'સરસ્તતીચન્દ્ર' સ્વરૂપની દૃષ્ટિએ ઉત્તમ નવલ ન હોવા છતાં ચિંતન, જીવનદર્શન અને મનુષ્યસ્વભાવના નિરૂપણની દૃષ્ટિએ જોતાં મહાન નવલ છે. આ પ્રકારના મતોનું સમર્થન શ્રી જોષીએ દીર્ઘ કાળના અને ઊંડા પરિશ્રમથી કર્યું છે અને તેથી તેમના 'સારસ્વત જીવ'ને જે તૃપ્તિ મળી હશે એ કલ્પતાં આનંદ થાય છે. એક અભ્યાસગ્રંથ તરીકે આ 'અધ્યયન'-નું ઘણું મૂલ્ય રહેશે એ નિઃશંક. (પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબાઈ, રૂ. ૮-૮૦)

'આધુનિક કવિતાપ્રવાહ'માં પ્રો. ડૉ. જયંત પાઠકે પંડિતયુગથી શરૂ કરીને નવીનતર પેઢીની કવિતાને અવલોકવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે. એક જ નજરે (At a glance) મુખ્યમુખ્ય કવિતાવળાંકો હસ્તગત કરી શકાય તે પ્રકારની આ ગ્રંથરચના છે. ૧૯૨૦ પછીની કવિતાની મુખ્યમુખ્ય સિદ્ધિઓને આંબવાનો તેમનો પરિશ્રમ સ્તુત્ય છે. ચર્ચાવિચારણા અને મતદર્શનમાં તેઓ પ્રા. ઠાકોર, શ્રી સુંદરમ્, પ્રા. રા. વિ. પાઠક, પ્રા.

ઉમાશંકર અને પ્રા. વિ. ૨. ત્રિવેદીને અનુસર્યા છે અને મોટે ભાગે Golden mean — મધ્યમમાર્ગી વલણ સ્વીકાર્યું છે.

ચર્ચા-વિચારણામાં શ્રી પાઠકે વલણોકરતાં વિશેષ ભાર વ્યક્તિઓ પરત્વે મૂક્યો હોવાથી આ પુસ્તકમાં લાંબી નામાવલિ પ્રવેશી ગઇ છે. વળી હરિશ્ચંદ્ર કે શ્રીધરાણી જેવાકવિઓની સર્જકતા વિષે તેમણે ટૂંકામાં પતાવી દીધું જ ણાય છે. તેના પડછે તેમણે સમીક્ષેલું સ્ત્રીકવિઓનું કવન કેવળ અતિસદ્‌ભાવનું ફળ હોય તેવું લાગે છે. આશ્ચર્યની વાત તો એ ગણાય કે કવિ પાઠકે રાષ્ટ્ર-સ્વાતંત્ર્યની ઝંખના દર્શાવતી ત્રીશીની તેમજ નવીનતર કવિતામાંથી અવતારેલીઘણી વાસ્તવસૂચક પંક્તિઓ ઉત્તમ ગણી શકાય તેવી નથી. એ પંક્તિઓ કોઈ વલણ સિદ્ધ કરવા પૂરતી સમર્થ છે કે કેમ એ પણ વિચારવું ઘટે છે. વળી કવિતામાં પ્રવેશેલા બુદ્ધિપટુ ચાતુર્ય માટે તેમણે આપેલાં દૃષ્ટાન્તો કોઈ સિદ્ધહસ્ત કવિઓનાં કાવ્યોમાંથી અપાએલાં નથી. સમગ્રરીતે કહી શકાય કે ઠંડે કલેજે અને પક્ષાપક્ષીમાં પડ્યા વિના, ઘણા લાંબા ગાળાને સર કરતા નોંધપાત્ર વિવેચનનેસુસંકલિત કરવાની અને તટસ્થતાથી રજૂ કરવાની સેવા પ્રા. પાઠકે કરી છે. એ માટે તેઓ અભિનંદનના અધિકારી છે. (પ્રકાશક: ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન સુરત, રૂ.૫) –વ્રજલાલ દવે

પ્રાચીન સાહિત્યની પર્યેષણાઓ

'શ્રી અને સૌરભ' એ શ્રી ઉમાશંકરની, નીવડેલાં સંસ્કૃત કાવ્ય–નાટકોની ઊંડી પર્યેષણાનું ફળ છે. 'મહાભારત' જેવા ધર્મકાવ્યનું તેમણે નવીન દૃષ્ટિથી મૂલ્યાંકન કર્યું છે. 'શાકુન્તલ'નાં કવિત્વ અને નાટ્યકલાને સૌન્દર્યગ્રાહી નજરે મૂલવ્યાં છે. તેમણે ભવભૂતિના 'ઉત્તરરામચરિત'માં રહેલી 'રાજધર્મ વિરુદ્ધ પ્રેમ'ની રૂઢ વિચારસરણીને માંડે મૂકવા, મૌલિક દૃષ્ટિથી સરસ ચર્ચા કરી. ભવભૂતિની જીવનદૃષ્ટિનો સર્વતોગ્રાહી પરિચય કરાવ્યો છે. કાલિદાસની પ્રણયભાવના અને ભારતીય સંસ્કૃતિના તેના સાક્ષાત્કારનાં દૃષ્ટિબિંદુઓ તેમણે કવિ-વિવેચકના રવીન્દ્રનાથી દૃષ્ટિકોણથી અત્યંત રસપ્રદ રીતે આગળ ધર્યાં છે. આ ઉપરાંત 'વેણીસંહાર'ની કલામયતાની અત્યંત ઝીણવટથી ચર્ચા કરી છે, અને કવિ હેમચન્દ્રની કાવ્યસિદ્ધિ અને મર્યાદાનું કંઈક અંશે છટાદાર વાણીમાં નિરૂપણ કર્યું છે. કોઈ પણ એકાગ્ર દૃષ્ટિવાળો સારસ્વત શિષ્ટ સાહિત્યના નિદિધ્યાસનમાંથી કેટલું બધું પામી શકે, અને નવતા સાથે સનાતન સુરૂપતાનો મેળ બેસાડી કૃતિનિષ્ઠ આસ્વાદ કેવો કરાવી શકે તેનું ઉત્તમ ઉદાહરણ અહીં પ્રાપ્ત થાય છે. (પ્રકાશક: વૉરા ઍન્ડ કં., મુંબાઈ, રૂ. ૪–૭૫)

'ભાણ: એક રૂપકપ્રકાર'માં શ્રી કે૦ કા૦ શાસ્ત્રીએ વડોદરાની મ૦ સયાજીરાવ યુનિવર્સિટીના ભારતીય સંગીત–નૃત્ય–નાટક મહાવિદ્યાલયમાં આપેલાં ત્રણ વ્યાખ્યાનો સંગ્રહિત થયાં છે. સંસ્કૃત નાટ્યપરંપરામાં 'ભાણ' એ એક લાક્ષણિક એકાંકી નાટકનું સ્વરૂપ છે. શાસ્ત્રીજીએ એ સ્વરૂપની ચર્ચા મહદ્ અંશે પૂર્વસૂરિઓનાં વચનો ટાંકી વિસ્તૃતરીતે કરી છે. પ્રથમ બે વ્યાખ્યાનની શાસ્ત્રાધારિત ચર્ચા પછી ત્રીજા વ્યાખ્યાનમાં એમણે વરરુચિકૃત 'ઉભયાભિસારિકા', શૂદ્રકકૃત 'પદ્મપ્રાભૃતક', અમાત્ય વત્સરાજકૃત 'કર્પૂરચરિત', વામનભટ્ટ બાણ કૃત 'શૃંગારભૂષણ'– આ ચારે 'ભાણો'નો ગુજરાતી અનુવાદ આપ્યો છે. ગુજરાતી ભાષાની પોતીકી લઢણો અને વિશિષ્ટ સંબોધનપ્રયોગોથી મોટા ભાગનો અનુવાદ સ્વાભાવિક અને રોચક બન્યો છે. આપણા સંસ્કૃત સાહિત્યના વિશિષ્ટ નાટિકાના પ્રકારના પરિચય પાછળની તેમની અભ્યાસનિષ્ઠા અને પરિશ્રમ ખરે સ્તુત્ય છે. (પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, રૂ. ૨-૭૫) –વ્રજલાલ દવે

ભારતજ્યોત પં. જવાહરલાલ નેહરુની જીવનઝાંખી અને એમના સ્ફટિકશા નિર્મલ જીવનનાં વિવિધ પાસાંનું દર્શન કરાવતા કેટલાક પ્રેરક પ્રસંગો નોંધતી બાલભોગ્ય પુસ્તિકા. સાથે આપેલી પંડિતજીની સાલવાર જીવનતવારીખ, વચ્ચેવચ્ચે મૂકેલાં અંજલિ કાવ્યો તથા ચિત્રોથી પુસ્તિકાની ઉપયોગિતા સાથે એની રોચકતા પણ વધે છે. સંપાદકો: વલ્લભદાસ અક્કડ તથા લતા અક્કડ. પ્રકાશક: મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ કં., નાણાવટ, સુરત. કિં. ૦-૭૫ પૈસા.

ઍઝ યૂ લાઇક ઇટ

(રંગ અને લીલા)

શેક્સપીઅરના આ સુખાન્ત નાટકમાં વનજીવનનો મહિમા છે. પહેલા અંકમાં મનુષ્યસ્વભાવમાં રહેલી અસૂયા, ક્રૂરતા, સત્તાલાલસા ને પ્રપંચવૃત્તિ નિરૂપતી દુ:ખદ ઘટનાઓ પૂરી થયા બાદ આખું નાટક વનમહોત્સવ કે યૌવનમહોત્સવના આનંદની લહાણ કરે છે. 'વૃક્ષોનીગૂઢવાચાસમજવી, દોડતાં ઝરણાંનો ક્લશોર માણવો, પથ્થરોમાં શ્રુતિસંકેત જોવો અને સર્વત્ર મંગલનો જ મહિમા જોવો' એવો, દેશવટો ભોગવતા ડ્યૂકનો સંદેશ આ નાટકને વ્યાપી વળ્યો છે.

નાટકની ઘણીખરી ઘટનાઓ આર્ડનના અરણ્યમાં જ બને છે. વનને ઉપવન બનાવવાનો કીમિયો ડ્યૂક દ્વારા નાટ્યકારે રજૂ કર્યો છે. એમાં એક રીતે નગરજીવન સામેનો વિરોધ છે. નગરજીવનમાં સભ્યતાનો જે પ્રપંચ ને દંભ છે, તેનો અહીં અભાવ છે. વનમાં તો પ્રકૃતિને આશરે કઠોરછતાં સ્વાભાવિકજિંદગી જીવવાની છે ને એની લિજ્જત અનેરી છે.

નાટકનો મુખ્ય વિષય પ્રેમ છે. નાયિકા રૅાઝલિન્ડનો ઑર્લૅન્ડો સાથેનો પ્રથમ દૃષ્ટિએ પ્રેમ, સીલિયો અને ઑલિવર વચ્ચેનો પણ એ જ પ્રકારનો પ્રેમ, ફીબી અને ઍનીમીડ વચ્ચેનો સ્નેહ, આ બધાં પ્રેમપ્રકરણો નાટકમાં બહુ નજાકતથી ગૂંથાયાં છે. નાયિકા તરીકે રૅાઝલિન્ડ સરસ શોભે છે. નાયક ઑર્લૅન્ડો તેની સરખામણીમાં ઝાંખો પડતો લાગે છે; છતાં બંને વચ્ચેની નાટકી પ્રેમગોષ્ઠિ મનોરમ છે. જોકે પુરુષ વેશમાં રૅાઝલિન્ડની પ્રેમગોષ્ઠિઓ પ્રતીતિકર નીવડે એવી નથી. એની પ્રવૃત્તિઓમાં નાટકીપણું છે – ભારોભાર અતિરેક છે, પરંતુ કૉમેડીમાં એ સ્વાભાવિક છે.

ટચસ્ટોન ફિલસૂફ કે વિદૂષક? એનીહાસ્યવૃત્તિ સતેજ છે અને એ માર્મિક પણ છે. હાસ્ય અને મર્મ (wit) બંનેનો સુભગ સમન્વય એનામાં થયો છે. નાટકમાં ટચસ્ટોનની હસ્તી સારું એવું મનોરંજન પૂરું પાડે છે. એનાં ચબરાકિયાં વિના નાટકની જમાવટ ભાગ્યે જ સફળ થઈ શકી હોત. જૅક્સ મનુષ્યસ્વભાવનું એક બીજું પાસું રજૂ કરે છે–એના વિષાદમય તાત્ત્વિક ઉદ્‌ગારો દ્વારા.

છેલ્લે, કૉમેડીમાં ઘણુંખરું બને છે તેમ બધાં પાત્રોનો વનમાં મેળો થાય છે અને સહુને મનપસંદ મળી રહે છે;—ખલપાત્રોનાં હૃદયપરિવર્તન પણ ઝડપથી થઇ જાય છે એ વસ્તુ નોંધવી જોઈએ. નાટકના શીર્ષક 'ઍઝ યૂ લાઇક ઇટ'નો અર્થ પણ આ 'મનપસંદ' શબ્દમાં જ વ્યક્ત થઇ જાય છે. 'ખાધું પીધું ને રાજ કર્યું' જેવી સુખાંત વાર્તાઓની જેમ આ નાટક પણ બે ઘડીની લિજ્જત પીરસી રહે છે.

શેક્સપીઅર અહીં ગંભીર જીવનસંદેશો આપનાર નાટ્યકાર કે ચિંતક તરીકે નહિ પરંતુ વનજીવન પણ કેવું રંગીન હોઇ શકે છે તેનો સુખદ પરિચય કરાવનાર ગુલાબી મિજાજના માનવી તરીકે પ્રતીત થાય છે.

–મધુસૂદન પારેખ

કલાવાતાં

ભારતીય કલાની મહત્તા

એક પ્રસંગ-ચિત્ર

ઈ. ૧૯૨૦, ઑક્ટોબર ૧૭, રવિવાર; 'શેક્સ્પીઅર હટ' લંડન.

આજે પ્રવચન છે, ઇંગ્લંડના જાણીતા ચિત્રકાર વિલિયમ રૉથેન્સ્ટાઈનનું. ભારતમાં તો ખાસ જાણીતા, કારણ રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ'ની અંગ્રેજી આવૃત્તિના મુખપૃષ્ઠરૂપે, એમણે દોરેલા રવીન્દ્રનાથના અનન્ય ચિત્રે કોને મુગ્ધ નથી કર્યા?

પ્રવચનનો વિષય છે: The Duty of Indians to the Indian Arts and Crafts ભારતવાસીઓની ભારતની કલા ને કારીગરી પ્રત્યે ફરજ.' કલકત્તા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ જસ્ટિસ ઘોષ પ્રમુખપદે છે.

સાડા ચાર વાગ્યાથી આખો હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. એમનું પ્રવચન સાંભળવા માટે, અને તેથી પણ વધારે તેમને જોવા માટે, અપૂર્વ ઉત્કંઠા ચારે પાસ પ્રસરી રહી હતી. રવીન્દ્રનાથ ટાગોરનું આવું તત્ત્વદૃષ્ટિભર્યું ચિત્ર દોરનાર કેવા હશે?! અનેક અંગ્રેજ તથા બંગાળી બાનુઓ તેમનું પ્રવચન સાંભળવા માટે આવેલાં. એક ગુજરાતી બાનુ પણ હતાં: પૂજ્ય ગાંધીજીનાં ભત્રીજાવહુ. કેટલાક અંગ્રેજો પણ આવેલા.

લગભગ છ વાગ્યે, તાળીઓના ગડગડાટ વચ્ચે, મિ. જસ્ટિસ ઘોષે મિ. વિલિયમ રૉથેન્સ્ટાઈનનું ઓળખાણ કરાવ્યું: પ્રખ્યાત ચિત્રકાર તરીકે. રૉથેન્સ્ટાઈન ધાર્યા કરતાં જુદા જ પ્રકારના નીકળ્યા: નાના અને ટૂંકા બાંધાના અને આંખે ચશ્માંવાળા. એમને અમે પહેલી વાર જોયા ત્યારે મનમાં એક પાસથી આશ્ચર્ય અને બીજી પાસથી પ્રસન્નતા અનુભવાઈ. કૈંક એવું તત્ત્વ એ નાની, વિખરાએલાં કપડાંવાળી અને ચશ્માં ચડાવેલી આંખોવાળી આકૃતિમાં હતું, જે એક કલાકારની –સમર્થ સ્વયંતાવાળા કલાકારની – ખાતરી આપતું હતું. કપાળ ઊંચું, સપાટ અને વિશાળ; આંખો ઝાંખી અને ઢળેલી હોવા છતાં ભવાં ગોળ ઉન્નત ને રોનકદાર; સુદૃઢ મોંનો નીચેનો ભાગ સમર્થ વ્યક્તિત્વની પ્રતીતિ કરાવતો. એક હાથ ટેબલ ઉપર મૂકી તેમણે પોતાનું પ્રવચન શરૂ કર્યું: 'હું જે કહેવાનો છું તે બ્રહ્માક્ષર છે, અક્ષર સત્ય છે એમ ન માનવું. હું જે કહીશ તે રાજકીય નેતાની કે સંસારસુધારકની કે વેદાન્તવાદીની દૃષ્ટિએ નહિ, પરંતુ કલાકાર તરીકે જ કહીશ, અને એમ સમજીને જ તમે સારાનરસાની તુલના કરજો.

૧૯૧૧માં હું જ્યારે હિન્દની સફરે ગયો હતો, ત્યારે લગભગ આખા હિન્દુસ્તાનનાં કલાસ્થાનો, દેવળો, શિલ્પકામો, અજંટા–ઈલોરા અને કનેરીની ગુફાઓની કલાકૃતિઓ આદિ મેં જોયાં હતાં. તેની મારા પર જે અસર થઈ, તે ઉપરથી હું તમને એટલું જ કહીશ કે તમે હિન્દવાસીઓ જગતની એક મોટામાં મોટી અને અજબમાં અજબ સંસ્કૃતિના વારસદાર છો. કેવો આશ્ચર્યદંગ કરે તેવો તમારો દેશ છે! ત્યાંથી હું મારા અહીંના મિત્રોને લખતો હતો તેમ, જેટલો વખત હું ત્યાં રહ્યો તે બધો સમય, જાણે મારા પગ અને પૃથ્વી વચ્ચે બે તસુનો હવાનો થર રહેતો હતો! તમે ત્યાં શું નથી દેખતા? દાખલા તરીકે તમારો સંન્યાસી: કેટલા સૈકાના સૈકા થયા તેની બેઠકનું સ્વરૂપ (form of posture) ચાલ્યું આવે છે! દુનિયામાં કોઈ પણ એવો દેશ છે, કોઈ પણ એવી પ્રજા છે, જેનું કોઈ પણ રૂપ-નિબંધન (form) આટલું સ્થિર અને સ્થાયી રહ્યું હોય? એ જ રૂપ તમારી આશ્ચર્યદંગ કરતી બુદ્ધની મૂર્તિની બેઠકનું! અરે તમારાં પેલાં નાનાંનાનાં ગામગામડાંના ધંધારોજગારો લ્યો. નાના પાયા ઉપર રચાએલી અને થોડાક ગ્રાહકોને સાચવી લઈ સંતોષ પામનારી તમારી મોચીની દુકાનો, લુહારની કોડયો ને વણકરના સાળવીવાડામાં કેટલી સ્વસ્થ સુન્દરતા દેખાય છે! અમારું પશ્ચિમનું વાવાઝોડા જેવું 'કમર્શિયાલિઝમ' ક્યાં, ને ક્યાં આ સુઘડ અને સૌન્દર્યભરી કારીગરી! તમારો સોની, જેને તમે તુચ્છ ગણો છો અને અમેરિકન તથા યુરોપના સોનારૂપા હીરામોતીના દાગીના ઉપર મોહી જાઓ છો! પણ હું મારા અનુભવ પરથી કહું છું કે તમારા સોનીઓ જે દાગીના બનાવે છે તે યુરોપ અમેરિકાના સોનારૂપા તથા જડતરકામને ટક્કર મારે તેવા હોય છે, એટલું જ નહિ પણ અમારી ઉત્તમોઉત્તમ પ્રાચીન ગ્રીક સંસ્કૃતિનાં આભૂષણોને પણ પાછાં પાડે તેવાં હોય છે.


હું હિન્દથી પાછો આવ્યો ત્યારે તમારા એક સોનીએ બનાવેલો સોનાનો હાર મારી પત્ની સારુ લેતો આવ્યો હતો. તે મેં મારા વિદ્વાન મિત્રોને અહીં બતાવ્યો. અને, શું ધારો છો? એ લોકોએ એની બનાવટની તારીખ ઇસવીસન પૂર્વે ૨૦૦ વર્ષથી તે ઈસવીસન પછી ૨૦૦ વર્ષ સુધીમાં મૂકી! એવું સુન્દર, સરસ અને શોભીતું કામ તમારા નાના કારીગરો કરી શકે છે, ને છતાં તમે તો યુરોપીય વસ્તુઓ પાછળ દોડયા જ જાઓ છો!'

અહીં તેમણે ખૂબ લાગણીભરી રીતે અને અત્યંત ભાર દઇને અમને 'અપીલ' કરી કે 'તમારી દશા આવી કેમ થઇ છે? આવું કેમ તમારા દેશમાં હું દેખું છું? હું તમને, શબ્દોને જરા પણ અલંકાર્યા કે શોભાવ્યા વગર કહું છું કે આખી દુનિયામાં તમારા જેવી 'creative imagination'–સર્જનાત્મક કલ્પનાશક્તિવાળી–બીજી કોઇ પ્રજા થઇ નથી. છતાં શા માટે તમારામાં તમારા દેશની કારીગરી અને કલા તરફ આટલી બધી અસંતોષકારક બેદરકારી? એનું કારણ એક જ છે: અને તે એ કે તમને તમારામાંથી વિશ્વાસ ઊઠી ગયો છે. એક પ્રજા તરીકે તમારી શક્તિઓમાં, તમારા પ્રભાવમાં, તમારા ભૂતકાળ માટે તમને વિશ્વાસ નથી. શીખો, જાણો, તમારી માતૃભૂમિની કલાની ઉચ્ચતા સમજો અને તેને ચાહો; અને પાશ્ચાત્ય પ્રજાઓનાં અનુકરણો કરીને નહિ, પરંતુ તમારી પોતીકી કલાનું જાતીયત્વ જ કેળવીને તેને અભિવૃદ્ધ ને સમૃદ્ધ કરો.'

એક વાત એમણે ખાસ ધ્યાન ખેંચનારી કહી: 'તમે, અને અહીં અમારામાંના પણ ઘણા બધા, આગ્રાના તાજમહાલ ઉપર શા માટે આટલા બધા મોહી પડે છે તે મને સમજાતું નથી. તાજમહાલ, અલબત્ત, અત્યંત સુન્દર કારીગરીનું સર્જન છે. પરંતુ એમ કદી સાચી રીતે કહી શકાય ખરું કે હિન્દુસ્તાનનો આધ્યાત્મિક આત્મા એક મુઘલ બાદશાહની પ્રિયતમાની કબ્રમાં સંપૂર્ણ સંક્રાંત થયો છે? હિન્દુસ્તાનમાં બીજાં ઘણાંઘણાં એવાં સ્થાપત્ય-સર્જનો અને શિલ્પકૃતિઓ છે જે ત્યાંની સંસ્કૃતિનું અંતઃસત્ત્વ વધારે સફળતાથી અને વધારે સંપૂર્ણતાથી બતાવે છે, અને તેથી સાચા કલાકારને વધારે પ્રિય છે.'

છેવટે તેમણે અમને ઘણું જ વીનવી વીનવીને કહ્યું કે 'તમે જ્યારે દેશ પાછા જાઓ ત્યારે જરૂર એક એવી સંસ્થા સ્થાપજો કે જે હિન્દુસ્તાનમાં પ્રકટ અને પ્રસિદ્ધ થતાં નાનાં-મોટાં સાહિત્ય અને કલાનાં કામોની અમને માહિતી આપે. અમે તમને અમારા અંતઃકરણથી ચાહીએ છીએ, અમે તમારી પ્રગતિ અને સંસ્કૃતિ વિષે જાણવાને તરસે મરીએ છીએ; પરંતુ તમારા દેશનું અને ઈશ્વરનું કોઇ એવું વિલક્ષણ વિધાન છે કે અમોને તે જણાવનાર તમારામાં કોઇ જ નથી.'

'કલાપ્રેમી'



'ગણેશાભિષેક' : આલેખાયાને લગભગ હજાર વર્ષ થયાં હોવા છતાં પદ્મનાભપુરમ્‌ના પુરાણા રાજમહેલની ભીંતપરનાં આ ચિત્રોનાં રેખાઅને રંગ હજી આછર્યાં નથી, ને અજંતા શૈલીનાં એનાં રંગવિધાન અને રેખાવિન્યાસમાં (પાછળના કાળની આલેખનાઓ જેવી) જડતા પ્રવેશી નથી.

ત્રાવણકોરનાં ભીંતચિત્રો

ભારતીય ચિત્રકળાની વિવિધ શૈલીઓનું મૂળ અજંટાની કળા છે એ તો સિદ્ધ હકીકત છે. ઉત્તરે વાઘ-ગુફાઓનાં ચિત્રોના અનુસંધાનમાં પશ્ચિમ રાજસ્થાની ને ગુજરાતી, પૂર્વમાં પાલ શૈલી, હિમાલય પ્રદેશમાં નેપાળી, અને અફઘાનિસ્તાન તથા મધ્ય એશિયાસુધી એની પરંપરા જેમ પ્રસરી, તેમ બાદામી ને સીતાન્નવાસલનાં ગુફાચિત્રોના અનુસંધાનમાં દક્ષિણ ભારતમાં યે છેક મલબાર ત્રાવણકોરના પ્રદેશની પાર લંકા, તથા અગ્નિએશિયામાં જાવા-સુમાત્રા સુધી તેની અસર પહોંચી છે.

આ અંકના પૂઠા ઉપર તથા આ સાથે આપેલાં અદ્‌ભુત ચિત્રો ત્રિવેન્દ્રમ પાસે આવેલા ત્રાવણકોરના પ્રાચીનપાટનગર પદ્મનાભપુરમ્‌ના રાજમહાલયના ચોથા માળે આવેલા (અને હમણાં સુધી અણજાણ રહેલા) એક સાદા ને અગોચર શયનગૃહની ભીંતો પર હોવાનું, હજી થોડાં વર્ષો પર જ દિવંગત થએલા, ભારતીય કલાના મર્મજ્ઞ ડૉ. જેમ્સ કઝિન્સે શોધેલું. હિંદુ દેવદેવતાઓનો લગભગ અરધો સમૂહ એ અંધારિયા ઓરડાની ભીંતો પર અત્યંત ઝીણી વિગતો સાથે કેવો ખીચોખીચ ભરેલો છે તેની પ્રતીતિ આ બંને ચિત્રો કરાવી રહેશે. સદીઓથી અંધારામાં ને અગોચર રહેલાં હોઈ તેના રંગો મશાલ સળગાવતાં જ ચમકી ઊઠે છે, અને ચિત્રવિસ્તારને સપ્રમાણ સંયોજનામાં ભરતી એમાંની વેગવતી રેખાઓ કેવી સજીવ અને રમતી છે એ તો પૂઠા પરના ચિત્રમાંના નટરાજ કે ઉપરના ચિત્રમાંના ગણેશની છટાઓ દર્શાવી રહે છે.




નવેમ્બર અંકના પૂઠા ઉપર જેમનું શિલ્પ આપ્યું હતું તે શિલ્પી ચિંતામણિ કરનું બીજું લાલ માટીનું નાનું શિલ્પ: 'ઉષા અને સવિતર'

વિવિધા


જગવિખ્યાત ઈટાલિયન કલાકાર માઇકલ ઍન્જેલોની ૪૦૦મી પુણ્યતિથિના આ વર્ષના ઉપલક્ષ્યમાં


જ્યારે માઈકલ ઍન્જેલો જન્મ્યો ત્યારે રફાએલ, જ્યૉર્જિઓનો, ટિશ્યાં, લ્યૂથર, કૅલ્વિન કે સેન્ટ ઇગ્નેશિયસ કોઈ જન્મ્યું નહોતું. જ્યારે એ મૃત્યુ પામ્યો ત્યારે ટિશ્યાં સિવાય એ બધા વ્યક્તિવિશેષો અવસાન પામ્યા હતા. બૉતિચેલી, લીઓનાર્દો, સિગ્નોરેલી, ડયૂરર, હૉલ્બિન પણ ત્યારે અવસાન પામી ચૂકેલા. કૉપરનિકસે ગ્રહમાળાનો સિદ્ધાંત જાહેર કરેલો. કોલંબસે અમેરિકા ને વાસ્કો ડ ગામાએ હિંદુસ્તાનનો દરિયાઈ માર્ગ પણ શોધી કાઢેલો. મૅગેલને પૃથ્વીની પ્રદક્ષિણા પણ પૂરી કરેલી. ભાંગતી જતી મધ્યકાલીન યુરોપની સંસ્કૃતિ અને નવા યુગના ઉદયનો માઈકલ સાક્ષી રહ્યો. જ્યારે આ મહાન કલાકારની જીવનજ્યોત વિલાઈ એ જ વર્ષે ઇંગ્લંડમાં મહાન નાટ્યકાર શેક્સપીઅરનો જન્મ થયો.





માઇકલનો પરિચય તો આ વર્ષના
અંક ૪૮૨માં આવી ગયો.
અહીં એની કેટલીક કલાકૃતિઓ જોઇએ.
ઉપર : ક્રોધ. કાળા ચાકથી
કરેલું દસેક ઇંચનું ડ્રૉઈંગ.
તંગ બનેલા મુખભાવોને કેટલી
સચોટતાથી ઉતાર્યા છે!
જમણી બાજુ : સિસ્ટાઈન ચૅપલની
છતના અરધા ભાગનું રેખાંકન.
માઇકલનાં કેટલાંક વિખ્યાત
કલા-સંયોજનો આ છતમાં આલેખાયાં છે.





સ્થપતિ તરીકે માઈકલે રોમમાં કેટલાંક મકાનો પણ બાંધેલાં. સેન્ટ પીટરના જગવિખ્યાત દેવળમાં પણ એણે કેટલુંક સ્થાપત્ય કરેલું. ઉપર આપેલા નકશામાં કાળો કરી બતાવેલો ભાગ માઈકલે કરેલા કામનો છે. જમણી બાજુ એ દેવળનું વિહંગદૃશ્ય આપ્યું છે.

સિસ્ટાઇન ચૅપલની છતનું ચિત્રકામ માઈકલે બેત્રણ ટુકડે કર્યું હતું. ઈ. ૧૫૦૮માં એનો આરંભ કર્યો ને છેક ઈ. ૧૫૧૧માં એણે એ પૂરું કર્યું. એ છતના એક વિભાગમાં 'પ્રલય-પૂર'નું આલેખન છે. નીચે આપેલાં બંને ચિત્રો એ 'પૂર'ના ચિત્રના ભાગ છે. ઈશ્વરે ઘડેલી સર્વોત્કૃષ્ટ કૃતિ માનવ-દેહને કપડાંથી ઢાંકીને ચીતરવામાં એ એનું અપમાન સમજતો હતો.





કંકાવટી

સુગંધી તેલો

માણુસો વાળને વધારવા ને તેને સુંવાળા તથા ચળકતા કરવા જાતજાતનાં તેલ માથામાં નાખે છે. તેલોની જાહેરાત વાંચીને તથા તેની શીશીઓના આકાર, રંગ અને ખુશ્બોથી આકર્ષાઇને ખરીદતાં પહેલાં વાળ શું છે અને તે શાથી સારા રહે તે જાણવું જરૂરી છે.

વાળનાં મૂળ ચામડીનાં પડો નીચે છે. જે ચીજોથી ચામડી સારી રહે તે જ ચીજોથી વાળ પણ સારા રહે. વાળ જીવતી ચીજ છે. તેમને શરીરના લોહીમાંથી પોષણ મળે છે અને તે વધે છે; બીજી કોઈ પણ રીતે તે વધી શકતા નથી. તેમને વધારવાને સારુ ઉમદા પ્રોટીન, વિટામિન 'બી', લોહક્ષાર, ચૂનાના ક્ષારો અને આયોડીનની જરૂર છે. આ તત્ત્વોવાળો ખોરાક જેમનાં પેટમાં ઠીક પ્રમાણમાં જતો હોય તેમના વાળ સારા રહે છે અને વધે છે.

વારસામાં મળેલી બક્ષિશ પણ મોટો ભાગ ભજવે છે. સીદ્દી લોકોના ગૂંચળાંવાળા વાળ ગમે તેટલો સારો ખોરાક ખાવાથી સીધા અને લાંબા ન થાય. ટૂંકા વાળવાળાં માબાપને પેટ જન્મ લેનાર છોકરા-છોકરીઓના વાળ લાંબા ન જ હોય. તે જ પ્રમાણે વાળનો રંગ પણ માબાપના વાળના રંગ પ્રમાણે આવે છે.

વાળનાં મૂળની પાસેની તેલગ્રંથિઓમાંથી જે તૈલી પદાર્થ ઝરે છે તે ચામડી ઉપર આવીને ચામડી તેમજ વાળને સુંવાળાં રાખે છે. જો માથામાં ખોડો અને મેલ જામવા ન દો અને માથું ઝીણા દાંતાની કાંસકીથી ઓળીને સારી રીતે બ્રશ કરીને સાફ કરો તો જ માથા પરની ચામડી પણ સતેજ રહે અને તેથી ત્યાં ઠીક પ્રમાણમાં તૈલી પદાર્થ આવ્યા કરે. બહારથી નાખેલાં તેલ તો વાળની ઉપર જ હોય છે.

આજે તેલોમાં જે કૃત્રિમ રંગો વપરાય છે તે પૈકી ઘણા કોલટારના રંગો હોય છે. કેટલાકમાં ધાતુઓના ક્ષારો પણ આવે છે. કેટલાક રંગો વનસ્પતિના હોય છે. કેટલાંક તેલમાં તો 'વ્હાઈટ ઑઈલ' નંખાય છે જેથી વાળ વહેલા સફેદ થઈ જાય છે.

નીચેની વનસ્પતિઓ તેમની સામે આપેલા રંગ તે તેલમાં પેદા કરે છે: મેંદીનાં મૂળિયાં=લાલ; બહેડાં=પીળાશ પડતો લાલ; આમળાં=લીલાશ પડતો પીળો; મેંદીનાં પાન=રતાશ પડતો લીલો; નગોડ બ્રાહ્મી તેમજ ભાંગરાનાં પાન=લીલો. બનાવતી વખતે જો લોઢાના ક્ષાર નાખે તો સહેજ કાળો રંગ પકડે.

સુગંધી પદાર્થોમાં હાલ તો બધે સિન્થેટિક સુગંધી પદાર્થો નખાય છે જેમાં જૂઇ, ગુલાબ, નારંગી વગેરે આવે છે. દાખલા તરીકે (૧) કૃત્રિમ ગુલાબી એસેન્સ એક ભાગ અને ચાર ભાગ 'ટરપીન ઑઈલ' મેળવીને બનાવેલા તેલમાં નાખે તો ગુલાબની મહેક છૂટે; (૨) ચાર ભાગ બેનેઝીન એસીટેટમાં એક ભાગ જૂઇ કે મોગરાનું કૃત્રિમ એસેન્સ મેળવીને નાખે તો જૂઈ કે મોગરાની વાસ આવે. પણ આવાં એસેન્સ શરીરને લાભ કરતાં નથી. જો કોઈ પણ તેલ શરીરને લાભ કરતાં હોય તો તે સુખડનું તેલ, ઑઇલ રોઝમેરી, ઑઇલ બર્ગોમેટ અને ઑઈલ લેમન; કેમકે આ બધાં કુદરતી પદાર્થોમાંથી કઢાય છે. એવા પદાર્થોમાંથી તેલ બનાવવાની રીત કોઈક વાર આપીશું.

(હરરાય અ. દેસાઇ)

અમે: અખંડ સૌભાગ્યવતીઓ

સ્ત્રી અને પુરુષને સમાન હક્કો ભલે મળતા, પણ બન્નેનાં દષ્ટિબિન્દુમાં ફેર તો રહેવાનો જ. એ ફેર આપણે રાખ્યે રખાતો નથી; કુદરતે જ એવું નિર્માણ કર્યું છે. એનો હરખશોક હોય નહિ. અમે સ્ત્રીઓ આજે કચેરીઓમાં પુરુષનું કામ કરીએ છીએ, પણ ઘેર આવ્યા પછી અમારે સ્ત્રીનું કાર્ય જ કરવું પડે છે. ચૂલાનો અમારો સંબંધ અમે તોડતાં નથી. કચેરીમાં અમે કોઇ ઉપરીની ખુરસીમાં બેઠાં હોઈએ, છતાં જ્યારે માતા બનવાનો સમય સામે આવે છે ત્યારે અમારા એ સ્વાભાવિક હોદ્દાને પહેલી પસંદગી આપવી જ રહે છે. માતૃત્વ એ સ્ત્રી માટેની ઊંચામાં ઊંચી પદવી છે. કુદરતે જ સ્ત્રીને જીવનની રક્ષાનો દોરો સોંપ્યો છે. કૂખમાં બાળકની રક્ષા કરનારી જનેતા, બાળકનો ઉછેર કરી એ રતનનું જતન કરનારી માવડી કુટુંબજીવનને નેહના દોરે બાંધે છે. ઘરનાં માણસોને સ્ત્રી નિઃસ્વાર્થ પાલવથી ઢાંકે છે; કયારેક અંગત આંસુઓ છુપાવીને કુટુંબની એકતાને એ હસતી રાખે છે.

ધરતીની જેમ સ્ત્રી પણ માનવજાતનું કલ્યાણ કરતી આવી છે. ઘરનાં આચાર-વિચારનાં તેજ ઘરની સ્ત્રીને આભારી છે. ગૃહિણી અને માતા,—આ જવાબદારી કોઈ રીતે કમ નથી. કચેરીની કોઇ પણ જવાબદારી આની સરખામણીમાં તુચ્છ છે. પણ આજે કેટલીક સ્ત્રીઓ ક્ષમા-યાચના કરતી હોય એવી રીતે બોલે છે: 'મારે તો ઘર ચલાવવું પડે છે. બહાર નોકરી કરવાની સગવડ મળતી નથી.' અરે! આમાં શરમાવા જેવું શું છે? ઘરનું કામકાજ ઉપાડી લેવું એ શું એક ગંભીર કાર્ય નથી? જગત આખું દોડાદોડ કરે છે ઘરનાં સુખ માટે. પુરુષને સાચું જીવન ઘરમાં જ વિતાવવું પડે છે. ઘર હસતું રહે તો બહારની દુનિયાનો ઉચાટ ભોંઠો પડે. સરસ રીતે ઘર ચલાવતી સ્ત્રીને ભલે કોઈ ચન્દ્રક એનાયત ન થાય; એવા પ્રદર્શનની, એવા સમારંભની ગૃહિણીને જરૂર નથી. પણ પુરુષનું જીવન નરવું રહે એને જીવનમાં રસ રહે અને ઘેર આવવામાં મોજ આવે, તો ગૃહિણીએ વિક્રમ મેળવી જ લીધો કહેવાય. આજે ગંગા ઊલટી વહે છે. ઘર એટલે વધુ સમય નહિ રહેવાનો ઈશારો. આ ઢંગ રૂડા નથી. સ્ત્રીઓ જો ઘરની મમતાનો ટાળો કરશે તો એક દિવસ સમાજમાં અંધાધૂંધી ઊભી થશે. ઘરનો પાયો મજબૂત હશે તો જ દેશની ઈમારત મજબૂત રહેશે.

લગ્નજીવન પછી સ્ત્રીનો ખાસ વ્યવસાય ગૃહજીવન છે. 'કરીઅર' માટે એ ફાંફાં મારીને ગૃહજીવનને કડવું બનાવશે તો એ 'કરીઅર'નો ધખારો, કહેવાતી કીર્તિનો એ સ્તંભ, સ્ત્રીના આનંદને જ ભીંસી નાખશે. પુરુષ સાથે આવી કોઈ શરતમાં સ્ત્રીએ ઊતરવાની જરૂર નથી. આવું માનસ સ્ત્રી પાસેથી સ્ત્રીત્વ ઝૂંટવી લે છે, કુમાશ આંચકી જાય છે, સ્ત્રી વધુ ને વધુ ભાયડા જેવી બનતી જાય છે, છતાં સ્ત્રીને આની જાણ રહેતી નથી; પરિણામે સ્ત્રી ઊર્મિવિહોણી બને છે. સ્વાભાવિક ઊર્મિની આ તંગી આપણી સંસ્કૃતિને જ એક દિ' જોખમમાં મૂકી દેશે.

સ્ત્રીઓને હું ઘરની ગુલામ બનવાનું કહેતી નથી. ઘરની અંદર અન્યાય હોય, જુલમ હોય, સ્ત્રી પ્રત્યેનો આદરસત્કાર ન હોય, સ્ત્રીનું સ્વમાન ઘવાતું હોય, તો સ્ત્રીએ બિચારી થઈને બેસી રહેવું નહિ. પણ આજે તો ઘર છોડીને સ્ત્રી ઘરની બહાર જીવનનું સુખ શોધવા નીકળી પડી છે એમને માટે હું લખું છું. પુરુષ સાથે હરીફાઈમાં ઊતરવાને બદલે સ્ત્રીએ પુરુષને પ્રેરણા આપવી જોઈએ. એ પ્રેરણાથી પુરુષ ઊંચો જશે. સ્ત્રીજીવનનો એવો સાહકાર જગતમાં વધુ ને વધુ જાગી જશે તો, સંસ્કૃતિનું મુખકમળ મલપતું રહેશે.

—અંજલિ દેસાઈ (ધૂમકેતુ)

પ્રેમ તમે એકમેકને જોયા કરો એમાં નથી હોતો,–પણ તમે બંને સાથે મળી એક દિશામાં જુઓ એમાં જ હોય છે.

ઘરગથુ ઔષધ — [૩૧ : જેઠીમધ

જેઠીમધ ખૂબ જાણીતી અને વિપુલ વપરાશવાળી ચીજ છે. પાનના ગલ્લાવાળા પાનને ગળ્યું બનાવવા જેઠીમધ છાંટે છે. મેડિકલ મિક્શ્ચરોમાં સ્વાદ સારો કરવા માટે જેઠીમધનું પ્રવાહી સત્ત્વ વપરાય છે. પીપરમીંટ અને ચૉકલેટ જેવી મધુર ખાદ્ય વાનગીઓમાં પણ જેઠીમધનો ઉપયોગ થાય છે. જેઠીમધના સત્ત્વમાંથી 'થ્રોટ લૉઝેન્જ' (ચૂસવાની ટીકડીઓ) બનાવી ગળાના ઉપદ્રવો માટે વેચાય છે. આમ આજે વિપુલ વપરાશમાં આવતું જેઠીમધ આપણા દેશમાં તો પ્રાચીન કાળથી એકમહત્ત્વનાઔષધતરીકેપ્રયોજાતુંઆવ્યુંછે.

જેઠીમધ ઠંડું, ગળ્યું, ભારે, નેત્રને હિતકારી ને બળ તથા વર્ણ માટે ઉત્તમ, સ્નિગ્ધ, વીર્યને વધારનાર અને કેશ તથા સ્વર માટે હિતકારી હોવા ઉપરાંત પિત્ત, વાયુ, રક્તવિકાર, વ્રણ (ઘા), સોજો, ઝેર, ઊલટી, તરશ, ગ્લાનિ અને ક્ષયને મટાડે છે. (ભાવમિશ્ર)

ચરકે જેઠીમધને કાંતિપ્રદ-એટલે ચામડીના ઉજાસને વધારનાર, બળતરાનું શમન કરનાર, લોહીને શુદ્ધ કરનાર, ચળને મટાડનાર તથા કફનો નાશ કરનાર માન્યું છે.

શોધન–રોપણ

શોધન એટલે શુદ્ધિ અને રોપણ એટલે રૂઝ લાવવી. જેઠીમધમાં આ બંને ક્રિયા કરવાની શક્તિ છે. ઘાને દોષરહિત (સ્વચ્છ) કરવા માટે ભાવમિશ્રે તલ, સિંધવ, જેઠીમધ, લીમડાનાં પાંદડાં, હળદર, દારૂ હળદર અને નસોતરને સમભાગે વાટી ઘીથી મિશ્ર કરી એનો લેપ કરવાનું સૂચવ્યું છે. આ લેપથી ઘાની વિકૃતિ દૂર થાય છે. જેઠીમધમાં બળતરાનું શમન કરવાનો ગુણ છે, એટલે આ લેપથી ઘામાં થતી વેદનામાં પણ રાહત મળશે.

ઘાને શુદ્ધ કર્યા પછી એમાં રૂઝ લાવવા માટે અશ્વગંધા, કડુ, લોધર, કાયફળ, જેઠીમધ અને ધાવડીનાં ફૂલ આ બધાંને સમભાગે લઇ લસોટી, થોડું ઘી નાખી, ચટણીની જેમ ફરી બારીક લસોટી ઘા પર ભરી દેવું.

હવે એક સાવ સાદો પ્રયોગ સદ્યવ્રણ (તરતના ઘા) માટે આપું છું. જેઠીમધનું બારીક ચૂર્ણ એક શીશામાં ભરી રાખવું. શરીરના કોઈ પણ ભાગ ઉપર બાહ્ય જખમ થાય ત્યારે ગાયના ઘી સાથે જેઠીમધનું ચૂર્ણ પથ્થર પર સારી પેઠે લસોટી, મલમ જેવું થાય એટલે અગ્નિ ઉપર સહેજ ગરમ કરી ઘા પર લેપ કરી દેવો. આ લેપ કર્યા પછી વ્રણ પાકવાનો કે સોજો આવવાનો સંભવ રહેતો નથી. ઘીમાં પણ રૂઝ લાવવાનો ઉત્તમ ગુણ છે. વળી જેઠીમધ અને ઘી વેદનાનું શમન કરનારાં છે.

દાહ : બળતરા

શરીરના કોઈ પણ ભાગમાં બળતરા થતી હોય તો એમાં જેઠીમધનો ઉપયોગ લાભદાયી છે. પેશાબમાં, ઝાડામાં, હાથપગનાં તળિયાંમાં, આંખોમાં, છાતીમાં ક્યાંય પણ બળતરા થતી હોય તો જેઠીમધ અને શતાવરી એક-એક તોલો લઈ, બન્ને બરાબર મિશ્ર કરી, એના ત્રણ ભાગ કરી, દિવસમાં ત્રણ વખત ગાયના ઘી અને સાકર સાથે ચાટી જવાં. થોડા દિવસ તીખા અને ખાટા પદાર્થો છોડી દેવા. બને તો ભાત પણ સાતેક દિવસ બંધ કરવો. દશેક દિવસમાં બળતરા શાંત થઈ જશે.

રક્તસ્રાવ


શરીરના કોઈ ભાગમાંથી લોહી પડતું હોય તો જેઠીમધ, ચંદન અને શતાવરી ત્રણેના સમભાગ મિશ્રણમાંથી ૧ તોલો ચૂર્ણ લઈ એને બકરીના દૂધમાં સારી પેઠે લસોટી પછી દૂધમાં મિશ્ર કરી એ દૂધ આખો દિવસ કટકે કટકે થઇને બશેર જેટલું પીવું. બીજો ખોરાક ઓછો લેવો. ખોરાકમાંથી ગરમ, તીખી અને ખાટી ચીજો બંધ કરવી. મીઠું પણ બને તો છોડી દેવું અથવા ઓછું કરવું.

ખાંસી અને સ્વર માટે

ચરકે જેઠીમધને કાસ(ખાંસી)નાશક ને સ્વર માટે હિતકારી કહ્યુ છે. તેને માટેનો 'યષ્ટી મધુવટી'નો પાઠ અહીં આપું છું.

જેઠીમધનો શીરો, વરિયાળી, મીંઢીઆવળ, સાકર તથા તજ આ બધું સરખા ભાગે લઈ એનું ઝીણું ચૂર્ણ કરવું અને દૂધમાં ખરલ કરી (ખૂબ લસોટી) મગ જેવડી ગોળીઓ બનાવી સૂકવીને શીશામાં ભરી લેવી. સૂકી ઉધરસ, ગળાનો દુખાવો, સ્વરભંગ (અવાજ બેસી જવો), કફ, સળેખમ એ બધાંમાં આ ગોળી ચૂસવાથી લાભ થાય છે. જરૂર પ્રમાણે ૫ થી ૧૦ ગોળી એક દિવસમાં ચૂસી શકાય.

લાભશંકર ઠાકર



સ્ત્રીઓના બટવા કે હૅન્ડબૅગનું વૈવિધ્ય તો પાર ન આવે એટલું વિસ્તૃત ગણી શકાય. કપડાં સીવતાં વધેલા રંગબેરંગી અને અવનવી ભાતના કાપડના ટુકડાઓ, ભરતના થોડા વિવિધ ટાંકા, તારા-ટીપકી કે ફૂમતાં યા ઘૂઘરી વડે એને ઘણી રીતે શણગારી શકાય. (નમૂના તરીકે શ્રી દીનુ વાચ્છાના આલેખેલા આ ઉપરના નમૂનાઓ બીજી પણ ઘણી પ્રેરણા આપશે.) એકના એક આકાર કે રચનાને, માત્ર રંગ ને શણગારના ફેરફારથી, એકબીજાંથી ચડિયાતાં બનાવી શકાય. બિનઉપયોગી ગણાતી ચીજોમાંથી કંઇ ઉપજાવવું એમાં કૌશલ તો કેળવાય છે જ, પણ સાથે કરકસર ને સર્જનનો આનંદ પણ એમાંથી મળે છે. આ જ રીતે બહુ ઓછી પડતર કિંમતે બનેલી આવી ચીજો ઠીકઠીક મોંઘી કિંમતે વેચાય છે.

શાકભાજીનું સમયપત્રક : ચોમાસું તો શાકભાજીને અનુકૂળ ઋતુ. આ આષાઢ માસમાં આટલાં બધાં શાકભાજી વાવી શકાશે : ગુવાર, કોળું, કૅબિજ, ફ્લાવર, ભીંડા, વટાણા, ફણસી, કાકડી, ડુંગળી, મૂળા, શક્કરિયાં, રીંગણી, મોગરી, ટમેટાં અને બધી જાતની ભાજીઓ. વાવવાને માટેનું આંગણું ન હોય તે મધ્યમ સ્થિતિનાં અને શહેરમાં રહેનારાંઓ લાકડાનાં ખોખાં કે મજબૂત ટોપલાને અંદર-બહાર ઘટ્ટ તેલિયા રંગ લગાડી તેમાં વાવી શકે. વાવવાની પદ્ધતિઓ અગાઉ આપી છે.

ટિકિટસંગ્રહ

જમ્હુરી ઝાંઝિબાર (ઝાંઝિબાર પ્રજાસત્તાક)ની ખાસ ટિકિટો. (જમણી બાજુ) બંધનની તૂટતી સાંકળ, સ્વાતંત્ર્યના સૂર્યનો ઉદય, લહેરાતો રાષ્ટ્રધ્વજ વગેરે જેવાં, સ્વાતંત્ર્યનાં દ્યોતક આલેખનોની સુંદર ને વિવિધ રચનાઓવાળી આ બહુરંગી ટિકિટો આંખને આકર્ષતી હોવા છતાં એ ટચૂકડાં લેબલો જેવી વધુ લાગે છે. કદાચ ઘણાંને ખબર હશે કે ટાંગાનિકા સાથે ઝાંઝિબારનું TAN-ZAN ને નામે જોડાણ કરવાનું જાહેર થયું છે.

(પ્રેષક: ધનસુખલાલ મહેતા-ઝાંઝિબાર)



← સ્વ. પં૦ નેહરુના સ્મરણની ભારતની ટિકિટ વખતની એમના પ્રિય ગુલાબ સાથેની રદ્દીકરણની છાપ.

નીચે: ન્યૂયૉર્કના વિશ્વમેળા નિમિત્તની અમેરિકાની ખાસ ટિકિટ. (પ્રેષક: મધુ પંડ્યા-અમદાવાદ)





← પક્ષીચિત્રોના અદ્વિતીય આલેખક પ્રકૃતિવિદ્ જ્હૉન ઓડુબનના માનમાં અમેરિકાએ બહાર પાડેલી ટિકિટ અંક ૪૮૫માં આપેલી. તેનું ફર્સ્ટ ડે કવર. (પ્રેષક: મધુ પંડ્યા-અમદાવાદ)






પહેલી જૂને બહાર પડેલી ઇથિયોપીઆની આ શિક્ષણવિષયક ટિકિટો પર ધર્મગુરુ પાસેથી ભણવાના પાઠથી માંડી આજના ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ સુધીના ત્યાંના વિકાસનાં દ્યોતક ચિત્રો છે. (પ્રેષક: શશિકાન્ત-આડિસ અબાબા)



વીસમી 'ઇન્ટરનેશનલ જ્યોગ્રાફિકલ કૉંગ્રેસ' નિમિત્તે બ્રિટને બહાર પાડેલી બાજુની ચાર ખાસ ટપાલ ટિકિટો પરનાં રંગીન આલેખનો-ની શૈલી અને રચના સામાન્યત: બહાર પડતી બ્રિટનની ટિકિટો કરતાં વિશિષ્ટ છે. નીચે ડાબી બાજુ તેનું ફર્સ્ટ ડે કવર આપ્યું છે. (પ્રેષક: શ્રી રામુભાઈ આર. પટેલ બર્મિંગહામ).

જમણી બાજુ સંયુક્ત રાષ્ટ્રોની ૧૫મા 'માનવહક્ક દિન' નિમિત્તની આ ટિકિટ તેની સોનેરી પશ્ચાદ્ભૂને કારણે ઉઠાવ લે છે.







આવતા ઑગસ્ટની પાંચમી તારીખે બ્રિટનમાં મળનારી 'બોટેનિકલ કૉંગ્રેસ'ના પ્રસંગે ત્યાં જે ચાર ખાસ ટપાલટિકિટો બહાર પડશે, એને માટે આગોતરું બહાર પડેલું આ ઑફિશિયલ ફર્સ્ટ ડે કવર અહીં (રામુભાઈ આર. પટેલ–બર્મિંગહામના સૌજન્યથી) આપ્યું છે. આ પછી સપ્ટેમ્બરમાં 'ચતુર્થ બ્રિજ હરીફાઈ' પ્રસંગે પણ બ્રિટન નવી ટિકિટો બહાર પાડવાનું છે.

તવારીખ

અનુગામી

સ્વ. નેહરુના અનુગામીની ચૂંટણીમાં ભારે મથામણ અને કૂટનીતિ પછી અંતે વડા પ્રધાનપદ માટેના બે ઉમેદવારો શ્રી લાલ્-બહાદુર શાસ્ત્રી અને શ્રી મોરારજી દેસાઇમાંથી શાસ્ત્રીજીની ચૂંટણી કૉંગ્રેસ પ્રમુખ શ્રી કામરાજ નાદરે પોતાની વિચક્ષણ નીતિરીતિ વાપરીને કરી (૨/૬/૬૪). શ્રી સદોબા પાટિલ, શ્રીમતી ઈંદિરા ગાંધી અને માજી કૉંગ્રેસપ્રમુખ શ્રી સંજીવ રેડ્ડીને સમાવતું તથા શ્રી મોરારજીભાઇને બાકાત રાખતું શાસ્ત્રીજીનું, ૧૬ પ્રધાનો અને ૧૫ રાજ્યપ્રધાનોવાળું નવું પ્રધાન મંડળ ખાતાંઓના થોડાક ફેરફાર સાથે અસ્તિત્વમાં આવ્યું (૯/૬).

એકચક્રી સત્તાનો અંત

પંજાબના રાજકારણમાં જેનાં મૂળિયાં ઊંડાં ઊતરી ચૂક્યાં હતાં, જેના પાંદડાં સુદ્ધાંને અડવાની પણ કોઇ તાકાત નહોતું બતાવી શકતું અને જેની ઉપરના આરોપોની ત્રણ-ત્રણ વાર તપાસ થયા છતાં કંઈ પરિણામ નહોતું આવી શક્યું એ મુખ્ય પ્રધાન સરદાર પ્રતાપસિંહ કૈરોં સામે અદાલતી તપાસ ચલાવવા માટે શ્રી સુધીર રંજન દાસની નિમણૂક સ્વ. નેહરુએ કરેલી. તેમણે પોતાનો અહેવાલ રજૂ કર્યો, જેમાં પોતાના કુટુંબ અને સગાંવહાલાંઓના લાભ ખાતર શ્રી કૈરોંને સત્તાનો ગેરઉપયોગ કરવા માટે દોષિત ઠરાવવામાં આવ્યા. (૨૧/૬) પ્રજાસત્તાક ભારતના ઇતિહાસમાં એક નોંધપાત્ર બનાવ ગણાએલા આ કૈરોં-પ્રકરણ અંગે કૉંગ્રેસ-પ્રમુખ અને વડા પ્રધાને કડક વલણ અપનાવીને, અગાઉથી જ મુખ્ય પ્રધાનપદનું રાજીનામું આપી બેઠેલા (૧૪/૬) સરદાર કૈરોંની અસર પંજાબમાંથી ભૂંસી નાખવા આકાશપાતાળ એક કર્યાં બાદ કૈરોંના અનુગામી તરીકે નવી જ વ્યક્તિ શ્રી રામકિશનની નિમણૂક થઈ.

ભસ્મ-વિસર્જન

અંતઃકરણથી સાહિત્યિક-સર્જક એવા સ્વ. નેહરુએ ભારતભૂમિ અને એની જીવનદાત્રી ભાગીરથીનું પ્રશસ્તિગાન કરતું પોતાનું વિલ ૧૯૫૪ની ૨૧મી જૂને લખી રાખેલું એમાં દર્શાવેલી ઇચ્છા પ્રમાણે (૧૨/૬) એમનાં અસ્થિ-ભસ્મનો આસેતુ હિમાચલ ઠેરઠેર છંટકાવ કરવામાં આવ્યો. એ પહેલાં ભારતની પ્રમુખ નદીઓમાં અને ત્રિવેણી સંગમ પ્રયાગમાં એમનાં અસ્થિનું વિસર્જન કરવામાં આવેલું (૮/૬).

ટેકનિકલ સહાય

સંયુક્ત રાષ્ટ્રસંઘે ગયા વર્ષ દરમ્યાન દુનિયાના ૧૨૨ દેશોમાં ટેકનિકલ મદદ તરીકે ૩,૦૩૭ નિષ્ણાતો મોકલવા સાથે લગભગ ૨૪ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો.

સાઈપ્રસમાં શાંતિ-સેનાપતિ

તુર્કી અને ગ્રીસે જેના કારણે એકબીજા સામે ખાંડાં તાણ્યાં છે એ, ભૂમધ્ય સમુદ્રમાં આવેલો સાઈપ્રસના નાનકડા ટાપુમાં શાંતિ સ્થાપવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘની દેખરેખવાળું જે લશ્કર રાખવામાં આવ્યું છે એના વડા તરીકે ભારતના જનરલ જ્ઞાનીની જગ્યાએ ભારતના જ ભૂતપૂર્વ સરસેનાપતિ જનરલ કે. એસ. થિમય્યા નિમાયા (૧૬/૬).

૫૦ ટકા મૃત્યુનું કારણ

વિશ્વ-આરોગ્ય-સંસ્થાએ બાવીસ દેશોમાં કરેલી તપાસ પ્રમાણે ૫૦ ટકા ઉપરાંત માનવીઓનાં મૃત્યુ હૃદયના હુમલાથી થાય છે!

પંચશૂલીનું આરોહણ

હિમાલયનાં આજ સુધી અજિત રહેલાં બે શિખરો-૨૫,૬૪૫ ફીટ ઊંચું નંદાદેવી અને ૨૨,૬૫૦ ફૂટની ઊંચાઈના ભારતીય પંચશૂલીનાં ત્રણ શિખરો-ઉપર સફળ આરોહણ કરીને-પર્વતારોહણ ક્ષેત્રે નવા વિજયસ્તંભ રોપ્યા. નંદાદેવી આરોહણ (૧૨/૬)ના આગેવાન હતા કૅપ્ટન એન. કુમાર અને પંચશૂલીના આરોહણ (૧૩/૬)ના અગ્રણી હતા લેફ્૦ એ. કે. ચૌધરી.

શિખર-મંત્રણાઓ

અગ્નિ-એશિયામાં છેલ્લા છ મહિનાથી વધારે પ્રમાણમાં પ્રવર્તતી તંગ સ્થિતિનો અંત લાવવા મલયેશિયા, ફિલિપાઈન્સ અને ઇન્ડોનેશિયાના વડાઓની શિખર-પરિષદ ટોકિયોમાં મળી; પણ મલયેશિયા-ઇન્ડોનેશિયાની સમાંતર સરહદ ઉપર ઈન્ડોનેશિયાએ ગોઠવેલાં લશ્કરો અને ગેરીલ્લાઓને પાછાં ખેંચી લેવાના મુદ્દા ઉપર ઇન્ડોનેશિયાના પ્રમુખ ડૉ. સુકર્ણોએ અણછાજતું અક્કડ વલણ અપનાવતાં મંત્રણાઓ પડી ભાંગી (૨૦/૬).

આઈન્સ્ટાઇનને પડકાર

આઇન્સ્ટાઇનના કેટલાક સિદ્ધાંતોને પડકારતો અને ન્યૂટનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત ઉપર આધારિત એક નવો ગણિતશાસ્ત્રીય સિદ્ધાંત બ્રિટનના પ્રા૦ ફ્રેડ હૉઈલ અને તેમના સાથીદાર ભારતના શ્રી જયંત નારળીકરે રજૂ કર્યો (૧૩/૬).

મધ્યમ વર્ગ

ભારતનાં શહેરોમાંના મધ્યમ વર્ગનાં ૩૬ હજાર કુટુંબોની કરાએલી તપાસ પ્રમાણે મધ્યમ વર્ગની સરેરાશ આવક રૂ. ૨૦૦થી રૂ. ૨૫૦ સુધી છે પરંતુ ઘણા મોટા વર્ગનો ખર્ચ એથી વધુ છે. એમાંના મોટા ભાગની વ્યક્તિઓ નોકરિયાતો ને શિક્ષકો છે(૧૪/૬).

દળી દળીને...

ખાસ કરીને છેલ્લાં છ મહિનાથી ભારતમાં જીવનજરૂરિયાતથી અનિવાર્ય ચીજોમાં જે અપૂર્વ ભાવવધારો થઈ રહ્યો છે એને કાબૂમાં લેવાની વિચારણા કરવા સઘળાં રાજ્યોના મુખ્ય પ્રધાનોની પરિષદ ત્રણ દિવસ માટે પાટનગરમાં મળી, પરંતુ કશાં નક્કર પગલાં લીધા વિના નિષ્ફળ રહી (૨૬/૬).

બેભાની

એક મોટર અકસ્માત પછી ૩૯ દિવસ સુધી એકધારી રીતે બેભાન રહેલા આંધ્રના શિક્ષણ-પ્રધાન શ્રી પી.વી.જી. રાજૂ ભાનમાં આવ્યા. પરંતુ જાપાનમાં તો એક સ્ત્રી હજુ છ મહિનાથી બેભાન સ્થિતિમાં જ છે, એટલું જ નહિ પણ તેણે એ જ સ્થિતિમાં એક બાળકને જન્મ પણ આપેલો (૧૯/૬)!

નાગરિક હકોનો ખરડો

અમેરિકામાંના હબસીઓના કેટલાક મૂળભૂત માનવઅધિકારો ઉપરના પ્રતિબંધોને દૂર કરતો અને સર્વ જાતિઓને સમાન હક્કો આપતો નાગરિક-ખરડો અમેરિકાની સેનેટે પસાર કરીને સ્વ. કેનેડીનું યથાર્થ તર્પણ કર્યું, એટલું જ નહિ પણ અમેરિકા અને દુનિયાના રંગભેદ ક્ષેત્રે એક સિમાચિહ્ન સ્થાપ્યું(૨૦/૬).

યુદ્ધનું જોખમ

અગ્નિએશિયામાં લાઓસ અને દક્ષિણ વિયેટનામમાં વધુ ને વધુ પ્રદેશ સામ્યવાદીઓના હાથમાં જઇ રહ્યો છે. સામ્યવાદીઓનું એ આક્રમણ અટકાવવામાં ન આવે તો કદાચ સંપૂર્ણ અગ્નિએશિયા તેઓના સકંજામાં ચાલ્યું જાય એવા ભયથી અમેરિકાના પ્રમુખ જૉહાનસને જાહેર કર્યું કે, 'જરૂર પડયે અમેરિકા યુદ્ધ પણ ખેલી લેવા તૈયાર છે (૨૯/૬).

નિકાસમાં વધારો

વધુ દેશોમાં વધુ માલની નિકાસ કરીને ભારતે '૬૩-'૬૪ના વર્ષમાં રૂા. ૭૯૫ કરોડ માલની નિકાસ કરી છે. ગયા વર્ષ કરતાં એ રૂા. ૮૧ કરોડ વધારે છે.

ધરતીકંપ

પૂર્વ આફ્રિકામાં ધરતીકંપના નાના આંચકાને કારણે ટાંગાન્યાકાના સેંકડો નાગરિકો ઘરબાર વિનાના થઇ ગયા.

ચન્દ્રવદન મહેતા

રંગગઠરિયાં · ૪૭

તરંગરંગના તાણાવાણા

તમે નહિ માનો, પણ પ્રેમપત્રો લખનારા શરૂઆતમાં જેમ દસબાર મથાળાં લખી, ફેરવી ફાડે છે, એમ આનું મથાળું પણ વારંવાર બદલ્યા કર્યું. આખરે આ ઉપજાવ્યું ત્યારે મનને ગમ્યું. તરંગરંગના તાણાવાણા, એ વિષયને પ્રેમપ્રણય સાથે કશાં સનાનસૂતક તો નહિ; પણ પ્રેમની સૃષ્ટિમાં ઘણી વાર વગર વાણાના યા બિનતાણાના પરપોટા ઊપસી રહે છે, એવું જ ઘણી વાર બની રહે છે.

પારી(સ)ના ઓરલી હવાઇ મથકેથી 'એર ફ્રાન્સ'માં માડ્રિડ જવા બપોરે પારી(સ)માં છેલ્લી વાર જીભ રસળાવતું ભોજન જમીને ઊપડું છું, અને એર ફ્રાન્સનો તાગ કાઢી 'સ્વિસ એર વધારે સારું કે ડચ 'કે. એલ. એમ.' બહેતર' એના સરવાળા-બાદબાકીમાં મથું છું ત્યાં મને ભૂલથી બેસાડનાર એર હોસ્ટેસે ઉઠાડી બીજી વધારે સારી જગ્યા આપી. અહીં ડાબી બાજુએ નીચે જોવાનું કાચનું જાળિયું તો હતું જ, પરંતુ સામે નાનકડું ટેબલ, ને ત્યાર બાદ બેસનારાની પીઠ નહિ પણ સામે મોઢે બેસી શકે એવી યોજનામાં એક નર અને એક નારી બિરાજમાન હતાં. એમાંના નરે કોણ જાણે શું યે ધારી મને ફ્રેન્ચમાં કંઈક પૂછ્યું તો મેં 'ના'નું ડોકું ધુણાવ્યું. એટલે માળાએ પોર્ચુગીઝમાં મમળાવ્યું. એમાં ન વળ્યું એટલે એણે ચોખ્ખી અસ્પાનિયા ખિલાવી. એનો મેં આંગ્લિસિયામાં જવાબ વાળ્યો, એટલે એ ચબરાક નરનું મોઢું મહોરી ઊઠ્યું. અંગ્રેજીમાં એણે તમે ક્યાંના, ક્યાં જવાના, એવી જે રાબેતા મુજબની વાતો પૂછી તેમાં આ લખાણમાં લાંબે ઊતરી આપણે વખત નહિ બગાડતાં સીધા જ વિષય ઉપર આવીએ.

ટેબલ હતું એટલે એનો વિચાર પાનાં રમવાનો, અને ચોથા કોઇને પકડી લાવવાનો, પણ મેં જિંદગીમાં ચાનસ પર કાનસ, અને સાદા સાત હાથ સિવાય પાનાં રમવામાં બહુ માથું મારેલું નહિ, એમાં બ્રિજ કે રમી તો જાણે મારો અલ્લાયો! એટલે મેં રમવા માટે ના કહી. પણ તરત મેં સ્પેનિશ ભાષાના 'પારા' અને 'પોર' એ બે શબ્દોના વપરાશ વિષે વાત પૂછી. એટલે એ તો આખા શરીરે ઝણઝણી ઊઠ્યો. 'પોર' એટલે અંગ્રેજીમાં 'ફૅાર'–(માટે); પણ એ ઉપરાંત 'અંદરથી', 'એના જેવો', 'જેમ', 'એને બદલે', 'ટકાની તેરીખે', એવા જાતજાતના અર્થમાં વપરાય! ને 'પારા'નો અર્થ પણ અંગ્રેજીમાં 'ફૅાર', પણ કોઇ ઠેકાણે પહોંચવા 'માટે', 'ઊપડવા' માટે. 'પારટીર પારા એસ્પાના' એટલે કે સ્પેન ઊપડવા માટે, એમ જાતજાતના વપરાશમાં લેવાય છે. એના ભેદ સાધારણરીતે સમજતાં વાર લાગે. પાનાં પાનાંને ઠેકાણે રહ્યાં, ને એ બેઠક પર ટટાર થઈ ગયો. એર હોસ્ટેસ પાસે 'કાર્ટા' (એટલે કે કાગળ) મંગાવી એ તો તરત મારો ગુરુ થઈ બેઠો.

યુરોપમાં અંગ્રેજી અને ફ્રેન્ચ મહત્ત્વની ભાષાઓ ગણાય; પરંતુ દક્ષિણ અમેરિકાની ગણતરી કરીએ તો અસ્પાનિયા જરા પણ ઓછી મહત્ત્વની ન અંકાય. એ ઉપરાંત, આપણી સવારી માડ્રિડ ઊપડતી હતી તેનું કારણ તો જગમશહૂર સરનાઈટ ડૅાન કિહોટે ('ક્વિક્ઝોટ' એ ખોટો ઉચ્ચાર છે.)ની સાથે ગુફતેગો કરવાનું હતું; એમની સાથે સંજોગ મળે તો વાર્તાલાપ કરવો પડે; વખત આવ્યે ઘોડેસવારી કરી કિલ્લામાં હાજર રહી ગોઠવાએલા ભોજન સમારંભમાં હાજરી આપવી પડે; કોઈ દીન-દુઃખિયારી રિબાતી-પિડાતી નિરાધાર લલનાની વહારે ધાઇ એને સુરક્ષિત સ્થળે મૂકી આવવી પડે; દુષ્ટ નરાધમ માયાજાળ વિસ્તારનાર કપટી રાક્ષસવર્યો સામે મુકાબલો પણ કરવો



આલેહાંન્દ્રો કાસોનાના 'બાહર પ્રાઈમાડોના' નાટકનું એક દૃશ્ય

પડે; એમની સામે ભાલો તાકી એમને પડકારવા પણ પડે; અને ન ગમે ત્યારે મનમોજી, ભોળાભોટ ગોળમટોળ ગટ્ટી ગટોરગછ સાંકો પાન્ઝા સાથે કહેવતોની અંતકડી રમવામાં પણ ઝુકાવવું પડે; એટલે થોડુંઘણું અસ્પાનિયાનું જ્ઞાન ન હોય તો તો આવી જ બને ને?

મારી બાજુમાં કોઇ નહિ, પણ સામે બાજુમાં બેઠેલી સન્નારીને આપણે બે વાક્યમાં પતાવી દઇએ. મોઢા ઉપરથી મીંઢી, મૂજી તો લાગતી જ હતી, અને મારા જુવાન ગુરુએ એને કંઈ સંબોધ્યું ત્યારે વીસ દિવસની ખાટી થએલી છાશ પીતાં જેવું કટાણું મોઢું થાય, એવું અતિશય ખરબચડું મોં કરી કંઈ બોલી. તે સમજી એ અને એનો દૈત્ય. સામે બેઠેલા ભાઈનું નામ મૅન્યુએલ ડી પેડ્રોલો. આશરે ચાળીસની આસપાસના, પણ શરીરમાં તાજગી વીસની. જ્યારે એને એમ ખબર પડી કે મને રંગભૂમિના વિષયમાં રસ છે અને નાટકો પણ લખું છું ત્યારે એનો તો જન્મારો જાણે સફળ થઈ ગયો હોય એટલો આનંદ એણે વ્યક્ત કર્યો. પેલી સૂંઢમૂંઢ બેઠેલી યુવતી જાણે ત્યાં છે જ નહિ એમ ગણી એણે નાટકના કસબની અફલાતૂન વાતો શરૂ કરી. એની ભાષા કેટેલેન–સ્પેનમાંના એક ભાગમાંની જ, પણ ફ્રેન્ચ અંગ્રેજી અને અસ્પાનિયાથી અધરી. એ ભાષામાં એણે નવલકથા અને નાટકો લખ્યાં છે એ જાણી મારો મનવો પણ સચેત બની ગયો, સૈનિક વીમાનું કામકાજ કરનાર, શિક્ષક, અનુવાદક અને સાહિત્યના ક્ષેત્રમાં વિવિધ ઈનામો હાથ ધરનાર આ દેખાવડી વ્યક્તિ મળવાથી મારા આનંદના પાર નહોતો. વળી એ નાટકકારની ખ્યાતિ જાણી મને ભારે અચંબો થયો.

ભારતના સાહસવીરોએ દરિયા ખેડેલા એ હકીકત કબૂલ રાખી આજે ગણતરી કરવા બેસીએ તો ગુજરાતી અને હિન્દી, તામિલ અને તેલુગુ હિન્દ બહાર પ્રસરેલી જોવામાં આવશે, પણ એમાં હિન્દ બહારથી સાહિત્યના ક્ષેત્રમાં ફાળો નજીવો જાણવા મળશે. અંગ્રેજોએ દુનિયા ખેડી, પણ તે પહેલાં સ્પેનિયાર્ડોએ સમુદ્રોને ઓળંગેલા, વલોવી નાખેલા. કોલંબસે અમેરિકા અને વાસ્કો ડ ગામાએ કાલિકટમાં વહાણો લાંગર્યાં ત્યારથી સ્પૅનની ભાષા પૂર્વ અને પશ્ચિમમાં સારા પ્રમાણમાં પ્રસરી. દક્ષિણ અમેરિકાએ તો સાહિત્યમાં પણ મોટા પ્રમાણમાં ફાળો આપ્યો. વળી સ્પૅનિયાર્ડો બહાર ઘૂમ્યા, તેમ એમના પ્રદેશ ઉપર

પણ અરબો અને મૂર લોકોએ થાણાં જમાવ્યાં હતાં, કિલ્લેબંદી કરી હતી અને સંસ્કૃતિ પણ ફેલાવી હતી, એટલે સ્પૅનની ભાષામાં દિલચસ્પ રંગરોગાન જોવા મળે એ કુદરતી છે. પોર્ચુગીઝ ભાષા એ આમ તો સ્પેનની ભાષામાંથી ફૂટેલો ફણગો છે, એટલે અમેરિકાની દક્ષિણે કેપ હૉર્ન અને ટેરા દેલ ફ્યુએગોથી માંડી દમણ દીવ ગોવા, સિલોન મલાકા મોઝાંમ્બિક, અને મેક્સિકો બ્રાઝિલની ઉત્તર-દક્ષિણમાં પણ એ ભાષાનો આજે વિસ્તાર જાણવા મળે છે. કાર્થેજથી કાફલો ગયો, ત્યારબાદ રોમનો પણ સ્પેનમાં વિહર્યા, એટલે લૅટિન અને ગ્રીક ભાષાની અસર હેઠળ એ ભાષા બંધાઈ. એમાં બાસ્ક ભાષાએ પોતાનું એક સ્વરૂપ મેળવ્યું. એમાં એક આઇબેરિયન ભાષા ફૂટી. આરા, ગાડા, નાડા, આગા, એવાએવા વિવધ પ્રત્યયો ભાષામાં ભરચક ભરાતા, એમાં એક પ્રકારનું માધુર્ય પણ દાખલ થવા પામ્યું.

આપણા પેડ્રોલોની કેટેલેન ભાષાનું પાટનગર બાર્સિલોના. એક કાળે ત્યાંના ઉમરાવો અરધા ભૂમધ્ય પર રાજ્ય કરતા ને પોતાની ભાષાનો પ્રભાવ વિસ્તારતા. આરબોએ 'અલ' ઉમેરી, નામો વધારી, ભાષામાં જે એશિયાઈ લહેકો ઉમેર્યો, એથી ભાષામાં મુલાયમતા અને કૌવત બંને સપ્રમાણ વધ્યાં. વળી એક ફણગો કેસ્ટિલિયનનો ફૂટચો, અન્ડુલેશિયનનો ફૂટચો. યહૂદીઓએ આવી પોતાનો રોપો વધાર્યો. આખરે ઈ. ૧૧૪૦થી ભાષાનું એક કલેવર વણાવું શરૂ થયું, તે ત્રણ-ચાર સૈકા ચાલ્યું. એમાં ભળ્યા અમેરિકન ઇન્ડિયનોના ભારોભાર શબ્દો. દખ્ખણ અમેરિકાની આદિવાસી કોમ આરાવાક, પાનો, ગુઆરાની, માનુચી અને છેક દક્ષિણે અલિકાલુફ પ્રજાના શબ્દોએ પણ સ્પેનમાં પ્રવેશ કર્યો.

ફ્રાન્સ તો ઉત્તરમાંની વળી સ્પૅનિયાર્ડો હોલૅન્ડ જીતવા ગએલા, અને ઇંગ્લૅંડ સામે પણ યુદ્ધે ચડેલા. જર્મનોએ તો એક વાર સ્પેનમાં પગદંડો નાખેલો. આથી એ ભાષામાં શબ્દોના વપરાશ, ક્રિયાપદોના વળાંક, વિશેષણોનાં વિભૂષણો વધતાં જ રહ્યાં. ચામડાં ચકચકાવવામાં ફ્રેન્ચ પૉલિશને કોઈ ન પહોંચે, એટલે ફ્રેન્ચ ભાષાની માલિશની અસર પણ થઈ. પરિણામે ડૉન કિહોટેના સમર્થ લેખક સર્વાન્ટિસે પોતાની કલમ ખીલવી ત્યારે ભાષાનું સ્વરૂપ એ મહાન લેખકની લેખિનીને આવકારવા સજ્જ થઈને તૈયાર જ હતું. મોટાએ નાના સાથે કેમ વાત કરવી એ તો બહુ સાદી વાત છે, અને ઠેરઠેરની ભાષામાં જોવા મળે. વૈદ્ય વેપારી વ્યવહારીને વાણિજ્ય કરનારાની વચ્ચેની ભાષા અનોખી હોય તે પણ સમજાય એવી વાત છે. પરંતુ ગમે તે પુરુષ ગમે તે સન્નારી સાથે ગમે તેમ વાત નથી કરી શકતો. પુરુષની ઉંમર ગણાય દસથી એંશીની વચ્ચેની, અને સન્નારીની દસથી સિત્તેરની વચ્ચેની. એમાં પુરુષ સૈનિક છે? ઘોડેસવાર છે? રાજદરબારી છે? ઓળખીતો છે? સગોવહાલો છે? અપરિચિત છે? પ્રણયતરસ્યો છે? અને સન્નારી કયા માન મરતબા મોભાને લાયકની છે? એના ઝીણામાં ઝીણા ભેદ ઘટાવાયા, એને લાયક વાક્યરચના સજવાણી અને એવાએવા વિવિધ બુટ્ટાઓથી ઊપસેલી ભાષા નાટકોમાં આલેખાણી, રંગભૂમિ ઉપર ભજવાતી રહી. લેખકોએ નિયમો ઘડચા અને નિયમબદ્ધ છતાં એ વિકસતી રહી.

ભાષા એમ વિકસે છે અને સમૃદ્ધ થાય છે એ જાણીતી વાત છે. અંગ્રેજી, ફ્રેન્ચ એમ જ દેશપરદેશના શબ્દવૈવિધ્યે, વ્યાકરણરચનાએ, પ્રત્યય ઉપસર્ગો થકી પાંગરી ને પાંગરતી રહી. તામિલ તો જૂની ને સંસ્કૃત તો પછીથી આવી, માટે અમારી તામિલમાં સંસ્કૃત શબ્દો ન ખપે, ઘૂસ્યા હોય તો તે કાઢી નાખીએ, એવા વર્તન-વિચાર થકી ભાષા નહિ પાંગરે. એમ જ ઉર્દૂ અરબી ફારસી અંગ્રેજી ફિરાંસિયા શબ્દોને આપણા દુશ્મન માની એને ગુજરાતીમાંથી કાઢવા મિથ્યા પ્રયાસ કરીએ તે કેમ પાલવે? નારંગાડા એટલે નારંગી: મૂળ નારંગા ફારસી ત્યાંથી અરબો સ્પેનમાં લઈ ગયા; ત્યાં નારંગાડા થયું; નારંગીના ઝાડને નારંગો બનાવ્યું; અને કોઇ ભગાના ભાઈ અંગ્રેજને 'એ નારંગા' એમ બે શબ્દો સાથે લખેલા વાંચતાં ન આવડચા, તે 'એ' આર્ટિકલનો 'ઍન' આર્ટિકલ કરી, આરાંગને છૂટો પાડી, આરેન્જ કરી ઑરેંજ કરી નાખ્યું! ક્યાં નારંગી અને ક્યાં ઑરેંજ; પણ એ બંને ચાલુ થઇ ગયાં. આપણે ફારસીમાંથી કે અસ્પાનિયાથી નારંગા શબ્દ લાવ્યા; એને નાની જાણી નારી જાતિ બનાવી. 'બાંક' એટલે બાંકડો; 'ઝપાટ' તે સપાટ એટલે પગરખાં; પગાર એટલે મહિને પૈસા ચૂકવવા; ગાનારાં નાચનારા જરાજરામાં 'સોલો આઇટેમ' કરે છે તેમાંનું 'સોલો' આ બધા અસ્પાનિયાથી અહીં આવેલા શબ્દો છે. એને કઇ રીતે પાછા કાઢશું વારુ?

ના જી, નાટકકાર મૅન્યુઅલ ડ પેડ્રોલોએ કેટેલિયન અને અસ્પાનિયા એ બે ભાષામાં વ્યંજન અને સ્વરમાં કાળે કરીને થએલા ઉચ્ચારણમાંના ફેરફાર સમજાવ્યા એનું પિંજણ અટાણે નહિ કરું; પરંતુ આપણને સૌને જેમાં રસ છે તે એની ખ્યાતિ વિશે વિગતોમાં ઊતરું એ જ ઠીક. ખ્યાત એની આઇનેસ્કોની, સૅમ્યુઅલ બેકેટની, ઝાં જીનેની, સાર્ત્રે પછી જે બેકેટે 'વેઇટિંગ ફૉર ગોડોટ' લખ્યું એની જમાતના આ અસ્પાનિયાના સજ્જન. ઍરિસ્ટૉટલે અને ભરતે પ્લૉટની વાત કરી. નાટકમાં કથા જોઇએ અને એ વસ્તુની ગૂંથણી જોઈએ; પ્લૉટ વિના નાટકમાં રંગત શી? એ સૂત્રને હચમચાવી પ્લૉટ વિનાનાં નાટકો લખનારી આ જમાત. તખ્તા ઉપર કશું બને જ નહિ, કંઈ થાય જ નહિ. પરદો ઊપડે ત્યાંથી વાત આગળ વધે જ નહિ; લેખકની ધૂન કહો, એનો તુક્કો કહો, એના મગજમાં આવેલું એક 'ફેફરું' કહો, યા નિંદરમાં સેવેલું એકાદું સ્વપ્નું કહો; અને સ્વપ્નું કહો તો વળી આગળ ચાલતાં ન મળે એને થડ-પાયા કે આદિ-અંત, ન મળે કંઈ ઘાટઘૂટ કે આકાર-હકીકત; બસ એક મનસ્વી તરંગ, પરપોટો, હૃદયમાં ઊપજેલું વમળ, એક પ્રલાપ, એક ખયાલ એક ખ્વાબ!

પણ બાળક કાગળ પર લિસોટા દોરે એને કોઈ ચિત્ર કહેતા નથી. એમ જ બે ચાર પાત્રોને એકઠાં કરી ન સમજાય એવા સંવાદોમાં વાર્તાલાપ યા ચડભડ કરાવવાથી નાટક બનતાં નથી. લખનારા ભલેને લખે, પણ એની ભજવણી જોવા કોણ જાય? 'ગોડોટ' ઘણે ઠેકાણે ભજવાયું. મનમાં ઉદ્ભવતી ભૂતાવળ ને ઘેરામાં ઘેરી ચિંતાવાદળીને, તીણામાં તીણા વિશાદને વાક્વ્યાપારમાં જન્માવવાની મથામણ, અને તે નાટકના ચોકઠામાં, એ એમનું કામ. ખાસ કરીને સૅમ બેકેટનું. 'ક્રેપની છેલ્લી ટેપ'માં ભાષા, અવાજ, મૌન, ધૂનનો ઉપયોગ કરી નાટકનું સામર્થ્ય એણે બહલાવ્યું છે. ધારાધોરણ મુજબનું પાત્રાલેખન નહિ, વસ્તુગૂંથણી નહિ, અને છતાં માનવીના ચિત્તંત્રમાં વ્યથા વિશાદ ઊપજ્યા કરે એનો ચિતાર આપવાનું કામ સહેલું તો નથી જ.

પેડ્રોલોએ કૉકેસસમાં જન્મેલા પણ પારી(સ)માં રહી ફ્રેન્ચમાં નાટક લખનારા આર્થર આડામોવની વાત કરી. આડામોવે નાટકો તો ઘણાં લખ્યાં છે, પણ હવે એ કહે છે કે આ મારાં નાટકો નથી! મેં લખ્યું, પણ એ મારું લખાણ જ નહિ. આ સંસારમાં છે શું? બધું જ ખાલીખમ; મિથ્યાવાદથી ભરપૂર; આખરે નિરર્થક. એનું એક નાટક 'પિંગપૅાગ'. એમાં બે જણા રમે; એક મશિન જુએ, એમાં સુધારા સૂચવે; એમ કરતાં એમાંથી વેપાર કરી પૈસા કમાવાનું સૂઝે; આમ તાંતણો નીકળતો જાય. પણ પેલા બે વિકટર લાલા અને આર્થર ભૈયા? પેલું મશિન જોયું ત્યારથી જીવનની ઘટમાળ એ મશિનની જ

આસપાસ જ. પ્રેમમાં પડે તો યે તકરાર થાય મશિનને લઈ ને. એમના મનમાં પ્રત્યાઘાતો થાય તે મશિન ઉપરથી. આમ મશિનની રચનાને લઈને જ એ બંનેના સંસારની કરણી ઘડાતી જાય. એમાં બુઢ્ઢા પણ થાય અને છેવટે એક મરણ પણ પામે, આર્થર એકલો રહી જાય. આ બધાની પાછળ આખરે શું? કંઈ જ નહિ. નિરાશાવાદનો સંદેશો? હોય પણ જગત મિથ્યા છે એ જાણીએ જ છીએને?

એ જમાતના પ્રતિનિધિ, આવાં ગાર્ડવાળા આઇનેસ્કો વિષે તો આપણે જાણી ગયા. પણ એની પછીના જુવાનિયાઓ આવાં ગાર્ડને પણ વટાવી આગળ નીકળી ગયા છે. જીને(ટ)નું 'બાલ્કની' અને 'બ્લૅક્સ' એ પ્રકારનાં નાટકો. એમાં મુદ્દો શો એ શોધવું જ મુશ્કેલ. ધૂળધોયાનો ધંધો કરીએ તો સોનાકણિકાઓ મળે. અને તે એટલી જ કે માનવી એકલો જ છે, દુનિયા અસાર છે, અને સત્ય શું છે એ કોઈ જાણતું જ નથી. આ પંથે જે જુવાનિયાઓ વળ્યા છે એ બધાને પેડ્રોલો ઓળખે, સારી રીતે ઓળખે. તાર્ડયુ ઉમરમાં મોટો, પણ અખતરાઓ કરવામાં એક્કો. ઘટનાઓમાં મેળ જેવું કંઈ નહિ. કાર્યકારણની સાંકળ મૂકી ટોલ્લે. કહેવાની મતલબ વિચક્ષણ રીતે જ કહે. એક કિસ્સામાં બાપ, મા અને દીકરો ટેબલ ઉપર બેઠાં છે, ત્યાં બાપ દીકરાને સવાલો પૂછે અને પોતે જ જવાબો આપે: 'સવારે કયાં ગયો હતો? નિશાળમાં.' વહુને પૂછે: 'વહેલી કયાં ગઇ હતી? બજારમાં શાક લેવા.' એમ પૂછે અને પોતે જ જવાબો દીધે રાખે. એટલામાં બહાર એકાદ ઓળો દેખાય, બાપ ઊઠીને બારણું ખોલે. પેલો ઓળા જેવો માણસ બાપની ડોકી મરડી નાખે ને મુરદું લઈને ચાલ્યો જાય. માદીકરો બારી બહાર જુએ તો મુરદાંનો ઢગલો. એમાં બાપનું મુરદું યે છે, એને બોલાવે. એ ઊઠીને ઓરડામાં દાખલ થાય! મા પૂછે છે: 'તમને કોણે મારી નાખ્યા?' બાપ કહે છે: 'કોઈ હતો; માનવી નહોતો.' મા પૂછે છે: 'તમે કોણ છો?' બાપ કહે છે: 'હું હવે માનવી તો નથી જ.' મા પૂછે છે: 'તમે હતા તે કોણ હતા?' બાપ કહે છે: 'કોઈ જ નહિ. શૂન્યમ્.'

આપણે તારવણી કરવી હોય તો એનાં વળી બીજાં એકબે નાટકોના પ્લૉટ જોઇએ. 'લા સેફ્ર' લ્યો. ભડકતા નહિ, સ્થળ છે વેશ્યાનું ઘર. બહારના કાણામાંથી ઘરાક અંદર નહિ દેખાતી નારીને જુએ છે અને પોતે પોતાની જાતને ઉદ્દેશી મન સંતોષાય એ રીતે કહેતો રહે છે: 'હા, હવે એણે કપડાં કાઢવા માંડયાં. ચણીઓ, ચોળી...બધાં જ કપડાં કાઢી નાખ્યાં. અરે હવે તો એણે આંખો પણ કાઢી નાખી, કાન, નાક, ગાલ, શરીરના બધા જ ભાગ કાઢી નાખ્યા. હવે તો એનું ફક્ત હાડપિંજર જ દેખાય છે'. અને ગભરાટમાં, વિમાસણમાં, અચંબામાં એ દોડાદોડી કરી બારણું ઉઘાડવા, અંદર જવા જાય છે, ત્યાં બારણા સાથે અફળાઈ પડી મરી જાય છે. એનું મુરદું પડે છે ને પેલી અંદરની બનેલીઠનેલી વેશ્યા દાખલ થઈ કહે છે: 'હાશ, મહાશયને હવે સંતોષ થયો હશે.' આપણે ત્યાં આવું નાટક કરે તો બધા તરત કહે કે આ હાડચામડાંનો માળો, માટીની કાયા માટીમાં મળવાની, એમાં નવું શું?

જ્યોતિષના રસિયાને ગમે એવું નાટક પણ એણે લખ્યું છે. જ્યોતિષનો તો મને પણ શૉખ, અને પેડ્રોલોએ કહેલા કિસ્સા ઉપરથી મને પણ એ કિસ્સો ગુજરાતીમાં ઉતારવાનું મન થયું. એનો અંગ્રેજી તરજુમો પેડ્રોલોએ મોકલી આપવા કહ્યુ છે એટલે આવે એટલી વાર. એક સરકારી ઈન્ફર્મેશન ઑફિસ. [આપણે ત્યાં નવા હિન્દી વીરોએ એનાં બે નામો પ્રચલિત કરવા ફાંફાં માર્યાં છે: 'સૂચનાલય' અને 'પૂછતાછ'. એક દિલ્હીના સ્ટેશન પર જોશો, બીજું આબુના સ્ટેશન પર વાંચશો. ૭૦૦–૮૦૦ કિલોમીટર દૂર હિન્દીમાં પણ ફરક તો થવો જોઈએને?] આ ઇન્ફર્મેશન દફતરમાં એક પ્રવાસી આવી ગાડીનો સમય પૂછે છે અને દફતરદાર એને સામા સેંકડો સવાલ પૂછે છે. તું કોણ છે, ક્યાં જન્મ્યો છે, ક્યારે પરણ્યો, કોને પરણ્યો, તારાં માબાપ ક્યાં છે, તારી ઉમર કેટલી, વગેરે વગેરે વગેરે. આખરે દફતરદાર ત્યાં જ એને એની જન્મપત્રિકા ગોઠવી આપે છે, અને કહે છે કે જોગ તો એવો છે કે અહીંથી આ દફતરની બહાર તું જશે કે તરત જ તારું મોત થશે. અને બને છે પણ એમ જ. એ જાય છે, અને બહાર ટ્રેન નીચે એ ચગદાઈ જાય છે—તુરત એની ચીસ સંભળાય છે.

રાજાનું સર્પદંશથી મૃત્યુ છે અને એવા પ્રકારની વાતો આપણા કથાસરિત્સાગરમાંથી ઘણી મળી રહે. પણ આપણે પ્રારબ્ધવાદી છીએ જ. ત્યાં પ્રારબ્ધને લઇને આમ થયું કે પેલાના મનમાં સંશય પેઠો એટલે મૂઓ, એનો કોયડો જ રજૂ કરવામાં આવ્યો છે. પણ એની અખતરાખોરીનો અંત જ નથી. એક તો એવું નાટક લખ્યું કે એમાં ભાષા ન આવે, તો યે પૅન્ટોમાઈમ નહિ. ભાષા સંગીતના સાત સૂર જેવી. 'અ આ આ' આલાપમાં જ વાતો કરે! એક કૃત્રિમ બાલે નૃત્ય રજૂ કરવા પ્રયાસ કર્યો, પણ તે નૃત્ય ને સંગીત વિના! એકમાં કહે છે કે ક્રિયાપદો જ આપણા જીવનવ્યવહારને ઘડે છે, ઘટાવે છે. રૉબર્ટની વહુ અકસ્માતમાં મરી ગઇ. પછી રૉબર્ટ ભૂતકાળમાં જ જીવે છે, એની વહુ ભવિષ્યકાળમાં જ વાત કરે છે. ભૂતકાળમાં જીવતો રૉબર્ટ પણ આખરે તો ગુજરી જાય છે. ત્રણે કાળમાં કશો ભેદ છે જ નહિ એવું ઘટાવવાનો પણ આ એક પ્રયત્ન છે.

એણે કિશોર નાટકકાર બોરિસ પીઆંની વાત કાઢી. આ ટોળકી કેવળ મોતને ભયંકર યા નફ્રર હકીકત તરીકે, યા આ જન્મ કેવળ કાળના કારાગૃહમાં કેદ જ છે એ રીતે, યા જિંદગીમાં કશું જ અર્થ વગરનું છે નહિ એમ જ માત્ર જોનારા કે ચીતરનારા નથી. કંઈક એમની માવજત કેવળ કાવ્યમય, રહસ્યમય, ગૂઢ સત્યોને સ્પષ્ટ કરનારી પણ બને છે. હા, માણસ જેમ જીવન ગુજારતો જાય છે તેમ તેમ એ પોતાનું કુંડાળું વિસ્તારવાને બદલે નાનકડું કરતો જાય છે એવું આ બોરિસે એક નાટકમાં પ્રતિપાદન કર્યું છે; અને તે આપણી આસપાસ અહીં નજર દોડાવતાં ઘણાના કિસ્સામાં ખરું પણ લાગે છે. પેડ્રોલા સાહેબે તાજેતરમાં એના ઉપર એક લેખ લખ્યો હતો, એમાંનો થોડો ભાગ વાંચી સંભળાવ્યો, ત્યારે તો એ નાટકકારના જીવનમાંથી જ કેવી કરૂણ ઘટનાઓ સંભવી એ જાણીને મારી આંખમાં પાણી ભરાઈ આવ્યાં. સ્વાભાવિક રીતે હું નોંધ કરતો નથી, પણ બોરિસે જિંદગીમાં કેટકેટલા ધંધા ક્ર્યા એની યાદી તો મેં તરત જ ટપકાવી લીધી. ૧૯૨૦માં જન્મી ૧૯૫૯માં અવસાન પામ્યો એ પહેલાં એણે એન્જિનીઅરિંગનું, વાજાંવાળાની ટોળીમાં ટ્રમ્પેટ બજાવવાનું, ફિલ્મમાં નટ તરીકે, નવલકથાકાર તરીકે, પારી(સ)ના એક્ઝિસ્ટેંશિયાલિસ્ટોના એક અડ્ડાના માનવંતા સભ્ય તરીકે, કૈક અંગ્રેજ-અમેરિકન લેખકોના અનુવાદક અને સ્વતંત્ર નાટકલેખક તરીકે કામ કર્યું હતું. જિંદગીમાં જાતજાતના અનુભવ મેળવનારાઓ મોટે ભાગે સફળ સાહિત્યકાર થાય છે એ તો જાણીતી વાત છે જ. અરેરે, એ હમણાં જ ગુજરી ગયો: જૂન મહિનામાં, જ્યારે અમે હૉલૅન્ડ ફેસ્ટિવલમાં નાટકો જોતા હતા ત્યારે. અને તે કેવા સંજોગોમાં? એની એક નવલકથા ઉપરથી કોઈએ એક ફિલ્મ તૈયાર કરી. પણ એમાં ફેરફાર એવા કરેલા કે એ માટે બે મોટા મત પ્રવર્તતા. એટલે પહેલાં તો આ ફિલ્મ જોવાનો એક ખાનગી શો રાખવામાં આવ્યો હતો. બોરિસને નોતરવામાં નહોતા આવ્યા, પરંતુ એ છાનામાના કોઇને ખબર ન પડે એમ હૉલમાં દાખલ થઈ ગયા, અને ફિલ્મ પૂરી ન થઈ એ પહેલાં તો એ જોતાંજોતાં જ તેઓ જમીન પર ઢળી પડ્યા! (અનુસંધાન પૃષ્ઠ ૨૮૮)

અમદાવાદનું એક અલ્પપરિચિત સ્થાપત્ય

અમૃતવર્ષિણી વાવ

લેખકો: ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. કાન્તિલાલ સોમપુરા

કૂવાઓની વિવિધ જાતોમાં વાવ એ ગુજરાતની આગવી વિશિષ્ટતા છે. સામાન્યરીતે પગથિયાંવાળા કૂવાને આપણે વાવ કહીએ છીએ. સંસ્કૃતમાં એને વાપી કે વાપિકા કહે છે. દક્ષિણ ભારતમાં ઉપરથી પહોળા ને ક્રમેક્રમે નીચે ઊતરતાં સાંકડા થતા જતા કૂવાને કલ્યાણ-વાપી તરીકે ઓળખવામાં આવે છે. આ રચના કુંડને વધુ મળતી આવે છે. વળી તેમાં આપણી વાવની માફક ખંડો, પરથારો કે મંડપો (કૂટ)ને ભાગ્યે જ અવકાશ હોય છે.

ગુજરાતની વાવની રચના વિશિષ્ટ પ્રકારની છે. સૂર્યના તાપથી તેમજ પ્રવાસના શ્રમથી કંટાળેલો મુસાફર વાવમાં ઊતરી, તેની અંદરના શીતળ ખંડોમાં વિશ્રાંતિ લે અને શાંતિથી નાસ્તોપાણી કરી

વાવના સંસ્કૃત તથા ફારસી લેખના પાઠ

૧ ॥ ૐ ॥ श्री नर्मदायै नमः ॥ श्री महागणपतये नमः।
२ संवन्नवाद्र्यद्रिभूमौ शाके [ऽ]ब्ध्यब्धिरसाब्जके। माघे।
३ कृष्णे च पंचम्यां। वासरे देवपूजिते ॥ १ ॥ वायुभे ध्रु-
४ वयोगे च। तैतले करणे [ऽ] पि च ॥ क्षात्रगोकुलपौत्रेण
५ भगवत्तनुजन्मना ॥ २ ॥ रघुनाथस्य दासेन। वापी
६ पीयूषवर्षिणी ॥ कृता विश्वोपकाराय। नगरे गुर्जरा-
७ भिधे। तया संतोषतामेतु। सांबः श्रीपतिसंयुतः। ३।
८ संवत् १७७९ वर्षे शाके १६४४ प्र[व]र्तमाने प्रमाथिना-
९ म्नि संवत्सरे। उत्तरायणे। शिशिर ऋतौ। माघे मासि
१० कृष्णपक्षे। पंचम्यां गुरौ स्वातिनक्षत्रे। ध्रुवयोगे। तैत-
११ लकरणे। तद्दिने महाराजाधिराजक्षत्रियकुलति-
१२ लकेन श्रीरघुनाथदासेन जगदुपकारायामृतव-
१३ र्षिणी नाम्नि(म्नी) वापी प्रतिष्ठिता। सा च आर्चंद्रार्कं वर्द्धि-
१४ ष्णुर्भूयात् ॥ १ ॥ लिखितं औदीच्यद्विजसहस्रदवे श्री ५ म-
१५ हाशिवात्मज मुकं(कुं)दजी। ठाकुर परमानंद दरोगा [।] शिल्पि(ल्पी) काशी-
१६ दास तथा रां(रा)मदास सोमपुरज्ञातीय मिलित्वा कृतः। शुभं भवतु शिवं [।]

બસર બુર્દમ તમામી (એ) ઉમ્ર રા દર કારે આંબો ગિલ,
કિહ શાયદ યકદમી સાહિબદિલી આં જા કુનદ મન્ઝિલ.
બર લૌહે સંગ ખામએ ફોલાદ નક્શ બસ્ત
રઘનાતદાસ બાનીએ ઈ મબ્બઅ હસ્ત.
સન ૧૧૩૫*

*ફારસી લેખના આ લિપ્યંતર તથા ભાષાંતર માટે ડૉ. છોટુભાઈ ર. નાયકના આભારી છીએ.

તાજગી મેળવે એ તેનો હેતુ હોઈ, તેની રચના તદનુસાર કરવામાં આવી છે. ઉપરાંત ગુજરાતે પોતાનાં ઇતર સ્થાપત્યોની માફક વાવને પણ કલાકૌશલથી ખૂબ શણગારી છે. પરિણામે ગુજરાત જેવી અને જેટલી કલાસમૃદ્ધ વાવો ભારતના કોઇ પ્રદેશમાં જોવામાં આવતી નથી. પાટણની રાણી વાવ (સં. ૧૦૮૮), અડાલજની રૂડા રાણીની વાવ (સં. ૧૫૫૫) અને અમદાવાદની દાદા હરિની વાવ (સં. ૧૫૫૬) ખૂબ જ જાણીતી છે. આ ઉપરાંત ગુજરાતમાં બીજી પણ ઘણી પ્રાચીન વાવો છે.

અમદાવાદમાં પાંચકૂવા દરવાજા પાસે કોટની દીવાલને અડીને, તલદર્શનની દૃષ્ટિએ ગુજરાતભરમાં અભિનવ, બહુ અલંકૃત નહિ પણ સાદી છતાં ભવ્ય, સં. ૧૭૭૯ની સાલમાં બંધાએલી એક વાવ છે. વાવનો ઘાટ કાટખૂણાકારનો છે પરંતુ તેને એક જ પ્રવેશ અને ત્રણ કૂટ હોવાને કારણે સ્થાપત્યની પરિભાષા પ્રમાણે 'નંદા' જાતિની વિશિષ્ટ ઘાટ કે શ્રેણીની વાવ કહેવી ઉચિત ગણાશે. પશ્ચિમ દિશામાંથી વાવમાં પ્રવેશ કરીને બે કૂટ (ખંડ-મંડપ) વટાવ્યા પછી એક ચોરસ પરથાર આવે છે. અહીંથી વાવ કાટખૂણે વળાંક લે છે અને એમાં ત્રીજું કૂટ વટાવ્યા પછી વાવનો પ્રાંત યા કૂવો આવે છે. આમ વાવ પશ્ચિમાભિમુખી છે પરંતુ તેનો કૂવો ઉત્તરે આવેલો છે. વાવના પશ્ચિમ-પૂર્વ ભુજની લંબાઇ ૬૮ ફૂટ છે. પ્રવેશનો પરથાર પાંચ ફૂટનો છે. અહીંથી વાવમાં ઊતરવાનાં પગથિયાં શરૂ થાય છે. પગથિયાં ૧ ફૂટ પહોળાં ને ૬ ઇંચ ઊંચાઇનાં છે. પ્રથમ દસ પગથિયાં ઊતર્યા પછી ૩ ફૂટ પહોળો પરથાર આવે છે. ત્યાર પછી દસ પગથિયાં વટાવ્યા બાદ ૬ ફૂટ પહોળો પરથાર આવે છે. અહીં વાવનો પ્રથમ કૂટ પૂરો થાય છે. (અત્યારની પરિભાષામાં વાવનો આ દ્વિતીય માળ ગણાય.) ફરી દસ પગથિયાં, ત્રણ ફૂટ પહોળો પરથાર અને દસ પગથિયાં ઊતરતાં વાવના ૧૧ ફૂટ સમચોરસ પરથારમાં પહોંચાય છે, જ્યાંથી વાવનો દક્ષિણ-ઉત્તર ભુજ શરૂ થાય છે. અહીં વાવનો દ્વિતીય કૂટ (યાને પ્રથમ મજલો) છે. દક્ષિણ-ઉત્તર ભુજની કુલ લંબાઇ ૨૫ ફૂટ છે. ૧૧ ફૂટના સમચોરસ પરથાર પછી દસ પગથિયાં ઊતર્યા પછી સાડા ચાર ફૂટ પહોળા પરથારે વાવનો ત્રીજો કૂટ આવે છે. આ પરથારને અડીને વાવનો ૧૧ ફૂટ વ્યાસનો કૂવો છે. વાવની પહોળાઇ ૧૧ ફૂટ છે. ત્રીજા કૂટના જમીન તળથી વાવના મથાળા સુધીની ઊંચાઈ ૨૫ ફૂટ છે. એમાં ભૂમિમાળ (ground floor) માત્ર પાંચ ફૂટ ઊંચાઇનો અને બાકીના બે માળ દસ દસ ફૂટ ઊંચાઇના છે. દ્વિતીય કૂટના તળિયેથી શરૂ થતા કૂવાની ઊંડાઈ ઘણી હશે એમ લાગે છે.


ત્રીજો કૂટ તથા ત્યાંથી શરૂ થતો કૂવો હાલ ઘણે અંશે દટાઈ ગએલા છે. બીજા કૂટનો પણ નીચેથી કેટલોક ભાગ પુરાઈ ગયો છે. વળી કૂટને ઢાંકતા પાટો તથા તે પરના મંડપો કે ઘુંમટો વગેરે પણ રહ્યા નથી.


વિશિષ્ટ ઘાટ-આકાર સિવાય આ વાવનું ખાસ કોઈ આકર્ષક અંગ નથી. અડાલજની વાવની માફક પનિહારીઓના વિશ્રામાર્થે બાંધેલા ખંડો તથા તે સાથે સંલગ્ન કઠેડાયુક્ત ઝરૂખા તથા અલંકૃત કંદોરા અને સ્થંભો અહીં નથી. સાદા સ્થંભો પર સાદી કમાને પાટડા ચડાવી માળોની રચના કરેલી છે.

વાવમાં સફેદ આરસ પર બે લેખો કોરેલા છે. વાવનાં પગથિયાં




વાવનો પ્રવેશમાર્ગ પ્રથમ ફૂટ પરથી. નીચે: પ્રવેશદ્વાર પરથી દેખાતો વાવમાં જવાનો માર્ગ. જમણી તરફની બે છબી વાવના સંસ્કૃત તથા ફારસી શિલાલેખોની છે. (ફોટો: જમનાદાસ પંચોલી)
જમણીબાજુ ઉપર વાવનું છેદદર્શન અને નીચે તેનું તલદર્શન દર્શાવ્યું છે.











ઊતરતાં પ્રથમ ફૂટના અંતિમ પરથારની દીવાલ પર ડાબા પડખે વિ. સં. ૧૭૭૯નો સંસ્કૃત લેખ, અને તેની બરાબર સામેની દીવાલ પર હિ. સ. ૧૧૩૫નો ફારસી લેખ કોતરેલો છે. આ લેખો દ્વારા વાવનું નામ, બંધાવનાર તથા બાંધનાર આદિની માહિતી મળે છે.

સંસ્કૃત લેખ ૧૯ પંક્તિનો છે, એનો આરંભ ૐ ॥ શ્રી નર્મદાયૈ નમ: ॥ વગેરે મંગલવચનોથી થાય છે. લેખની મુખ્ય હકીકત શરૂઆતમાં પદ્યમાં અને પછી ગદ્યમાં આપી છે. પદ્યરચના અનુષ્ટુપના ત્રણ શ્લોકોમાં કરેલી છે. એમાંનો ત્રીજો શ્લોક ચારને બદલે છ ચરણનો છે.

પહેલા દોઢ શ્લોકમાં વાવ બંધાવ્યાની મિતિ આપવામાં આવી છે, જે ગદ્ય લખાણના આરંભમાં પણ આપી છે (પં૦ ૮–૧૧): મિતિ (વિક્રમ) સંવત ૧૭૭૯(નવ–અદ્રિ–અદ્રિ- ભૂમિ)શાકે ૧૬૪૪(અબ્ધિ–અબ્ધિ–રસ–અબ્જ) વર્ષે માઘ માસના કૃષ્ણ પક્ષની પાંચમી તિથિ, ગુરુ (દેવપૂજિત) વાસર, સ્વાતિ (વાયુ) નક્ષત્ર, ધ્રુવયોગ અને તૈતલ કરણની છે. ગદ્યભાગમાં પ્રમાથી સંવત્સર, ઉત્તરાયણ અને શિશિર ઋતુની વિગત ઉમેરવામાં આવી છે (પંક્તિ ૮–૯).

પછી આ વાવ કરાવનાર વ્યક્તિની વિગત આપી છે. ક્ષાત્ર ગોકુલના પૌત્ર અને ભગવાનના પુત્ર રઘુનાથદાસે વિશ્વોપકાર માટે ગુર્જરનગરમાં પીયૂષવર્ષિણી વાપી કરાવી (શ્લો. ૨–૩). ગદ્યભાગમાં રઘુનાથદાસને 'મહારાજાધિરાજ' અને 'ક્ષત્રિયકુલતિલક' કહ્યા છે ને વાવનું નામ 'અમૃતવર્ષિણી' જણાવ્યું છે (પં૦ ૧૧–૧૩).

પદ્યભાગને અંતે 'તે (વાવ) વડે વિષ્ણુ (શ્રીપતિ) સાથે શિવ (સાંબ) સંતોષ પામો' એવી ઇચ્છા દર્શાવી છે (પં૦ ૭); ગદ્યભાગના મુખ્ય વાક્યને અંતે 'તે (વાવ) ચંદ્ર સૂર્ય (ટકે) ત્યાં સુધી વૃદ્ધિ પામતી રહો' એવી ઇચ્છા વ્યક્ત કરી છે (પં૦ ૧૩-૧૪).

આ લેખ ઔદીચ્ય બ્રાહ્મણ દવે મહાશિવના પુત્ર મુકુંદજીએ લખેલો છે (પં૦ ૧૪-૧૫).

એ સમયે દરોગા ઠાકુર પરમાનંદ હતા (પં૦ ૧૫).

વાવ સોમપુરા જ્ઞાતિના શિલ્પી કાશીદાસે અને રામદાસે મળીને બાંધી હતી (પં૦ ૧૫-૧૬).

અંત 'શુભં ભવતુ શિવં' એવા મંગલવચનથી આવે છે (પં૦ ૧૬).

ફારસી લેખ ચાર પંક્તિનો છે. એની રજૂઆત બે શેરના પદ્યમાં કરેલી છે. એનો અર્થ આ પ્રમાણે છે:

મેં મારી તમામ ઉમર પાણી અને માટીના કામમાં ગુજારી છે, જેથી શાયદ કોઇ નેકદિલ આદમી ત્યાં થોડો વખત થોભે.

પથ્થરની તક્તી પર પોલાદની કલમે લખ્યું છે. આ મોટા ઝરા (વાવ)નો બાંધનાર રઘનાથ (રઘુનાથ) દાસ છે.

ચોથી પંક્તિની નીચે (હિજરી) સન ૧૧૩૫ ઉમેરવામાં આવી છે.

આમ સરખા મોટા કદની તક્તી હોવા છતાં ફારસી લેખમાં વાવ બંધાવનારનું નામ અને હેતુની જ હકીકત આપી છે.

આ બે શિલાલેખો પરથી જાણવા મળે છે કે વાવનું નામ અમૃતવર્ષિણી છે. વાવ વિ.સં. ૧૭૭૯, શકવર્ષ ૧૬૬૪ અને હિ.સ. ૧૧૩૫માં બંધાઈ હતી. મહા વદ પાંચમ અને ગુરુવારની મિતિ પરથી એ દિવસે ઈ.સ. ૧૭૨૩ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખ હોવાનું જણાય છે.

'ગુર્જરનગર' શબ્દ અહીં સ્પષ્ટતઃ ગુર્જરદેશ (ગુજરાત)ના પાટનગર અમદાવાદ માટે પ્રયોજાયો છે.

અમદાવાદમાં ઇ.સ. ૧૭૨૩માં આ અમૃતવર્ષિણી વાવ બંધાવનાર રઘુનાથદાસ ક્ષાત્ર રાજકુલના હતા એવું આ લેખમાંના ઉલ્લેખો પરથી ફલિત થાય છે. પરંતુ અમદાવાદના વહીવટમાં એ કેવું સ્થાન ધરાવતા એ વિષે અહીં કંઈ નિર્દેશ કરવામાં આવ્યો નથી.

'મિરાતે અહમદી'માંથી જાણવા મળે છે કે રઘુનાથદાસ ગુજરાતના સૂબેદાર મોએઝ-ઉદ્-દૌલા હૈદર કુલીખાનનો અંગત દીવાન હતો. હૈદર કુલીખાન અગાઉ સુરતનો હાકેમ હતો. ઈ.સ. ૧૭૧૫માં એણે સુરતનાં પરાંને આવરી લેતો આલમપનાહ કોટ બંધાવવો શરૂ કરેલો ને ૧૭૧૭માં હૈદરપરું વસાવેલું. ૧૭૨૦માં એ ગુજરાતનો સૂબેદાર અને સુરત બંદરનો મુત્સદ્દી નિમાયો. દિલ્હીમાં ચાલતી ભારે રાજખટપટને લઈને એ એક વર્ષ ત્યાં જ રોકાયો ને ૧૭૨૧માં અમદાવાદ આવ્યો. દરમિયાન એનો દીવાન રાજા રઘુનાથદાસ સુરત બંદરના નાયબ તરીકે કામ કરતો હતો; ત્યાં બીજાની નિમણૂક થતાં તે પણ અમદાવાદ આવ્યો હતો. અમદાવાદમાં સંજોગવશાત્ દીવાન રઘુનાથદાસનાં માણસો અને પરાંના ફોજદાર કાઝી અલમઉદ્દીનનાં માણસો વચ્ચે કારંજ બજાર પાસે તકરાર થઇ ને એ ઝપાઝપીમાં દીવાનનો ભાણેજ મરાયો. મોએઝ-ઉદ્-દૌલાએ અમદાવાદ આવી પોતાની કામગીરી તે પછી સંભાળી. પરંતુ બાદશાહી ઘોડા કબજે લઈ લેવા, જાગીરો જપ્ત કરવી, દરબારી હુકમોનો અનાદર કરવો વગેરે તુમાખીભરી વર્તણૂકની ફરિયાદો પરથી એની જગ્યાએ નિઝામ-ઉલ-મુલ્કની નિમણૂક કરવામાં આવી. એ વખતે દીવાનના હોદ્દાની કામગીરી પોતાના જમાઇ ભોગીલાલને સોંપી રઘુનાથદાસે નિવૃત્તિ લીધી હતી, છતાં તેણે જરૂર ઊભી થતાં પોતાની ફરજ બજાવી ને મોએઝ-ઉદ્-દૌલાને બાદશાહની હજૂરમાં જવા રવાના કરી દીધો. નિઝામ-ઉલ-મુલ્કે ૧૭૨૨માં થોડા મહિના સૂબાગીરી બજાવી. એ પછી એની જગ્યાએ મુબારિઝ ઉલ મુલ્ક સરબુલંદખાનની નિમણૂક થઈ. તે અમદાવાદ આવી પહોંચે ત્યાં સુધી સૂબાની નાયબગીરી શુજાઅતખાનને સોંપાઈ.

રાજા રઘુનાથદાસે આ દરમિયાન અમદાવાદમાં પરમાર્થ માટે સારંગપુર દરવાજા અને કાળુપુર દરવાજાની વચ્ચે આવેલા પાંચકૂવા પાસે, કિલ્લાની ખાઈમાં વરસાદનું પાણી ભરાઈ રહેતું હોવાને લીધે ત્યાં કૂવામાં મીઠું પાણી નીકળે છે તે જોઈ, એક વાવ બંધાવવા માંડી હતી. તે ઈ.સ. ૧૭૨૩ના ફેબ્રુઆરીમાં પૂરેપૂરી બંધાઈ રહી. પાંચકૂવા દરવાજો તો રેલવે થયા પછી સગવડ ખાતર પાછળથી ચણાયો છે.

આમ રઘુનાથદાસ અમદાવાદના સૂબેદારના દીવાનનો અધિકાર ધરાવતા, પરંતુ વાવના સંસ્કૃત લેખમાં ક્ષત્રિયકુલતિલક અને મહારાજાધિરાજ કહ્યો છે તે પરથી લાગે છે કે અસલ કદાચ એ કોઈ પ્રદેશનો રાજા હતો. એ જાણવા મળતું નથી.

સંસ્કૃત લેખમાં દરોગા પરમાનંદનો ઉલ્લેખ પણ આવે છે. દરોગા એટલે દેખરેખ રાખનાર મુખ્ય અમલદાર. જકાત, પોલીસ, જેલ, તિજોરી વગેરે ખાતાંના મુખ્ય અમલદાર તે તે ખાતાના દરોગા કહેવાતા. અહીં કોઈ ખાતાનો ઉલ્લેખ ન હોઇ, ઠાકુર પરમાનંદ શહેરનો કે શહેરના સિપાઇઓનો વડો અમલદાર હોવાનો સંભવ છે.

ઔદીચ્ય સહસ્ર ને સોમપુરા જ્ઞાતિનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે.

એ જમાનામાં પથિકોને શીતલ જલ તથા હૂંફાળી વિશ્રાન્તિ દેનાર આ અમૃતવર્ષિણી વાવ, એના સારા બાંધકામ તથા શિલાલેખો છતાં, પાંચકૂવા દરવાજા પાસેના પોલીસ થાણા પાછળ ઢંકાએલી રહી છે ને શહેરની વધતી જતી વસતિને લઈને એ દરવાજા પાસેના કોટની જેમ આ વાવ પણ વહેલીમોડી લુપ્ત થઈ જવા સંભવ છે. વાવની રચના એ ગુજરાતના સ્થાપત્યનું એક વિશિષ્ટ અંગ હોઈ અન્ય વાવોની પેઠે આના સંરક્ષણ અર્થે પણ કંઈ પ્રબંધ કરવામાં આવે એ ઈષ્ટ છે.

અનુસંધાન] **રંગઠરિયાં** [પૃ. ૨૮૫થી

આ જમાતમાં ઈટલી, જર્મની, ઈંગ્લંડ અને અમેરિકાના નાટકલેખકોનો પણ સમાવેશ થઈ શકે એમ છે. ડીનો બુઝાટી અને એરિકો, મૅક્સ ફ્રિશ અને વુલ્ફાંગ, હૅરૉલ્ડ પિન્ટર અને સિમ્પસન, એમનો ફાળો નોંધપાત્ર છે. પિન્ટરની 'ડમ્બ વેઈટર' અને 'કેર-ટેકર' તો જાણીતી કૃતિઓ છે જ. પાછા ક્યાં અહીંથી આપણે લંડન જઇએ, નહિ તો પિન્ટરની લખાવટની ખૂબી જાણવા મળત. માણસ પોતાના ઓરડામાં ગોંધાએલો તો છે જ, છતાં એટલી જગ્યા માટે પણ મારામારી કરતાં થાકતો નથી. પિન્ટરે સંવાદકલા અને અવલોકનશક્તિ એના બળે રંગભૂમિની કળા હાથમાં લીધી છે અને પોતાની અલાયદી સૃષ્ટિમાં રહી અખતરાખોરીમાં સારી નામના મેળવવા માંડી છે.

આ નવા નાટકકારો વિષે આટલું બધું ને નવુંનવું જાણવા મળ્યું. એમનો અડ્ડો પણ પારી(સ)માં, અને પારી(સ)થી ઊપડતાં આ નવી અવ્યવહારુ અસંભવની નાટચરચનાના વિચારો મનમાં ઘોળાતા તો હતા જ, એમાં આ ભારે પ્રોત્સાહન મળ્યું. ફ્રાન્સ તો ક્યારનું દૂર રહી ગયું, અને અમારી વાતચીતનો છેડો આવે તે પહેલાં તો અમે પીરીનિઝ ગિરિમાળા કુદાવી માડ્રિડના પાદર ઉપર ચકરાવો ઊતરવાનું પણ શરૂ કરી દીધું. ઊતર્યા, ગયા, રહ્યા, ક્યાં એ વાત હમણાં બાજુએ રાખી પેડ્રોલો સાહેબનો સંગાથ જ જાળવી રાખીએ. બેત્રણ દિવસ માડ્રિડમાં રહી એ બાર્સિલોના જવાના હતા, અને તે જ રાતે ઝરઝુએલામાં એમનું એક નાટક ભજવાવાનું હતું. એટલે આપણે ઉતારે જઈ તરત નાટકમાં એમની સૂચના પ્રમાણે હાજર થઇ ગયા. (ચાલુ)

ઈંડાં

શરીરવિકાસ માટેનાં લગભગ બધાં આવશ્યક પોષક દ્રવ્યોથી સમૃદ્ધ
દૂધ અને માંસની વચ્ચેનો રક્ષણદાયી ખોરાક

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરની વૃદ્ધિ અને નિભાવ માટેના ખોરાક વનસ્પતિસૃષ્ટિ ઉપરાંત પ્રાણીસૃષ્ટિમાંથી પણ સ્વીકારાયા છે, એટલે વનસ્પતિજ અને પ્રાણિજ એમ ખોરાકના બે મુખ્ય વિભાગ છે. પ્રાણિજ ખોરાકમાં માંસ માછલી અને ઈંડાંનો સમાવેશ થાય છે. વનસ્પતિજ ખોરાકમાં માત્ર વનસ્પતિમાંથી પ્રાપ્ત થતા ખોરાકનો સમાવેશ થાય છે, છતાં આપણે દૂધનો તેમાં સમાવેશ કરેલો છે. કોઈ પણ પ્રાણીને પ્રત્યક્ષ ઈજા કરી કે એને મારી નાખીને મેળવેલો ખોરાક પ્રાણિજ ખોરાક કહી શકાય. કેટલાક લોકો ઈંડાંને દૂધના જેટલો જ નિર્દોષ પદાર્થ લેખે છે. દલીલ એ છે કે દરેક ઇંડાંમાંથી બચ્ચું થાય જ એવો નિયમ નથી. કેટલાંક નિર્બીજ ઈંડાં પણ હોય છે.

પ્રાણિજ ખોરાક અંગે ગાંધીજી 'આત્મકથા'માં આ પ્રમાણે લખે છે: 'વિલાયતમાં માંસની ત્રણ વ્યાખ્યા મેં વાંચેલી. એકમાં માંસ એટલે પશુપક્ષીનું માંસ; તેથી તે વ્યાખ્યાકારો તેનો ત્યાગ કરે, પણ માછલી ખાય, ઈંડાં તો ખાય જ. બીજી વ્યાખ્યા પ્રમાણે જેને સામાન્ય મનુષ્ય જીવ તરીકે જાણે છે તેનો ત્યાગ હોય. એટલે માછલી ત્યાજ્ય, પણ ઈંડાં ગ્રાહ્ય. ત્રીજી વ્યાખ્યામાં સામાન્યપણે મનાતા જીવમાત્ર અને તેમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓનો ત્યાગ.' આ વ્યાખ્યા પ્રમાણે ઈંડાં અને દૂધ પ્રાણિજ ખોરાક જ ગણાય. ગર્ભ કે બચ્ચાના દેહના વૃદ્ધિ અને વિકાસ માટે આવશ્યક બધાં ઘટકોયુક્ત કોઇ વિશિષ્ટ ખોરાક હોય તો તે દૂધ ને ઈંડાં છે. આવા ખોરાકમાં વધારે પ્રોટીન, વધારે ખનિજ દ્રવ્યો, પેશી હાડકાં અને લોહી બનાવવા ખાસ કરીને કૅલ્શ્યમ, ફૉસ્ફરસ અને લોહ હોવાં જ જોઈએ. ગરમી માટે ચરબી તો જોઈએ જ. થોડું કાર્બોહાઇડ્રેટ પણ જોઈએ. ખોરાકના આ બધા આવશ્યક ઘટકો ઈંડાંમાં છે.

મરઘીના ઈંડાનું વજન દોઢથી બે ઔંસ જેટલું થાય છે, જેમાં કોચલું ૧૨ ટકા, સફેદી ૫૮ ટકા અને પીતરંગી જરદી ૩૦ ટકા હોય છે.

કોચલાના અનન્ય બખ્તર નીચે ઈંડાનાં આહારદ્રવ્યો સારી રીતે જળવાઈ રહે છે. કોચલું ચૂનાનું બનેલું હોય છે. આમાંથી ૯ ટકા વજન હાડકાંની બનાવટમાં ઈંડાં સેવતી વખતે શોષાવાથી ઘટે છે.

સફેદીમાં વિવિધ પ્રોટીનોનું મિશ્રણ છે. એમનું પ્રમાણ ૧૨ ટકા જેટલું છે. ચરબી માત્ર ૦.૨૫ ટકા છે, પણ પાણી ૮૫ ટકા છે. થોડાં કાર્બોહાઇડ્રેટ પણ છે. વિટામિનોમાં માત્ર રિબોફ્લેવિન છે.

સફેદીનું પ્રોટીન 'ઓવાલ્બ્યુમિન' નામે તથા જરદીનું પ્રોટીન 'ઓવાવિટેલિન' નામે ઓળખાય છે. ઈંડાનાં પ્રોટીનના એમાઇનો ઍસિડોની ગોઠવણ માનવ-પ્રોટીનોના જેવી છે. તેમાં લાયસિન, મિથિયોનાઇન, ટ્રિપ્ટોફેન વગેરે એમાઇનો ઍસિડો હોય છે. આથી એમનું જૈવિક મૂલ્ય ઊંચું હોઇ ઈંડાંનાં પ્રોટીન પ્રથમ પંક્તિનાં લેખાય છે. આવાં બીજાં પ્રોટીન દૂધ અને દૂધની નીપજોનાં છે. શરીર બાંધવાના ઉપયોગ કાજે આંચળવાળાં પ્રાણીઓ અને પક્ષીઓમાં તે પેદા થાય છે એટલે એમનું જૈવિક મૂલ્ય ગાય-ભેંસ અને મરઘાં-બતકાં માટે શ્રેષ્ઠ હોવા સાથે માનવ માટે પણ એટલું જ ઊંચું છે.

ઉપર દર્શાવેલાં એમાઇનો ઍસિડોની ન્યૂનતાવાળાં પ્રોટીનો બીજા વર્ગનાં છે. શૂક અને શિંબી ધાન્યોનાં પ્રોટીનો આ વર્ગનાં છે, એટલે શરીરના બાંધાની દૃષ્ટિએ તે પ્રાણિજ પ્રોટીનો કરતાં ઊતરતાં છે.

દૂધ સિવાયના પ્રાણિજ ખોરાકમાં ૧૦ થી ૩૫ ટકા જેટલાં પ્રોટીનો છે, જ્યારે શૂક અને શિંબી ધાન્યોનાં પ્રોટીનો મોટા ભાગે ૧૦ ટકાની અંદર છે. આ રાંધેલા ખોરાકનું મૂલ્ય છે, કારણ કે રાંધેલા પ્રાણિજ ખોરાકમાં પ્રોટીનો સંઘટિત થાય છે, જ્યારે વનસ્પતિજ ખોરાકમાં સંઘટન (કૉન્સેન્ટ્રેશન) ઘટે છે. પરિણામે પ્રાણિજ ખોરાક એ શરીર બાંધનારાં દ્રવ્યોયુક્ત સંઘટિત સાધન છે તો વનસ્પતિજ ખોરાકમાં પ્રોટીનો પાણી, સ્ટાર્ચ, કાષ્ટક વગેરે સાથે મિશ્રિત હોવાથી ઊતરતી પંક્તિનાં છે.

ઈંડાંનું પીતરંગી દ્રવ્ય જરદી એ બચ્ચાં માટે અતિ પોષણદાયી ખાદ્ય છે. એમાં ઓછું (૫૦ ટકા) પાણી, ૧૬ ટકા પ્રોટીન ને ૩૧.૭૫ ટકા ચરબી છે. પ્રોટીનોમાં ફૉસ્ફો-પ્રોટીન અને વધારે પ્રમાણમાં બીજા અગત્યના એમાઇનો ઍસિડો હોઇ ગર્ભના પોષણ માટે એ મહત્ત્વનાં છે. વળી ફૉસ્ફરસ સાથે પોટાશ્યમ, કૅલ્શ્યમ અને લોહ પણ છે. થીઆમિન અને રિબોફ્લેવિન વિટામિનો પણ છે. જરદીની ચરબીમાં ચરબી ઉપરાંત લાઇપિનો છે. લાઇપિનોમાં લેસિથિન ઉપરાંત બીજાં તેનાં સંબંધિત દ્રવ્યો છે. આમાંનું ફૉસ્ફરિક ઍસિડ વિકાસ પામતા બચ્ચાનાં હાડકાં બાંધવામાં ઉપયોગી નીવડે છે. ચરબીમાં વિટામિન 'એ' અને વિ૦ 'ડી'નું વાહક કૉલેસ્ટેરોલ પણ છે. પરંતુ મરઘીના ખોરાક ઉપર ઈંડાંમાંનાં વિટામિનોનાં પ્રમાણનો આધાર છે.

જરદીમાં પુષ્કળ પ્રમાણમાં ફૉસ્ફરસ, ઉચ્ચ જૈવિક મૂલ્યયુક્ત પ્રોટીન, સુપચનીય અતિ સુમિશ્રિત ચરબી, લેસિથિન તથા તેનાં સંબંધિત દ્રવ્યો, અને સારા પ્રમાણમાં કૅલ્શ્યમ અને લોહ છે. કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ હાડકાનાં બંધારણ માટે જરૂરી છે, તો લોહ લોહીના હિમોગ્લોબિન માટે. વળી વિટામિન 'એ', 'ડી', રિબોફ્લેવિન અને થીઆમિન હોવાથી તે એક ઉત્કૃષ્ટ ખાદ્ય છે.

મરઘાં બતકાં અને ટર્કીનાં ઈંડાં ભલે નાનાં કે મોટાં હોય પણ તેની સંરચના આ પ્રમાણે છે: કોચલું ૧૧.૨ ટકા, પાણી ૬૫.૫ ટકા, પ્રોટીન ૧૩.૧ ટકા, ચરબી ૯.૩ ટકા અને ખનિજ દ્રવ્યો ૦.૯ ટકા. આ જોતાં ઈંડાંમાં માંસનાં જેટલાં બધાં પોષણદ્રવ્યો રહેલાં છે, પણ માંસ કરતાં ઈંડાંમાં વધારે ચરબી અને ઓછું પ્રોટીન છે. ફળોની જેમ દૂધ અને માંસમાં થીઆમિન ઓછું છે તો ઈંડાંમાં તે વધારે છે. ભેંસના દૂધમાં વિ૦ 'સી' છે તો ઈંડાંમાં તે બિલકુલ નથી. દૂધ અને લીલોતરી શાકભાજી કરતાં ઈંડાંમાં કૅલ્શ્યમ ઓછું છે, પણ માંસ અને શૂકધાન્યો કરતાં વધારે છે. આટલું જાણવું જરૂરી છે કે દૂધના કૅલ્શ્યમનું જલદી અભિશોષણ થાય છે. પોષણ માટે આવશ્યક એમાઇનો ઍસિડોના વધુકા પ્રમાણ માટે માંસ, ઈંડાં અને દૂધ ઘણાં સરખાં છે. સોયાબીન અને મગફળીનાં પ્રોટીનો પણ પ્રાણિજ પ્રોટીનોને ઘણાં મળતાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈંડાંની સુકવણી (સ્પ્રે ડ્રાઇડ એગ્ઝ) પ્રાપ્ય બની છે. આમાં જોકે પ્રોટીનોના સ્વરૂપમાં થોડો

ફેર પડે છે પણ ઈંડાંનું પોષણમૂલ્ય બદલાતું નથી. હા, ઈંડાંની સુક-વણીમાં ધીરેધીરે વિ૦ 'એ'નું મૂલ્ય ઘટે છે. બારીક ભૂકાના રૂપની આ સુકવણીમાં પાણી ભેળવતાં ઈંડાંના મૂળરૂપની પુનર્ઘટના થાય છે.

પોષણના સમૃદ્ધ સાધન તરીકે ઈંડાંનું રક્ષણદાયી ખોરાકોમાં સ્થાન છે. પણ તેમની ખામી એ છે કે ફળો, શાકભાજી અને દૂધની જેમ ઈંડાંથી આંતરડાંનું સ્વસ્થવૃત્ત (હાઈજીન) અને લોહી ને પેશી-ઓની અલ્કગુણીયતા જળવાતી નથી. ખાદ્ય-પ્રાણોની દૃષ્ટિએ ઈંડાંનું સ્થાન દૂધ અને માંસની વચમાં હોવાનું શર્મનનું કથન છે. હચિન્સન લખે છે: 'કાર્બોહાઇડ્રેટની વિપુલતા, મધ્યમસરનાં પ્રોટીન પણ ઓછી ચરબીવાળા ખોરાકમાં પુરવણી તરીકે ઈંડાંનો પ્રશંસનીય સુમેળ છે. ભાત અને બીજાં શુકધાન્યોના ભરપૂર આહારમાં પુડિંગના રૂપમાં ઈંડાંનો ઉમેરો કરવાથી આહારની સંપૂર્ણતા સધાય છે.' એકલાં ઈંડાં સંપૂર્ણ આહાર નથી, કારણ કે તેમાં કાર્બોહાઇડ્રેટ ને વિટા૦ 'સી' નથી.

ખાવા માટે તાજાં ઈંડાં સારાં, પણ વાસી ઈંડાં યે માંસ કરતાં ઓછાં પોષણદાયી નથી. બાષ્પીભવનથી પાણી ઘટવાથી રાખી મૂકેલાં ઈંડાં વજનમાં હલકાં બને છે, તાજાં ઈંડાં વજનદાર હોય છે. ઈંડાંને લાંબો વખત જાળવવા એનાં કોચલાંનાં છિદ્રોમાંથી હવા જતી અટ-કાવવા તેમને લાકડાના વહેર કે મીઠામાં રાખવામાં આવે છે, અગર તો તેના ઉપર માખણ કે તેલ લગાડાય છે. તાજાં ઈંડાંની સફેદી જાડી અને જરદી ઘટ્ટ હોય છે. થોડા પ્રમાણમાં જાડી સફેદી અને પસરેલી જરદીવાળું ઈંડું થોડું વાસી હોય છે, જ્યારે વધારે વાસી ઈંડામાં પાતળી ને જલીય સફેદી તથા જલદી ભાંગી જાય એવી જરદી હોય છે.

એક પિન્ટ પાણીમાં આશરે બે ઔંસ મીઠું ઓગાળી તેમાં મૂકતાં તાજું ઈંડું એકદમ ડૂબે છે અને જેટલું વાસી હોય એટલા પ્રમાણમાં તે સપાટી નજીક તરે છે. પ્રકાશ સામે ધરવાથી તાજું ઈંડું વચમાંથી તો વાસી ઈંડું છેડાઓ ઉપર અર્ધપારદર્શક લાગે છે. બગડેલાં ઈંડાંની સફેદીમાં અલ્કીય સલ્ફાઇડો પેદા થવાથી તે ઘણી દુર્ગંધ મારે છે.

કોઈ પણ રીતે રાંધેલું ઈંડું પચનીય છે; કાચું ઈંડું પચવામાં ભારે છે. કાચા ખાધેલા ઈંડાની સફેદી કરતાં જરદી હોજરીમાં વધારે સમય રહે છે. હચિન્સન જણાવે છે કે, 'હળવાં બાફેલાં ઈંડાં હોજરીમાંથી પોણા બે કલાક બાદ પસાર થાય છે, તો કાચાં ઈંડાંને સવા બે કલાક થાય છે. પાંચ ગ્રામ માખણ સાથે રાંધેલું ઈંડું અઢી કલાક હોજરીમાં રહે છે, તો ઑમલેટ ત્રણ કલાક.


આંતરડાંમાં ઈંડાંનું સંપૂર્ણ શોષણ થઈ તદ્દન થોડો અવશેષ બાકી રહે છે. આ કારણે ઈંડાં ઘણાને કબજિયાત આણનાર નીવડે છે. કેટ-લાંક માણસને ઈંડાં માફક નથી આવતાં અને તેના થોડાશા સેવનથી ઊલટી થવાથી માંડી ઉગ્ર લક્ષણોમાં મૂર્છા અને બેશુદ્ધિ આવી પડે છે.

નવા જીવના વિકાસ માટે ઈંડાંમાં બધાં આવશ્યક પોષણદ્રવ્યો અને દેહ બાંધનારાં તથા ગરમી ને શક્તિ આપનારાં ખાદ્યોની સમૃદ્ધિ ઉપરાંત પ્રથમ પંક્તિનાં પ્રોટીનો હોવા છતાં માનવી કંઇ એકલા ઇંડાંના ખોરાક ઉપર જીવી ન શકે; જ્યારે મહિનાઓ પર્યંત માત્ર દૂધ કે દૂધની નીપજો ઉપર નભનારી વ્યક્તિઓ વિષે જાણવા મળે છે. વળી જરૂરી પ્રોટીનો માત્ર ઈંડાંમાંથી જ મેળવવાં હોય તો રોજ અઢાર ઈંડાં ખાવાં જોઈએ; પણ એથી વધારે ચરબી ખાવામાં આવવાથી આંતરડાંના બગાડા અને બીજી ફરિયાદો પણ ઊભી થયા વિના ન રહે. ઈંડાં સંઘટિત ખોરાક હોઈ દિનભરમાં એક કે બેથી વધારે ન ખાવાની મૅક્કૅરિસનની સલાહ છે. લોહીની શમતા જાળવવાની દૃષ્ટિએ ફળો, શાકભાજી અને દૂધનું સેવન વધારી અઠવાડિયાનાં ચાર કે પાંચ ઈંડાં ખાવાનો ઘણા પોષણશાસ્ત્રીઓનો મત હોવાનું શર્મન લખે છે. એક ઈંડામાંથી ૭૦થી ૯૦ ઉષ્ણાંક ગરમી મળે છે. ગાયના સાડા ત્રણ ઔંસ સારા દૂધમાંથી ૬૫ ઉષ્ણાંક ગરમી મળે છે તો ભેંસના એટલા દૂધમાંથી ૧૧૭ ઉષ્ણાંક.

જરદીમાં ચરબી, વિ૦ 'એ', થીઆમિન, ઈંડાંમાંનું લગભગ બધું કૅલ્શ્યમ, ફૉસ્ફરસ ને લોહ, ઘણું પ્રોટીન અને રિબોફ્લેવિન છે. એક ઈંડામાં જરદી કરતાં બે ગણા પ્રમાણમાં આવેલી સફેદીમાં વધારે પાણી, ઈંડાંના કુલ પ્રોટીન કરતાં અરધું પ્રોટીન અને રિબોફ્લેવિન છે. આવી ઉત્કૃષ્ટ સંરચનાને લીધે બાલ્યાવસ્થાના કેટલાક રોગોની આહા-રીય સારવારમાં ઈંડાંની ઉપયોગિતા છે. હચિન્સન તેને અસ્થિશોષથી પિડાતાં બાળકો માટે અસાધારણ કીમતી ખોરાક ગણાવે છે. વળી નજલા (ગાઉટ)થી પિડાતા માટે પણ ઈંડાં પથ્ય છે. પ્રોટીન—ખાસ કરીને પ્રાણિજ પ્રોટીનની દૃષ્ટિએ ઈંડાંનું આહારમૂલ્ય છે.

શતરંજ

કોયડો ૧૨મો (જુલાઈ ૧૯૬૪)



White to play and mate in Three

સ્થિતિ: 3N4/Q7/p4N2/8/2k5/K2p4/16. કોયડો: સફેદે ચાલવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

ઉકેલ મોકલવાની તા. ૭-૮-'૬૪, સરનામું: Suresh M. Mody 6/9 Kandhari Colony, Chembur, Bombay 71 AS

દસમા કોયડા (મે ૧૯૬૪)નો ઉકેલ

સ્થિતિ: 8/6B1/3p4/3k1P2/1p6/4K3/2R5/8. કોયડો: સફેદે ચાલવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

ઉકેલ: ચાવી 1 BN2 waiting move

વિકલ્પ: 1..., PN6, 2 RB5, KK5; 3 RB5 double ch. and mate.

આ કોયડામાં મધ્યવર્તી વિચારને Indian Theme કહે છે. આવો એક કોયડો આપણે ૧૯૬૩ના મે માસમાં જોયો હતો.

અહીં QB3 એ critical ખાનું છે. જેના પર થઈને ઊંટ પસાર થાય છે. કાળા પાસે એક જ ચાલ છે. તે પછી સફેદ હાથી QB3 ઉપર આવે છે જેથી કાળા રાજાને ઊંટ અને હાથી વાળી ત્રાંસી લાઈન ઉપર ફરજિયાત આવવું પડે છે. અને પછી હાથી ખસતાં ઊંટની શેહ આવે છે. અહીં હાથી એવી જગ્યાએ આવે છે કે બેવડી શેહ અને મ્હાત થાય છે.

આમાં એક ખામી એ છે કે કાળાની પહેલી ચાલ પછી તે Stale mateની સ્થિતિમાં નથી. આમાં હાથીને B2ને બદલે B1 ઉપર મૂકવામાં આવે તો આ ક્ષતિ દૂર થાય.

આ કોયડો J. Brownએ ૧૮૬૦માં રચ્યો હતો, Indian Theme એ નવો જ વિચાર હતો તેથી આ ક્ષતિ સાવ નાની જ ગણાય.

ઉકેલ મોકલનારનાં નામ અને માર્કસ:

૧. સુધીર દલાલ, સુરત; ૨. ઇન્દ્રવદન મોદી, ભાવનગર—૬ માર્કસ. ૩. ડૉ. એન. ગાંધી; રાધનપુર; ૪. સુરેશ દવે, અમદાવાદ —પૂરે માર્કસ ૫, ભૂદરભાઇ ચાવડા, વીરમ-ગામ ૬, સોમાભાઈ મકવાણા, મુંબઇ; ૭, મહેન્દ્ર મહેતા, ભુજ; ૮, મહેન્દ્ર રાવલ, ભાવ-નગર; અને ૯, સિદ્ધાર્થ ભટ્ટ, ભાવનગર–૫.

(ગયા અંકમાં પૃ. ૨૫૨ પર 'શતરંજ'ના ત્રીજા કૉલમમાં મથાળેથી ૨૩મી લીટીમાં 'કાળો રાજા'ને બદલે 'કાળો હાથી' જોઇએ.)

ઇંગ્લંડની સત્તા હજુ હિંદ પર સુદૃઢ નહોતી બની, ત્યારે ગુરુ ગોવિંદની પુણ્યભોમ પંજાબમાં એવા એક શેર નરનો ઉદય થએલો જે ભારત તો 'શેરે પંજાબ'ને બદલે 'શેરે હિંદ' બની શક્ત. એનાં શૌર્ય અને રણટેક સામે મજાલ નહોતી કે કોઇ દુશ્મનના પગ સ્થિર રહી શકે. માનું ધાવણ મોંએથી સુકાતાંવેંત એ રણક્ષેત્રમાં પગ મૂકતો થયો હતો. પંજાબનો એ સિંહ, હિંદનો એ છેલ્લો સ્વતંત્ર ભૂપાલ ને અંગ્રેજોની છેલ્લી આડખીલી તે મહારાજા રણજિતસિંહ, સુકરચાકીઆ સંસ્થાનના જાટ સાંસી જાતિના શીખ ઠાકોર મહાસિંહનો એ પુત્ર. માતાનું નામ રાજકુંવર.

૧૭૮૦ના નવેમ્બરની ૨૭એ એનો જન્મ થયો. એની બાર વર્ષની વયે પિતાનું અવસાન થતાં રાજલગામ માતાએ હાથમાં લીધેલી. નાનપણમાં જ શસ્ત્રાસ્ત્ર ને ઘોડેસવારી ઉપર એણે અજબ કાબૂ મેળવી લીધો હતો. તલવાર પકડવા ટેવાએલો તેનો હાથ કલમથી કદી નહોતો અભડાયો ને આખી જિંદગી એ નિરક્ષર જ રહેલો. એના પુરોગામી અકબર ને શિવાજી પેઠે સત્તર વર્ષની વયે તો મા પાસેથી રાજ્યની લગામ એણે સ્વહસ્તક લઈ લીધી. થોડા જ વખત બાદ અહમદશાહ દુર્રાનીના પૌત્ર અફઘાનિસ્તાનના શાહઝમાંએ લાહોર ઉપર આક્રમણ કર્યું, પણ તરતમાં અફઘાનિસ્તાનમાં બંડ જાગતાં તેને પાછાં વળવું પડ્યું. વળતી વખતે એની બાર તોપો ઝેલમ નદીમાં ડૂબી ગઈ. રણજિતસિંહને એણે કહી મોકલાવ્યું કે એ તોપો કાઢીને જો તે પેશાવર



પચ્ચીસ વર્ષ પહેલાં



મોકલી આપશે તો લાહોરનગર તેની આસપાસનો ઈલાકો તથા રાજાની પદવી તેને આપવામાં આવશે. બારમાંથી આઠ તોપો તેણે કઢાવી અપાવી ને કબૂલાત મુજબ શાહઝમાંએ સૂબાગીરીની સનદ તેને મોકલાવી આપી.

આ સનદ તો જોકે નામની જ હતી. રણજિતસિંહને સઘળા મુલકનો કબજો જાતે જ મેળવવો પડ્યો અને એ રીતે પંજાબ હાથ કર્યા પછી જ તેણે ૧૮૦૧માં પ્રાચીન પ્રણાલી અનુસાર રાજ્યાભિષેક કરાવી મહારાજાની પદવી ધારણ કરી. ભંગી નામની શીખ જાતિ પાસેથી અમૃતસર હાથ કરી એણે શીખોનાં રાજકીય અને ધાર્મિક બંને પાટનગરનો કબજો મેળવ્યો. એક લાખ રૂપિયાના ખર્ચે એણે લાહોરની પુનર્રચના કરાવી ને પોતાના સિક્કા પાડવા ત્યાં ટંકશાળ ઊભી કરી. એ સિક્કાઓની એક બાજુ સંવત છપાતી ને બીજીબાજુ 'તલવારનો આદર અને ગુરુ નાનકથી માંડી ગુરુ ગોવિંદસિંહ સુધી અક્ષય વિજય' એ લખાણ આવતું.

હિંદુસ્તાનની કબજાગીરી માટે શીખ, મરાઠા ને અંગ્રેજોના ભાગ્યની શરત હજુ ચાલુ હતી; પણ અંગ્રેજોનાં કૌટિલ્ય અને તકસાધુતાએ બીજા બેને પાછળ પાડી દીધા હતા. એવામાં ફ્રાન્સનું સુકાન નેપોલિયન બોનાપાર્ટના હાથમાં ગયું. એ અદમ્ય વિજયાકાંક્ષીના મારેન્ગો, ઑસ્ટરલિટ્ઝ ને જીનાનાં રણક્ષેત્ર પરના તોપોના પડઘા તહેરાન થઇ ઠેઠ લાહોર સુધી પહોંચ્યા હતા. ભયભીત અંગ્રેજોએ તરત જ બાજી બિછાવી. એલ્ફિન્સ્ટનને અફઘાનિસ્તાન સાથે સમજાવટ કરવા મોકલી, તેમણે ઈ. ૧૮૦૮ના ડિસેમ્બરમાં સી.એફ. મેટકાફને રણજિતસિંહ તરફ રવાના કર્યો. કસૂર મુકામે મેટકાફ ને રણજિતસિંહની મુલાકાત થઇ. અંગ્રેજોનો ઈરાદો સતલજ નદીની દક્ષિણ બાજુ એને ન વધવા દેવાનો હતો, જ્યારે રણજિતસિંહનો ઈરાદો સઘળાં શીખ રાજ્યોનું એકીકરણ કરી ઉત્તર હિંદમાં એક પ્રબળ ભારતીય એકમ ઊભું કરવાનો હતો. યુરોપિયન અફસરોને રોકીને એણે પોતાની આખી સેના યુરોપિયન ઢબે જ કેળવી હતી. લાહોરમાં તોપો ઢાળવાનું કારખાનું પણ એણે ઊભું કરેલું. સૈન્યોનો પોશાક પણ યુરોપિયનો



રણજિતસિંહનું સમાધિમંદિર–લાહોર

જેવો જ. માત્ર માથે લશ્કરી ટોપી શાકો (Shako)ને બદલે પાઘડી હતી. એ સુશિક્ષિત દમામદાર સૈન્ય જોઇને હેવલૉકે પણ પ્રશંસાવચનો કાઢેલાં.

એ તાકાત પર મુસ્તાક થઈ એણે સતલજની દક્ષિણે આગળ વધી અંબાલા, શહાબાદ વગેરે જીતી લીધાં. મેટકાફ પાછો ચાલ્યો ગયો. કલકત્તા પહોંચતાં જ તેને ખબર પડી કે નેપોલિયને હિંદ પર આક્રમણ કરવાનો વિચાર છોડી દીધો છે એટલે તરત એણે રણજિતસિંહ પરતેની આગેકૂચ થંભાવવાનો હુકમ મોકલ્યો. રણજિતસિંહ ક્રોધે ભરાયો. એણે લુધિયાના નજીક સેના એકઠી કરી. બીજી બાજુથી અંગ્રેજ સેના પણ આગળ વધી. પણ પછી શું થયું, રણજિતસિંહ કેવી રીતે ભોળવાયો, એની કશી વિગત નથી મળતી; પરંતુ ઈ. ૧૮૦૯ના એપ્રિલની ૨૫મીએ અમૃતસર મુકામે બંને વચ્ચે સંધિનો ખરીતો ઘડાયો અને ૩૦મીએ ગવર્નર જનરલ લૉર્ડ મિન્ટોએ તે પર સહી કરી એ સંધિખતની ગોઝારી ક્ષણથી જ પંજાબનો સ્વૈરાચારી સિંહ અંગ્રેજોનો પાળેલો સિંહ બની ગયો.

અંગ્રેજો જોડે મૈત્રી કરીને સતલજથી પાછા હઠતાં રણજિતસિંહે બીજી બાજુ નજર દોડાવી. અહમદશાહ દુર્રાનીનાં સતત આક્રમણોને લઇને પંજાબમાં અનેક સ્થળે મુસલમાની રાજ્યો સ્થપાઈ ગએલાં. એણે એ રાજ્યો પર અને ખુદ અફઘાનિસ્તાન પર હલ્લા કરવા શરૂ કર્યા. વિજય ઉપર વિજય તે મેળવતો ગયો ને છેવટે કાશ્મીરથી સિંધ ને સતલજથી પેશાવર સુધીની એકહથ્થુ સત્તા હાથ કરી.

અફઘાનિસ્તાનના નિર્વાસિત શાહ શુજાને આશરો આપી તેની રાણી બાફા બેગમ પાસેથી એણે વિખ્યાત કોહેનૂર હીરો હાથ કર્યો. શાહ શુજાને અફઘાનિસ્તાનની ગાદીએ બેસાડાય તો રશિયા સામે અંગ્રેજોનું હિત જળવાય તેમ હોવાથી ૧૮૩૧માં લૉર્ડ વિલિયમ બેન્ટિકે રણજિતસિંહ અને શાહ શુજા સાથે મળી ત્રિમુખ સંધિ કરી. રણજિતસિંહ સમરકેસરી હતો પણ સમરક્ષેત્રની બહાર એણે ક્રૂરતાને અવકાશ નહોતો આપ્યો. કાનૂન તો ગુનેગારના અંગછેદન સુદ્ધાંની મંજૂરી આપતો, છતાં હડહડતા દુશ્મનને યે એણે કદી શારીરિક સજા નહોતી કરી. એ પોતે તો નિરક્ષર જ હતો. છતાં વિદ્વત્તા પ્રત્યે એને ઓછો અનુરાગ નહોતો. એના દરબારમાં અનેક વિદ્વદ્રત્નો વિરાજતાં અને એના અમલદરમિયાન હિંદના અન્ય કોઈ પણ પ્રાંત કરતાં પંજાબમાં શિક્ષણ ને વિદ્વત્તાનું પ્રમાણ વિશેષ હતું. એની નમ્રતા યે અદ્ભુત હતી. અને સાદાઇ તો જાણે તેને જ વરી હતી. હાથે વણેલા શણનો જામો જ એનો નિત્ય પોશાક હતો. એક વખત એક કારીગર રત્નજડિત સોનેરી અંચળો લાવ્યો ને તે સિંહાસન પર બિછાવવામાં આવ્યો. રણજિતસિંહે આવીને એ જોતાં જ અમૃતસરના સુવર્ણમંદિરને ભેટ મોકલી દીધો જે હજુ સુધી ત્યાં છે.

વેગભર વહેતી કરાળ સિંધુ નદીને માત્ર ઘોડા ઉપર પાર કરી જનારો, અને ગુરુ ગોવિંદ પછી શીખોનો પહેલો જથ્થેદાર બનેલો બલવીર રણજિતસિંહ બીજાઓ પર જેટલો કાબૂ ધરાવતો એટલો પોતાની જાત પર ધરાવવા અસમર્થ નીવડેલો. લાપરવાહી ને રખડપાટમાં જુવાની વીતવાને પરિણામે માનવસ્વભાવમાં પ્રવેશતી બદીઓનો પણ તે ભોગ થઇ પડ્યો હતો. એની અઢાર રાણીઓમાં માત્ર નવ જ વિધિપુરઃસરના લગ્નની હતી. લગ્નસંબંધની આ નિરંકુશતાને લઇને જ એના ઉત્તરાધિકારી તરીકેનો હક્ક સાબિત કરવા પ્રપંચખોરી ચાલી, શીખવિગ્રહો ચાલ્યા ને પંજાબ હાથથી ગયું. દારૂની લત પણ એને જબરી લાગુ પડેલી. એને લઈ ને જ ૧૮૩૪માં એને લકવો લાગુ પડયો ને ૧૮૩૯ના જૂનની ૨૭મી તારીખે ૫૯ વર્ષની વયે તેનું અવસાન થયું. તે શરીરે ખાસ દેખાવડો ન હતો. નાનપણમાં શીળી નીકળતાં એની ડાબી આંખ ગએલી ને ચહેરો ઊંડા ઘોબા પડી બેડોળ બની ગએલો. છતાં બૅરન હ્યુગેલના કહેવા પ્રમાણે પાતળા ધડ પર મોટા માથાવાળું તેનું ઠીંગણું શરીર ઘોડેસવાર થતાં જ કોઈ મહારથી જેમ તેનો પ્રભાવ ડારી દેતો.

પંજાબના એ સિંહને અંગ્રેજોએ કોણ જાણે એવો તો બેબસ બનાવી દીધો હતો કે અંગ્રેજોની મિટ્ટી પલીદ કરનારો જસવંતરાય હોળકર જ્યારે તેની મદદ માગવા ગયો ત્યારે તેણે એને પોતાની પેઠે અંગ્રેજોની સાથે સંધિ કરવા સમજાવવા માંડયો! રણજિતસિંહે હોળકરને જો મદદ આપી હોત તો એક ઇતિહાસકારના કથન મુજબ અંગ્રેજોનો સિતારો બિયાસ નદીનાં પાણીમાં જ ડૂબી આથમી ગયો હોત. સિંધના અમીરોના સ્વાતંત્ર્યના હ્રાસની કારણભૂત પણ રણજિતસિંહની અંગ્રેજો જોડેની મૈત્રી જ લેખી શકાય.

અંગ્રેજોએ રણજિતસિંહની તારીફ કરી છે, ખુશામદ કરી છે, કદમબોસી યે કરી છે અને આંગ્લ શાહનશાહતને નામે આખી જિંદગી એને અવનવીન ભેટસોગાદોથી નવાજેલો યે છે. શા માટે? મરાઠા અને અફઘાનો વચ્ચે આવા એક મિત્રરાજ્યની તેમને જરૂર હતી. પણ મરાઠાઓના ને અફઘાનોનાં પાણી ઓસર્યાં કે રણજિતસિંહનું સામ્રાજ્ય પણ અંગ્રેજ મહત્ત્વાકાંક્ષામાં ઓગળી ગયું.

નવા જર્મન પત્રમિત્રો

પત્રવ્યવહાર અંગ્રેજીમાં કરવો. દરેક સરનામાને છેડે West Germany ઉમેરવું. ઉલ્લેખ : શ્રી ગિરીશ મોદી ૧૧૭૧, ધનાસુથારની પોળ, અમદાવાદ

(1) Jutta Ebert, 89 Augsburg, Germersheimer Str. 6 ¾ (Age 16–female) dancing, skating, skiling, tennis; (2) Ruth Gittinger, 714 Ludwigsburg, Eberhard Str. 10 (16 f) reading, music, postcards, stamps; (3) Ruth von Molo, 8897 Pottmes, Hochfeld Str. 1 (16 f) music, stamps, swimming; (4) Claudia Haug, 8897 Pottmes, Kirchplatz 1 (16 f) general interests; (5) Marianne Konig, 7241 Bergfelden, bei Horb (16 f) general interests; (6) Hildegard Esser, 4153 Huls, Jerusalem Str. 16 (16 f) general interests; (7) Gabriele Michaeli, 44 Muenster, Stettiner Str. 60 (16 f) general interests. (ચાલુ)



અર્ઘ્યકણી

ગગન ઘનથી ગોરંભાયું વિભોર અષાઢનું,
લહર મહીં ના ઘેલી, વ્હીલી હવા જલશીતલ;
દ્રુમથી નીકળી વ્યોમે માંડે વિહાર વિહંગમ,
મયૂર ટહુકે, જાણે હૈયું દ્રવે અનુરાગનું.

(શાન્ત કોલાહલ) —રાજેન્દ્ર શાહ

જીવી જાણનારા વસંત-રજબ

દેશ માટેની શહાદત ઉત્તમ છે, પણ માનવજાતને ઊંચે દોરી જતા આદર્શ માટેની શહાદત ઉત્તમોત્તમ ગણાઈ છે. એવી એક શહાદતથી અમદાવાદ શહેર ૧૯૪૬માં પાવન થએલું. અષાઢ સુદ બીજ તા. ૧લી જુલાઇના એ દિવસે નીકળેલી રથયાત્રા તથા અખાડાના દાવ જોવામાં છ ચોરી માર્ગોના સંગમ વચ્ચેના એક વિશાળ ચોગાનમાં હજારો નરનારીઓ મશગૂલ હતાં ત્યારે એકાએક તોફાન ફાટી નીકળ્યું. એ જમાનો દેશના ભાગલા પૂર્વેના હલાહલ કોમી વિખવાદનો હતો. પલકવારમાં તો શહેર હિન્દુ તથા મુસ્લિમ વિસ્તારોની છાવણીઓવાળા પાણીપતના મેદાનમાં પલટાઈ ગયું. કફોડીમાં કફોડી સ્થિતિ મુસ્લિમ વિસ્તારોમાંની હિન્દુ લઘુમતીની હતી. એ હુલ્લડે જેમ માનવીની અનેક પ્રકારની હેવાનિયતોનું દર્શન કરાવ્યું એમ અનેક ઉદ્દામ લક્ષણોના દાખલા પણ પૂરા પાડ્યા. એમાં સૌથી અનોખો, ચિરંજીવ રહેવા નિર્માએલો પ્રસંગ તે શહેરના જમાલપુર વિસ્તારમાં વસંત-રજબની શહાદતનો છે,

સાંજે કૉંગ્રેસ હાઉસમાં ખબર આવ્યા કે જમાલપુરમાં હિન્દુઓનાં કુટુંબો હુલ્લડમાં હોમાઇ જવાના ભયમાં છે. શું કરવું? વિચારો ચાલ્યા, મંત્રણા થઈ. પણ એનો વિલંબ વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણી માટે અસહ્ય હતો. એ બન્ને મિત્રો સંપૂર્ણ નિઃશસ્ત્ર બનીને જમાલપુર જવા માટે ઊપડયા. કોમી હુતાશનમાં ઝંપલાવવા જેવું એ કામ હતું. છતાં આત્મબલિદાન વિના આવી પ્રચંડ કોમી આગ ઠરશે નહિ એવી એમને ખાતરી હતી. અને જમાલપુરમાં ટોળાંને સમજાવતાં એમના પર હુમલો થયો...તેઓ ત્યાં જ અવસાન પામ્યા. એમનું એ બલિદાન એળે ગયું નથી. એમની યાદ આજે પણ હિંસક ઝનૂનને શરમાવે છે, શમાવે છે. એમનાં બલિદાન અનેક યુવાનોને તોફાનોના સમયે 'મરીને જીવવા'ની પ્રેરણા આપે છે અને ભાનભૂલ્યાં ટોળાંઓને શાંત પાડવા માટે સામી છાતીએ એમની વચ્ચે જવાની હિમ્મત આપે છે.







ઉકાપી

મધ્ય આફ્રિકામાં આલ્બર્ટ અને આલ્બર્ટ-ઍડવર્ડ સરોવરની વચ્ચેના સેમલિકી જંગલના મર્યાદિત વિસ્તારમાં જ વસવાના કારણે, ને માણસોની વસતિથી ખૂબ દૂર રહેતા હોઈ, છેક ઈ. ૧૯૦૧ સુધી તો આફ્રિકન આદિવાસીઓ સિવાયની દુનિયાને આ પ્રાણીના અસ્તિત્વની પણ જાણ નહોતી. સર એચ. જ્હોન્સ્ટને એને પ્રથમ જોયાં અને દુનિયાને તેની જાણ કરી.

જિરાફનું ઘણું નજીકનું સંબંધી ઉકાપી દેખાવમાં એનાથી બહુ ભિન્ન છે. એની કેટલીક ખાસિયતો પણ જિરાફ કરતાં જુદી છે. કદમાં પણ એ ખભા પાસે પાંચેક ફૂટ ઊંચું હોય છે. શરીરના પ્રમાણમાં પગ મોટા. ગરદન પણ કંઈક વધુ લાંબી. પણ કાન ઘણા મોટા, ને અવાજનો જરા શો અણસાર પણ પકડી લે તેવા તીવ્ર શ્રવણશક્તિવાળા. આંખો પણ મોટી. નસકોરાં વાળવાળાં. પૂછડી, છેડે વાળના નાના ગુચ્છાવાળી પાતળી અને કંઈક લાંબી. પુખ્ત નરને માથે ટચૂકડી, નામની જ બુઠ્ઠી શિંગડીઓ. શરીરના તપખીરી વાન સાથે પૂંઠ તથા આગલા પગને ઉપલે ભાગે દેખાતા સફેદ ચટાપટા કંઈક વિશિષ્ટ લાગે. ચહેરો તથા મોટે ભાગે પગના નીચલા ભાગ ધોળા. ગીચ જંગલના તડકાછાંયામાં મળી જતો એનો આ વાન એને બહુ સારી રીતે ગોપવી શકે છે ને એથી બહુ નજીકથી પણ તેની હાજરી દેખાતી નથી. સ્વભાવે બહુ શરમાળ તથા બીકણ હોઈ માનવ વસતિથી બહુ દૂર રહે છે.

જિરાફની પેઠે ઉકાપીનો આહાર પણ ઝાડનાં પાંદડાંનો જ. પોતાની લાંબી જીભ અને ઉપલા લબડતા હોઠની સહાયથી એ ડાળ પરથી પાંદડાં તોડી ખાય. વનવાસીઓ સિવાય બહારના બહુ જ ઓછા માણસોએ એમને વન્ય દશામાં જોયાં હશે. પ્રાણી-સંગ્રહસ્થાનમાં પણ છેક ૧૯૧૯માં પહેલી વાર પ્રદર્શિત થયું હતું.

પદ્મશ્રી પંડિત ઓમકારનાથ ઠાકુર



ડૉ. ઑવ લેટર્સ-ના પોશાકમાં

ગયા વરસ (૧૯૬૩)ની ૨૪મી ડિસેમ્બરનો દિવસ ગુજરાત માટે, ગુજરાતી બોલતી સમસ્ત પ્રજા માટે એક ગૌરવદિન હતો. જોકે ગુજરાતનાં પત્રો, સામયિકો કે સાંસ્કૃતિક સંસ્થાઓ કોઇએ એની નોંધ નથી લીધી. શક્ય છે કે આ હકીકતથી તેઓ પરિચિત ન હોય. એ દિવસે આપણા એક ગરવા ગુજરાતી પંડિત ઓમકારનાથજી ઠાકુરને હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી (બનારસ) તરફથી ડૉ. ઑવ લેટર્સની માનનીય પદવી પ્રદાન કરવામાં આવી હતી.

આવું બહુમાન વિરલ વ્યક્તિને જ આપવામાં આવે છે. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય તરફથી આ ગૌરવભર્યું પદ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદ, આપણા હાલના રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, ડૉ. ઍની બેસન્ટ તથા એકમાત્ર ગુજરાતી સ્વ. ડૉ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવને આપવામાં આવ્યું હતું. આ વખતે પંડિતજીની સાથોસાથ એ પદવી ભૂતપૂર્વ શિક્ષણ-પ્રધાન શ્રી કાલુલાલ શ્રીમાલીને પણ આપવામાં આવી હતી.

જન્મે, કર્મે તથા વિચારે ગુજરાતી, પણ ભારતીય સંગીતની સાધના અને સિદ્ધિ દ્વારા ભારતીય તથા વિશ્વપ્રસિદ્ધિ દ્વારા આંતરરાષ્ટ્રીય વ્યક્તિ તરીકે, તેમજ સંગીતના પ્રાચીન સંસ્કૃત ગ્રન્થોનાં અધ્યયન અને પરિશીલન દ્વારા વિશિષ્ટરૂપે સંશોધક તથા જીવનભરના એ સંશોધનનો નિષ્કર્ષ સમસ્ત ભારતને પ્રદાન કરવા અર્થે પોતાના ગ્રંથોનું રાષ્ટ્રભાષા હિન્દીમાં લેખન અને પ્રકાશન કરનાર વિદ્વાન ગ્રંથકાર તરીકે પંડિતજીએ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વસ્તુતઃ એમની આ સિદ્ધિઓનો સ્વીકાર આ રીતે વર્ષો પૂર્વે થવો જોઇતો હતો. જોકે એ દિશામાં જાગ્રત એવી અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ તો છેક ઇ. સ. ૧૯૪૩માં ગુજરાતનું સર્વશ્રેષ્ઠ સાંસ્કૃતિક બહુમાન-રણજિતરામ સુવર્ણચન્દ્રક એમને અર્પણ કર્યો હતો.

પદવી-પ્રદાન સમયે થએલી કાર્યવહી પ્રસ્તુત હિન્દુ વિશ્વવિદ્યાલયના કુલપતિ (ચાન્સેલર) હિઝ હાઇનેસ મહારાજા સદરે રિયાસત ડૉ. કરણસિંહને અધ્યક્ષપદે સંસ્કૃત ભાષામાં સંપન્ન થઈ હતી. એમાં સંગીત અને લલિતકલા શાખાના અધ્યક્ષે કરેલું વક્તવ્ય નોંધપાત્ર હોઈ તેનો ગુજરાતી અનુવાદ આપીએ છીએ.

'શ્રીમાન પંડિત ઑંકારનાથ ઠાકુરને આપની સમક્ષ ઉપસ્થાપિત કરતાં હું મને ગૌરવાન્વિત લેખું છું. કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયની ઍકૅડેમિક કાઉન્સિલના સભ્યોએ વિદ્વત્સમાજમાં એમના વિશિષ્ટ સ્થાનને તથા તેમની યોગ્યતાને અનુલક્ષીને 'ડૉક્ટર ઑવ લેટર્સ'ની સંમાન-પદવી અર્પણ કરવા માટે સર્વસંમતિથી એઓશ્રીને સમ્માનિત કર્યા છે.

અન્તર્રાષ્ટ્રીય ખ્યાતિસંપન્ન અને સર્વતોમુખી પ્રતિભાથી સમૃદ્ધ એવા સંગીતાચાર્ય શ્રીમાન ઑંકારનાથ ઠાકુરે કલાશાસ્ત્રના મહાન શિક્ષક, વિદ્વાન ને નિપુણ ગ્રંથનિર્માતા, વાગ્ગેયકાર તથા વક્તા તરીકે પ્રસિદ્ધિ સંપાદિત કરી છે. પ્રખ્યાત સંગીતજ્ઞ સ્વ. વિષ્ણુ દિગંબર પલુસ્કરના આ શિષ્યવર્યે તેમની સંગીતશૈલી તથા પરંપરાને પોતાની મૌલિક ઉદ્ભાવનાઓ દ્વારા અત્યંત પુષ્ટ અને સુદૃઢ કરી છે. શાસ્ત્રીય સંગીતના વ્યવસાયનો અજ્ઞાન અને જડતાની અધોગતિમાંથી ઉદ્ધાર કરી તેને એક વિદ્વદ્ભોગ્ય કલાના ઉચ્ચ સ્થાને સ્થાપવા માટે સતત મથનાર એઓશ્રી આધુનિક ભારતના કેટલાક શ્રેષ્ઠ સંગીતવિદોમાં અગ્રિમ સ્થાને છે. પ્રાચીન સંગીતશાસ્ત્રના અધ્યયનના પુનરુજ્જીવન માટે — ખાસ કરીને 'ભરતનાટ્યશાસ્ત્ર'ના અભ્યાસ પરત્વે એમની સહાય સર્વથા સ્મરણયોગ્ય રહેશે. પાશ્ચાત્ય ગાનવિદ્યામાંથી ઔચિત્ય અનુસાર આપણા શાસ્ત્રને અનુકૂળ અંશોનું ગ્રહણ પોતાની સંગીત પદ્ધતિમાં કરવા છતાં સ્થિરતાપૂર્વક પ્રાચીન ભારતીય સંગીતપરંપરાનું અનન્યભાવે એઓશ્રી પરિપાલન કરી રહ્યા છે.

હું આપ સમક્ષ 'ડૉક્ટર ઑવ લેટર્સ'ની માનાર્હ ઉપાધિ અંગીકાર કરવા માનનીય શ્રીમાન પંડિત ઑંકારનાથ ઠાકુરને પ્રાર્થના કરું છું.'

પં૦ ઑંકારનાથજીને આજ સુધીમાં નીચેની પદવીઓ મળેલી છે: (૧) ઈ.૧૯૩૦: નેપાલના મહારાજા તરફથી 'સંગીત મહામહોપાધ્યાય' (૨) ઈ. ૧૯૪૦: કલકત્તાની ગવર્નમેંટ સંસ્કૃત કૉલેજ તરફથી 'સંગીત માર્તંડ' (૩) ૧૯૪૩: વિશુદ્ધ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, કાશી તરફથી 'સંગીતસમ્રાટ' (૪) ઈ. ૧૯૫૫: ભારત રાષ્ટ્ર સરકાર તરફથી 'પદ્મશ્રી'.

આજ સુધી બહાર પડેલા પંડિતજીના સંશોધનકાર્યના ગ્રંથો:

(૧) પ્રણવભારતી ભાગ-૧ મહર્ષિ ભરત પ્રતિપાદિત સ્વરસિદ્ધાંત (૨) પ્રણવ ભારતી ભાગ-૨ રાગશાસ્ત્ર (છપાય છે) (૩) સંગીતાંજલિ: છ ભાગ. (૪) નાદરૂપ. પ્રસંગે પ્રસંગે પ્રકટ થએલા સંશોધનના નિબંધો.

ગીરનું જંગલ ને ત્યાંના સિંહ

'ઘોર અતિ વંકી ધરતી ને વંકા પથરાયા બહુ પહાડ
વિકટ અને વંકા પગરસ્તા ગીચ ખીચોખીચ જામ્યાં ઝાડ...'

અને કવિ જો વર્ણન કરવા બેસે તો આમ એ પ્રશસ્તિકાવ્ય ઘણું લાંબું થતું જાય એવું દક્ષિણ સૌરાષ્ટ્રનું ગીરનું જંગલ છે. 'સુધરતી' દુનિયાના પથારાએ આજે તો એનો ઘણો વિસ્તાર ઘટાડી નાખ્યો છે, છતાં આ જંગલનું મહત્ત્વ હજી યે ઘટ્યું નથી. સાગ, સાજડ, સીસમ, શેમળો, ટીંબરવો, કડાયો, ખેર, બહેડાં, આમળાં, આમલી, રાયણ, સીસોટી, ખજૂરી, સરગવો, બીલી, કરંજ, દૂધલો, હળદરવો, પલાશ, કદંબ, ખીજડો, જાંબુ, પીપર પારસપીપળો, રાન બોરડી, વડલો, ઉમરો, ગરમાળો, લીમડો, બોરડી સલેરો ઈત્યાદિ અનેકવિધ વૃક્ષશ્રીથી ભરચક એ વનવિસ્તાર દેશી ઔષધિઓ માટે પણ ઘણો વિખ્યાત છે. ગળવેલ, અવળવેલ, નોળવેલ, પાતાળતુંબડી, વિદારીકંદ, મીંઢાળ, ઈન્દ્રજવ, મરડાશિંગી, કરિયાતું, અઘેડો, ચણોઠી, અરીઠાં, કીડામારી, ભોંયરીંગણી વગેરે નાનાવિધ ઔષધીય વનસ્પતિથી પણ આ પ્રદેશ સમૃદ્ધ છે. વાંસનાં યે અહીં ઝૂંડ ઊગે છે. આમ, ઈમારતી લાકડાં, ઘાસ, મધ, ઘી, દવાઓ, પ્રાણિજ ઔષધિઓ વગેરેમાંથી ઘણી કમાણી થાય છે. આ તરફની તળપદી જાતિ છે ચારણો. તેઓ નેસ બાંધીને રહે છે ને ઢોર પાળી એનાં દૂધ-ઘી પર જીવનવ્યવહાર ચલાવે છે.

ગીરની પ્રાણીસૃષ્ટિનું વૈવિધ્ય પણ ઓછું નથી. સાબર, ચીતળ, નીલગાય (રોઝ), ભૂંડ, છિકારાં, ધૂંટડાં, ઝરખ, દીપડા વગેરે અનેક વનપ્રાણીઓ પણ અહીં વસે છે. પરંતુ આ વનવિસ્તાર જગતખ્યાતિ પામ્યો છે અહીંના સિંહને કારણે. દુનિયાભરમાં સિંહ માત્ર બે જ દેશમાં થાય છે. એક આફ્રિકામાં અને બીજા ભારતમાં ને તે પણ માત્ર



ગીરમાં જ. તેમાં યે ગીરના સિંહની જાત આફ્રિકન સિંહથી જુદી પડે છે; એટલે આ જાત દુનિયાભરમાં દુર્લભ છે, અને તેની યે સંખ્યા આજે મર્યાદિત છે. ઇ.સ. ૧૮૯૪માં તે માત્ર ૨૬ની હતી. કાળજી રાખવાથી ૧૯૦૦માં ૬૫ની થઇ. પછી ૧૯૩૧માં ૧૯૦, ૧૯૪૫માં ૧૫૦, ૧૯૫૨માં ૩૦૦ ને છેલ્લે ૧૯૬૩માં કરેલી એમની વસતિગણતરી અનુસાર ૨૮૫ની છે. એમના રક્ષણ માટે સરકારે ખાસ કાયદા ઘડ્યા છે.

ગીરના સિંહની કાયા લગભગ ૪૦૦ રતલની ને લંબાઈ ઘણીવાર ૯-૧૦ ફૂટથી પણ વધારે હોય છે. એનો પંજો ૭।। ઇંચ લાંબો ને ૬।। ઈંચ પહોળો હોય છે. એના સગડ (પગલાંની છાપ)માં નરની આંગળી ગોળ ને માદાની લંબગોળ જોવા મળે છે. એની ફલંગ અગિયારેક ફૂટ ઊંચી ને પંદરેક ફૂટ લાંબી! મોંમાં ૩૦ દાંત,–કેટલાકને ૨૮ પણ હોય. મોંફાડ પોણા ફૂટ જેટલી વિશાળ. જીભ હાડકાં પરથી માંસ ઊઝરડી શકે તેટલી તીવ્રપણે બરછટ. કાંટાળી ઝાડી, કરમદીના ઢૂવા કે નદીકાંઠા પાસેની ગાઢ ઝાડીમાં એ રહે છે. ગુફામાં સિંહ રહેતો નથી. ભૂખ વિના એ શિકાર કરતો નથી ને માણસને મારવાનો એનો સ્વભાવ નથી. ચાલ એવી મુલાયમ કે ચાલે ત્યારે પગ નીચે કચરાતાં ડાળપાન સિવાય સહેજે અવાજ ન થાય. એક રાતમાં બારપંદર ગાઉનો પંથ કાપી નાખે. એની ખાવાની રીત પણ વિશિષ્ટ. મારણ (શિકાર)ને એ મોટે ભાગે કમર તરફથી ખાવાની શરૂઆત કરે છે. પણ એ પહેલાં એ પેટમાંનો મેલું ભરેલો ભાગ કાઢી લઈ દૂર નાખી આવે છે. માનવામાં આવે છે તેમ એ મારણનું લોહી ચૂસતો નથી. સિંહનો ઘુરકાટ, ડણક, ગર્જના વગેરે દરેક પ્રકારના અવાજો અર્થસૂચક હોય છે. માદા માટે લડતા બે સિંહોની ત્રાડો તો આસપાસના વાતાવરણમાં ધ્રુજારી પેદા કરી દે તેવી ભયાનક હોય છે.

ખાસ કરીને વર્ષારંભના દિવસોમાં વાદળઘેર્યાં હવામાનમાં કે વરસાદના છંટકાવથી ફોરી ઊઠેલી હવામાં કુદરત જ્યારે ચોપાસથી ખીલી ઊઠે ત્યારે સિંહ યુગલ ઉન્માદમાં આવી જાય છે. આશરે ૧૨૫ દિવસના ગર્ભાધાન પછી સિંહણ બેથી ચાર ને ક્વચિત પાંચ બચ્ચાંને જન્મ આપે છે. પાંચેક માસનાં થયા પછી બચ્ચાંને પોતાની શક્તિનો ખયાલ આવવા માંડે છે. એ પહેલાં તો તેઓ બકરીના બચ્ચાથી યે બીતાં હોય છે. બચ્ચાંવાળી સિંહણ વધુમાં વધુ ભયાનક ને આક્રમણખોર હોય છે. ત્રણેક વર્ષનું બચ્ચું યુવાન ગણાય છે.

કેશવાળી કે યાળથી સિંહ ઘણો ગૌરવભર્યો લાગે છે. સિંહણને યાળ હોતી નથી. એક સિંહ દસબાર માદા સાથે રહે છે. માદા વિનાના એકલા આથડતા સિંહને ગીરમાં 'ચાંપલો સાવજ' કહે છે.

સિંહનો પેશાબ અતિ ઉગ્ર ખાટી વાસવાળો ને ધુંવાડિયા રંગનો હોય છે. પથરાળ જમીન પર એ સુકાઈ જાય ત્યારે ચાક જેવો સફેદ દેખાય છે. એની વિષ્ટા કઠણ ને સુકાતાં ધોળી પડી જાય છે. એમાં હાડકાંની કરચો, ચામડાના ટુકડા ને વાળના ગુચ્છા જોવા મળે છે.

દેખાવે સિંહ ઘણો પ્રભાવશાળી, શૂરવીર ને ગંભીર છે. લાગણીના આવેશ વેળા ઊભી થઈ જતી એની પૂછડી એના ગૌરવમાં વધારો કરે છે. સામાન્યતઃ સિંહ ૧૧થી ૧૫ વર્ષ જીવે છે. પિંજરાવસ્થામાં વધારે જીવે છે.

ગીરને કાંઠે આવેલો જૂનાગઢનો ગિરનાર પણ વિખ્યાત છે. એની પાંચ ટૂકો (શિખરો) અંબાજી, ગોરખનાથ, ઓઘડ, દત્તાત્રેય ને કાલિકા જાણીતી છે. અંબાજીની ટૂકની કમર પર જૈનોનાં સુંદર દહેરાં છે. ગોરખનાથની ટૂક સૌથી વધુ–(સમુદ્રની સપાટીથી ૩૬૬૬ ફૂટ) ઊંચી છે, તો દત્તાત્રેયની ટૂક ચડવામાં સૌથી વિષમ છે. એ ઉપરાંત આ ગિરિમાળાની ૨૭૭૯ ફૂટ ઊંચી દાતારની ટૂક પણ તેના પરની જમાલશા પીરની દરગાહને કારણે જાણીતી છે.

—દત્તાત્રેય મોરેશ્વર ફાટક



ટાઈપરાઈટર વડે બનાવેલાં ચિત્રો તો ઘણાં જોવા મળે છે પણ શ્રી ઈન્દ્ર આચાર્યે મેળવેલો આ નમૂનો તો ઉત્કૃષ્ટ કક્ષામાં મૂકી શકાય તેવો છે. ટાઈપ કરનારે એમાં તેજછાયાના પ્રમાણભારને ચાતુરીથી સાચવીને માતા તથા બાળકના સુંદર મુખભાવ દર્શાવવામાં જે કૌશલ બતાવ્યું છે એ ખરેખર પ્રશંસનીય છે. ચિત્રને હજુ વધુ દૂર રાખીને જોતાં એના યોજકની સિદ્ધિનો વધુ સારો ખયાલ આવશે.


ઍલાર્મ-રેડિયો

ઍલાર્મ ઘડિયાળના કર્કશ અવાજને બદલે રેડિયોનું મધુરું સંગીત તમને સવારે જગાડે તો કેવું ગમે! ને તો રેડિયો વાગતો હોય ને તમને ઊંઘ આવી જાય ને સમય થયે રેડિયો આપમેળે જ બંધ થઈ જાય તો કેવી નિરાંત! ટૂંકમાં રેડિયો આપમેળે ચાલુ થાય એવી રચના કરવામાં ઘણાંને રસ પડશે. રેડિયો ને વીજળીના તાર ઉપરાંત, એમાં એક ઍલાર્મ ઘડિયાળ, વીજળીની નાની ચાંપ તથા એને જડવા માટે પતરાની એક નાની પટ્ટી અને થોડા નાના નટબૉલ્ટની જરૂર છે.

ઘડિયાળનો ઍલાર્મ વાગે છે ત્યારે એની ચાવી ફરે છે એ સૌ જાણે છે. આ ચાવી નીચે વીજળીની ચાંપ મૂકીએ તો એ ચાવી ફરતાં વેંત તેના દબાણથી જ ચાંપ દબાય અને પરિણામે એની સાથે જોડેલા તારમાંથી વીજળીનો પ્રવાહ વહેતો બંધ થાય. આ પાયાના આધારે, સાથેની આકૃતિઓ સાથે એ આખી રચના આપણે જોઈએ.

પ્રથમ તો પતરાની પટ્ટી પર (આકૃતિ ૧માં બતાવ્યા પ્રમાણે) જોઈતાં કાણાં પાડી, એને કાટખૂણે વાળી દેવી. પછી વીજળીની ચાંપ સાથે રેડિયોમાં જતો તાર જોડી એ ચાંપને આ પટ્ટી પર નટબૉલ્ટની મદદથી બેસાડવી. હવે એ ચાંપને પેલી પટ્ટીની સહાયથી ઍલાર્મની પીઠ પર જડવાની છે. એ એવી ચોક્કસ રીતે કે ઍલાર્મની ચાવી ફરે કે લાગલો જ એનો છેડો વીજળીની ચાંપ પર આવી એને દબાવે, ને ત્યાં જ પોતે અટકી જાય. ચાંપ જો જરા પણ વધારે નીચે લાગશે તો ચાંપ દબાયા વિના જ ચાવી ફરી જશે.

આકૃતિ ૧ ↓ અને ૨ →



ઍલાર્મની પીઠમાં પણ કાણાં પાડીને, ઉપર જણાવ્યા મુજબ (આકૃતિ ૨ પ્રમાણે) ચાંપને જડી દો એટલે આપણું કામ પૂરું થશે. પણ આમાં બે બાબત ખાસ ધ્યાનમાં રાખવાની: (૧) ઍલાર્મની પીઠ પર ચાંપ બેસાડતાં પહેલાં ઍલાર્મની ચાવી દઈ દેવી. અને (૨) એમાં ક્યાંયથી વીજળીનો ઝટકો ન લાગે એની ખાસ તકેદારી રાખીને જરૂરી હોય ત્યાં બધે 'ઇન્સ્યુલેટિંગ ટેપ' અવશ્ય લગાડવી.

બસ હવે તમે ઍલાર્મ માટે સમય ગોઠવો, ઍલાર્મને ચાવી આપો, (આમ તો અગાઉથી ચાવી આપેલી જ છે. પણ વીજળીની કળમાંથી ઉપાડવા અડધો પોણો આંટો ચાવી આપવી પડશે.) રેડિયોમાં જોઈતું સ્ટેશન અને જરૂરી વૉલ્યુમ ગોઠવી દો તથા વીજળીની મુખ્ય કળ ચાલુ કરી દો. નિયત સમયે ઍલાર્મ વાગશે ત્યારે એની ચાવી ફરવાનો આરંભ થશે, ને એના માર્ગમાં આવતી વીજળીની ચાંપ દબાશે; પરિણામે વીજળીનો પ્રવાહ રેડિયોમાં વહેતો થશે.

અને–રેડિયો ચાલુ હોય ત્યારે જો ઍલાર્મ ગોઠવો તો નિરાંતે ઊંઘી જવા કે આઘાપાછા થઈ શકવા માટે ઍલાર્મની ચાંપ દબાઈને પ્રવાહ બંધ થઈ રેડિયો પણ આપમેળે બંધ થઈ જશે. જરૂર પડ્યે વીજળીની કળ હાથેથી પણ દાબીને વાપરી શકાશે. **દેવજી ચાવડા**

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં વ્યક્તિ-પ્રસંગ

વ્યક્તિવિશેષ : આશુતોષ મુકરજી



કલકત્તા વિશ્વવિદ્યાલયનાં નિર્માતા અને બંગાળના એક સુપ્રસિદ્ધ કાર્યકર સ્વ. આશુતોષ મુકરજીની જન્મશતાબ્દી ગયે મહિને આવી ગઇ. એમનો જન્મ ઇ. ૧૮૬૪ની ૨૯મી જૂને કલકત્તાના ભવાનીપુર પરામાં થએલો.

બચપણથી જ પોતાની કુશાગ્ર બુદ્ધિના ચમકારા બતાવવા માંડેલા. શાળામાં ચાલતા બર્નાર્ડ સ્મિથના અંકગણિતમાં એમણે ભૂલો કાઢેલી. બી. એ. ને એમ. એ.ની પરીક્ષાઓમાં પહેલા આવી સોનાનો ચાંદ અને આઠ હજાર રૂપિયાનું ઈનામ જીતેલા. ચોવીસ વર્ષની વયે તો તેઓ એમ. એ.ના પરીક્ષક નિમાયા હતા. એ પછી વકાલત માટે કાયદાનો અભ્યાસ પણ કર્યો અને સર રાસબિહારી ઘોષ સાથે વ્યવહારુ અનુભવ લેવાનું આરંભી ૪૦મે વર્ષે તેઓ કલકત્તા હાઇકોર્ટના ન્યાયાધીશ બન્યા.

સરકારી અમલદાર હોઈ રાજકારણમાં સક્રિય ભાગ તો નહિ, પણ તે સિવાય અનેક પ્રવૃત્તિઓમાં રસ લેતા. એશિયાટિક સોસાએટી, કલકત્તા મ્યુઝિયમ અને બંગીય સાહિત્ય પરિષદના પ્રમુખ, મ્યુનિસિપાલિટી અને ધારાસભામાં સભ્ય, સંસ્કૃત ભાષાના પરીક્ષક મંડળ અને મહાબોધિ સોસાએટીના પ્રમુખ, બંગાળાની 'મૅથેમૅટિકલ સોસાએટી'ના સ્થાપક તેઓ હતા. વર્ષો સુધી તો કલકત્તા યુનિવર્સિટીના કુલનાયક હતા. એમને પ્રતાપે એ યુનિવર્સિટી પૂર્વ હિન્દુસ્તાનની એક પ્રચંડ શિક્ષણસંસ્થા બની રહી હતી. સમગ્ર હિન્દુસ્તાનમાં ભૂષણરૂપ એવી 'યુનિવર્સિટી કૉલેજ ઑવ સાયન્સ ટૅકનોલોજી' એ એમની જ મહેનતનું ફળ છે. 'ઍન્થ્રોપોલોજી'ના અધિકૃત અભ્યાસ ને સંશોધનો માટેની પહેલ હિંદુસ્તાનભરમાં એમણે જ કરાવેલી. કલકત્તા યુનિવર્સિટીનો વિકાસ ને એમના જીવનકાર્યનો ઇતિહાસ એકરૂપ છે.

ઇ. ૧૯૨૪ના મે માસની ૨૫મીની સાંજે હોજરીના રોગથી પટણા મુકામે એમનું અવસાન થયું. એમની જન્મશતાબ્દી નિમિત્તે ભારતના ટપાલખાતાએ આ સાથે આપી છે તે ખાસ ટપાલ-ટિકિટ બહાર પાડી એમનું યોગ્ય બહુમાન કર્યું છે.

પ્રસંગવિશેષ : અમેરિકી પ્રજાને 'સ્વાતંત્ર્ય દેવી'ની ભેટ, ૪થી જુલાઈ. ઇ. ૧૮૭૬

ન્યૂયૉર્કના બારાની સામે એક નાના ટાપુ પર 'સ્વાતંત્ર્ય દેવી'ની એક ભવ્ય પ્રતિમા છે. એક હાથમાં મશાલધારી એ વિરાટ મૂર્તિના પગ પાસે તૂટેલી ઝંઝીર પડી છે. ઈ. ૧૮૭૬ની ૪થી જુલાઇએ અમેરિકન સ્વાતંત્ર્યની શતાબ્દી નિમિત્તે અમેરિકી પ્રજાને ફ્રેન્ચ પ્રજાએ આપેલી એ ભેટ છે. ઈ. ૧૮૭૧માં ફ્રેડરિક ઑગસ્ટ બાર્થોલ્ડી નામના એક યુવાન શિલ્પીએ ફ્રાન્સ-અમેરિકાની મૈત્રીની યાદમાં સ્વાતંત્ર્ય દેવીની પ્રતિમા ભેટ આપવા વિચાર્યું. બંને દેશોની પ્રજાએ આ વિચારને ઉત્સાહથી વધાવી લીધો ને પ્રતિમા માટે ફ્રાંસે અને એની પીઠિકા માટે અમેરિકાએ અઢી અઢી લાખ ડૉલર જેટલી રકમ એકત્ર કરી. જગવિખ્યાત ઇફિલ ટાવરના સર્જક ગુસ્તાવ ઇફિલે એનું લોખંડનું માળખું ઘડી આપ્યું. ને પછી એના પર ત્રાંબાનાં પતરાં જડીમૂર્તિની રચના કરવામાં આવી છે. ૧૮૭૬માં સ્વાતંત્ર્ય શતાબ્દીની ઉજવણી વખતે તો એ તૈયાર થઇ શકે તેમ નહોતું એટલે એ વખતે યોજાએલા શતાબ્દી પ્રદર્શનમાં એનો ૪૨ ફૂટ લાંબો મશાલધારી હાથ જ પ્રતીક રૂપે મોકલવામાં આવેલો. પૂરી પ્રતિમાનું અનાવરણ તો છેક ઈ. ૧૮૮૬ની ૨૮મી ઑક્ટોબરે થઈ શકેલું. ૧૫૧ ફૂટ ઊંચી એ વિરાટ પ્રતિમાના ઘડતરમાં ૧૦૦ ટન ત્રાંબું અને ૧૨૫ ટન પોલાદ વપરાયું છે. જમીનથી એની મશાલ ૩૦૫ ફૂટ ઊંચી છે. અંદરના માળખામાં થઈ માણસ ઉપર છેક એ મશાલ સુધી જઈ શકે છે. દર ઑક્ટોબર માસમાં અમેરિકા આ પ્રતિમાની જયંતી ઊજવે છે.



જાણો છો?

('સ્કીઓ' પરથી)



દેડકાં ને માછલાં વગેરે જેવાં ઠંડા લોહીવાળાં પ્રાણીઓ પોતાની આસપાસના ઉષ્ણતામાન પ્રમાણે પોતાના શરીરની ગરમી જાળવે છે.



હોન્ડુરાસમાં અશુભ નામધારી એક પર્વત પર વાદળું બંધાઇને જ્યારે વરસે છે ત્યારે એમાંથી હજારો માછલીઓ પડે છે.



એક મોસમમાં એક ઘરમાખીની પ્રજાવૃદ્ધિ ૫,૦૦,૦૦,૦૦,૦૦૦ની સંખ્યાએ પહોંચી જાય છે. એટલે એને ટાળવી એ જ યોગ્ય છે.

આશા, પાસા, અગન, જળ, ઠગ, ઠાકોર, કુનાર,
એતાં ન હોય આપણાં, સર્પ, સાવજ, સોનાર.

કેવળ પોતાની વીરતા ને હિંમતથી છિન્ન-ભિન્ન પંજાબ આખું સર કરનાર પંજાબકેસરી રણજિતસિંહની નમ્રતા પણ અદ્‌ભુત હતી. એક વખત એને હાથે કશોક અન્યાય થતાં શીખગુરુ બાબા ફૂલાસિંહે તેને સો ફટકાની ધર્માજ્ઞા ફરમાવી. તે તેણે માથે ચડાવી ને ખુલ્લા શરીરે અકાલ તખ્ત સામેના આંબા-ના ઝાડ સાથે બંધાયો. પણ આવા નર ઉપર કોરડા ચલાવવાની આજ્ઞા કોણ આપે? લોક-મેદનીએ બાબા ફૂલાસિંહને વીનવ્યા અને રણ-જિતસિંહ માટે એટલી જ સજા પૂરતી મનાઈ.


અનેકાર્થી શબ્દ: **બલા**-આપત્તિ કે આફત; ધિક્કારપાત્ર વસ્તુ, દુઃખરૂપ માનવી; નઠારી સ્ત્રી; ડાકણ, એ નામની દેવી; રાક્ષસ; પિંગળ-માં એ નામનો એક વર્ણમેળ છંદ; પુરાણમાં એ નામની એક રાજકન્યા; કાંડે પહેરવાનું એક ઘરેણું; ખપાટ; ખરેટી કે બલદાણા; ચેપ; નર્મદાનાં હજાર નામ પૈકીનું એક; નાગરવેલ, માથાફોડ કે પીડા; વિશ્વામિત્રે રામને શીખ-વેલી એક શસ્ત્રવિદ્યા; લક્ષ્મી; તેજ કે ચાલાક; બેહદ; ભયંકર; વાવડગ.

ગણિતગમ્મત

$૦^{૨} + ૧ = ૧^{૨}$
$૧^{૨} + ૩ = ૨^{૨}$
$૨^{૨} + ૫ = ૩^{૨}$
$૩^{૨} + ૭ = ૪^{૨}$
$૪^{૨} + ૯ = ૫^{૨}$
$૫^{૨} + ૧૧ = ૬^{૨}$
$૬^{૨} + ૧૩ = ૭^{૨}$
$૭^{૨} + ૧૫ = ૮^{૨}$
$૮^{૨} + ૧૭ = ૯^{૨}$
$૯^{૨} + ૧૯ = ૧૦^{૨}$

અને એમ આગળ.

કહેવતોના અર્થ 'આમદની ટોપી મામદને માથે'–નાણાંકીય વ્યવહારમાં કે જવાબદારી અદા કરવામાં જેઓ પોતાને ભાગે આવતો બોજો પરબાર્યો એક પરથી બીજા ઉપર સર-કાવી દઇ, કે અન્યને સંડોવી દઇને પોતે કોરા રહેવાની સિફત (કે લુચ્ચાઇ) દાખવી શકે છે એવા લોકો માટે વપરાતી આ આખી કહે-વત આમ છે: 'આમદની ટોપી મામદને માથે ને આમદ ફરે ઉઘાડે માથે'. એને મળતી બીજી કહેવત: 'જા બિલાડી મોભામોભ.'



ભારતની ચૌદ ભાષાઓમાંથી અગિયાર ભા-ષાઓની લિપિઓ, સહી કરવા પૂરતી તો, ગાંધીજી જાણતા હતા તેની પ્રતીતિ કરાવતા એમના હસ્તાક્ષર.

ખોટી વાત

ફ્રાન્સની તારણહાર કુમારી જોન ઑફ આર્કનું સાચું નામ જ્યાં દાર્ક(JaenneDarc) હતું, પણ પછી તેને સંમાન આપવા ખાતર Darcને બદલે ખોટી રીતે d'Arc લખાવા લાગ્યું. પણ અંગ્રેજ ઇતિહાસકારોએ d'Arc નું ઑફ આર્ક કર્યું છે એ તો ખોટું જ છે.

'મારી પત્ની હાર્મોનિયમ શીખે છે ને મારો છોકરો તબલાં શીખે છે.'

'અને તમે?'

'હું એ દુઃખ શાંતિથી કેમ સહન કરવું એ શીખું છું.'

ઊધઈ દૂર કરવા માટે વસ્તુ નીચે લીમડા-નાં પાન રાખવાં.



શીશા પરના લેબલને ચપ્પુ વડે વતરડી કા-ઢવાની મહેનત ભારે પડી જાય છે. લેબલને પાણીથી ભીંજવી શીશાને અગ્નિ પર ધરવાથી તે ઊખડી આવશે.

ચોમાસામાં ભીંતનો ભેજ કબાટમાંની ચો-પડીઓને અસર કરતો હોય તો તે અટકાવવા કળી ચૂનાનો એક ટુકડો કબાટમાં મૂકી રાખજો. ભેજ ચૂસી લઇને તે હવાને સૂકી રાખશે.

ચોમાસામાં વરસાદને લઇને ટપાલના પ-ત્રોનાં સરનામાં રેળાઈ જતાં આપણે જોયાં છે. સરનામાં લખી રહ્યા પછી જો ઉપર મીણબત્તી ઘસવામાં આવે તો સરનામું વૉટરપ્રૂફ બને.



કલાકણિકા

ચીન સાથેના સંપર્કના પરિણામે તિબેટમાં પણ 'જેડ'ની કારીગરીનો સારો ફેલાવો થયો હતો. એનો આ સુંદર નમૂનો છે. નૂતનવર્ષ-ના દિવસે નાનાં ફળ રાખવા માટેનું જેડનું આ પાત્ર તેની કંઈ પણ કોતરણી વિનાની નિર્મળ સ્વચ્છ સાદાઇને પડછે સુંદર કારી-ગરીવાળી ચાંદીની બેઠકને લીધે વધુ દીપે છે.



હિરણ મિનાર

ફોટો
બલવન્ત ભટ્ટ

ચિતોડના જયસ્થંભ અને દિલ્હીના કુતુબમિનારથી માંડીને કલકત્તાના આધુનિક ઑક્ટરલોની ટાવર સુધીના જે અનેક મિનારાઓ ભારતીય સ્થાપત્યમાં અસ્તિત્વ ધરાવે છે, તેમાં કાંઈક વિશિષ્ટ આકાર અને હેતુ સાથેનો ૯૮ ફૂટ ઊંચો આ મિનારો આગ્રા પાસે ફતેહપુર-સિક્રીની નજીક આવેલો છે, અને તેનું નામ 'હિરણ મિનાર' હોવા છતાં શાહાનશાહ અકબર કે રાણી જોધબાઇના અતિપ્રિય એક હાથીના મૃતદેહ ઉપર સમાધિ તરીકે તે ચણાયો હોવાનું કહેવાય છે. કદાચ 'હિરણ' નામ એ ઝડપી હાથીનું હોય.



ચોમાસાનો ચોકીદાર

ફોટો • ઝવેરલાલ દલપતરામ મહેતા

સૌરભની સર્વશ્રેષ્ઠ ભેટ.......સૌરભ ડાયરી....અને

નહેરુ ચાચાની ૧૫૦ આકર્ષક અપ્રગટ તસવીરો મફત

અપ્રગટ...અપ્રાપ્ય...આર્ટપેપરમાં...રંગબેરંગી...સંગ્રહ કરવા યોગ્ય

કિંમતમાં ગણીએ તો ૨૦ રૂપિયામાં પણ ન મળે તેવી દુર્લભ પુસ્તિકા

(એકી સાથે નીચેની યાદીમાંથી ૧૧થી વધુ લવાજમો ભરનારને **સૌરભ** તરફથી ઉપરની ભેટ (સ્ટૉકમાં હશે તે) મફત અપાશે.)

ખાસ નોંધ: પરદેશના ગ્રાહકોએ નીચે છાપેલા ભાવો કરતાં **સવા બે ગણાં શિલિંગ મોકલવાં.** વધ-ઘટ મજરે અપાશે.

કુમાર	૧૨-૦૦	સુકાની (અઠ.)	૧૨-૦૦	વિજ્ઞાન પ્રગતિ	૫-૦૦	બીઝનેસ ડાઈજેસ્ટ	૨૪-૦૦
નવચેતન	૮-૦૦	નૂતન ગૂજરાત (અઠ.)	૧૦-૦૦	આજકલ (વિશ્વદર્શન)	૭-૦૦	ઈન્ડિયન એક્ષપ્રેસ	૪૫-૦૦
રમકડું	૧૨-૦૦	જન્મભૂમિ પ્રવાસી	૧૦-૦૦	વિશાલ ભારત	૧૦-૦૦	ટેક્ષેસન	૨૬-૦૦
સઅરસ	૮-૫૦	મુંબઇ સમાચાર(અઠ)	૧૦-૦૦	ભારતીય સમાચાર	૯-૦૦	ઈકોનૉમિક ટાઈમ્સ	૮૦-૫૦
રસરંજન	૧૦-૦૦	સંદેશ-પ્રજાબંધુ(અઠ.)	૮-૫૦	સરસ્વતિ	૭-૫૦	ઇકોનૉમિક રિવ્યૂ	૮-૦૦
બાલસંદેશ	૮-૫૦	વ્યાપાર	૨૦-૦૦	વાસંતી	૧૦-૦૦	કેપીટલ	૬૪-૦૦
ઝગમગ	૮-૫૦	પરિચય પુસ્તિકા	૧૦ ૦૦	કાદંબિની	૧૦-૦૦	કોમર્સ	૬૫-૦૦
સ્ત્રીજીવન	૮-૦૦	ઊર્મિ-નવરચના	૭-૫૦	નવભારત ટાઇમ્સ	૫૧-૦૦	લીન્ક	૨૨-૫૦
ચાંદની	૬-૦૦	નૂતન શિક્ષણ	૫-૦૦	સ્વાસ્થ્ય ઔર જીવન	૬-૭૫	શંકર્સ વીકલી	૨૫-૦૦
મિલાપ	૧૦-૦૦	રમરંગ	૮-૦૦	આર્થિક સમીક્ષા	૭-૦૦	સ્પોર્ટસ એન્ડ પાસ્ટાઇમ	૧૯-૭૬
ક્ષિતિજ	૧૦-૦૦	મેટ્રિક મેગેઝીન	૨૦-૦૦	કહાની	૬-૦૦	સનરાઇઝ	૬-૦૦
શ્રીરંગ	૮-૦૦	S.S.C. પટના મેગેઝીન	૩૦-૦૦	માધુરી	૨૦-૩૦	કેરીઅર્સ ઍન્ડ કોર્સિસ	૯-૦૦
ચિત્રલેખા	૧૫-૦૦	ગ્રંથ	૧૦-૦૦	નઈ કહાનિયાં	૯-૦૦	બ્લીટ્સ	૧૪-૫૦
છ	૮-૦૦	રુચિ	૧૦-૦૦	—અંગ્રેજી—		ઈમ્પ્રીન્ટ	૧૮-૦૦
બીજ	૬-૦૦	રેડિયો જગત	૧૨-૦૦	ઈલસ્ટ્રેટેડ વીક્લી	૪૧-૦૦	કરન્ટ	૧૪-૦૦
મહેંદી	૬-૦૦	વિવેનરંગ	૧૦-૦૦	કરન્ટ સાયન્સ	૧૬-૦૦	ફિલ્મફેર	૨૦-૩૦
વિશ્વમાનવ	૯-૦૦	શ્રુતિ	૮-૦૦	સાયન્સ ઍન્ડ કલ્ચર	૧૨-૦૦	ફેમિના	૧૪-૫૦
ગુજરાત સમાચાર	૪૭-૦૦	અંતર્ની ચાકર	૧૨-૦૦	જર્નલ ઑફ સાયન્ટિફીક ઍન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ	૩૦-૦૦	મોડર્ન રિવ્યૂ	૧૫-૦૦
જનસત્તા	૪૭-૦૦	—હિંદી—				ટાઇમ્સ ઑફ ઇન્ડિયા	૬૫-૭૦
સંદેશ	૪૭-૦૦	નવનીત	૧૦-૦૦	રિચર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી	૮-૦૦	ડિઝાઈન	૧૨-૦૦
મુંબઈ સમાચાર	૫૦-૦૦	ધર્મયુગ	૨૮-૦૦	માર્ચ ઑફ ઇન્ડિયા	૧૦-૦૦	જનરલ નોલેજ	૧૨-૦૦
જન્મભૂમિ	૪૮-૦૦	જ્ઞાનોદય	૧૦-૦૦	ઇન્ડિયન ઇન્ફર્મેશન	૧૦-૦૦	સેમિનાર	૧૦-૦૦
જયહિંદ	૩૫-૦૦	આરોગ્ય	૫-૦૦	ટ્રાવેલર ઈન ઇન્ડિયા	૧૦-૦૦	ફ્રી પ્રેસ જર્નલ	૩૬-૦૦
સ્ત્રી (અઠવાડિક)	૧૦-૦૦	હિંદી શિક્ષક	૫-૦૦	ઈસ્ટર્ન ઈકોનૉમિસ્ટ	૬૫-૦૦	કરન્ટ ઇવેન્ટસ	૧૨-૦૦
સમર્પણ	૬-૫૦	ઉદ્યમ	૭-૦૦	ઇન્ડિયન ફાઈનાન્સ	૪૮-૦૦	ઇન્ડિયન આર્કિટેક્ટ	૨૦-૦૦
ચિત્રજ્યોત	૮-૫૦	જનરલ નોલેજ	૧૨-૦૦	ઈકોનૉમિક વીકલી	૨૪-૦૦	એજ્યુકેશનલ ઈન્ડિયા	૫-૫૦
ચિત્રલોક	૮-૫૦	બ્લીટ્સ	૧૪-૫૦	રીડર્સ ડાયજેસ્ટ	૧૮-૦૦	એજ્યુકેશનલ રિવ્યૂ	૫-૦૦
નવનીત (ડાયજેસ્ટ)	૧૦-૦૦	વિજ્ઞાન લોક	૯-૦૦	[illegible] મારકેટ	૪૨-૦૦	જી. ડી. આર. રિવ્યુ	૫-૦૦

જગતના ખ્યાતનામ અને લોકપ્રિય મેગેઝીનો

સોવિયેત દેશ	૫-૦૦	લાઈફ (૩૯ અંક)	૨૪-૫૦	પ્રાયઝ લાઈફ	૧૯-૨૦	એન્કાઉન્ટર	૧૮-૦૦
સોવિયેત લેન્ડ	૬-૦૦	ટાઈમ (૫૨ અંક)	૫૪-૦૦	ગુડ હાઉસ કીપીંગ	૩૩-૬૦	નોલેજ	૭૦-૨૦
સોવિયેત સંઘ	૬-૭૫	ન્યૂઝ વીક (૫૨ અંક)	૪૮-૦૦	લુક	૩૬-૦૦	આઈડિયલ હોમ	૩૫-૨૫
સોવિયેત નારી	૪-૨૫	ચીલ્ડ્રન્સ ડાયજેસ્ટ	૨૮-૮૦	પેરેન્ટસ મેગેઝીન	૨૧-૬૦	આરગોસી	૨૯-૨૫
સોવિયેત ફિલ્મ	૬-૭૫	પોપ્યુલર સાયન્સ	૩૧-૨૦	પેજન્ટ	૨૮-૮૦	જ્યોગ્રાફીકલ મેગેઝીન	૩૫-૨૫
ઈન્ટરનેશનલ એફેર્સ	૬-૭૫	પોપ્યુલર મિકેનીકસ	૨૮-૮૦	મોડર્ન ફોટોગ્રાફી	૩૮-૪૦	ફોટોગ્રાફી	૨૭-૦૦
ન્યૂ ટાઇમ્સ	૬-૦૦	સાયન્સ ડાયજેસ્ટ	૨૪-૦૦	રેડીઓ ઇલેક્ટ્રોનિકસ	૩૧-૨૦	વુમન એન્ડ હોમ	૨૪-૭૫
કલ્ચર ઍન્ડ લાઈફ	૬-૦૦	નેશનલ જ્યોગ્રાફીક	૪૫-૬૦	સેકસોલોજી	૨૧-૬૦	વુમન વીકલી	૨૯-૭૫

દેશ-વિદેશનાં હજારો મેગેઝીનોનાં લવાજમ પ્રકાશકોના દરેજ ભરવા અમારી વિનમ્ર અને ઝડપી સેવા મેળવો.

સૌરભ પુસ્તક ભંડાર

પાદશાહની પોળ સામે, મેડા ઉપર
૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ

ખાસ નોંધ: અગાઉથી ઓર્ડર આપનારને જ પ્રગટ થતાં મોકલી આપવામાં આવશે. સ્ટૉકમાં ખલાસ થયેથી કોઇ પણ સંજોગોમાં ઓર્ડર સ્વીકારાશે નહીં. ટપાલ ખર્ચ માટે રૂા. ૧-૫૦ વધુ મોકલવા જરૂરી છે.

'કુમાર' જુલાઈ ૧૯૬૪ • સળંગ અંક ૪૮૭ • છૂટક નકલની કિં. રૂ. ૧-૨૫

KUMAR Regd. No. G. 55

